પ્રગટ્યો પરિપૂરણ નેહ

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

|| શ્રી દ્વારકેશો જયતિ ||
|| શ્રી વાક્પતયે નમઃ ||

પ્રગટ્યો પરિપૂરણ નેહ

[વ્રજાંગનાના દિવ્ય પ્રેમની મંગલ કથા]

લેખક

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Pragtyo Paripuran Neh
(A Novel) by Prof. Rameshbhai V. Parikh

© શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

પ્રાપ્તિસ્થાન :

- **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ** (રૂબરૂ અને પોસ્ટથી)
  ૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
  મહેસાણા-૩૮૪ ૦૦૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
  ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ** (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
  ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : નૂતન વર્ષોત્સવ, ૨૦૫૨ ઓક્ટોબર-૧૯૯૫
દ્વિતીય આવૃત્તિ : ઓગષ્ટ-૨૦૧૧
તૃતીય આવૃત્તિ : એપ્રિલ-૨૦૧૩

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૪૦/-

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ
C1/૬૩, જી.આઈ.ડી.સી., ફેઝ-૨, દેદિયાસણ, મહેસાણા.
(મો) ૯૮૨૫૩ ૫૨૮૭૨

સમર્પણ

શ્રી ચંદ્રાવલીજીના અવર સ્વરૂપ
શ્રી વિઠ્ઠલનાથજી – શ્રીગુસાંઈજી પ્રભુચરણને

મૂકં કરોતિ વાચાલં, પંગું લંઘયતે ગિરિમ્ ।
યત્કૃપા તમહં વંદે, શ્રીમદ્ વલ્લભનંદનમ્ ।।

અનુક્રમણિકા

પ્રકરણ નં	શીર્ષક	પૃષ્ઠ
૧.	કૃષ્ણનામ શ્રવનન સૂન્યો	૯
૨.	મન લાગ્યો ગોપાલસોં	૧૭
૩.	હરિ દરસનકી ચાય	૨૭
૪.	નૈનન નાહિન કરત કહ્યો	૩૬
૫.	લોચન સ્યામ કે હેરેં	૪૫
૬.	હરિ હાથ બિકાની	૫૪
૭.	લાજ રખિયો હમારી	૬૪
૮.	પ્રીતિ પરસ્પર ગ્રંથિ	૭૪
૯.	ચિત્ત ચોર્યો માંગિ દહીં	૮૩
૧૦.	જલ બિન મીન અકુલાય	૯૫
૧૧.	શ્યામસ્નેહી કાજ શ્યામ ભયે શ્યામા	૧૦૪
૧૨.	મુરલી હમારી સોત	૧૧૪
૧૩.	કૌન ગોર તેં પૂજી?	૧૨૫
૧૪.	અબ ન બનેગી	૧૩૫
૧૫.	ગોકુલ કે ચોહટે રંગ રાચિ ગ્વાલિ	૧૪૪
૧૬.	હૌં તો ભઈ રી કૃષ્ણમયી રી	૧૪૮

પ્રસ્તાવના

ગુણ ગાવત પાર ન પાવત

રસબ્રહ્મ, રસિકેન્દ્ર શેખર શ્રીનંદનંદનની રસીલી લીલા વેદવિદ્યાવિશારદ બ્રહ્માજીના અનુભવ બહારની છે. શિવજીની સમાધિમાં ય તે અનુભવાઈ નથી. ઈન્દ્રાદિ દેવોની મતિ, ગતિ પણ ત્યાં પહોંચી નથી. શ્રીસરસ્વતીને ય નિકુંજલીલામાં પ્રવેશ નથી મળ્યો. નારદ, શેષ, સનત્કુમારો ય વૈકુંઠે અટક્યા છે. ગોલોક તો ગોચર થયું છે કે કેવળ પ્રેમી ભક્તોને, જેમના કાજ પરબ્રહ્મે ગોલોક પ્રગટ કર્યું છે.

ગોલોકનું ગાન કરવા વૈખરી વાણી અસમર્થ છે. દિવ્ય રાસલીલાસ્થલી ગોલોકમાં શ્રીગોલોકનાથજીએ સ્વસ્વરૂપના ડાબા હૃદયપ્રદેશમાંથી શ્રીરાધાજીને અને જમણા હૃદયપ્રદેશમાંથી શ્રીચંદ્રાવલીજીને પોતાનાં સ્વામિની રૂપોને પ્રગટ કર્યાં. 'પ્રાણ ઈક, વપુ દોય.'

શ્રી ગોલોકનાથજીએ ગોલોકલીલા પૃથ્વી પર પ્રગટ કરવાની કૃપા કરી. વ્રજમંડળમાં આખું ગોલોક અવતર્યું – સારસ્વત કલ્પમાં શ્રીગોલોકનાથજી શ્રીકૃષ્ણચંદ્ર સ્વરૂપે પ્રગટ થયા. શ્રીરાધાજી અને શ્રીચંદ્રાવલીજી પણ ગોપી સ્વરૂપે પધાર્યાં. શ્રીભાગવતકારે શ્રીરાધાજી અને શ્રીચંદ્રાવલીજીનો નામોલ્લેખ ન કર્યો. અન્ય પુરાણોમાં તેમના નામોલ્લેખ અને લીલા વર્ણનો થયાં. શ્રીગુસાંઈજીએ શ્રીરાધાજીની સ્તુતિનાં સ્તોત્રો રચ્યાં. 'શૃંગારરસમંડન'માં શ્રીચંદ્રાવલીજીની લીલાનું નિરૂપણ 'દાનલીલા' અને 'દસોલ્લાસ' પ્રકરણોમાં થયું. શ્રીમહાપ્રભુજીએ 'શ્રીસુબોધિનીજી'માં ગોપીજનોનાં યૂથો અને તેમનાં સ્વામિનીઓનો 'લીલાભેદ ગુણભેદ' ન્યાયથી પરિચય કરાવ્યો. ભગવદીય કવિઓએ એ સ્વરૂપોની સાક્ષાત દિવ્ય લીલાનો અનુભવ કરી, કીર્તનો રચ્યાં અને ગાયાં.

એ લીલાસાહિત્યમાંથી શ્રીચંદ્રાવલીજીનું સ્વરૂપજ્ઞાન સુપેરે થયું. વ્રજમાં બરસાનાથી થોડે દૂર રીઠોરા ગામ–આજે પણ છે. ત્યાં ચંદ્રભાન ગોપ રહે. બરસાનાના રાજા વૃષભાનજીના સગા ભાઈ થાય. એમનાં પત્ની સુખમા. (આ વાર્તા પૂરતું એમનું નામ માધવી છે) એમના ત્યાં શ્રીચંદ્રાવલીજીનું પ્રાગટ્ય ભાદરવા સુદ પાંચમે થયું. પછી શ્રીરાધાજીનું પ્રાગટ્ય અને ત્યારબાદ શ્રીકૃષ્ણચંદ્રનું પ્રાગટ્ય.

શ્રીરાધાજી આજીવન અપરિણીત રહ્યાં – અર્થાત્ કોઈ લૌકિક પુરુષને પરણ્યાં નહીં. તેઓ શ્રીકૃષ્ણને મનથી વરીને રહ્યાં. વ્રજલીલામાં તો શ્રીકૃષ્ણ અમ સાથે તેમનું વિધિસર લગ્ન પણ થયું છે. તેથી તેમને શ્રીમહાપ્રભુજીએ 'અનન્યપૂર્વા' કહ્યાં.

શ્રી ચંદ્રાવલીજીનું લૌકિક પુરુષ સાથે લગ્ન થયું. પરંતુ મનથી તેઓ શ્રીકૃષ્ણચંદ્રને વરેલાં રહ્યાં. દેહ સુખથી – પતિસંગથી લૌકિક સંબંધથી વેગળાં રહ્યાં. શ્રીમહાપ્રભુજીએ તેમને 'અન્યપૂર્વા' કહ્યાં.

શ્રીરાધાજી તામસ ગુણ પ્રધાન. ભગવલ્લીલામાં તામસ ગુણનું લક્ષણ જગત કરતાં ભિન્ન છે. સ્વામીસુખ માટે સર્વસમર્પણ અને અડગતાનો આગ્રહ લીલામાં તામસગુણ છે.

શ્રીચંદ્રાવલીજી રાજસગુણ પ્રધાન, ભગવલ્લીલામાં રાજસગુણ એટલે પોતાના રૂપ, ગુણ, કલા આદિના વિનિયોગથી સ્વામીને રીઝવવાના નિત્ય નૂતન મનોરથોનો આગ્રહ.

શ્રી રાધાજીની જેમ શ્રીચંદ્રાવલીજી પણ માનુનિ છે, બોલકાં છે, વઢછડ પણ કરી લે તેવાં છે. એમના વ્યક્તિત્વમાં બીજા અંજાઈ જાય તેવો રૂપનો ઠસ્સો છે, બુદ્ધિની ચમક છે, સમજણનો સાગર છે.

શ્રીમહાપ્રભુજીના મતે શ્રી ચંદ્રાવલીજી વેદની શ્રૃતિનું સ્વરૂપ છે – શ્રૃતિરૂપા ગોપીજન છે. વેદની શ્રૃતિઓએ શ્રીપ્રભુ પાસે સ્વરૂપાનંદનું દાન માગ્યું. સારસ્વતકલ્પમાં કૃષ્ણાવતારમાં તેમનો મનોરથ સિદ્ધ કરવા શ્રીપ્રભુએ તેમને વચન આપ્યું.

પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજી શ્રીસ્વામિનીજીનું ભાવસ્વરૂપ છે, તેમ શ્રીચંદ્રાવલીજી શ્રીગુસાંઈજીનું ભાવસ્વરૂપ છે. શ્રીરાધાજી શ્રીમહાપ્રભુજીમાં વિપ્રયોગ રસનું પ્રાધાન્ય છે. શ્રીચંદ્રાવલીજી શ્રીગુસાંઈજીમાં સંયોગરસનું પ્રાધાન્ય છે. બંને રસની પરિપૂર્ણતા શૃંગારરસ કલ્પદ્રુમ શ્રીકૃષ્ણચંદ્રમા છે. દિવ્ય શૃંગાર રસનાં દ્વિદલસંયોગ અને વિપ્રયોગના સાક્ષાત સ્વરૂપ શ્રીચંદ્રાવલીજી અને શ્રીરાધાજી છે.

આવાં રાજસ ભક્તોના અન્યપૂર્વા યૂથનાં સ્વામિની શ્રીચંદ્રાવલીજી છે. એમનું ગુણગાન વિશેષ દુર્લભ છે. એમનું સ્વરૂપ વિશેષ ગુપ્ત છે. એ સ્વરૂપે આ જીવ ઉપર કેમ કૃપા કરી, એ ખબર નથી. અવારનવાર સ્વપ્નમાં એવો અનુભવ થતો રહ્યો કે પહેરેલાં કપડે મધ્યરાત્રિએ ઘર છોડી નીકળી જવાય છે. પગ ચાલ્યા કરે છે. ક્યાં જવાય છે એની ખબર નથી. પગ પહોંચે છે અને અટકે છે – ત્યારે ખબર પડે છે કે તે વ્રજનું રિઠોરા ગામ છે. – ચંદ્રાવલીકુંડ છે, શ્રીચંદ્રાવલીજી અને શ્રીગુસાંઈજીની બેઠકો છે. દર વખતે એક નૂતન લીલાના અનુભવનું દાન થાય છે.

પછી હૈયામાં રહેલા દિવ્ય અનુભવને કોઈ નજાકતાથી શબ્દની પાલખીમાં પધરાવી બહાર લઈ આવે છે. શાયદ શ્રીચંદ્રાવલીજી શ્રીગુસાંઈજી દ્વારા જ એ અનુભવ લિપિબદ્ધ થાય છે. એમની ઈચ્છાથી, એમના જ મનોરથ પ્રગટ થાય છે.

આ પ્રસ્તાવના લખાય છે, ત્યાં સુધી ચર્મચક્ષુથી હજી રીઠોરાનાં દર્શન થયાં નથી, તમન્ના છે. ત્યાંની શ્રીચંદ્રાવલીચરણરજ અંગે અંગે ચોળવાની, શ્રીચંદ્રાવલીજીનાં ચરણારવિંદોમાં દંડવત કરવાની, એમનું આ ગુણગાનપુષ્પ એમને સમર્પિત કરવાની. એમ તો વૃષભાનજીની દાસી બદરોલાને ય અન્નકૂટમાં સામગ્રી અંગીકાર કરાવવાની આથી યે ઉત્કટ તમન્ના હતી જને! એ ય ક્યાં દેહથી જઈ શક્યાં હતાં? શ્રીપ્રભુએ શ્રીહસ્ત લંબાવી એમનો મનોરથ અંગીકાર કર્યો હતો. એ કૃપાસાગરની કૃપા પર પાકો ભરોંસો રાખીને બેઠો છું – જીવ ન જઈ શકે ત્યારે જીવણજી જીવ પાસે સામે પગલે પધારે તેવી કૃપાની પ્રતીક્ષા છે.

જીવનો મનોરથ કૃપામહારાણી જ પૂરે, ભગવદીય દ્વારા પૂરે. આ પ્રસ્તાવના લખાયા બાદ, વ્રજમાં જવાનું થયું અમારા આત્મીય ભગવદીય પ્રવીણભાઈ મને રિઠોરા લઈ ગયા. ત્યાં એકાંતવાસ કરતા ભગવદીય ભેટ્યા. એમની કૃપાએ શ્રીગુસાંઈજી શ્રીચંદ્રાવલીજીની બેઠકે સન્મુખ થવાયું. હાથ ખાસા થયા. શ્રીનાથજી સ્વરૂપે શ્રીગુસાંઈજી અને શ્રીસ્વામિનીજી સ્વરૂપે શ્રીચંદ્રાવલીજી યુગલ સ્વરૂપે બિરાજે. શ્રીગુસાંઈજી 'શૃંગારરસ મંડન' વાંચે. શ્રીચંદ્રાવલીજી શ્રવણ કરે. બંને સ્વરૂપોની અદ્ભુત કૃપાવૃષ્ટિ આ જીવ પર થઈ.

આજનું રિઠોરા નેત્રોથી દૂર ખસી ગયું. શ્રી ચંદ્રાવલીજીનું રિઠોરા નેત્રોમાં રમી રહ્યું. આજના રિઠોરામાંય શ્વાસ તો શ્રી ચંદ્રાવલીજીના રિઠોરાનો જ ધબકે છે.

આ લીલાનિરૂપણની મંગલ કથાને સાહિત્યની પરિભાષામાં નવલકથા કહેવાય ખરી. લૌકિક અને અલૌકિકની પરિભાષાના શબ્દો એક હોય છે, પણ એમનાં અંતરંગ અલગ હોય છે. લૌકિક અનુભવવાળા આપણે પંચમહાભૂતોને જ્યાં સુધી અલૌકિક દેહ, ઈન્દ્રિયો ને મન મળ્યાં નથી, ત્યાં સુધી આપણે અલૌકિક લીલાઓને લૌકિક ભાવથી સમજી બેસી, આપણો પોતાનો અનર્થ કરીએ એવી દહેશત હસી કાઢવા જેવી નથી. મન, બુદ્ધિ લૌકિકરસથી ભરેલા છે, તેમણે કૃપયા આ ગ્રંથ ન જોવો. આ ચેતવણીની લાલ બત્તી અહીં પણ ઝળકે છે.

આ કૃતિને લૌકિક રસની નવલકથા સમજીને ન વાંચશો. અલૌકિક શ્રીયુગલ સ્વરૂપની દિવ્ય નિષ્કામ લીલાનું પ્રકરણ સમજી વિશુદ્ધ બુદ્ધિથી હૃદયમાં પધરાવજો...

આ કૃતિ સહેતુક, સકારણ નથી રચાઈ. રચાઈ જ ગઈ છે. કોઈ જીવના મનોરથથી પણ નથી લખાઈ. એનાં મનોરથી આ કથાનાં સ્વામિની શ્રીચંદ્રાવલીજી જ છે. એમની લીલા એમનાં ચરણકમળોમાં સાનુનય સમર્પિત કરું છું.

શ્રીચંદ્રાવલીજી ઉત્સવ
ભાદરવા સુદ પંચમી, ૨૦૫૧

દાસાનુદાસ
રમેશના સદૈન્ય ભગવત્સ્મરણ

ચંદ્રાવલીજીની વધાઈ

(રાગ : સારંગ)

ચંદ્રભાન કે નવ નિધિ આઈ ।
સુખમા કુખિ અવતરી કન્યા, ઘર ઘર બજત બધાઈ ।।૧।।
નામ ધર્યો ચંદ્રાવલી સુખનિધિ, કોટિક ચંદ્ર લજાને ।
ભાદો સુદિ પાંચેં સુભ વાસર, અરુન હૃદયરસ માનેં ।।૨।।
સુનિ વૃષભાન નંદ મન હરખે, દેખિ અનુપમ સોભા ।
'કૃષ્ણદાસ' ગિરિધર કી જોરી દેખત, રતિપતિ લોભા ।।૩।।

(રાગ : સારંગ)

આજ સખિ, સુખમા કન્યા જાઈ ।
ભાદોં સુદિ પાંચે સુભ લગ્ન, ચંદ્રભાન ગૃહ આઈ ।।૧।।
નામ કરન કોં ગર્ગ, પરાસર, નારદાદિ સબ આયેં ।
ચંદ્રાવલી નામ સુખસાગર, કોટિક ચંદ્ર લજાયે ।।૨।।
સુનિ વૃષભાન નંદ મિલિ આયે, કીરતિ જસોદા આઈ ।
મંગલ કલસ સુવાસિન સિર ધરિ, મોતિન ચોક પુરાઈ ।।૩।।
દેત દાન ઔર ધરત સાથિયે, ગોપી સબ હરખાની ।
નિગમ સાર જોરી ગિરિધરકી, 'વ્રજપતિ' કે મન માની ।।૪।।

* * *

શ્રીરૂપ અનુપ ત્રણ ભુવનમાં નહીં સમ તુલ,
ગુણ જ્ઞાન, કલા પરિપૂરણ, ખીલ્યું ગોલોકનું ગુલ.
સાંસ સાંસ શબ્દ એક ઉચ્ચરત, ગોવિંદ-શ્યામ-કન્હાઈ,
ઈચ્છિત વર પાયો વ્રજમાં, સ્નેહી-સુખ-સુભાઈ.
જીય ધરી પ્રભુ રાખ્યા, ગૃહસ્થી નાવ ચલાઈ,
વંશી વિભૂષિત વનમાળી, રુમત ઘૂમત પીછે સદાઈ.
દર્દ વિયોગનું હૃદય ભંડારી, લોક-વેદ રહ્યાં નિભાવી,
નાયિકા અન્યપૂર્વા મહારાણી, 'દાસી'ને કરજો સહાઈ.

---

૧. કૃષ્ણનામ શ્રવન ન સૂન્યો

'ચંદા, ઓ ચંદા .... આ... આ...'

'આવ, આવ, સુમંગલા બીટિયાં.'

ઓસરીમાં ખાંડણિયે બાજરી છડતાં ચંદ્રાવલીનાં માતાએ ઘરની આગળના વાડાના લાકડિયા દરવાજે, અવાજની દિશામાં નજર કરતાં કહ્યું.

ત્યાં સુધીમાં તો સુમંગલા અટકાવી રાખેલા દરવાજાને ખોલી, લાંબા ડગ ભરતી ઓસરીના પગથિયાં સુધી આવી પહોંચી હતી.

સુમંગલા પાડોશમાં રહેતા સૂર્યભાનજીની દીકરી, ચંદ્રાવલી એના સગા કાકાની દીકરી. કાકા ચંદ્રભાન ગોપ.

ચંદ્રભાન ગોપનાં પત્ની માધવી હજી ચાલીસી વટાવી ચૂક્યાં ન હતાં. - જોનારને તો ત્રીસનાં જ લાગે. સપ્રમાણ ભરાવદાર ગુલાબવર્ણી ગૌર દેહકલા. રાજરાણી જેવું તેજસ્વી વ્યક્તિત્વ. પીળી કંચુકી - લહેંગા પર લાલ ચુંદડીમાં ઠસ્સાદાર વ્રજવાસિની જોઈ લો.

સુમંગલા ષોડશી. કેતકીના લાંબા સોટા જેવી ઊંચી અને ઉજળી. ચમકીલી આંખો. શ્યામ કંચુકી પર પીળું લહેરિયું લહેરાય.

'કાકીમા, પાય લાગું.'

'સુખી થા. તારી ગોદ ફૂલેફાલે. સાસરેથી ક્યારે આવી? સુખી છે ને? થોડી સૂકાઈ ગઈ છે, નહીં?'

કાકીમાની સામે પડેલી નાની સાંગામાંચી પર સુમંગલા એના ઘેરદાર લેંહગાને સંકોરી બેસી ગઈ. કાકીમાના હાથમાંથી સાંબેલું સહજતાથી લઈ લીધું. પછી મરકીને બોલી :

'કાકીમા, એક સાથે આટલા બધા પ્રશ્નો? વાંધો નહીં. પહેલી વાત. આજે- હમણાં જ આવી. મૈયાને પાય લાગી સીધી તમારા ઝાંપે. તમે સાસરું જ એવું શોધ્યું છે કે તમારી દીકરી રાજ કરે છે. મહિના પછી મને જોઈ એટલે તમને ભ્રમ થયો કે હું સૂકાઈ છું, બાકી તો... મૂઈ આ કંચુકી તંગ થઈ છે.'

બોલતાં બોલતાં સુમંગલાએ લજ્જાથી પાંપણો નીચી ઢાળી દીધી. બોલતી અટકી ગઈ. માધવી સંતોષભરી નજરે સુમંગલાના શબ્દોનું સત્ય ફંફોસતાં હતાં.

‘કાકીમા, ચંદા કેમ દેખાતી નથી? એના હાથ હવે ક્યારે પીળા કરવાના છે? ’

‘કોના હાથ પીળા કરવાનું કાવત્રું ઘડાય છે?’

ઊંઘરેટી આંખો ચોળતી ચોળતી ચંદ્રાવલી ઘરમાંથી, ઓસરીના બારણામાં ડોકાઈ, માધવીની અસલ નાની આવૃત્તિ. પંદર વરસે માધવી પણ આવી જ લાગતી હશે. સપ્રમાણ શરીર, ભરાવદાર, લાંબો કેડથી નીચે લહેરાતો શ્યામ કેશરાશિ, બિંબાફળ જેવાં કપોલ પર પડતાં ખંજન. ગોળ, મોટી, મારકણી આંખો, લાંબી સપ્રમાણ નાસિકા, લમણા પર થઈને ડાબા કપોલને અડપલું કરતી અલકલટ. તાજા ખીલેલા ગુલાબ જેવા રૂપરંગ! લીલાં ચણિયા-ચોળીમાં સજ્જ ચંદ્રાવલીને બારણા વચ્ચે ઊભેલી જોઈ, માધવી અને સુમંગલાની આંખોએ પરસ્પરને ઈશારાથી સંમતિ આપી – હવે આ વછેરીને ઝટપટ ખીલે બાંધવાનો વેત કરો. માધવીએ તો મનોમન નક્કી કરી લીધું – એના બાપ ખેતરેથી ઘેર આવે એટલે આજ રાતે જ વાત.’

‘બડી બે’ના, ક્યારે આવી?’

‘હમણાં જ. ઘોરતી હતી ને?’

‘બપોરે બીજું શું કરવાનું? તેં બપોરે સૂવાની ટેવ નથી રાખી એટલે જ આવી વાંસના સોટા જેવી રહી છે! ચાલ, પાછળ વાડામાં! તને ગમતો ઝૂલો તારા વિનો સૂનો છે.’

ચંદ્રાવલીએ સુમંગલાનો હાથ ખેંચી, તેને ઊભી કરી. બંને એકબીજાના હાથમાં હાથ ભેરવી ઘરમાં ગયાં. માધવી બંનેની પીઠ નિરખી રહ્યાં, બબડ્યાં : ‘મારી ચંદાને ય આના જેવો વર ને ઘર મળજો, પ્રભુ!’

વ્રજમાં બરસાનાની બગલમાં ચંદ્રભાન ગોપનું ગામ રીઠોરા. દોઢસો - બસો ઘરની વસ્તીનું ગામ. કુદરતે મોકળે મને સૌંદર્ય અને સંપત્તિ અહીં સૂપડે સૂપડે સજાવી હતી. પ્રત્યેક ઘરની ચોમેર કદંબ, તમાલ આદિનાં ઘટાદાર વૃક્ષો. મુલાયમ માખણ જેવી શુભ્ર, ચમકતી વ્રજરજથી શોભતા ગામના રસ્તાઓ અને કેડીઓ સવાર-સાંજ પસાર થતી ગાયોની ખુરરજથી આસમાન સાથે એક થઈ જતાં. ગામને ફરતે ય સઘન વૃક્ષરાજિ. મોર, પોપટ, કોયલ, બપૈયાનું કૂજન સદા સભર. સૂર્યકુંડ, ચંદ્રકુંડ, ભાનુપોખર જેવાં જલાશયો.

રીઠોરાના ગ્રામવાસીઓ ગોપાલકો. ગાયો એમની સુખ-સંપત્તિ, સંતોષ એમનો સહજ સ્વભાવ. મનની અમીરીથી આખું ગામ મહેકે. વ્રજમાં શ્રીકૃષ્ણ પ્રગટ્યા ત્યારથી વ્રજની પૂરી સિકલ જ બદલાઈ ગઈ. ‘શ્રયત ઈન્દિરા શશ્વદત્ર હિ’ ખુદ લક્ષ્મીજી વૈકુંઠ છોડી, વ્રજવાસિની બની ગયાં! ‘તા દિન તેં સુખસંપત્તિ ના તજૈ.’

આવા રીઠોરાના મુખિયા ચંદ્રભાન ગોપ. બરસાનાના રાજા વૃષભાન ગોપના ભાઈ. સંતાનમાં એકની એક દીકરી. એમને મન સો દીકરાથી યે અધિક. રૂપ એવું નામ. ચંદ્રે ઝાંખો પડે એવાં સૌમ્ય રૂપ, તેજ, મધુરતા અને શીતળતા માટે ચંદ્રાવલી. માતા-પિતાની પૂરી લાડકી. ડહાપણનો ભંડાર, પણ નટખટ. મજાક, મશ્કરી એના સ્વભાવમાં. ચંચળ અને ચપળ. એનું ધાર્યું કરાવીને જ જંપે.

ચંદ્રભાન ગોપનું ગામમાં સૌથી મોટું હવેલી જેવું ખોરડું. ઘરની આગળ પાછળ વાડામાં સુંદર ઉદ્યાન. વિવિધ પુષ્પ-લતાઓની મનોહર ક્યારીઓ. મધ્યમાં રજવાડી શૈલીની આરસમઢી છત્રી. છત્રીમાં ચારે બાજુ જળપ્રવાહ વચ્ચે ફુવારાઓની શૃંખલા. જળમાં કમળ મલકે. છત્રીમાં મખમલી ગાદી તકિયાનાં બિછાનાં. ઘર સુધી પહોંચવા પથ્થરજડિત પગદંડીઓ. પુષ્પની ક્યારીઓની વચમાં હરિયાળા ઘાસના ગાલીચા.

ચંદ્રાવલી સુમંગલાનો ડાબો હાથ, પોતાના જમણા હાથમાં પકડી, ઘરના પાછળના ઉદ્યાન તરફ ગઈ. એક પછી એક ઓરડા એમણે વળોટ્યા. પાછળની ઓસરીએ પહોંચ્યા. સુમંગલા હાથ છોડાવી ફુવારાની નજીકની પગથી પરથી નાચતી કૂદતી દોડી. ફુવારામાંથી ઊડતાં જલશિકરોથી એનાં ભીંજાતાં વસ્ત્રોની એને પરવા ન હતી. એવી જ સામેની બીજી પગથી પરથી એ જ રીતે ચંદ્રાવલી પણ દોડી. બંને સાથે જ છત્રીએ પહોંચ્યાં.

વિશાળ આરસની કલાત્મક છત્રીમાં પિત્તળની સાંકળોવાળો ઝૂલો – બે જણ બેસી શકે એવો. સુમંગલા અને ચંદ્રાવલી ઝૂલા પર ગોઠવાઈ ગયાં. બંનેએ પગથી ઠેસથી ઝૂલાને ગતિ આપી.

‘બડી બેના, તારા વર, ઘર અને ગામ વિષે બધું જ કહી દે.’ ચંદ્રાવલીએ પ્યારથી સુમંગલાનો જમણો હાથ લઈ, બે હાથની હથેળી વચ્ચે દબાવ્યો.

સુમંગલા હસી : ‘હલવાઈની દુકાનમાં મિઠાઈ જોવાથી આપણી ભૂખ ન ભાંગે ! ભાણામાં પિરસાય તે જ સાચું.’

‘ના, બસ, કહે એટલે કહે.’

‘હે ભગવાન, તારાથી તોબા! હજી તારી જિદ ન ગઈ! સાંભળ, મારા સસરા તો એકદમ ભગવાનના માણસ. આખો દિવસ ‘હરિ, હરિ’ના નામની માળા ફેરવ્યા કરે અને હસતા રહે. ગામ આખું એમને ભગત કહે, મારાં સાસુ પણ! બધી જંજાળ એમના દીકરાને સોંપી દીધી છે.’

‘સાસુ તો સાપણ જેવાં હશે ને?’

‘જરાય નહીં, ગાય જેવાં. હરતાં ફરતાં ‘વહુબેટા’થી જ વાત કરે. જે મળે તેની આગળ મારાં વખાણ કરે. મને જરાય ઓછું ન આવવા દે. વલોણું ને રસોડું તો એ જ સંભાળે.’

‘અને તું?’

‘હું તારા જીજાજીને! તારા જીજાજી એટલે સતયુગનો જીવ. એ ભલા, ખેતી ભલી અને ગાયો ભલી. ગામની કોઈ પંચાત નહીં ગુસ્સે થવાનું તો આવડે જ નહીં.’

‘તો તો, તારે લીલાલહેર. જીજાજી તારી યે સેવા કરતા હશે નહીં, બડીબેના?’

‘જા ચિબાવલી! બહુ બોલતી થઈ ગઈ છે! કાકાબાપુને કહેવાની છું કે ચંદા માટે એવો લોઠકો જમાઈ શોધો કે જે રોજ એને થોડી ઝાપટે ને ખંખેરે. બેનબાને બહુ ચરબી ચડી છે!’

‘કહેજેને. પરણે છે મારી બલા.’

‘મામાનું ઘર ઝાઝું દૂર નથી.’

‘બડીબેના, તારા સાસરિયાનું ગામ બહુ રૂડું, રૂપાળું છે ને?’

‘હા ત્રણે લોકમાં અમારા ગોકુળિયા ગામનો જોટો નહીં. એની આગળ અમરાપુરી યે ઝાંખી!’

‘તે તું અમરાપુરી ક્યારે જોઈ આવી?’

‘લગ્ન ન કર્યાં હોય તો પણ જાનમાં તો ગયાં હોય ને? અમારા ગામની સ્ત્રીઓ રાસડા લે ત્યારે અચૂક ગાય-વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહીં જાવું.’

સુમંગલાની બેઉ આંખનાં પોપચાં અનાયાસ બિડાયાં. એનું મન રીઠોરાથી ગોકુળ દોડી ગયું.

‘ચંદા, ત્યાં તો સરસ મજાની જમુના. નદી તો ખરી, પણ એથી યે વધુ મૈયા જેવી! બારે માસ કલકલ કરે. એનાં શામળાં જળમાં જમુનામૈયા સાક્ષાત દેખાય. જમુનામા સૌની મનોકામના પૂરી કરે જ. ગોકુળની દીકરીઓ અને વહુઓ માગસર મહિનામાં જમુનાજીનું વ્રત કરે – કાત્યાયની વ્રત. સૂર્યોદય પહેલાં અંધારામાં જ સૌ પોતપોતાની સાહેલીઓના સંગમાં સજીધજીને, હાથમાં પૂજાની થાળી લઈ, ગીતો ગાતી જમુના કિનારે પહોંચી જાય, ત્યાં જમુના કિનારાની રજ અને જમનાજળ મેળવી, જમુનાજીની મૂર્તિ બનાવે. એમનું નામ કાત્યાયની દેવી. એમની પૂજા કરે. એમને નૈવેદ ધરે. એમનાં ગીત ગાય. એમની પાસે ખોળો પાથરી જે મનોકામના હોય તે માગે.’

‘બધાની મનોકામના પૂરી થાય?’

‘થાય જ ને. માને મન બધી દીકરીઓ સરખી. મા સૌને સુખ આપે. મા કોને કહી?’

‘બડી બેના, સાચું બોલ. તેં જમુનામા પાસે શું માગ્યું?’

‘જા હવે, કોઈને ય ન કહેવાય.’

‘બસ કે? મને ય નહીં? જા, તારી કીટ્ટા.’

મોં ચઢાવી ચંદ્રાવલી ઝૂલા પરથી ઉતરવા ગઈ. સુમંગલાએ એને પકડી બેસાડી દીધી.

‘આટલામાં રિસાઈ ગઈ? આપણો રહ્યો સ્ત્રી–અવતાર. હૈયાની વાત હોઠ પર લાવવામાં પૂરું જોખમ. જીવતર રોળાઈ જાય, તેં હજી ક્યાં દુનિયાદારી જોઈ છે? એક શરતે કહું.’

‘વિશ્વાસ રાખજે. હૈયામાંથી વાત બહાર નહીં આવે.’

‘જમુનામા પાસે મેં માગ્યું : મા, તારી આ દીકરીને આવતા જન્મે ભરથાર તરીકે નંદનંદન મેળવી આપજે.’ સુમંગલાએ અતિ ધીમા અવાજે ચંદ્રાવલીના કાનમાં કહ્યું.

ચંદ્રાવલી ચોંકી ગઈ.

'બડી બેના, જીજાજી તો તને ફૂલની જેમ રાખે છે ને? પતિ પરમેશ્વર'

'એની ક્યાં ના છે! પણ નંદનંદન તો-'

'કોણ નંદનંદન? જીજાજીથી ય ચડે?'

'અમારા ગોકુળના ધણી નંદરાયજીના સાત ખોટના એકના એક દીકરા, કૃષ્ણચંદ્ર. પણ સૌ એમને કન્હાઈ કહે!'

'ઓહ! એ એટલા સુંદર છે?'

'સુંદર? સુંદર શબ્દ તો સાવ ફિક્કો લાગે. દુનિયાના લોહી-માંસ-ચામડાના શરીર માટે વપરાય એ તો. નંદનંદનના રૂપને વર્ણવવા શબ્દ જ નથી. જાણે વૈકુંઠમાંથી ઉતરી આવેલો નીલમણિ! ક્ષીરસાગરનું નીલકમળ! શામળા તો ય સોહામણા. વાંકડિયા-ઘુઘરાળા ઝુલ્ફાદાર કેશ, કોટિ કામદેવને પાણી ભરાવે એવું મુખ. આંખો તો સ્નેહનો સાગર. એ મોહન નહીં, વિશ્વમોહન છે.'

'અરે વાહ, એનો જોવો પડે!'

'ચંદા, ગોકુળની ઘરડી, બોખી ડોસીઓ ય એના પર વારી જાય છે! નવાઈ તો એ કે છે નાનકો, પણ લાગે આપણો સમોવડીયો. એનો એક નયન કટાક્ષ ભલભલી માનિનીનાં માન ચૂર-ચૂર કરી નાખે! સાચે જ ઈલ્મી છે, કામણગારો છે!'

'એકલું રૂપ જ છે કે વિશેષ કંઈ?'

'તારી બડીબેન રૂપ પાછળ પાગલ થાય એવી ગાલાવેલી નથી.'

'હું જાણું છું.'

'અદ્‌ભુત તો હજી પછી થયું. કન્હાઈ માત્ર છ દિવસના હતા, છઠ્ઠીનો ઉત્સવ હતો. એક એજાણી અપ્સરા સમી સુંદરી નંદાલયમાં આવી. કન્હાઈને ખોળામાં લઈ રમાડવા લાગી. નંદરાની બહુ ભોળાં. કહે - બેન, એક કામ યાદ આવ્યું. આવું છું. લાલો ભલે રમે, મૈયા ઘરમાં ગયાં. આવનારી સુશીલા ન હતી, કુટિલા હતી. ઝટ કંચુકીનો કસ ખોલી, કન્હાઈને છાતીએ વળગાડ્યો. છાતી પર કાલકૂટ ઝેર ચોપડેલું!'

'બાપ રે! પછી?'

'એ તો પૂતના હતી. મથુરાના રાજા કંસે મોકલેલી બહુરૂપિણી રાક્ષસી! પણ સામે સામાન્ય બાળક નહીં, કન્હાઈ માસીના દૂધપાનના બહાને ઝેર તો ચૂસ્યું, પણ એના પ્રાણ પણ ચૂસી લીધા! મારવા આવી, તે મરી!'

'નંદનંદન માત્ર એક માસના હતા. ઉત્સવ હતો. ગામગામથી સગાં-સંબંધીઓ આવેલાં. રાજાના ઘેર સૌ આવે. નંદરાણી પ્રૌઢાવસ્થા વળોટી ગયેલાં. શરીર ભારે. દાસીઓ ઘણી તો ય દોડાદોડ તો પહોંચે. લાલાને સ્તનપાન કરાવી, સુવાડી દીધેલો. દૂધ, દહીં ભરેલા એક વજનદાર ગાડા નીચે કપડાંનું ઘોડિયું બાંધી તેમાં સુવાડેલો. મૈયા મહેમાનોની સરભરામાં પડ્યાં. કન્હાઈ નારાજ થઈ ગયા. ખરી છે મૈયા! મને સાત ખોટનો કહે છે, ને રેઢો મૂકી સગામાં મ્હાલે છે! લાલાએ જમણો ચરણ ઊંચો કર્યો. ગાડાના તળિયાને ચરણનો સ્પર્શ થયો. રામજીના ચરણના સ્પર્શે શિલા સ્ત્રી બની નહોતી ગઈ? શ્યામના ચરણ સ્પર્શે ભાર ભરેલા શકટમાં જાણે જીવ આવ્યો. આખે આખું ગાડું ઉછળ્યું! શ્યામ વ્રજરજમાં લોટે અને એમના ચરણમાં ગાડું ઊંધુ પડી સાષ્ટાંગ દંડવત કરતાં, દૂધ દહીંની નદીઓ ભેટ કરી દીધી!'

'અદ્‌ભુત!'

'ગજબ કહેવાય!'

'ખરો ગજબ તો પછી થયો. મથુરાથી બીજો રાક્ષસ આવ્યો - વંટોળિયાનું રૂપ લઈને. કાનાને ખભે ઊંચકી, આકાશમાં ઊડ્યો. કન્હાઈ કંઈ ગાંજ્યો જાય? કોણ જાણે શું કર્યું તે રાક્ષસ પથ્થરની જેમ ધબ્બ દઈને નીચે પટકાયો. એના રામ રમી ગયા. એની છાતી ઉપર કન્હાઈ નિરાંતે બેઠા બેઠા હસે!'

'હાય મા! તો તો એ દેવ હોય. માણસ નહીં!'

'ગર્ગબાવા નંદરાયજીના પુરોહિત. એ કરતાં યે વધારે વરસના. એ કહે આ તો કૃષ્ણ છે - પરમાત્મા. એ તો એને 'કૃષ્ણકાન્ત' કહે. એક દિવસ ગર્ગબાવા સ્નાન કરી, જમુનાકિનારે સંધ્યાવંદન કરે. મેં પગે લાગી પૂછ્યું : 'બાવા, તમે કાનાને કાન્ત કેમ કહો છો?' તે શું કહે - ખબર છે?'

'હું ક્યાં તારી સાથે હતી, તે મને ખબર હોય?'

'તેઓ કહે સંસ્કૃતમાં 'ક' શબ્દનો અર્થ થાય સુખ. 'અંત' એટલે છેડો. કાન્ત એટલે જે મળતાં સુખનો કદી છેડો જ ન આવે તે. આપણે 'કંથ' કહીએ છીએ, તે મૂળ 'કાન્ત'. બાવા કહે આ કૃષ્ણ મારા આવતા ભવે મારો 'કાન્ત' - કંથ બને માટે એને કૃષ્ણકાન્ત કહું છું. ગર્ગબાવા જેવા ય બીજા જનમે એને પતિ બનાવવા ઈચ્છા કરે તો હું તો સ્ત્રી છું. આવા પતિ માટે ગોરમા કોણ ન પૂજે?'

'બડી બેન, તું એટલી તો નસીબદાર કે કન્હાઈના ગામમાં રહેવા મળ્યું છે. એના ધામમાં જવા મળે છે.'

'હવે સમજાયું ને કે પિયરિયે કેમ ઝટ આવતી નથી? ચાલ મા, હું જાઉં માડી બૂમાબૂમ કરતી હશે! હું તો વાતો કરવા બેસી ગઈ.'

સુમંગલા ઝૂલા પરથી ઉતરી, દોડી.

ચંદ્રાવલી બેસી રહી. ઝૂલો ઝૂલતો રહ્યો. પોપચાં ઢળતાં રહ્યાં. સૂર્યાસ્તના સોનેરી આભા બીડાયેલાં પોપચાં સોંસરી ઝિલમિલ થતી અનુભવાતી હતી. સ્વર્ણિમ આત્માના સરોવરમાં નીલકમળ ઘનશ્યામ લહેરાતા હતા. એના હોઠ ગણગણતા હતા :

'કૃષ્ણનામ જબ તેં સ્રવનન સૂન્યૌ રી આલી,
ભૂલી રી ભવન હૌં તો બાવરી ભઈ રી।
ભરિ ભરિ આવૈ નૈના, ન પરૈ ચૈના,
તન કી દસા કછુ ઔર હી ભઈ રી।।૧।।
જે તેક નેમ ધરમ કીનૈ રી બહુબિધ,
અંગ અંગ ભઈ હૌં તો સ્રવન મયી રી।
'નંદદાસ' પ્રભુ જાકો સ્રવન સુનૈ યહ ગતિ,
માધુરી મૂરત કૈંધોં કૈસે દઈ રી।।૨।।'

ભાવાર્થ :

હે સખી, જ્યારથી મેં કાનમાં કૃષ્ણનું નામ સાંભળ્યું છે, ત્યારથી ઘરબારની સૂધ ભૂલી ગઈ છું. બાવરી (પાગલ) બની ગઈ છું.

વારંવાર આંખો આંસુથી છલકાય છે. ચિત્તને કોઈ રીતે ચેન પડતું નથી. શરીરની દશા તો કહેવા જેવી જ રહી નથી.(૧)

કૃષ્ણને પામવા જેટલા થાય તેટલા મેં નિયમ રાખ્યા, ધર્મ અને વ્રત પણ કર્યાં.

મને એમ લાગે છે કે કૃષ્ણનામ સાંભળવા મારાં એક એક અંગ જાણે કાન બની ગયાં છે!

જેનું નામ સાંભળતાં આવી સ્થિતિ થાય, એની માધુરી મૂરતનાં દર્શન કરતાં તો કોણ જાણે શું યે થાય?

◆

૨. મન લાગ્યો ગોપાલસોં

રાતનું અંધારું રીઠોરા પર ઉતરી આવ્યું હતું. ઘેર ઘેર દિવેલના દીવા પ્રગટી ચૂક્યા હતા. ઠાકર મંદિરમાં સંધ્યાઆરતીની સૂરીલી નોબત ગડગડતી હતી. માધવી રસોડામાં ચૂલા પાસે રસોઈ કરવામાં વ્યસ્ત હતાં. ચંદ્રભાનજીને બેજરની રોટી, રીંગણનું શાક, અડદની દાળ અને માખણ ખૂબ ભાવે.

ચંદ્રભાનજીની પ્રતિભા જ એવી કે ગામમાં અને ઘરમાં એમની સાથે છૂટથી વાત કરતાં સહુ સંકોચાય. બાકી એમને ગુસ્સે થતાં કે ઊંચા અવાજે બોલતાં કોઈએ જોયા નથી. એમની આંખોનાં તેજ સહુને મૂંગાં કરી દે.

માધવીને પરણીને આવે પૂરાં પચીસ વર્ષ થયાં.છેલ્લાં વીસ વર્ષથી તો ઘરમાં એ જ વડીલ જેવાં છે. સાસુ-સસરા ય નથી. પચીસ વર્ષથી પતિના પડખાં સેવવા છતાં ય, માધવીને મનની વાત કરવી હોય તે દિવસે રાતના વાળુમાં બેજરની રોટી, રીંગણનું શાક, અડદની દાળ જ બને. ભાવતા ભોજનથી તૃપ્ત જ નહિ – પરિતૃપ્ત થયેલા પતિ ચંદ્રભાનજી ઢોલિયે પડખાભેર થયા હોય, ત્યારે એમની ચરણસેવા કરતાં માધવી મહાપ્રયત્ને હોઠ ખોલવાની હિંમત કરે. માધવીની હૂંડી સિકરાઈ જાય પણ ખરી.

ચૂલાના દેવતાની જ્વાળાઓ માધવીના રૂપ મઢ્યા ગૌર મુખને સૂર્યોદય સમયના તાંબાવર્ણા સૂર્ય જેવું રતુમડું બનાવી ચૂકી હતી. તેના મુખકમળ પર ઓસબિંદુ શાં શ્રમબિંદુ ઝળકતાં હતાં. વાળના અંબોડે તાણી બાંધેલી અલકોમાંથી એકાદ બે લટ છટકીને એના ભાલ ને ગાલ પર ઢળી હતી.

માધવીએ બૂમ પાડી : 'ચંદા... ઓ ચંદા.'

રસોડાના બારણેથી બૂમના શબ્દો ચંદાને શોધતા, આખા ઘરમાં ફરી વળ્યા, પડઘાઈને પાછા ફર્યા.

માધવી બબડ્યાં – 'અરેરે, આ છોકરી પરણવા જેવી થઈ પણ ઠરી નહીં. રાત પડ્યાનું ય ભાન નહીં. ગામમાં શી ખબર ક્યાંય ઉલાળા મારતી હશે! એને માનો ય વિચાર નથી આવતો કે મા રાંધણિયામાં એકલી ધૂમાડો ખાય છે.!'

માધવી વધારે અકળાય એ પહેલાં નાચતી કૂદતી પાછલા બારણેથી ઘરમાં આવતી ચંદ્રાવલીનો અવાજ રસોડામાં માધવી સુધી પહોંચી ગયો.

'મૈયા.... અરી... મૈયા... મને બોલાવી?'

રસોડાના બારણે પ્રવેશતી ચંદ્રાવલીને જોતાં માધવીએ છણકો કર્યો – 'બે ચાર બીટિયાં હોત તો તેમને બોલાવત, કુંવરી મારાં! અભાગણી છું. વહુ લાવે એવો દીકરો ય નથી.'

'ઓહ મા, હું તારો દીકરો જ છું ને!'

'દીકરા થવાનું એક લક્ષણ પણ નથી. બોલ્યાં, હું તારો દીકરો છું ને? દીકરો હોય તો માની ગત જાણે. એકલી ચૂલો ફૂંકું છું. ક્યાં ઉલાળા મારતી હતી?'

ચંદ્રાવલી માધવીની પાસે આવી, પાટલા પર બેસી ગઈ. રોટી વણવા ઓરસિયો નજીક ખેંચવા ગઈ.

'હાથ-પગ ધોયાં? કપડાં બદલ્યાં?'

'મૈયા, ભૂલી ગઈ. અબ ઘડી આવી. બાકીની બધી રસોઈ ચપટી વગાડતાં બનાવી દઈશું. તું જોયા કર!'

તે ફરર ઉડતી ચકલીની જેમ ગઈ. માધવી એની પીઠને જોતી રહી.

રસોઈઘર માટે વસ્ત્રો બદલી ચંદ્રાવલી પાછી આવી. સ્ફૂર્તિથી રોટી વણવા ને શેકવા લાગી. વચમાં કડછીથી દાળ હલાવતી જાય. માધવી એની કુશળતાને જોઈ રહી, મનમાં વિચારતી રહી – જ્યાં જશે ત્યાં મને બદનામ તો નહીં કરે.

'ક્યાં હતી અત્યાર સુધી?'

'પાછળ ઝૂલા પર.'

'ઓય મા, અંધારામાં ઝૂલા ખાતી હતી? બીક ન લાગી?'

'બીક? શાની બીક? અંધારાની બીક? મને તો કાળો રંગ બહુ ગમે. કહે છે ગોકુળમાં નંદબાવાનો કન્હાઈ આ અંધારા જેવો જ કાળો છે, પણ ભારે કામણગારો છે. કોઈને એની બીક તો નથી લાગતી! હેં માડી, તેં એનો જોયો છે? બડી બેન કહેતી હતી...'

ચંદ્રાવલી અટકી ગઈ. કૃષ્ણને મનથી માણવામાં ખોવાઈ ગઈ.

'શું કહેતી હતી, સુમી?'

'કંઈ નહિ.'

'ચંદા, એક વાત કહું, બેટા?'

'તારે પૂછવું પડે? કહી નાંખ.'

'હવે તું મોટી થઈ – ઉંમરલાયક થઈ.'

'ઓહ, એની તને હમણાં જ ખબર પડી? તે એનું શું છે?'

'કંઈ નહીં.'

માધવીના હોઠ અસ્પષ્ટ બબડ્યા – 'વાત તો તારા બાપ સાથે આજે કરવાની છે.'

ચંદ્રાવલી ચૂપચાપ રસોઈ કરતી રહી.

માધવીના સરવા કાને ચંદ્રભાનજીના પગની આહટ ઝડપી લીધી. પચીસ વર્ષનો અનુભવ હતો. પતિને રોમ રોમ પહેચાનતી હતી. તે રાંધણિયાના પાટલેથી ઊભી થઈ. ભાલ અને ગાલ પર સરકેલી અલકો સરખી કરી. સાડીના પાલવથી જ મુખ પરનો પ્રસ્વેદ લૂછ્યો. સાડી અંબોડો ઢંકાય તેમ માથે ઓઢી મુખ પર સ્મિત સજાવી, આગળના બેઠક ખંડમાં ગઈ.

વિશાળ બેઠકખંડમાં ચાર દિશાના ચારે ખૂણે બબ્બે દીવા પિત્તળની મોટી કલાત્મક દીવીઓમાં પ્રકાશતા હતા. મધ્યમાં ચાર દીવાની દીપમાલિકા પ્રકાશતી હતી. પ્રકાશ સાથે હવામાં કપૂરની સુવાસ લહેરાતી હતી. બારણાં સિવાયની સામ સામેની બે દિવાલે મખમલી ગાદીતકિયાની સુંદર બિછાત હતી. આખરે હવેલી તો રાજઘરાનાનીને!

ચંદ્રભાનજીએ માથા પરથી લાલ ચૂંદડીની પાઘ ઉતારી. માધવીએ હાથ લંબાવી પાઘ લીધી. ખેસના છેડેથી ચંદ્રભાનજી મુખ લૂછે, તે પહેલાં માધવીએ સાડીના પાલવથી મુખ લૂછ્યું. ચંદ્રભાનજી ઝાંખા પ્રકાશમાં માધવીને મુખને પ્રેમથી જોતાં, તેની આંખોમાં આંખો પરોવી, મરકતાં બોલ્યાં :

'ભાગ્યવાન, હજીયે તમે તન અને મનથી વીસ વર્ષનાં જ લાગો છો!'

માધવીએ લજવાઈને ચંદ્રભાનજીની વિશાળ છાતીમાં મોં છૂપાવી દીધું. ચંદ્રભાનજીએ માધવીની હડપચીને જમણા હાથની મધ્યમાના ટેકે ઊંચી કરી, કહ્યું :

‘ભાગ્યવાન, ચંદા ઘરમાં છે. વરસ દિવસમાં તમે નાની બનશો. આવી મુગ્ધતા હવે બસ!’

‘આપ વસ્ત્રો બદલો. ભોજન તૈયાર છે.’

ચંદ્રભાનજી વસ્ત્રો બદલવા ગયા. માધવી મનથી ભરી ભરી બનીને રસોડામાં. બાજુના ભોજનઘરમાં ચંદ્રાવલી ભોજનની તૈયારી કરી ચૂકી હતી. ચંદ્રભાનજી પાટલે બેઠા. ડાબી બાજુના પાટલે ચંદ્રાવલી. જમણી બાજુ માધવી. ભોજન પિરસાયાં.

‘વાહ ! આજ તો ભાવતું ભોજન છે ને?’

‘તમારી લાડકીના હાથનું છે!’

ચંદ્રભાનજી રોટીના બટકા પર માખણ લઈ મુખમાં મૂકી, ચાવતા ચાવતા બોલ્યા : ‘બીટિયા, તારી મા આ ભોજન બનાવે ત્યારે –’

‘બાવા, સમજી લેવાનું કે મા તમારી પાસે એનું ધાર્યું કરાવશે.’

ચંદ્રભાનજી ખડખડાટ હસ્યા.

‘તું ય તારી માને ઓળખી ગઈ છે ખરી!’

‘આજકાલની નહીં, એના પેટમાં હતી ત્યારની. તમે વ્રજ આખામાં તમારું ધાર્યું કરાવશો, પણ આ ઘરમાં તો–’

‘હા, ભાઈ, હા. તારી માનું ધાર્યું થશે, કબૂલ! એ ખૂબ શાણી છે. એની વાતથી મને કાયમ જશ જ મળે છે.’

પતિના શબ્દોથી માધવી પોરસાઈ, શરમાઈ નીચી નજરે ચૂપચાપ બટકું ભરતી રહી. મનોમન વિચારતી રહી. છે તો ખુશમાં. વાત કરવામાં વાંધો નહીં આવે.

ભોજન થઈ ગયું. ચંદ્રભાનજી પાછળના ઉદ્યાનમાં છત્રીમાં ઝૂલા પર બેસવા ગયા. એ એમનો નિત્યક્રમ હતો. ચંદ્રાવલી પડોશમાં કાકાને ત્યાં બડીબેન સાથે વાતો કરવા ઉપડી. માધવી સૂડી–સોપારી લઈ પતિ પાસે ગયાં. ચંદ્રભાનજીએ જરા સંકોચાઈ જગ્યા કરી. પતિના પડખે ઝૂલા પર બેસતાં સોપારી કાતરી માધવીએ સ્વહસ્તે પતિના મુખમાં મૂકી.

‘કહું છું.’

‘મને ખબર છે તમારે કોઈ ખાસ વાત કહેવાની છે. કહો’

‘આપણી ચંદાને પંદર પૂરાં થશે.’

‘વખત વીતતાં ક્યાં વાર લાગે છે?’

‘એના લાયક ઠેકાણું હવે ઝટ શોધો. બીજાના છોકરા–છોકરીનો હાથમેળો કરાવામાં કુશળ છો. ચંદા તો આપણી છે.’

‘એટલે જ મુશ્કેલી પડે છે. જ્યાં નજર કરું, ત્યાં કંઈ ખોડ છે. તમારી નજરમાં કોઈ?’

‘એક–બે છે. ગાંઠોલીના મુખી હરગોવનદાસનો બીજા નંબરનો દીકરો મંગળ. સત્તર–અઢારનો હશે. ઘર ખાધેપીધે સુખી ને ખાનદાન.’

‘હં, બીજું?’

‘અડીંગના શિવરામ, તમારા મિત્ર. એકનો એક દીકરો છે. દીકરી આપણી રાજ કરશે.’

‘એ તો મારા ધ્યાનમાં છે, પણ છોકરો દેખાવમાં થોડો મોળો નહીં?’

‘બધીઓને ચંદાના બાપ ન મળે.’

‘ઓહોહો’ ચંદ્રભાનજી ખડખડાટ હસ્યા. માધવી શરમાઈ ગઈ.

‘ભલે તો અડીંગમાં કરીએ કંકુના. ક્યાં ગઈ આપણી લાડલી? એનું મન જાણી લઈએ.’

‘વાહ, આ તો નવી વાત કહી. છોકરીને શું પૂછવાનું? તમારા બાપાએ તમને પૂછ્યું હતું? જેઠજીએ અને તમે સુમંગલાનું કર્યું ત્યારે એને પૂછ્યું હતું?’

‘ભલે, ભલે. બાજુમાંથી મોટાભાઈ અને ભાભીને તો બોલાવો.’

બેઠકખંડમાં સૂરજભાન અને ચંદ્રભાન ગાદીતકિયે બેઠા. સામે ઘૂંઘટની આડ લઈ, માધવી અને એનાં જેઠાણી કનક પણ બેઠાં. ચાર–છ ઘર અને છોરાની વાતો થઈ. સૌનું મન આખરે અડીંગ પર ઠર્યું.

‘તો મોટાભાઈ, જઈશું કાલે? પૂનમ છે. પાકું કરતા આવીએ.’

ચંદ્રભાન વાત પૂરી કરે તે પહેલાં ચંદ્રાવલી બેઠકખંડમાં આવી. બહાર દિવાલને આડશે ઊભા રહી, એણે બધી વાત સાંભળી હતી. સાથે જ મનમાં એક ગાંઠ પણ વાળી લીધી હતી.

‘શાનું પાકું કરવાની વાત ચાલે છે, બાવા?’

કાકા અને પિતાની વચ્ચે તે બિન્દાસ્ત ગોઠવાઈ ગઈ.

‘બાવા, હું બહુ ભારે પડું છું?’

કોઈએ જવાબ ન આપ્યો.

સૂરજભાન ગળું સાફ કરી બોલ્યા – ‘બેટી, દીકરી ભારે નથી પડતી, પણ દુનિયાની રસમ છે. એનું કન્યાદાન કરવું પડે. એ કરજ માથે ન રખાય.’

‘પણ કયા ગામમાં? કોના ઘેર?’

‘હાય મા, ભાભી, જુઓ તો આ છોડી! જરાય લજવાય છે પૂછતાં?’ માધવી દબાતા અવાજે જેઠાણીને કહેવા લાગી.

‘તારી નજરમાં કોઈ હોય તો બોલી નાખ. પાછળથી તને અને અમને દુ:ખ નહીં.’ સૂરજભાને કહ્યું.

‘ઉહું, એવું તો કંઈ નથી.’ચંદ્રવલી ભોંય ખોતરવા લાગી.

‘અમે તારા માટે અડીંગમાં નક્કી કરીએ છીએ.’ સૂરજભાને કહ્યું.

‘રાજરાણીનું સુખ પામીશ.’ કનકે ઉમેર્યું.

‘કાકાબાપુ, રાજરાણી બનવાનો કોઈ અભરખો નથી. બધી રાજરાણીઓ ઓછી સુખી થાય છે? રાજા હરિશ્ચંદ્રની રાણી તારામતી, શ્રીરામજીનાં પત્ની સીતાજી, ધ્રુવજીની માતા સુનીતિ, પાંડવ પત્ની દ્રૌપદી, કુંતી, ગાંધારી કોણ સુખથી મર્યું હતું? સુખ પૈસામાં નથી. પૈસાદારના ઘરમાં શાંતિ નથી, સુખ નથી.’

‘જોયું, આ છોકરી તો મોટી વિદ્વાન થઈ ગઈ!’

‘ભણી છું તો શાંડિલ્ય ગુરુજી પાસે! ગુરુજીએ શીખવ્યું છે સુખના સ્વામી શ્રીહરિ છે. જે શ્રીહરિના શરણે રહે, તેને સુખ મળે. લક્ષ્મી તો નારાયણનાં પત્ની છે. પતિને રેઢા મૂકી એકલી પત્ની પરઘેર ન જાય. પતિવ્રતા પત્ની તો જ્યાં પતિ જાય, ત્યાં જાય. જ્યાં નારાયણનો વાસ ત્યાં લક્ષ્મીનો વાસ. નારાયણની સાથે લક્ષ્મી ગરૂડ પર બેસીને આવે. એકલી લક્ષ્મી ઘુવડ પર બેસીને આવે એમ ગુરુજી કહેતા. ગુરુજી ખોટું ન બોલે.’

‘જ્યાં જશે, ત્યાં સૌને ચૂપ કરી દેશે.’ માધવી ફિકરથી બોલી.

‘ભલે બેટી, તું જ કહે કયે ગામ જવું છે?

‘કાકાબાપુ, ઘર આછું પાતળું હશે તો સૂકો રોટલો મળવાની ફરિયાદ નહીં કરું. ચુંદડી, લહેરિયાંને બદલે કાળી કામરી હોંશથી ઓઢી લઈશ. તમારા જમાઈ તીખા હશે કે મોળા, લૂલા-લંગડા, કુબડા હશે તો ય વધાવી લઈશ. પણ સાસરું ગોકુળમાં ગોતજો.’

છેલ્લા શબ્દો બોલતાં ચંદ્રાવલી ઊઠી, એના ઓરડે દોડી ગઈ. સૌ અવાક્ થઈ ગયાં.

‘ભાઈજી, હવે શું કરીશું?’ ચંદ્રભાનજી મૂંઝાયા.

‘ગોકુળમાં તો આપણી બરાબરીનું –’ માધવી વિચારમાં અટકી ગઈ.

‘આપણા વેવાઈના ભાઈ હરિનારાયણજી – એમનો દીકરો ગોરધન –’ કનક બબડી.

‘હા, ઘર સારું પણ છોકરાની મા થોડી આકરી.’

‘પણ પાછી ભોળી.’

‘ને ગોરધન?’

‘મહેતાજી મારે નહીં ને ભણાવે નહીં. ચંદા કહેશે ઊઠો તો ઊઠશે અને બેસો તો બેસશે.’

‘ભૈયા, એમણે તો વેવાઈ મારફત સામેથી કહેવડાવેલું છે. સુમી જ સંદેશો લાવી છે.’ સૂરજભાને કહ્યું.

‘તો કાલે ગોકુળ જઈએ. એનાં અંજળપાણી ત્યાં હશે.’ ચંદ્રભાન બોલ્યા.

‘બે બેનો એક ઘરમાં હોય એ ય સારું. સુખદુઃખ એકબીજાની ઓથ મળે.’ કનક બોલી.

‘ભલે, જેવી ભગવાનની મરજી.’ માધવી સંમત થઈ. સૌ ઊઠ્યાં.

ઓરડાના બારણાની આડશેથી વડીલોની વાત સાંભળી ચંદ્રાવલી હરખઘેલી બની ગઈ. એનો મનમયૂર નાચવા લાગ્યો. ફેરફુદડી ફરતી જાય, હસતી જાય અને બોલતી જાયઃ

‘નંદનંદન તો આપણા ભાગ્યમાં ન હોય તો ન સહી. દેહનો પતિ અને સગાં ભલેને ગમે તે મળે! મારા મનના માનેલાને મારા મનમાંથી કોણ ઝૂંટવી જવાનું છે? ગોકુળિયામાં રહેવાનું તો મળશે ને! રોજ નંદનંદનને નિરખવા ય મળશે! એ જ મોટી વાત. ક્યારેક વાટે કે ઘાટે ભેટાભેટી યે થઈ જ જશેને! હું તો એને જ સીધું કહી દઈશ.’

ચંદ્રાવલીની નજર દિવાલ પરના અરીસા ઉપર પડી. એ અરીસા આગળ ઊભી રહી ગઈ. અરીસામાંથી ડોકાતી નારી ચંદ્રાવલીને પૂછતી હતી :

‘અરી, પાગલ થઈ છે? લગ્ન થાય એટલે ધણીને તન અને મન બેઉ સાથે જ સોંપાય. પછી તારું મન નંદનંદનને કેમનું સોંપીશ? એ તો વ્યભિચાર કહેવાય! પાપ કહેવાય. ઘોર પાપ!’

ચંદ્રાવલી વિચારમાં પડી ગઈ.

અરીસામાંથી અવાજ ઊઠતો હતો : શાંડિલ્ય મુનિ પાસે ભણ્યાનો વટ મારે છે ને નીતિ જાણતી નથી? વેદ ભણે તો ય આખર તો છાણાં થાપતી, મહી વેચતી ગ્વાલિની જ!’

ચંદ્રાવલીને એકાદ પળ ઝાટકો લાગ્યો, પણ વાદમાં ગાંજી તો ન જ જાય. માથાને હળવો ઝટકો માર્યો, હોઠ મરડ્યા. ઓઢણી કેડે બાંધી, તીખી નજરે કહેવા લાગીઃ

‘જા, જા, હવે ન જોઈ હોય તો મને મોટી નીતિ શિખવનારી! હાડચામના પારકા મનેખ પર નજર કરું તો પાપ લાગે. આ મનખાદેહમાં લોહીમાંસની ગંદકી સિવાય બીજું છે શું તે મોહી પડાય? હું તો થૂંકું ય નહિ! પછી પાપ શાનું?’

‘તો નંદનંદન મનેખ નથી?’

‘તું કે હું શું જાણીએ નંદનંદનને? એ તો ગર્ગ મા’ત્મા જાણે કે શાંડિલ્ય ગુરુજી જાણે! ખબર છે સુમંગલા શું કહેતી હતી એ કન્હાઈ માટે? ખબર છે ને? બસ પછી, ચાંપલાશ શાની કરે છે? બોલ્યાં મોટાં નંદનંદન મનેખ નથી? એક વાત કહી દઉં તને? જો એ ય મનેખ હશે ને તો મારા પીઠ પાછળના પડછાયાથી ય એને વેગળા રહેવું પડશે. એ ગોકુળનો રાજકુમાર હશે તો આ ચંદા ય રીઠોરાની રાજકુંવરી છે! એ વેદમાં કહેલો ભગવાન હશે તો મને વેદની શ્રુતિ સમજજે! ભગવાનને હૈયે રાખવામાં પાપ નથી, લાખ જનમનાં પુણ્ય જોઈએ!’

ચંદ્રાવલી અટકી. અરીસામાં જોઈ, હસી ગઈ. પાછી બોલી :

‘બેની, આપણે નકામાં લડી પડ્યાં! ભેંશ ભાગોળે, છાશ છાગોળે ને આપણે કરી ધમાધમ! ચાલ, ભૂલી જા બધું. મને ઊંઘ આવે છે.’

ચંદ્રાવલી દીવો હોલવી, પલંગમાં પડી. કાળામેંશ અંધારામાં સાંવરી સૂરત રહી રહીને એની બંધ પાંપણોને વીંધી એની બેય કીકીઓમાં ગોઠવાતી લાગી. તે ગુનગુનાતી રહી :

જા કો મન લાગ્યોં ગોપાલ સોં
તાહિ ઔર કૈસે ભાવૈ હો ।
લૈ કરિ મીન દૂધ મેં રાખૌ
જલ બિન નહીં સચુ પાવૈ હો ॥૧॥
જ્યોં સૂરા રન ધૂમિ ચલત હૈ,
પીર ન કાહુ જનાવૈ હો ।
જ્યોં ગૂંગો ગુર ખાય અધિક રસ,
સુખ સવાદ ન બતાવૈ હો ॥૨॥
જૈસે સરિતા મિલી સિંધુ મેં,
ઉલટિ પ્રવાહ ન આવૈ હો ।
તૈસે ‘સૂર’કમલમુખ નિરખત,
ચિત ઈત ઉત ન ડુલાવૈ હો ॥૩॥

ભાવાર્થ :

જેનું મન ગોપાલ સાથે લાગી ગયું છે, તેને બીજું કંઈ કેમ ગમે?

જળના માછલાને દૂધમાં રાખીએ તો ય, જળ વિના તરફડે. એને જળમાં જ સુખ, દૂધમાં નહીં.

યોદ્ધો યુદ્ધભૂમિમાં ખાંડાના ખેલ ખેલતો હોય, અનેક ઘા વાગ્યા હોય તો ય એની પીડા કોઈને પણ ન કળવા દે.

મૂગો માણસ ગોળ ખાય, ખૂબ સ્વાદ આવે પણ એ સ્વાદની વાત કોઈને ય ન કહી શકે.

સરિતા સાગરની દિશામાં જ દોડે ને સાગરમાં સમાય. એ પર્વતની દિશામાં પારોઠનાં પગલાં ન ભરે!

એમ જે ભક્તિશૂરા છે એ તો ગોપાલના કમલમુખ નિરખવામાં એવા ડૂબી જાય છે કે એમનું ચિત્ત આમતેમ ક્યાંય ભટકતું નથી.

ચલરી સખિ નંદગાઁવ જાય બસિયે

(રાગઃસારંગ)

ચલરી સખિ નંદગાઁવ જાય બસિયે ।
ખિરક ખેલત બ્રજચંદ્ર સોં હઁસિયે ।।૧।।
બસૈં બઠેન સબૈ સુખ માઈ ।
એક કઠિન દુઃખ દૂરૈ કન્હાઈ ।।૨।।
માખન ચૌરૈ દૂર દૂર દેખૌં ।
જીવન જનમ સુફલ કરિ લેખૌં ।।૩।।
જલચર લોચન છિન છિન પ્યાસા ।
કઠિન પ્રીતિ 'પરમાનંદદાસા' ।।૪।।

◆

૩. હરિદરસન કી ચાય

ચૈત્રી નોમનાં ચંદ્રાવલીનાં લગ્ન લેવાયાં. ગામના રાજાની દીકરીનાં લગ્ન, લગ્નનો ભારે ઠાઠ અને દબદબ. મોટો ભવ્ય રેશમી-જરીનો રંગબેરંગી શામિયાણો કદલીસ્તંભો, આસોપાલવ અને આંબાના પાનની બંદનવારથી શોભતો હતો. પુષ્પોનાં તોરણો ને ગજરાના લૂમખા વાતાવરણમાં શીત અને મહેંક પ્રસરાવતા હતા. હલવાઈઓની ઘી ભરી કડાઈઓમાંથી ઘેબર તળાવાની મધુર સુગંધ ગામ બહાર પહોંચી હતી. ચંદ્રભાન ગોપના દ્વારે રૂડી શહનાઈ બિલાવલના મીઠા સૂર વહાવતી હતી. લગ્ન આડે હજી તો બે દિ' આડા હતા, પણ ગામગામથી સગાંસ્નેહીઓ આવવા માંડ્યા હતા. સૌની હરખભેર આગતાસ્વાગતા થતી હતી. માંડવે રંગબેરંગી અંબરો અને આભૂષણોમાં સ્વર્ગની દેવીઓ જેવી નિખરતી વ્રજ લલનાઓની ઉમંગભર ચહલપહલ મચી રહી હતી.

બરસાનાથી વ્રજરાજ વૃષભાનરાયજીનો પૂરો પરિવાર ગઈ કાલનો આવી ગયો હતો. ભાન પરિવારનાં લગ્ન હતાંને! અનેક ગામના મુખિયા પણ આવી રહ્યા હતા. શમિયાણામાં ગાદી તકિયે સૌ શોભતા હતા, હાંસીવિનોદ ચાલતો હતો.

ઘરના મધ્ય ઓરડામાં પૂર્વાભિમુખ દીવાલે ગણપતિ ચિતરાયા હતા. કુલપુરોહિત ગણેશસ્થાપનની તૈયારી કરતા હતા. ચંદ્રભાનજી જરિયાન જામા અને પાગ પર રત્નજડિત અલંકારો ધારણ કરી, શોભતા હતા. માધવી પણ સોનેરી જરિયાન સેલા સહિત ષોડશ અલંકાર ધરી, ઉત્સાહથી દોડાદોડી કરતાં હતાં.

ચંદ્રાવલીના ઓરડામાં એની સખીઓ - બેનો સુમંગલા, રાધિકા, લલિતા, વિશાખા, ચિત્રા ને ચંપકલતા એને સજાવી રહ્યાં હતાં. ટોળ-ટીખળ ચાલતાં હતાં. કોકિલકંઠી ચંપકલતાએ તાર-સપ્તકમાં ગાવા માંડ્યું - 'દાદાજી, એવો તે વર ના જોજો રે.'

બટકબોલી વિશાખાએ એને રોકતાં કહ્યું : 'હવે આ ગાવાનો કોઈ અર્થ નથી. વર જોવાઈ જ નથી ગયો, આવી રહ્યો છે. પાન ચાવતો, ગલોફાં ફૂલાવતો, આંખમાં ઘેન ભર્યો એ ચંદારાણીનાં સપનાં જોતો હશે!'

'અલી ચંદા, અમારા જીજાજીનું નામ તો કહે.'

'એને જ બિચારીને ખબર નહીં હોય.'

'ઓય મા, તો સુહાગરાત્રે શું કહી બોલાવશો, ચંદાબાઈ?'

'એ તો કહેશે મારા કેસરભીના કંઠ ઘૂંઘટ મારો ખોલો.
હું તો ગુંગળાઈ મરું ઘૂંઘટ મારો ખોલો.'

સૌ હસી પડ્યાં.

'છટ્, તું ક્યાં પરણી છે, તે તને ઘૂંઘટ ખોલાવાનો અનુભવ હોય?'

'ભલે એ પરણી નથી, પણ સપનાં તો આવતાં હશે ને!'

ચંદ્રાવલીએ મીઠો છણકો કર્યો : 'હવે તમે બધી મુગીઓ રહેશો?'

'વોય મા, પાર્વતીજીની સમાધિમાં ખલેલ પડતી લાગે છે.' રાધિકાએ ઠાવકાશથી વાત બદલી :

'મારી ચંદાજીજી છે નસીબદાર. ગોકળિયું ગામ મળ્યું.'

'ત્યાં સાચવવા જેવું ખરું. કાચી પોચીનું કામ નહીં. નંદ બાવાનો છોરો ભારે લોંઠકો છે! ભલભલીયુંઓને રોવડાવે છે. અટકચાળાં એવાં કરે કે ન કહેવાય, ન સહેવાય.'

'એણે તને પજવી છે?' રાધાએ પૂછ્યું.

'મને શું પજવે? હું તો એ દિશામાં ય ગઈ નથીને!'

'તો પછી એને શીદને વગોવે? પાપમાં પડીશ કોઈની નિંદા કરીશ તો.'

'અલી, જોયું આ રાધાને એ નટખટ માટે કેટલી બધી લાગણી ઊભરાઈ જાય છે તે!'

'જો, હું તો સાચું કહીશ.'

'રાધા, તેં એને જોયો છે?'

'જોયો છે? એનો હાથ પકડ્યો છે, બોલ કંઈ કહેવું છે?'

'તું તો છૂપી રુસ્તમ નીકળી. કોઈ દિ'બોલી જ નહીં.'

'અલી, ક્યાં મળ્યાં હતાં?'

'હું મારા મોસાળ રાવલ ગઈ હતી. ચોમાસાના દિવસ. એકલીએકલી મામાના ખેતર તરફ ફરવા નીકળી પડેલી. છ-સાત વર્ષની હોઈશ. સામેથી નંદબાવા આવે. એમની આંગળીએ ચાર વર્ષનો કન્હાઈ. મેં તો અનુમાન કરેલું પણ એ જ બાપ-બેટા નીકળ્યા. ઋતુએ રૂપ બદલ્યું. કાળાં વાદળો ચડી આવ્યાં. રાત જેવું અંધારું થઈ ગયું. વીજળીના કડાકાભડાકા શરૂ. બાલ કન્હાઈ રડવા લાગ્યો. રડતો જાય ને બોલતો જાય, 'બાવા, બીક લાગે છે.' નંદ-બાવા એમની ખોવાયેલી લાખેણી ગાય શોધવા નીકળેલા. તેઓ મને ઓળખી ગયા. તેઓ બોલ્યા : તું તો વૃષભાનજીની બેટીને? બાપ જેવી બહાદુર દીસે છે! મારો કન્હાઈ બી ગયો છે. એનો હાથ પકડી, સાચવીને ગોકુળ લઈ જઈશ? બેટી, તું ય ત્યાં જ રોકાઈ જજે. હું તારા મામાને કહેતો આવીશ. મેં તો કન્હાઈનો હાથ પકડ્યો. બીજા હાથે એની આંખો ને ગાલ લૂછ્યા. એને લઈ ગોકુળ તરફ ચાલી.'

'પછી શું થયું?'

'વાતો-ઓળખાણ-એકબીજાની માયા.'

'આ સુમંગલા તો ગોકુળમાં રોજ જોતી હશે, મળતી હશે, સુમી, તું જ કહે કન્હાઈ કેવો છે? રાધા બોલી.'

'મને તમારા બધાંની જેમ ચપચપ બોલતાં ન આવડે. અહીં મૈયા અને ત્યાં સાસુમા રોજ ટોકે – અસ્ત્રીની જાતને બહું બોલવું સારું નહીં. પણ અમારા ગોકુળની છોરીઓ મહી વેચવા ભેગી મળીને જાય કે જમુનાજી જળ ભરવા જાય, ત્યારે ઘણીવાર આ નંદનંદન વિષે ગાતી હોય છે.'સુમંગલા બોલી.

'તો એ સંભળાવ. બ્યાહના દિવસો છે. નાચાવાગાવાની મનાઈ પણ નહીં.' બોલતાં બોલતાં લલિતા ખંજરી લઈ આવી. તાલ આપવા શુભદા તાંબાની ગાગર ઉઠાવી લાવી. ચંદ્રાવલીની એક બાજુ રાધા ને બીજી બાજુ સુમંગલા તો બેઠાં જ હતાં. બાકીની સખીઓએ વર્તુળ પુરું કર્યું. સુમંગલા ધીમી હલકે ગાવા લાગી : સારંગને ત્રિતાલનો સાથ મળ્યો.

'ગોવિંદ લાડિલો લડબૌરા ।
અપને રંગ ફિરત ગોકુલમેં, શ્યામ બરન જૈસે ભૌરા ।।૧।।

કિંકિણી કવણિત, ચારૂ ચલ કુંડલ, તન્ન ચંદન કી ખોરા ।
નૃત્યત ગાવત, બસન ફિરાવત, હાથ ફૂલન કે ઝોરા ।।૨।।
માથે કનક બરન કો ટિપારો, ઓઢે પીત પિછોરા ।
‘પરમાનંદદાસ’ કો જીવન, સંગ ડિકોના ગોરા ।।૩।।’

અર્થાત્, ગોવિંદ લાડીલો, લલિત અને લોંઠકો છે. જેમ કાળો ભમરો ફૂલવાડીમાં સર્વત્ર ઘૂમે, એમ એ ઘનશ્યામ એની મસ્તીમાં આખા યે ગોકુળમાં સારો દિવસ ઘૂમતો ફરે છે. (૧)

એના શ્યામલ અંગ પર ચંદનનો લેપ શોભે છે, એના કટિકંદોરા નુપૂરની કિંકિણીઓ મધુરમધુર રણકે છે. એનાં ચારુ કુંડળ ચલાયમાન થાય છે. તેના એક હાથમાં પુષ્પોનો ઝોળો હોય છે. ચાલે છે ત્યારે એના કંધાના પટકા અને જામાનો ઘેર હવામાં લહેરાય છે. તે આખો દિવસ મસ્તીથી નાચતો ગાતો જ હોય છે. (૨)

એની સાંવરી સુરત પીત વસ્ત્રો અને મસ્તક પર ધરેલા સોનાના ટિપારામાં મનોહારી લાગે છે. એના સંગમાં તો ભલભલા ગોરા પણ ફિક્કા લાગે છે. એ તો આખા ગોકુળનું જીવન છે.’

સૌ સાંભળતા સાંભળતા મંત્રમુગ્ધ થઈ ગયાં. રાધિકા અને ચંદ્રાવલી તો કૃષ્ણરસમાં પૂરાં ડૂબી જ ગયાં.

ચંદ્રાવલીને તો એમ જ લાગ્યું કે પીતપિછોરા કનકટિપારા ધારી મદનમોહન બાંકી નજરે મુસ્કરાતા સામે દ્વાર વચ્ચે જ ઊભા છે. કહી રહ્યા છે – ‘ચંદા, તારા પતિના દેહ રૂપી રથમાં બિરાજી હું જ તને વરવા આવીશ. પૂર્વ જન્મમાં આપેલું વચન હું ભૂલ્યો નથી.’

ચંદ્રાવલી ચકાચૌંધ થઈ, બાવરી આંખોથી કન્હાઈને શોધી રહી. એની છાતીમાં ન સમજાય પણ મીઠી લાગે એવી પીડા થવા લાગી. રાધા કે સુમંગલાને ય ન સમજાય એમ એના હોઠ ગુનગુનાવા લાગ્યા.

કમલ સી અખિયાં લાલ તિહારી ।
તિન સૌ તકિ તકિ તીર ચલાવત, બેંધતિ છતિયાઁ હમારી ।।૧।।
ઈન્હે કહા કોઊ દોષ લગાવૈ, યે અજ હૂ ન સંભારી ।
‘શ્રીવિઠ્ઠલ ગિરિધારી’ કૃપાનિધિ સુરત હી તે સુખકારી ।।૨।।

ભાવાર્થ :

હે નંદલાલ, સર્મચક્ષુથી તો તમારી આંખો નિહાળી નથી, પણ આજે ચિત્તચક્ષુથી તમારી કમળ સમી આંખો અપલક ટગરટગર જોઈ છે. એ કમળ જેવા નેત્રો રૂપી ધનુષ્યથી તમે તાકી તાકીને કટાક્ષ બાણથી મારી છાતીઓ વીંધી નાંખી છે.(૧)

પરંતુ એ માટે તમારી આંખોને હું દોષ આપતી નથી. હું જ મારી જાતને સાચવી ન શકું અને વીંધાવા દઉં તો તમે શા માટે ન વીંધો? તમે ક્રૂર નથી, કૃપાનિધિ છો. ભાગ્યશાળી હોય તે જ તમારાથી વીંધાય. એની સુરતા (સ્મરણ) પણ સુખદ છે. (૨)

રાધિકા તો વળી કંઈક ઔર સ્વપ્નમાં જ ખોવાઈ ગઈ હતી. એ તો જન્મથી જ કૃષ્ણની થઈ ચૂકી હતી! એની માતા કીર્તિ રાણી ઘણીવાર કહેતાં – ‘બિટીયાંએ જન્મીને આંખો જ નહોતી ખોલી! હું તો ગભરાઈ ગયેલી. બે વરસ એની આંખ ન ખૂલી. બે વરસ પછી જસોદાના ત્યાં નંદમહોત્સવમાં જવાનું થયું, ત્યારે પલને પોઢેલા નંદકુંવરની સામે બિટીયાંએ પહેલીવાર આંખ ખોલી અને મધુરું હસી.’

એણે સવાર સવારમાં સોનેરી સ્વપ્ન જોયું – શ્રીનંદકિશોરલાલ સોનેરી છાપાનું સૂથન અને ચાકદાર વાઘો પહેરી, મસ્તકે રત્નજડિત સેહરો ધરી, ઘોડે ચડી, વરઘોડો લઈ પરણવા બરસાનાના માંડવે પધાર્યા છે. રાધા મહેલની બારીમાંથી પોતાના થનાર પતિને નીરખી રહી છે. બંનેની આંખો મળે છે અને સ્નેહનો સાગર ઊછળે છે.

દુલહ હો બનિ આયો દુલહનિ જુ સોં નેહ લગાયો ।
રત્નજટિત કો સીસ સેહરો ગજમોતિન સોં ગૂંથ બનાયો ।।
વાગો લાલ સુનહરી છાપો લાલ ઈજાર ચરન બિરચાયો ।
‘રામદાસ’ પ્રભુ ચઢિ ઘોરી પેં સબકો ભલો મનાયો ।।

ભાવાર્થ :

શ્રી નંદલાલ વરરાજા બનીને આવ્યા છે, વહુરાણી સાથે સ્નેહ કરી લીધો છે. મસ્તકે ગજમોતીથી ગૂંથેલો રત્ન જડિત સેહરો શોભે છે. શ્રીઅંગે સોનેરી છાપાની લાલ ઈજાર અને એજ વસ્ત્રનો વાઘો ધર્યો છે. તેઓ ઘોડે ચડ્યા છે. સૌના મનને તેમનાં દર્શનથી પ્રસન્નતા છે.

ચંદ્રાવલી અને રાધા સ્વપ્નવિભોર છે. સખીઓ આનંદ વિભોર છે. ગોકુલ ગામથી વાજતેગાજતે ધૂમધડાકા કરતી જાન પણ આવી પહોંચી. ગામને પાદર માફા છૂટ્યા, નાનકડા લશ્કરનો પડાવ જાણે! ધામધૂમથી વૃષભાનજી, સૂરજભાનજી, અને ચંદ્રભાનજીએ જાનનું સામૈયું કર્યું. મોંઘા, જાજરમાન ઉતારા આપ્યા. રાજરીતે સરભરા થઈ. સખીઓ જાનને જોવા દોડી ગઈ. ઘરમાં ચંદ્રાવલી અને સુમંગલા રહ્યાં.

'બડી બે'ના, તારે જાન જોવા નથી જવું?'

'મારી સાસરીના ગામની જાન છે. સૌને જોયેલાં છે. તારા ભરથારને જોયો છે. વળી માંડવે આવશે, ત્યારે એમને જોવાના જ છે ને! માણસોનાં મોં ખૂબ જોયાં. ધરાઈ ગઈ છું. હવે તો એક મોં જોવામાં બધો રસ રહ્યો છે.'

'જીજાજીનું? પણ એ તો દેખાતા જ નથી!'

'છટ્ એ ય જાનમાં આવ્યા હશે. એમનું મોં જોવા તરફડું એવી હું વરઘેલી નથી, ને એ મોં પર હીરામોતી યે જડ્યાં નથી!'

'તો પછી દિલ કયા મધપૂડે લાગ્યું છે? તું ય છૂપી રુસ્તમ નીકળીને શું?'

ચંદ્રાવલી અચરજથી સુમંગલા સામે જોઈ રહી. સુમંગલાના મુખ પર પાપ કર્યાની કાલિમા કે આંખોમાં મદહોશીનો રંગ ન દેખાયો, સુમંગલા ચૂપ રહી.

'એય, મારાથી યે છુપાવીશ, એમને?'

'નારે, કોઈથી યે છુપાવવા જેવું નથી, જગજાહેર છે.'

સાઁવરો જબ તેં દૃષ્ટિ પર્યો !

ભેખ કિસોર શ્યામઘન સુંદર, અંગ અંગ પ્રેમ ભર્યો !'

બસ એ નંદભવનનો ભૂષણ, યશોદાનો લાલ, બલવીરનો ભાઈ, માત્ર મારું જ નહીં આખા વ્રજનું જીવન છે, કવન છે, સુપન છે. 'દરસપરસ દુઃખહારી' છે. એને જોયે આંખો ન્યાલ!'

'બડી બેન, જાનમાં એ આવ્યા હશે?'

સુમંગલા અહીં બેઠી શો જવાબ આપે? પણ ત્યાં તો જાનને જોવા ગયેલી સખીઓ શ્વાસભેર પાછી આવી. સૌ જોરજોરથી હસતી હતી. કોઈ એકબીજીને તાલી આપતી હતી. કોઈ કોઈના વાંસા પર ધબ્બો મારતી હતી. કોઈ કોઈના કાનમાં કંઈ કહી, ખભા પર મોં છૂપાવી દેતી હતી.

સુમંગલા બોલી : 'કેમ રે, શી વાત છે?'

'કાગડો દહીંથરું લઈ ગયો!'

'હાય મા, કયાં ચંદ્રમુખી આપણી ચંદા ને કયાં અમાસમુખ જીજાજી?'

'સુમિ, તે એમને મંગની પહેલાં જોયેલા નહિ? તેં કાકાજીને રોક્યા નહીં?'

'બાવા અને કાકાજી સામે અમારા ઘરમાં બોલાવાનો રિવાજ નથી. છોકરો સાંવરો છે. પણ સ્વભાવનો શીળો છે. આખું ઘર સુંવાળું છે. ચામડાના રૂપથી જિંદગી ઓછી જીવાય છે!'

'બિચારી ચંદાનો ઉમંગ શીદને ઠારી દો છો? પતિ સો પરમેશ્વર. તમને કેવો મળ્યો છે કે મળશે એની ચિંતા કરો.' રાધિકા બોલી.

સૌ ચૂપ થઈ ગયાં.

ચંદ્રાવલીના મોં પર વિષાદની નાની શી લકીર પણ રાધાને ન દેખાઈ. તેને હાશ થઈ. ચંદ્રાવલી તો મનમાં જાુદું જ વિચારતી હતી – હરિ કરે સો સબ આછો. છેલછબીલો, રૂપ રસીલો પતિ મળ્યો હોત તો, મનમાંકડું એની ડાળે કૂદાકૂદા કરતું થઈ જાત. હવે એ શ્યામતમાલ પર જ લાગ્યું રહેશે. મનમાં વસેલો આંખોમાં ય અંજાયેલો રહેશે.

ચંદ્રાવલીને શાંડિલ્ય ગુરુજીનો બોધ યાદ આવી ગયો. ગુરુજી કહેતા : જગતના કણકણમાં અને માણસના મનમનમાં પરમેશ્વર રહેલો છે. સૌમાં એ સદાનંદને જોતાં, અનુભવતાં શીખો પછી કયાંય કુરૂપતા નહીં દેખાય, દોષ નહીં દેખાય, અધૂરપ નહીં લાગે. શ્રીહરિ સાથે વહેવાર કરતા હોવ, તેમ સૌ સાથે રહો.

બસ, મારા પતિમાં ય એ જ સદાનંદનો અંશ છે. એમનામાં ય શ્રીહરિનો વાસ છે. એમના માટે અભાવ લાવું તો ભગવાન રૂઠે. બાવા રોજ કહે છે. સુખ મનની વાત છે. સુખ અંદર છે, બહાર નથી. માનીએ તો સુખ, માનીએ તો દુઃખ.

ચંદ્રાવલીને તો એ જ જાણવાની ચટપટી હતી કે નંદરાયજી સાથે નંદકુંવર આવ્યા છે? પણ કોઈ એ વાત તો કરતું જ ન હતું. એવું પૂછાયે શી રીતે?

પણ એના દિલનો પડઘો સુમંગલાએ પાડ્યો :

'લલિ, જાનમાં નંદબાવા આવ્યા છે?'

'હોવે. એટલે તો જાન નો વટ છે.'

'ને નંદરાણી?'

'એ ન દેખાયાં.'

'એમના બે કુંવર?'

'આવ્યા હોય તો છૂપા ન રહે! અત્યાર સુધીમાં આખુ રીઠોરા માથે કર્યું હોત!'

'નંદીના ગુણ મહાદેવજી જાણે! નંદરાયજી શાણા છે. પારકે ગામ, આવા પ્રસંગમાં આબરૂ સાચવવા લાડલાઓને ન જ લાવે ને!'

ચંદ્રાવલીનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. નંદકુંવરને હવે તો ગોકુળમાં જ ગોતવાના રહ્યા! એનો ઉમંગ ઝંખવાઈ ગયો.

ત્યાં તો ધસમસતા વાયરાની જેમ કનકલતા ઓરડામાં ધસી આવ્યાં.

'સુમી, અહીં બધાં ભેગાં થઈ ટોળટપ્પાં મારો છો, ને જાન ઉતારે પહોંચી ગઈ, એની ખબર છે?'

'કાકીમા, અમે જાનને જોઈને આવ્યાં.'

'જોવાથી ઓછો દિ' વળશે, મારી બઈ? જાનને જમાડવાની નથી? જાવ, પહોંચો. ઝટ ભોજન માટેની તૈયારી કરો.'

કનકલતાની પાછળ સુમંગલા અને તેની પાછળ બધી તરુણીઓ હડબડ કરતી ભાગી. ઓરડાંમાં રહી ગઈ, પાછી ચંદ્રાવલી એકલી.

પણ ત્યાં તો વીણા આવી ચડી. સૂરજભાનજીના દીકરા શ્રીદામાની વહુ.

'અરે, બેન, તમે એકલાં બેઠાં છો?'

'ભાભી, બધાં હમણાં જ ગયાં, જાનને જમાડવા.'

'બેન, ઉદાસ કેમ છો? કાકાજીએ સાસરિયું તો તમારા મોં માગ્યું મેળવી આપ્યું છે!'

'ના, ના, હું ક્યાં ઉદાસ છું? શા માટે ઉદાસ હોઉં?'

'પિયર છોડવાનું દુઃખ થાય, મને ય થયેલું પણ આપણો સ્ત્રીનો અવતાર જ એવો. જ્યાં જરાક માયા થઈ, ત્યાં એને તોડવાનો વખત આવ્યો જ સમજો. મહિયરની માયા તૂટે, માંડ ભૂલાય. પરણ્યામાં જાન પરોવાય, ત્યાં દેવનાં દીધેલ તૈયાર. એમનામાં મન જાય એટલે પરણ્યાને પીડા. શું કરીએ? લો બેન, બેસી લો, બે દિવસ! પછી સાસરિયે નવરાશ નહીં મળે. હું જાઉં સાસુમા શોધતાં જ હશે.'

ચંદ્રાવલી એકલી પડી. તે બબડી. સૌ સૌની ગત જાણે. બીજાની ગત કોઈ ન જાણે. મારા મનને હજી હું જ જાણી શકી નથી તો વીણાભાભી, બડી બેન કે રાધા શું જાણે?

બાત હિલગ કી કાસોં કહિયે ।
સુન રી સખી વિવસ્થા યા તન કી,
સમઝિ સમઝિ મન ચૂપ કરિ રહિયે ।।૧।।
મરમી બિના જુ મરમ કો જાને,
યહી જાન જગ સહિયે ।
'ચત્રભુજ' પ્રભુ ગિરિધરન મિલેં જબ,
તબ હી સબ સુખ પઈયે ।।૨।।

ભાવાર્થ :

હે સખી, હિલગ-દિલના સ્નેહની વાત કોને કહેવાય? વિરહ વ્યથામાં આ શરીરની જે દશા થાય છે, તે વેઠવી જ રહી મનને ચૂપ કરીને રહેવું રહ્યું. (૧)

જેણે પ્રેમનો મર્મ જાણ્યો છે, તે જ દિલના દર્દને સમજી શકે, સહાનુભૂતિ બતાવી શકે, એ વાત સમજી જગતમાં દિલનું દર્દ ચૂપચાપ સહન કરતા રહેવું જ્યારે શ્રીગિરિધરલાલ મળે, ત્યારે બધું સુખ મળશે. (૨)

• • •

સખીરી મોહિ હરિ દરસનકી ચાય ।
સાંવરે સોં પ્રીતિ બાઢી, લાખ લોગ રિસાય ।।૧।।
સ્યામ સુંદર લોલ લોચન, દેખિ મન લલચાય ।
'સૂર' હરિ કે રંગ રાચી, સીસ રહૌ કૈ જાય ।।૨।।

•

૪. નૈનન નાહિન કરત કહ્યો

'કન્યા પધરાવો, સાવધાન.'

'શુભ મુહૂર્ત, સાવધાન.'

મંડપમાંથી પુરોહિતોના ઘેરા આદેશના પડઘા ચંદ્રાવલીના ઓરડા સુધી પહોંચ્યા. ગૌરબદન ચંદ્રાવલીએ પીળી જરીનો લહેંગો અને કંચુકી પર લાલ સોનેરી જરી ભરતની સાડી પરિધાન કરી હતી. નખ-શિખ સુવર્ણજડિત રત્નાભૂષણો સૂર્યોદય વખતે આછા-આછા ચમકતા તારલા જેવાં ચમકતાં હતાં. વાળના મોટા કલાત્મક અંબોડાને પુષ્પોની મહેંકદાર વેણીઓથી મઢ્યો હતો. મુખ પર કમલપત્ર અને લલાટમાં લાલ બિંદી શોભતાં હતાં. મુગ્ધાની સહજ લાલી મંડિત કપોલ પર ખંજન ચંચળ બન્યાં હતાં. અધર મરકતા મરકતા ગંભીર બની જતા હતા. ઢળેલાં નેત્રો રહી રહીને ઘૂંઘટની આડમાંથી આમતેમ ઘૂમી આવતાં હતાં.

ચંદ્રાવલીના નવોઢાના રૂપથી એની સખીઓ પણ મુગ્ધ થઈ ગઈ હતી.

'અલી, આ તો સ્વર્ગલોકની ઈન્દ્રાણી જેવી લાગે છે.'

'જા રેં જા, ઈન્દ્રાણી તો ઠીક મારી બાઈ, આપણી સખી તો સાક્ષાત લક્ષ્મી છે, લક્ષ્મી!'

એનો શૃંગાર પૂરો કરી, ઘૂંઘટ ઓઢાડતાં કાકી કનકલતાએ લલાટ ચૂમી કહ્યું – મીઠો છણકો કર્યો :

'ચૂપ મરો, બધીઓ. મારી લાડલીને તમારી જ નજર લાગી જશે!'

એમણે ઝટ નેત્રના ખૂણે લમણા પર મસિબિંદુ કર્યું. બટક બોલી સુરંગીએ કહ્યું : 'અરી હા, ચંદ્રાને નજર લાગશે તો એની અસર જીજાજી પર થશે. બિચારા ચંદાનું આવું અદ્દરૂપ રૂપ જોઈ પણ નહીં શકે!'

ચંદ્રાવલીના મામા શ્વાસભર્યા ઓરડામાં ધસી આવ્યા. બટકું ભારે શરીર, છૂટી પાટલીનું ધોતિયું વારેવારે પગમાં ભરાય. માંડમાંડ સમતોલન સાચવે.

'ચાલો બેટી ચંદા, માંહ્યરામાં જવાનો સમય થયો છે.' મામાએ કહ્યું.

'મામાજી, ભાણજીને તો તેડીને લઈ જવી પડે' સારંગી બોલી.

'છોરી, તારા કરતાં આ મામાએ વધારે દિવાળીઓ જોઈ છે.'

ચંદા ઊભી થઈ મામાએ એનો હાથ પકડ્યો. સુમંગલાએ તેની સાડી અને ઘૂંઘટ સરખાં કર્યાં. તે ચંદ્રાવલીની બીજી બાજુ પર ચાલવા માંડી. પાછળ સખીઓ સારસચાલે ચાલી.

મંડપમાં આવતાં ચંદ્રાવલીની નજર ઘૂમટામાંથી સાજન તરફ ઘૂમી વળી. કૃષ્ણને શોધતી એ નજરોને બુદ્ધિ કહેતી હતી : 'આજ સુધી જેને જોયો જ નથી, એને ઓળખીશ કેવી રીતે? જોયો હોય તો ય ખોટાં ડગલાં જ ચાલવાનું છે ને, માંડવો તો ખીચોખીચ ભરેલો છે.'

ચંદ્રાવલીને એના ગામના એક કમઅક્કલ ગોવાળની વાત યાદ આવી ગઈ. ગોવર્ધનમાં ભરાયેલા મેળામાં ગયો હતો. એની સગાઈ થયેલી, પણ કન્યાને જોયેલી નહીં. મશ્કરા મિત્રે એના મગજમાં ઠસાવી દીધું – તારી વહુ લાલ ચુંદડી હંમેશાં પહેરે છે. મેળાની ભારે ભીડમાં આગળ જતી લાલ ચુંદડીવાળી સ્ત્રીની પીઠ જોઈ- એ અબુધે એને પોતાની વહુ માની લીધી. પાછળથી ચુંદડીનો છેડો ખેંચ્યો. પેલીએ પાછળ જોયું. છેડતી કરનાર પર પગમાંથી સપાટ કાઢી ફરી વળી. એ તો પેલા ગોવાળના માની ઉંમરની હતી.

ચંદ્રાવલી મનોમન હસી પડી. બુદ્ધિની સલાહ અવગણી, એની નજરો પીતાંબર – મોરપિચ્છધારી સાંવરિયાને શોધતી રહી. બે ચાર દેખાઈ ગયા, પણ ચંદ્રાવલીના મને નજરોને ના પાડી-આ ન હોય! આ તો ગોવાળિયા છે. મારો ગોપાલ આવો ન હોય.

મામાએ હાથ પકડી, એને પાટલા પર બેસાડી વસ્ત્રો સંકોરી, નીચા મુખે, પ્રતિમા શી બેઠી રહી. સુરંગીએ એના કાનમાં કહ્યું : 'નીચે નહીં, બાજુમાં જો. જીજાજી ફૂલના સેહરામાંથી તને જોઈ રહ્યા છે.'

ચંદ્રાવલીને એ જુવાન તરફ ન સ્નેહ હતો, ન તિરસ્કાર. એને એનામાં કોઈ દિલચશ્પી ન હતી. સખીઓએ માન્યું કે આજસુધી બહુ બોલકી, ચપલા આજે મહિયર છોડવાના વિચારે ગંભીર બની ગઈ છે. રોજ સૌ સાથે તડફડ કરી આજે લજવાઈ ગઈ છે.

બીજી તરફ લગ્નવિધિનો શોરબકોર. હસ્તમેળાપનો સમય થયો. પુરોહિતે ચંદ્રાવલીના જમણા હાથની હથેળીમાં કંકુ લગાડ્યું. વરરાજાનો જમણો હાથ ચંદ્રાવલીની હથેળી પર મૂક્યો. મંગળાચરણ અને મંગલ ગીતોનો એક સાથે ભારે કોલાહલ થયો. ચંદ્રાવલીને લાગ્યું. એના હાથ પર વજનદાર ગરમ તવો ચંપાઈ ગયો છે. મોમાંથી ઝીણો ચિત્કાર નીકળ્યો, પણ કોલાહલમાં કોઈને ન સંભળાયો એના પતિને ય નહીં.

'પતિ પરમેશ્વર' રટતી બુદ્ધિને એના હૈયાએ સણસણતો જવાબ આપી ચૂપ કરી દીધી.

મૈં તો પ્રીતિ સ્યામ સોં કીની ।
કોઉ નિંદો, કોઉ બંદો, યહ તો મન મેં ધર દીની ।।૧।।
જો પતિબ્રત તો યા ઢોંટાસોં, ઈન્હેં સમર્પ્યો દેહ ।
જો બ્યભિચાર તો નંદનંદનસોં, બાઢ્યો અધિક સનેહ ।।૨।।
જો બ્રત ગહ્યો સો ઓર ન ભાયો, મર્યાદા કો ભંગ ।
'પરમાનંદ' લાલ ગિરિધર કો પાયો મોટો સંગ ।।૩।।

'હે બુદ્ધિ! મેં આ લૌકિક પુરુષને ક્યારેક ચાહ્યો નથી. મેં તો શ્યામથી પ્રીતિ કરી છે, દિલ શ્યામને દીધું છે. મારી મજબૂરી છે કે હું આ પુરુષ સાથે ચાર ફેરા ફરીશ, પણ મારું પતિવ્રત તો નંદનંદન માટે જ. તન-મન નંદનંદનને સમર્પિત. આ મારો અફર નિર્ણય છે. ભલે લોકડાહ્યા લોકો મારી નિંદા કરે કે સ્નેહસમજુ મારી સ્તુતિ કરે. નંદનંદન સાથેના સ્નેહને કોઈ વ્યભિચાર કહેશે તો યે મને તેની પરવા નથી. ભલે એને મર્યાદાનો ભંગ કહે. મેં તો જે વ્રત લીધું તે લીધું ગિરિધરલાલના સંગથી અધિક શું છે?'

'ચંદા, તું શાંડિલ્ય ગુરુની શિષ્યા થઈ આવી ગાંડી વાત કરે છે? ગુરુજીએ આવું શાસ્ત્ર વિરુદ્ધનું જ્ઞાન આપ્યું?'

'શાસ્ત્રની વાત સંસારી શું સમજે? શાસ્ત્ર જાણે છે? શાસ્ત્ર નગારાની ચોટ પર કહે છે પરમાત્મા જ પ્રેમસ્વરૂપ છે. આત્મા એનો અંશ છે. સરિતા સાગરને ન મળે, તો કોને મળે? આત્મા પરમાત્માને સમર્પિત થઈ, સ્નેહ કરે એ તો એનો ધર્મ છે. એ દોષ નથી, પાપ નથી, વ્યભિચાર નથી. શરીરસુખ સાચું સુખ નથી. મને શરીરસુખની ખેવના નથી, મારે આત્મસુખ પામવું છે. એ આ પતિપરમાત્મા ક્યાંથી આપે? એ તો કૃષ્ણપરમાત્મા જ આપે. કૃષ્ણ લોહીમાંસનો લોચો નથી, પરમાત્મા છે પરમાત્મા.'

ચંદ્રાવલી એની મતિ સાથે બાથ ભીડતી રહી. એને ભાન ન રહ્યું કે ક્યારે છેડાછેડી બંધાઈ અને ચાર ફેરા ફરાઈ ગયા! એ.તો એ બધાથી સાવ અલિપ્ત રહી – ચાવી ભરેલા રમકડા જેવી.

કન્યાવિદાયનો પ્રસંગ આવ્યો. માતા, કાકી ધ્રુસકે ધ્રુસકે રડ્યાં. પિતા-કાકા ય ઘડીઘડી આડું જોઈ, ખેસથી આંખો લૂછી લેતા. વીણા અને સુમંગલા ય એને બાથભરી રડ્યાં. બટક બોલી સારંગીના તો સર્વ અશ્રુબંધ છૂટી ગયા. સખીઓ રડતી રહી. માત્ર સ્વસ્છ હતી રાધિકા. એણે ચંદ્રાવલીને બાથમાં લઈ કહ્યું : 'ગોકુળ જનાર ન રડે. ગોકુળ જનારા માટે ય ન રડાય. મારે ય ગોકુળની વહુ બનવું છે, પણ ખબર નથી. તું નસીબદાર છે. ગોકુળની વહુ બની છે. અખંડ સૌભાગ્યને પામજે.'

ચંદ્રાવલીની આંખમાં આસું હતાં, પણ મહિયર છોડવાનાં નહીં, ગોકુળ પહોંચવાનાં.

જાન વિદાય થઈ. શણગારેલા માફામાં વરકન્યા માટેની રેશમી તળાઈઓ ઉપર મખમલી ગાલીચા પથરાયા હતા. પીઠ અઢેલવા તકિયા ગોઠવાયા હતા. પતિ ગોરધનના પડખે ચંદ્રાવલી બેઠી. સૌએ વિદાય આપી.

ચંદ્રાવલી ગુનગુનતી હતી :

ચલ રી સખિ નંદગાંવ જાય બસિયે ।
ખિરક ખેલત બ્રજચંદ સોં હસિયે ।।
બસૈ બઠૈન સબૈ સુખ માઈ, એક કઠિન દુઃખ દૂર કન્હાઈ ।
માખન ચૌરે દૂર દૂર દેખૌં, જીવન જનમ સુફલ કરિ લૈંખોં ।
જલચર લોચન છિન છિન પ્યાસા, કઠિન પ્રીતિ 'પરમાનંદદાસા' ।।

●●●

જાન ગોકુળ પહોંચી, ત્યારે સાંજ ઢળવા આવી હતી. આછો અંધકાર અવનિ પર વીંટળાતો હતો. ચંદ્રાવલી ઘૂમટાની આડમાંથી ગોકુળના ગોંદરાને નેહથી નિરખતી હતી. પડખે ગોરધન ગોપ ઝોકાં ખાતો હતો. પાદરનાં વૃક્ષોમાં એને શ્યામનો ભાસ થતો. એના કાન બાંસુરીમાં અડાનો સાંભળવા ઉત્સુક હતા. અહીંની શ્યામભીની હવા એ ફેફસામાં ભરી રહી હતી. ભાંભરતી ગાયો, માળામાં

પાછાં ફરતાં પંખીઓનો કલશોર એને રોમાંચિત કરતો હતો. એક વૃક્ષની ડાળ પરથી ઠેકડો મારી નીચે પટકાતા બંદરને જોઈ એ હસી ગઈ. સાથે બબડી ‘બંદરનો મિત્ર બંદરિયો’. ગોરધન ગોપ હાસ્યના અવાજે ઝબક્યો.

‘મને કંઈ કહ્યું?’

‘ના જી’

‘અરે ગામ આવી ગયું! ખબરે ના પડી!’

ગોરધને આળસ મરડી. એના હાથનો અનાયાસ સ્પર્શ ચંદ્રાવલીના ખભે થતાં, તે સંકોરાઈ. હળવેથી ખભો લૂછ્યો અને વિના કારણ હસી પડી. એનાથી ધીમા, દબાતા અવાજમાં પૂછાઈ ગયું :

‘યમુનાજી ન દેખાયાં, દૂર છે?’

જવાબ મળ્યો. ‘હા, ગામની પેલી બાજુ.’

ગોકુળની સાંકડી, વાંકીચૂંકી ગલીઓમાંથી જાનનાં ગાડાં સરકી રહ્યાં હતાં. ઢોલ-ત્રાસાં જોરજોરથી જાનના મોખરે ગગડી રહ્યાં હતાં. જાનડીઓના સૂર પંચમ પર પહોંચ્યા. ત્યાં ઘર આવી ગયું.

વરકન્યા પોંખાયાં. નવેલી વહુને જોઈ સગાં વહાલાં વિખરાયાં. ચંદ્રાવલી ઘૂમટો તાણી, અંદરના ઓરડે સુનમુન બેઠી હતી. બધું અજાણ્યું હતું. સાસુમા આવ્યાં.

‘વહુ બેટા, કપડાં બદલો. ભોજન તૈયાર છે.’

ચંદ્રાવલીએ સાસુમા સાથે યંત્રવત ભોજન કર્યું.

ઢોલિયા ઢળાયા. સાસુમા બોલ્યાં : ‘આજે મારી સાથેના ઢોલિયે, વહુ તમે સૂઈ રહો. આપણા કુળદેવ ગિરિરાજબાવાને પગે લાગવા પરમ દિ’ જાશું. ત્યાં તમારા કંકણદોરા છૂટશે.’

ચંદ્રાવલિને હાશકારો થયો. ચાલો, પતિથી દૂર રહેવા બે રાત તો મળી! તે સૂઈ ગઈ. થાકી હતી. ઘસઘસાટ ઊંઘી ગઈ.

●●●

વલોણાનાં ઘમ્મર મંજુલ રવ સાથે, ભૈરવના લલિત સ્વરોમાં ગવાતું મંગલગાન ચંદ્રાવલીના કાનમાં પડ્યું :

મંગલ માધો નામ ઉચ્ચાર ।
મંગલ વદન કમલ કર મંગલ, મંગલ જનકી સદા સંભાર ।
દેખત મંગલ, પૂજત મંગલ, ગાવત મંગલ ચરિત ઉદાર ।।

ચંદ્રાવલીએ સ્વર ઓળખ્યો – એનાં સાસુમા જ હતાં. આંખો ખોલી. સાસુમાનો ખાટલો ખાલી હતો. તે સંકોચાઈ. માતાના શબ્દો યાદ આવ્યા : ‘ઊઠ્યા પછી આળસ મરડતી અહીં પડે રહે છે, પણ સાસરે સાસુની પહેલાં ઊઠવું પડશે, ધ્યાન રાખજે!’ તે આળસ મરડવા ય ન રહી. વસ્ત્રો સરખાં કરતાં એકદમ ઊભી થઈ. ઘરના ચોકમાંથી વલોણાના આવતા અવાજની દિશામાં સંકોચાતી, ઝડપી પગલે ગઈ.

‘મા, પાય લાગું.’

‘અખંડ સૌભાગ્યવતી રહો, વહુ.’

‘મા, સવાર થયાની ખબર જ ન પડી...’

‘વહુ બેટા, હજી સવાર ક્યાં પડ્યું છે? અમે તો ઘરડાં જીવ. ઊંઘ ઓછી થાય ઘડપણમાં. પડ્યાં રહે ચેન ન પડે, એટલે ઊઠી જવું. બાકી ઘરમાં ઝાઝું કામ નથી, તે વહેલાં ઊઠવું પડે.’

ચંદ્રાવલીની ધડકતી છાતી શાંત થઈ. સાસુ તો માથી યે મીઠડાં લાગ્યાં.

‘મા, લાવો નેતરું મને આપો. હું વલોણું કરું.’

‘ના વહુ, આજ નહીં. હજી તો તમારા હાથ પરની મેંદી તાજી છે. આમે ય ગામમાં સૌ મને ‘આકરી’ કહે છે. આજ તમે વલોણું કરો તો મારાં માથે પડોશણો છાણાં જ થાપે. બીજા આણે પાછાં આવશો, એટલે તમારે જ કરવાનું. મારે ક્યાં બે-ચાર દીકરી કે પાંચ-સાત વહુ છે? જે છે તે તમે જ છોને?’

ચંદ્રાવલી સાસુની સામે જોતી ઊભી રહી. પરોઢનો પ્રકાશ બારણામાંથી ને ચોકના આભલામાંથી ડોકિયાં કરતો હતો.

‘વહુ, આજે જમનાપૂજન કરવા જવાનું છે. રિઠોરામાં તો જમનાજી નથી. અહીં તો સૌ જમનાસ્નાન અને જમનાપૂજન કરીને પછી જ રસોડામાં જાય. તમે મોં-બો ધોઈ તૈયાર થાવ, એટલે આપણે જમનાજી જવા નીકળીએ.’

ચંદ્રાવલીને સાસુમાની આ વાત ગળી મધ જેવી લાગી. તે નદીએ જવા ઝટપટ તૈયાર થઈ. સ્નાન પછી પહેરવાનાં વસ્ત્રો લીધાં. ત્યાં પડોશમાંથી સુમંગલાનો અવાજ આવ્યો.

‘કાકીજી, ચંદા, જમનાજી આવવું છે ને? મારાં સાસુજી તૈયાર છે.’

‘અમે ય તૈયાર છીએ, વહુ. આ નીકળ્યાં.’

તેઓ બંને ઘરમાંથી બહાર આવ્યાં, ત્યારે શેરીમાં પાંચ-છ વ્રજાંગનાઓ ઊભાં હતાં. ચંદ્રાવલીએ કપાળ ઢંકાય તેમ માથે સાડીનો છેડો ખેંચ્યો. સુમંગલાની બાજુમાં ચાલવા લાગી. ખુલ્લા પગ નીચે ગોકુળની રજ દબાતી હતી. વ્રજની રજની એને નવાઈ ન હતી, પણ આ તો ગોવિંદના ગોકુળની રજ હતી. એને એમ લાગ્યું કે એનાં પગનાં તળિયામાં મીઠી ગલીપચી થઈ રહી છે – કન્હાઈ તો રજ બનીને છેડતો નહિ હોયને? એનું તો ભલું પૂછવું! વિસ્મિત નજરે ગોકુળનાં ઘરોને જોતી, કન્હાઈને ગોતતી સુમંગલાના પડખે ચાલી રહી હતી. રીઠોરામાંની એની અલ્લડ ચાલ એક રાતમાં જ બદલાઈ ગઈ હતી. એની એને પોતાને નવાઈ લાગતી હતી.

જમનાજી જતી ગોકુલવાસિનીઓ વ્રજના અસલી લહેકામાં ભરાવદાર સ્વરોમાં ગાતી હતી :

જમુના સી નહીં કોઈ દુઃખહરની ।
જા કે સ્નાન તે મિટત હૈં પાપ,
હોત હૈં આનંદ, સુખ કી જુ કરની ।।
મહિમા અગાધ અપાર ઈન કે ગુન બેદ પુરાનન બરની ।
કહત ‘બ્રજપતિ’ તુમ સબન કો સમુઝાય,
છૂટૈ જમડર જો આવૈ ઈનકી સરની ।।

સૌ ઠકુરાણી ઘાટ પહોંચ્યાં. ચંદ્રાવલીએ સુમંગલા સાથે યમુનાજળમાં ત્રણ વાર ડૂબકી મારી, સ્નાન કર્યું. વસ્ત્રો બદલી શ્રીયમુનાજીનું પૂજન કર્યું. સાસુએ બતાવ્યા પ્રમાણે વિધિ કરી. દૂધ ચઢાવ્યું. ભોગ ધર્યો. આરતી કરી. યમુનાજળનું પાન કર્યું. પછી આંખો મીંચી, હાથ જોડી સ્થિર બની ઘાટના પગથિયે બેઠી. એના હોઠ ફફડતા હતા, મરકતા હતા :

શ્રી જમુનાજી યહ બિનતી ચિત્ત ધરિયે ।
ગિરિધરલાલ મુખારવિંદ. રતિ જનમ જનમ નિત કરિયે ।।
વિષ સાગર સંસાર વિષમ સંગ તેં મોહિ ઉદ્ધરિયે ।
કામ ક્રોધ અજ્ઞાન તિમિર અતિ, ઉર અંતર તેં હરિયે ।।

‘હે શ્રીયમુનાજી, મારી આટલી વિનંતી ધ્યાનમાં લેજો. મને જન્મોજન્મ શ્રીગિરિધરલાલના મુખારવિંદની ભક્તિ આપજો. હું તેમને જ નિત્ય સ્નેહ કરતી રહું.

આ દુન્યવી સંસાર તો વિષસાગર છે. તેમાં લૌકિક મનુષ્યોના વિષમ સંગથી મને બચાવજો, દૂર રાખજો. મારા હૃદય અને બુદ્ધિમાં જે કામ, ક્રોધના અજ્ઞાનનું અંધારું છે, તે તમે હરજો. કારણ તમે સૂર્યતનયા છો.’

‘વહુ બેટા, ચાલો.’

ચંદ્રાવલી ભાવ સમાધિમાંથી જાગી. ઘાટનાં પગથિયાં ચડવામાં તે છેક છેલ્લે હતી. સુમંગલા પગથિયાં ચડતાં ધીમી પડી. ચંદ્રાવલીના કાનમાં પૂછ્યું : ચંદા, શું માગ્યું? દેવરજીને વશ રાખવાનું કે બીજું કંઈ?’

‘છટ્, બડી બેન.’

તેણે સુમંગલાના પડખામાં ઝીણી ચૂંટી ખણી લીધી. સુમંગલાએ ઝીણો સીસકારો કર્યો અને કહ્યું :

‘ઘેર જઈને પહેલું કામ દેવરજીને ચેતવી દેવાનું કરવું પડશે. આના નખ તો વાંદરી જેવા છે! બિચારા આખી રાત રિબાશે!’

● ● ●

સૌ ઘેર આવ્યાં. સૂરજ ઊગી ચૂક્યો હતો. ગાયો લઈને વનમાં જતા ગ્વાલ સામે મળતા હતા. પણ એમાં ક્યાંય ચંદ્રાવલીના ચિત્તચોર ન દેખાયા.

ચંદ્રાવલીએ રિઠોરામાં સંકલ્પ કર્યો હતો. ગોકુળ જઈને સવારે ચિત્તચોરને જોયા પછી જ મોં એઠું કરીશ. એ તો દેખાયા નહીં. હવે તો એ ય ગૌચારણ માટે વનમાં નીકળી જશે! સુમંગલા મોટી બહેન ખરી, પણ જેઠાણી. એને કેમ પૂછવું કે નંદાલય ક્યાં છે? નંદાલય રસ્તામાં દેખાય તો ય તેમાં જવું કેમ કરીને? આ તો રિઠોરા નથી. સાસરીનું ગામ છે અને તેમાં ય પાછો પહેલો દિવસ છે. આછા ઘૂંઘટમાં ચિત્તચોરને પોંખવા એની આંખો પર આંસુના તોરણ બંધાઈ ગયાં!

રિઠોરામાં હતી ત્યાં સુધી વાત જુદી હતી. ગોકુળ પહોંચવાની વાટ જોતી હતી. ગોકુળ આવ્યા પછી, ગોકુળનાથ ન મળે તો શું કરવું?

તે તેના હૃદયને પૂછતી હતી :

> એક ગાઁવ કો બાસ, ધીરજ કૈસે ધરૌં ?
> લોચન મધુપ અટંક નહીં માનત, જદપિ યત્ન કરૌં ।।

‘હે મન, એક જ ગામમાં રહેવું અને દર્શનના વિરહમાં ધીરજ રાખવાનું કેમ બને? કેવી રીતે ધીરજ ધરું? મારા નેત્રભ્રમર રોકાતા નથી. હું લાખ યત્ન કરું તો યે !’

●●●

નયના માઈ નાહિન કરત કહ્યો

(રાગ : આસાવરી)

નયના માઈ નાહિન કરત કહ્યો!
કહા કરૌં કૈસે નહીં છૂટૈ, જૌ હઠ હરખિ ગહ્યો ।।૧।।

આવત હુતી સહજ મગ અપને, ચપલન ઉલટ ચહ્યો ।
નિગમ સ્વરૂપ ધ્યાનન અપને લોભિત ચાહી ચહ્યો ।।૨।।

જો વ્રત લિયો પ્રથમ હિ, નિરખત અંત હૂ સો નિબહ્યો ।
‘વિદ્યાપતિ’ શ્રીગોપાલ સદા ઈન અખિયન લાગ રહ્યો ।।૩।।

●

---

૫. લોચન શ્યામ કે હેરૈં

યમુનાપૂજન કરી સાસુ-વહુ ઘેર આવ્યાં ત્યારે બાપદીકરા હરગોવનજી અને ગોરધન તેમની રાહ જોતા હતા.

‘આજ બહુ મોડું કર્યું?’ હરગોવનજીએ પૂછ્યું.

‘હવે રોજ મોડું જ થવાનું સમજો. એકનાં બે થયાં.’

ગોરધન મર્મમાં બોલ્યો.

ચંદ્રાવલીએ ઘૂંઘટ હડપચી સુધી લંબાવ્યો. પતિના મુખ પર સવાર-સવારમાં પત્નીમુખ ન જોવાની અકળામણ આટાપાટા રમતી દેખાઈ. સાસુની પાછળ લપાતી તે ઘરમાં ઘૂસી ગઈ.

રાંધણિયામાંથી અવાજ આવ્યો :

‘ગોરધન, તારા બાપાને બોલાવ. કલેઉ તૈયાર છે. બેઉ જણ કરી લો.’

કલેઉમાં બાજરાના રોટલા ને માખણ હતું. દૂધનો મોટો ડબરો હતો. બે ય બેઠા. હરગોવનજી નીચી મૂંડીએ રોટલો દૂધમાં મસળી રહ્યા હતા. ગોરધનની નજર નવેલી નારને નિરખવા ચકળવકળ થતી હતી, અસ્તિત્વ આસપાસમાં ન વરતાયું.

‘મા, અથાણું આપજેને!’

‘ભલે કહેવાયું માને, પણ માંગ્યું મારી પાસે, મને જોવાના મિષે’ અંદરના ઓરડામાં ચંદ્રાવલી મનોમન બબડી! પણ હજી મને તો આ ઘરમાં શું કયાં છે એની ખબરે નથી.’

માએ અથાણું આપ્યું. ગોરધનનો દાવ ન ફાવ્યો. જેમતેમ કલેઉ કરી ઉભો થયો. પતિ કલેઉ કરી જોડા પહેરતાં કહેતા ગયા : ‘ખેતર જઉં છું. તું ગાયોને લઈને આવી પહોંચજે.’

ગોરધને બે કચ્છ ભીડી સફાઈ દાર ધોતિયા પર નવું કેડિયું પહેર્યું હતું. પીઠના ભાગમાં રેશમી દોરે મોર કળા કરેલો શોભતો હતો. ગુલાબી લહેરિયાંની

બાંકી પાગ ખાસ્સો સમય લઈ બાંધી હતી. કાનમાં વાળીઓ, હાથમાં કડાં ને હૈયા પર માળા શોભતાં હતાં. કમરે ગુલાબી કટિબંધ હતો. મોં પર ઝીણી વાંકડી મૂછો વળ ચઢાવી સજાવી હતી. ઊંચો, પહોળો ને ગોરો દેખાવડો તો હતો જ. ચંદ્રાવલીને મોહવા જ જાણે સજ્જ થયો હતો.

તેણે અવાજમાં શક્ય તેટલી મીઠાશ આણી, હલકથી કહ્યું : 'મારી કામળી આપજો.'

ચંદ્રાવલીએ ચોકના થાંભલાના પડખે ઊભા રહી, ઘૂંઘટ ઊંચો કરતાં, મોંને સહેજ વાંકુ કરી, મોંના હાવભાવથી સૂચવ્યું :

'મને ખબર નથી, કામળી ક્યાં છે?'

તે છેડાયો. પણ ઉકળાટ પી ગયો. બબડ્યો : 'હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા.' એના અજંપાને પોતાના તરફથી મીઠો પ્રતિભાવ નથી મળતો એથી એ અકળાયો છે, એમ ચંદ્રાવલીની ચકોર, શરારતી નજરોએ નોંધ્યું.

તે ઝડપથી અંદરના ઓરડામાં ગઈ. ખીંટીએ લટકતી કામળી લઈ આવી. ગોરધનની આંખમાં પ્રસન્નતાની કુમાશ આવી. કામળી આપવા લંબાયેલા ચંદ્રાવલીના હાથને સ્પર્શી લેવાની એની દાનત ચંદ્રાવલી સમજી ગઈ. દબાતા અવાજે, સમજાવટના સૂરમાં કહ્યું : 'હજી કંકણ દોરા નથી છૂટ્યા. ગિરિરાજબાવાને પગે નથી લાગ્યાં.' તે પાછળ ખસી ગઈ. ગોરધને જોડા પહેરી ઉંબરો વટાવી ઓટલે જતાં, બે એકવાર પાછળ નજર કરી લીધી. દહીં વેચવા જવા બાજુના ઘરમાંથી નીકળેલી સુમંગલાની નજરે નોંધ લીધી. એણે કહ્યું :

'દેવરજી, જાળમાં બરાબર ફસાયા લાગો છો!'

ગોરધન હસ્યો.

'ભગવાને મોટી ભૂલ કરી છે કે ઓડે આંખો નથી આપી. સાચવીને ચાલજો, ક્યાંક અથડાઈ ન પડો. માથુંબાથું ભાગશે તો ચિંતા તો મારી બેનને ને!'

ગોરધન પકડાઈ ગયાની શરમે ઝડપથી ઘરમાં પગથિયાં ઊતરી, ચાલ્યો ગયો.

● ● ●

ચંદ્રાવલી સૂમસામ ચોકના થાંભલાને અઢેલી ઊભી હતી. શું કરવું સૂઝતું ન હતું. શ્યામના દર્શન વિના બેચેન હતી. વિકળ હતી.

'વહુ બેટા, કેમ ઉદાસ છો? માવતર યાદ આવ્યાં ને?'

'ના.. હા... ના' સ્હેજ અટકી, હિંમત ભેગી કરી તેણે કહ્યું 'માજી, બડી બેન દહીં વેચવા ગઈ, હું ય જાઉં?'

'આજે ને આજે?'

'એમાં શું? એ તો મારું કામ છે!'

'હજી થોડા દિવસ હું જઈશ. પછી તમારે જ જવાનું છે ને?'

'માજી, તમારી ઉમ્મર થઈ. વળી ઘરમાં હજી અજાણી છું. દહીં વેચવા જવું મને ફાવશે. રસોઈમાં મને કંઈ જડશે નહીં.'

સાસુ વધુ હા–ના કરે, તે પહેલાં તેણે મોતીભરી ઈંઢોણી પર મોટી ગોરસી માથે ગોઠવી દીધી અને ઘરનો ઉંબરો વળોટી નીકળી ગઈ. સાસુ સમજદાર વહુની પીઠ સંતોષથી જોઈ રહ્યાં.

ચંદ્રાવલીએ શેરી છોડતાં મનોમન એનાં વસ્ત્રાભૂષણોની નોંધ લઈ લીધી. એ દહીં વેચવાના મિષે અભિસાર માટે તો નિસરી હતી! કાચી કેરી જેવો લીલા રંગનો રેશમી ઘમ્મરદાર ઘાઘરો પગની ગતિ સાથે ફુદડી લેતો હતો. તેમાં લગાવેલ સફેદ જરીનાં ફૂલ અને કિનારી તડકામાં ચમકચમક થતાં હતાં એવી જ લીલી કંચુકી ઉન્નત, ગાઢ ઉરોજોને ઢાંકતી હતી. ગુલાબી–પીળા રેશમી લહેરિયાની ઓઢણીનો આગળ પાટલીવાળો છેડો એનાથી યે અધીરો બની જાણે આગળ દોડતો હતો. સેંથીમાં દામણી ઝૂલતી હતી, તો કાનમાં લાંબાં લટકણ. હૈયે માણેકનો હાંસ ને હીરાનો બે સેટનો હાર–અડધો હાથ ભરાય તેટલી ચૂડીઓ. કટિ પર કંદોરો ને પગમાં નુપૂર.

એનું મન ઉત્સાહમાં હતું, વિશ્વાસમાં હતું. એકવાર કૃષ્ણ સામે આવી જાય. કામદેવના પાંચે બાણથી જીતાઈ જશે. એમને ચપટી વગાડતાંમાં મારી આંખોની કેદકોટરીમાં આજીવન કેદ કરી દઈશ!

તે ગણગણતી હતી – મસ્તીથી ગજગતિએ ચાલતી હતી. શ્યામને શોધતી હતી.

'પ્રિય તોહિ નેનન હી મેં રાખૌં ।
તેરી એક રોમ કી છબિ પૈ જગત બારિ સબ નાખૌં ।।
ભેટૌં સકલ અંગ સાંવલ કો, અધરસુધારસ ચાખૌં ।
'રસિક પ્રીતમ' સંગમ કી બાતેં, કાહું સોં નહીં ભાખૌં ।।

હે પ્રિયતમ, તમંને મારી આંખોમાં રાખી લઈશ. તમારા માત્ર એક જ રોમની સુંદરતા પર આખું જગત ઓવારી નાખીશ. તમે મળશો ત્યારે તમારા સાંવરા સકલ શ્રીઅંગને હું કસીને બાથમાં લઈ ભેટીશ અને તમારા અધરસુધારસનું પાન કરીશ. હે પ્રીતમજી, તમને નિશ્ચિંત રહેજો. આપણા મિલનની વાત હું કોઈને ય નહીં કહું !'

આમ મનોમન મનોરથ કરતી ચંદ્રાવલી એકલી નીકળી તો ખરી, પણ શેરી વટાવતાં મૂઝાઈ. ચાર રસ્તા ત્યાં ભેગા થાય. કઈ દિશામાં જવું? નંદલાલ કયાં હશે? પહેલાં નંદાલય જઉં? કદાચ ત્યાં જ હશે! નંદાલયનું સરનામું ગોકુળમાં પૂછવું ન પડે. સ્ફટિક મઢ્યા શ્વેત રાજમહેલની ગગનચુંબી કલાત્મક છત્રી પર પાંચ મોટા સુવર્ણકળશ ઝળહળતા હતા – નંદાલયની દિશા બતાવતા હતા. ચંદ્રાવલી કળશની દિશામાં ચાલી. નંદભવનના દ્વાર સુધી પહોંચી. ચાંદી જડેલાં વિશાળ સિંહ દ્વારા બંધ હતાં. ખુલ્લી હતી ડોકાબારી. ચાર સૈનિકોનો ચોકી પહેરો હતો. નંદભવનની ગલીમાં કોઈ ચહલપહલ ન હતી. મહેલની અટારીઓ નિઃસ્તબ્ધ હતી. વિસ્ફારિત નેત્રે નંદભવનને નિરખતી જાય ને મધુર હલકાદાર લહેંરકાથી બોલતી જાય : 'મહી લ્યો, મહી લ્યો. મીઠું તાજું મહી લ્યો.'

હમણાં દ્વાર ખૂલશે. નંદકુંવર બહાર આવશે. એ આશામાં ને આશામાં એના પગ નંદાલયના માર્ગે મહી વેચવાના મિષે આંટા મારતા જ રહ્યા, મારતા જ રહ્યા. નથી એને સમયનું ભાન, કોઈ દહીં લેનાર નથી એની યે એને પરવા નથી. ઘેર જતાં મોડું થશે, દહીં વેચાયું નહીં હોય, સાસુ શો ઠપકો આપશે એની ય ચિંતા નથી. બસ આંટા મારે છે અને એક શ્વાસે બોલતી રહે છે – 'મહી લ્યો.'

સૂરજ માથે ચડવા આવ્યો. સિંહદ્વાર અંદરથી ખૂલતું દેખાયું. ચંદ્રાવલીનો શ્વાસ હેઠો બેઠો. આશાનો સંચાર થયો. થાકેલા તનમાં સ્ફૂર્તિ આવી, મન સચેત થયું. તે દ્વાર સામે પહોંચી. દ્વાર પૂરાં ખૂલ્યાં.

અંદરથી પ્રતિભાસંપન્ન વૃદ્ધ છતાં પ્રૌઢ પુરુષ બહાર આવ્યા. ચારે સૈનિકના માથાં ઝૂક્યાં. પાછળ બે કદાવર સૈનિક હતા. આગંતુક છ ફૂટ ઊંચા, પડછંદ, શ્વેત વાળ, દાઢી મૂછ, ભ્રમરો પણ શ્વેત. ગોળ મોટી આંખો. વિશાળ તેજસ્વી લલાટ. સફેદ ધોતી, રેશમી જામો, લાલ કમરબંદ અને ખભે લાલ જરિયાન ખેસ. મસ્તકે આટાવાળી લાલ પાઘ. હાથમાં સોનાની મૂઠવાળી સીસમની લાકડી.

ચંદ્રાવલી સમજી ગઈ – નંદબાવા જ છે! ઘૂંઘટનો છેડો છાતી સુધી ઝડપથી ખેંચી, પીઠ ફેરવી ગઈ. ત્યાં ગંભીર શબ્દ આવ્યા :

'બાઈ, ગામમાં નવી પરણીને આવેલી વહુવારુ છે?'

ચંદ્રાવલીએ નંદબાવા તરફ સ્હેજ મોં ફેરવી, મોંના ઈશારાથી જ હા કહી.

'ક્યારની મહી વેચવા બૂમો પાડતી આ શેરીમાં આંટા મારે છે?'

ચંદ્રાવલી ચૂપ રહી. અવાજમાંના ઠપકાને પારખી ગઈ. પાછળથી બીજો અવાજ આવ્યો :

'બાઈ, તને ખબર છે આ નંદભવન છે? રાજા નંદરાયજીનો મહેલ છે?'

ત્રીજો અવાજ :

'નંદબાવાના ત્યાં નવ લાખ ગાયોનું વલોણું છે એની ખબર નથી લાગતી. નહિ તો આમ બરાડા પાડતી ન ફરે.' અવાજમાં ગુસ્સો હતો.

ફરી નંદબાવાનો અવાજ :

'તારા સાસરિયામાં તું એકલી જ શાણી લાગે છે કે તને દહીં વેચવા મોકલી અને તે પણ આ ગલીમાં!'

અવાજમાં ઉપાલંભ હતો, અણગમો હતો.

ચંદ્રાવલી ડઘાઈ ગઈ. જમીન સાથે જડાઈ ગઈ. આંખો વરસી ગઈ. હોઠ સખત બિડાઈ ગયા. ધરતી માર્ગ આપે તો સમાઈ જવાની ઈચ્છા થઈ આવી.

'જા બાઈ, જા ફરી ભૂલ ન કરતી.'

નંદબાવાના શબ્દોમાં ક્ષમા હતી, વાત્સલ્ય હતું.

દ્વાર ફરી બંધ થવાનો અવાજ ચંદ્રાવલીના કાનમાં પડ્યો. નંદબાવા નંદભવનમાં પાછા ફરી ગયાનું એણે અનુમાન કર્યું. મોંમાથી લાંબો નિસાસો

નીકળઈ પડ્યો. ઊની આહ લઈ, પગ ઉપાડ્યા. એની બુદ્ધિ પણ એને હસી રહી હતી. 'મારી વાત ન માની, એનું પરિણામ જોયું? એ જ લાગની તુ છે!'

કબકી મહ્યો લિયે સિર ડોલૈ ।
ઝુકે ઈ ઈત ઉત ફિરિ આવતિ, યહાં આય આય યહી બોલૈ ॥
મુંહ લૌં ભરી મથનિયાં તેરી, તો હિ રટત ભઈ સાંઝ ।
જાનતિ હો ગોરસકો લૈવો નહીં યાહી બાખર માંઝ ॥
ઈત તો આય, બાત સુન મેરી, કહૌં બિલગ જિન માનૈં ।
તેરે ઘર મેં તૂ હી સયાની, ઔર બૈચન નહીં જાનૈ ॥
ભ્રમત હી ભ્રમત ભરમ ગઈ ગ્વાલિન, બિકલ ભઈ બેહાલ ।
'સૂરદાસ' પ્રભુ અંતર જામી, મિલૈ તતકાલ ॥

નંદરાયજી કહી રહ્યા હતા : હે ગ્વાલિની, ક્યારની માથે મહીની મટુકી લઈ, ડોલતી ફરી રહી છે? આમથી તેમ સાવ ખોટે ખોટું ફરે છે અને અહીં આવી આવી મોટેથી દહીં લેવા સાદ પાડે છે ।

આમ બોલતાં, ફરતાં સાંજ પડી ગઈ, તોય તારી મથની તો એના મોં સુધી ભરેલી છે, તને ખબર નથી કે આ ગલીમાં ગોરસ લેનાર કોઈ નથી?

આમ, મારી પાસે આવ. મારી વાત સાંભળ. માઠું લગાડીશ નહીં. તારા ઘરમાં તું જ એકલી શાણી છે? બીજા કોઈને ગોરસ વેચવાનું આવડતું નથી?

આમ નંદભવનની ગલીમાં ભમતાં ભમતાં ગ્વાલિન ભ્રમિત થઈ. તે વિકળ અને બેહાલ બની. પણ એ ભક્ત છે. ભક્તને એની ભક્તિમાં પાકી શ્રધ્ધા છે. મારા પ્રભુ અંતર્યામી છે. મારા હૈયાની વ્યથા જાણે છે. તે કોમળ છે. વ્યથા સહન કરી શકતા નથી. જરૂર મારી પીડા દૂર કરવા પધારશે.

લથડાતા ચરણે ચંદ્રાવલી ત્યાંથી ચાલી તો ખરી, પણ ચરણ અનાયાસ જ ઘરની દિશા તરફ ન વળ્યા. યમુનાપુલની તરફ વળ્યા. શુન્યમનસ્ક ચંદ્રાવલીને કંઈ સૂઝતું ન હતું. બોર બોર આંસુ, ગરમાગરમ આંસુ આંખના ખૂણેથી નીકળી કાનની બૂટ ભીંજવી, ઓઢણી પર પડતાં હતાં. ગળે ડૂમો ભરાયો હતો. ભરી ગોરસી લઈ પાછા જવાની હિંમત ન હતી.

ત્યાં તો તેના કાનમાં બંસરીના સૂર સંભળાયા. આશાવરીના વિલંબિત સૂરોએ એની આશાને ઢંઢોળી. સૂર એનીજ દિશામાં નજીક આવતા હતા. પગની ગતિ આપોઆપ વધી. ચિમળાયેલા મોં પર ચેતન આવ્યું. તેણે સામેથી આવતા ચિત્તચોરને જોયા. સાંવલ અંગ પર અગરજાની ભીની સુવાસ હતી. શ્વેત સૂથન પટકા અને દુપેચી પાગ શોભતી હતી. ગજગતિએ પધારી રહ્યા હતા.

ઓઢે લાલ ઉપરેની અતિ ઝીની ।
તનસુખ શ્વેત સુદેસ અંસ પર બહુત અરગજા ભીની ।
અતિ સુગંધ સીતલ સરુ ચંદન સાદી રચના કીની ।
રહી ઘસી ભુવ પર પાગ દુપેચી, કોટિ મદન છબિ છીની ।
સૂથન બની હિરમિચી શોભિત ગતિ ગયંદ કી કીની ।
'પરમાનંદ' પ્રભુ બ્રજબનિતા પ્રેમ રતિ દીની ॥

ચંદ્રાવલીના ચરણ અટકી ગયા. પલકો સ્થિર થઈ ગઈ, હૃદયની ધડકન વધી ગઈ. ઘૂંઘટની આડમાંથી શ્યામરૂપ નિરખી રહી. કૃષ્ણ એકદમ નજીક આવ્યા. હસી ગયા, મધુર સ્વરે પૂછ્યું :

'ગોકુળમાં આજ જ આવી છે?'

ચંદ્રાવલીની તો જીભ જ સિવાઈ ગઈ. અત્યાર સુધી ઘણા મનોરથ વિચાર્યા હતા. કાન્હ મળશે તો આમ કહીશ ને તેમ કહીશ. મળ્યા ત્યારે હોઠ જ ખૂલતા નથી!

'ગ્વાલિન, બહુત સુંદર દીખે હૈં! કહા નામ તિહારો?'

તે ટગર ટગર જોતી જ રહી.

'ગૂંગી હૈ રી?'

ચંદ્રાવલીએ માંડ માથું હલાવી, ના પાડી.

કાન્હ ખડખડાટ હસ્યા.

'અરી, સ્યામ સેં સંકોચ કૈસો?'

મુરલીના છેડાથી કૃષ્ણે ચંદ્રાવલીનો ઘૂંઘટ ઊંચો કર્યો. તે પરસેવે રેબઝેબ થઈ ગઈ. ભર દિવસે ગામ વચ્ચે... ઘૂંઘટ હટી ગયો. ચાર આંખો મળી. ચંદ્રાવલીને પૂરો ટોણો લાગી ગયો. શ્યામના ઉપરણાએ એના મુખ પરનાં પ્રસ્વેદબિંદુઓ લૂછ્યાં.

'હાય મા, આ તો સાવ બેશરમા છે!' મન બબડ્યું. પણ ચંદ્રાવલીને ગમ્યું.

'મૌન ધરિ મુખ, ચિતવત ઠાડી, જાવન ન પાવૈરી,
'સૂરસ્યામ' અંક ભરિ લીની દુઃખ ઢેર દૂર વહેરી.'

ક્ષણો પસાર થઈ ગઈ. ચંદ્રાવલીએ આંખો ખોલી, ત્યારે સામે કૃષ્ણ ન હતા. પરંતુ શ્યામસ્પર્શે તે સમૂળી જ બદલાઈ ગઈ હતી. મનમાંથી ભય જતો રહ્યો હતો. રોમરોમમાં પ્રસન્નતા હતી. મુખ પર સુરખિ હતી.

તેણે ઘરનો રસ્તો પકડ્યો.

એ મસ્તીથી ગુનગુનાતી જતી હતી :

માઈ હૌં ગિરિધર કે ગુન ગાઊં ।
મેરેં તો બ્રત યહ નિસ દિન, ઔર ન રુચિ ઉપજાઊં ।।
ખેલન આંગન આઓ લાડિલે નેક હૌં દરસન પાઊં ।
'કુંભનદાસ' હિલગ કે કારન લાલચ લાગિ રહાઊં ।।

ઘરની ગલી પાસેના ચાર રસ્તે પહોંચી, ત્યારે ઘરની યાદ ઉભરી આવી. અતિશય મોડું થયું છે. મટુકી છલોછલ છે. એક પાઈનો વકરો થયો નથી. સાસ ખિજાઈ હશે.

ત્યાં સુમંગલા મળી. દહીં વેચીને પાછી આવતી હતી.

'ચંદા... આ...'

'બડી બેના!'

વગર બોલે સુમંગલા સમજી ગઈ. ચંદાને એ ક્યાં નો'તી જાણતી? એણે પોતાની ખાલી મટુકી ચંદ્રાવલીના હાથમાં થમાવી દીધી. એના માથેથી ભરી મટુકી, પોતાના શિર પર મૂકી દીધી, ચુંદડીના છેડે બાંધેલી ગાંઠ ખોલી, પૈસા ચંદ્રાવલીની સાડીની છેડે બાંધી દીધા.

'ચાલ, ચંદા.'

મોટીબેન, મારે લઈને તમે શા માટે વઢ ખાશો?

મને વઢનાર કોણ છે? સાસુમા તો બિચારાં ખાટલે પડ્યાં છે. તારા જીજાજી તો ભલા છે. કદી હિસાબ ન માગે! પણ એક વાત કહું. બુરું ન માનીશ. તારા હિતની વાત છે.'

'કહો'

'આપણો અવતાર સ્ત્રી જાતનો છે. પુરુષને બધું પાલવે. સ્ત્રીને ડગલેડગલે અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું પડે. દુનિયાના ઉસુલ દિલના ઉસુલથી સાવ જુદા છે. એમાંય આપણે તો કોઈકને પરણી ચૂકેલી. આપણને કલંક લાગે તો કુંડ પુરીએ, પણ આપણા કારણે આપણા દિલદારની નાલેશી થાય તો વેઠાશે? માટે પ્રીત ગોપાવીને રાખવી, બેનાં! એનો અંદેશો માણસોને ન આવે. સમજી ગઈને?'

'પ્રીત કરોં તો ચકોર કી,
દૂર દૂર ચંદા દેખત જિયે, ના કહૈ કાહુસોં અપને મનકી ।।
પ્રીત કમલ સૂરજ કી, દૂર રહૈ મન હરખાયરી ।
પ્રીત સાંચી મનસોં કરો, તન સુખ વિષય વાસ રી ।।'

બંને ઘર પાસે આવી ગયાં.

'ચંદા, સાંજે નંદભવનમાં આવજે મારી સાથે.'

'કેમ ?'

'દીપ પ્રગટાવવા. દિલદારના દિદાર કરવા. હું બૂમ પાડીશ. ગાયો વનમાંથી પાછી આવે, પછી.'

• • •

લોચન ભયે સ્યામ કે ચેરે ।
એ તે પર સુખ પાવત, કોટિક મો તન ફેર ન હેરે ।।૧।।
હાહા કરતિ પરતિ હરિ ચરનન, ઐસે બસ ભયે હૂ નહીં ।
ઉનકો વદન વિલોકતિ મેરો કહ્યો ન સુન હી ।।૨।।
લલિતત્રિભંગી છબિ પર અટકે, ફટકે મોસોં તોરી ।
'સૂરદાસ' હમ પૈ રીસ કીની, આપુન સ્યામ સોં ઝેરી ।।૩।।

•

૬. હરિ હાથ બિકાની

ચંદ્રા ઘેર પાછી આવી, ત્યારે એના ગુલાબી સુરખીભર્યા ગાલ ઉપર આંસુનાં ઓઘરાળાં હતાં. આખું શરીર તાવથી કળતું હોય એવી પીડા થતી હતી. તનમાં થાક હતી. મનમાં તાપ હતો. મનના માનેલાની આંખોએ ઝીલેલી પહેલી છબી રહી રહીને નજર સામે આવી જતી. એની કમળ સમી આંખો તીરની જેમ એના દિલને વીંધતી હતી. એની મધુરી મુસકાન વીંધાયેલા દિલ પર મલમપટ્ટો કરતી હતી.

‘વહુ બેટા, આવી ગયાં?’ સાસુમા એની જ રાહ જોતાં ઉંબરે બેઠાં હતાં. ‘હજી તો તમારા પગની મહેંદી ઝાંખી પડી નથી. હાથનો અળતો ય અકબંધ છે. સાસરીમાં પહેલો દિવસ છે, તમારા હરવાફરવાના દિવસ છે. આટલી રખડપટ્ટી કરો, તો ફળિયાનાં બૈરાં મને કહેશે – વહુનું લોહી પીવા બેઠી છે!’

સાસુ બોલતાં રહ્યાં. ચંદ્રાએ ઓઢણીના છેડે બાંધેલું પરચૂરણ છોડી, ચૂપચાપ સાસુના હાથમાં મૂક્યું : સાસુ ગણવા લાગ્યાં, બોલતાં અટક્યાં.

‘આજે દહીંની આટલી બધી કમાણી થઈ? વહુ છો તો નસીબદાર. મને તો આના અડધા ય મળતા નહીં. ચાલો, હાથપગ ધૂઓ – જમી લઈએ.’

ચંદ્રાનું ચિત્ત ઘરમાં ન હતું. પ્રયત્નપૂર્વક ચિત્તને તાણી આણ્યું. હાથપગ મોં ધોયાં. સાસુ સામે રાંધણિયા આગળ પાટલે બેઠી. થાળીમાં ભોજન પિરસાયું. લાપસી, પૂરી, શાક, દાળ. એને મનના મિતવાની યાદ આવી ગઈ. ‘મિત, એવો દિવસ ક્યારે ઊગશે કે તમને સામે બેસાડી ભોજન કરાવી, તમારી થાળીમાં જમું?’

‘મા,...’

‘સમજી ગઈ, બેટા. બાપ-દીકરાને ખેતરે છાક પહોંચાડ્યું છે. એમણે જમી લીધું હશે.’

ચંદ્રા મનમાં હસી. સવારથી અત્યાર સુધી એને પરણ્યાની તો યાદ જ નથી આવી! એ તો બીજાની યાદમાં ક્યારેક ઝૂલે છે, ક્યારેક ઝૂરે છે!

ચંદ્રા કોળિયા ભરતી રહી. સવારના અનુભવને વાગોળતી રહી. રસોડું – વાસણ સાફ કર્યાં. એના ઓરડે જઈ આડા પડખે થઈ. ઢોલિયા પાસેની બંધ બારી ખોલી નાખી. શ્રીયમુનાઘાટની દિશામાંથી શીતળ પવનની લહેરો ઓરડામાં ધસી આવી. ચંદ્રા ઊંડા શ્વાસ લઈ શ્યામની સુગંધ વહેતા સમીરને ફેફસામાં ભરવા માંડી. પડખાં ફરતી રહી, પણ ઊંઘ ન આવી. અહીં તો હીંચકો ય ન હતો.

કંટાળીને બેઠી થઈ. પિયરથી લાવેલાં મોતી પેટીમાંથી કાઢી, હાર ગૂંથવા ભોંય પર બેઠી, માંડ ચિત્તનું ચકડોળ સ્થિર થયું. હાર ગૂંથવામાં હાથ, આંખો, મન એકાગ્ર થયાં.

ત્યાં બારીમાંથી એક ઝીણી કાંકરી આવી. એના બે ઉરોજ વચ્ચે વાગી. કોઈએ તાકીને મારી ન હોય! મોતી પરોવતા હાથ અટકી ગયા. આંખો બારીએ દોડી ગઈ. કોઈ દેખાયું નહીં. હાર ગૂંથવાનું ચાલુ રાખ્યું. પાંચેક મિનિટ બાદ બીજી કાંકરી. એ જ જગ્યાએ વાગી. ચંદ્રા ચમકી. ઊભી થઈ બારી તરફ ગઈ. ત્યાં ત્રીજી કાંકરી વાગી. લાંબા ડગલે બારીએ પહોંચી રસ્તો સૂમસામ. લાંબી ડોકે જોઈ રહી. ગલીના નાકે વળતા રસ્તે કોઈકના દોડતા પગ દેખાયા. એને લાગ્યું આ પગ આજ સવારે જ જોયેલા છે. ના, એના વરના પગ નહોતા. ચરણ સાંવરાં હતાં.

એ હસી પડી. ‘નટખટ નહીં તો!’

ત્યાં તો સુમંગલા દેખાઈ. રસ્તા પર ઊભી ઊભી પૂછતી હતી : ‘ચંદા, ઊંઘી નથી?’

‘બડી બેના, આવ. ઊંઘવા મથી, પણ ઊંઘ ન આવી.’

સુમંગલા ઓરડામાં આવતાં બોલી : ‘રાતે દિયરજીએ ઊંઘવા નહીં દીધી હોય ને અત્યારે એમની યાદે! પગલી, સાંજ પહેલાં એ ખેતરથી પાછા નહીં આવે. બારીએ ઊભી રહી, નાહકના પગ ને ડોક દુખાડે છે.’

‘બડી બેના, તમને મશ્કરી જ સૂઝે છે. અહીં તો જીવ જાય છે.’

‘અરરર, માડી, વૈદને બોલવું?’

‘તમારા ગોકુળમાં....’

'તમારા નહીં, આપણા.'

'હા,અહીં વૈદ એક જ છે ને તે દવા કરવાને બદલે દુઃખ દે છે!'

'ઓહ! સમજી. એ નટખટે ફરી કંઈ અટકચાળું કર્યું?'

'લાગે છે તો ખરું. સાંભળો.' ચંદ્રાએ કાંકરી ચાળાની વાત કરી.

મન હર લે ગયે નંદકુમાર।
બારક દૃષ્ટિ પરી ચરનન, તન દેખન ન પાયો બદન સુચાર।
હૌં અપને ઘર સચુ સૌ બેઠી, પ્રોવત હી મોતિન કે હાર
કાંકર ડાર દ્વાર વ્હૈ નિડસૈ, બિસર ગયો તન કરત સિંગાર ।।
કહારી કરૌં કયૌં મિલહી ગિરિધર, કિહિ મિસ હૌં જસોદાઘર જાઉં।
'પરમાનંદ' પ્રભુ ઠગીરી અચાનક, મદનગોપાલ ભાઁવતો નાઉ ।।

ભાવાર્થ :

હે બેની! નંદકુમાર મારું મન હરી ગયા. બારીએ નજર કરી, પણ શ્રીઅંગ ન જોઈ શકી, સુચારુ વદન ન દેખાયું, ચરણ પર ઊડતી નજર પડી (૧)

હું ઘરમાં શાંતિથી બેઠી બેઠી મોતીના હાર પરોવતી હતી. બારીએથી કાંકરી મારી તે ભાગી ગયા. હું શૃંગાર ગૂંથવાનું ભૂલી ગઈ. (૨)

હે બેના! હું શું કહું? એ ગિરિધરને કેવી રીતે મળું? કયા બહાને નંદઘેર જઉં? હું તો અચાનક ઠગાઈ ગઈ છું. મારે માટે મદન ગોપાલ નામ ઘણું મનભાવતું બન્યું છે.(૩)

સુમંગલા બોલી : 'ઘાયલ કી ગતિ ઘાયલ જાણે. તારી વાત સમજી ગઈ છું! એટલે તો તેં હઠ કરી, ગોકુળમાં સાસરું શોધ્યું છે! હજી તો ગોકુળમાં તારો પહેલો દિવસ છે. અત્યારથી આટલી અધીરી ને આકરી બને નહીં ચાલે. બળથી નહીં કળથી કામ લે, બેના!'

'તું બતાવ શું કરું'

'એક મિનિટ. મને વિચાર કરવા દે.'

ચંદ્રા સુમંગલાના મોં સામે જોઈ રહી. સુમંગલાએ ચપટી વગાડતાં કહ્યું : 'ચંદા, સાંજ થતાં ગોપાલ ગાયો ચારીને ગોકુળમાં પાછા આવશે. એ વખતે આ બારીએથી આંખો ભરી એમને નિરખજે. એ આંખ આપે તો આંખથી વાત કરી લેજે.'

'બસ એટલું જ?'

'ના, પછી સાંજ નમતાં મારી સાથે દીવો પ્રકટાવવા નંદાલય આવજે. નજીકથી નિરખાશે.'

'પણ ત્યાં સુધી?'

'પગલી! વખતને જતાં વાર શી? આવા ગોબરા વેશે એને મળવા જઈશ? એ તો સુંદરતા ને મધુરતાનો ચાહક છે. દિલમાં એના માટે પ્રેમ હોય એ પૂરતું નથી. એ પ્રેમને સાજસજાવટમાં પ્રગટ થવા દે. ચાલ, હું તને તૈયાર કરું.'

'સુમંગલાએ ચંદ્રાના વાળનો ભરાવદાર અંબોડો છોડ્યો. માથે તેલ ઘસ્યું, લાંબા વાળની ગૂંચો કાઢી, એક ઢીલો ચોટલો ગૂંથ્યો. ચોટલાને મોતીના હારથી સજાવ્યો. વાળમાં મોતીના લટકણ લટકાવ્યાં.'

'ચંદા, ગુલાબી લહેંગા-ચોળી પહેર, ઉપર લીલી ઓઢણી. એ વસ્ત્રોમાં તારું રૂપ સોળ કળાએ નિખરે છે. મદનમોહનને મોહવાના છે.'

ચંદાએ વસ્ત્ર પરિધાન કર્યા. સુમંગલા એને શણગાર સજાવતી ગઈ. અણવટ, વીંછીયાથી શીશફૂલ સુધીના સોળ શણગાર સજ્યા. વાળમાં વેણી પરોવાઈ. અંગ પર ઓઢણું, ચંદ્રા અરીસા સામે ઊભી. એના રૂપમાં રતિની રમણીયતા, શચિનો ઠસ્સો અને રંભાનું લાસ્ય હતું.

'બેના! આજ ગોપાલ ઘવાયો જાણ!'.

'જારે! એવું ભાગ્ય ક્યાંથી!'

સુમંગલાએ ચંદ્રાની ભ્રમરના છેડે મેંશનું ટપકું - નજરિયું કર્યું.

'ચાલ, મારા ત્યાં.'

સુમંગલા ચંદ્રાનો હાથ પકડી પડસાળમાં આવી.

'કાકીમા, ચંદ્રાને મારા ઘેર લઈ જઉં છું. કંઈ કામ નથી ને?'

'નારે વહુ, કામ કરવા તો ઘણાં વર્ષો છે. બિચારી એકલી ઘરમાં ગુંગળાઈ જાય! નણંદ હોત તો જુદી વાત હતી. જાવ, બહુબેટા.'

સુમંગલા ચંદ્રાને લઈને ઘેર આવી. સુમંગલાનાં સાસુ જપમાળા ફેરવતાં બેઠાં હતાં.

'કાકીમા, પાય લાગું.'

'કુણ?'

'માજી, મારી બેન ચંદ્રા.'

'ઓહો! ચંદાવહુ, આવ, ભગવાન તારું સૌભાગ્ય સો વર્ષનું કરે.'

બંને ઘરમાં ગયાં. સુમંગલા તૈયાર થવા લાગી. ચંદ્રા બારીએ ઊભી, ગોકુલની ગલીને જોઈ રહી હતી. સુમંગલા તૈયાર થતાં કહી રહી હતી :

'બેના, નંદના છોરાએ ગોકુળની બધી ગોપીઓને ઘાયલ કરી છે. સૌ એની પાછળ વિવશ છે. હું પરણીને આવી એને અઠવાડિયું માંડ થયેલું. આવી એક સાંજે ગોપાલ ગાયો ચરાવીને પાછા આવે. હું આજ બારીએ ઊભી ઊભી જોઉં.'

આગે ગાય, પાછે ગાય, ઈત ગાય, ઉત ગાય,
ગોવિંદા કૌ ગાયનમેં બસવો હિ ભાવૈ ।
ગાયન કે સંગ ધાવૈ, ગાયન મેં સચુ પાવૈ,
ગાયન કી ખુર રેનુ અંગ લપટાવૈ ।।
ગાયન સોં બ્રજ છાયો, વૈકુંઠ બિસરાયો,
ગાયન કે હેત ગિરિ કર લૈ ઉઠાવૈ ।
'છીતસ્વામી' ગિરિધારી વિઠ્ઠલેશ વપુધારી,
ગ્વારિયા કો ભેખ ધરિ ગાયનમેં આવૈ ।।

ભાવાર્થ :

ગોપાલની આગળ પાછળ, બે ય બાજુ બગલમાં બસ ગાયો જ ગાયો! નવ લાખ ગાયોની ધણી! એ સાચો ગોવિંદ ગોપાલ. એને ગાયોમાં રહેવું જ ગમે. ગાયો સાથે દોડે, ગાયો સાથે ગાયોની જેમ ડોલતો ચાલે. એના સાંવરા અંગ પર ગાયોની સફેદ ખુરરજ લાગે.

એની ગાયોથી આખું વ્રજ છવાઈ જાય. વૈકુંઠ વિસરાઈ જાય. ગ્વારિયાનો વેશ સજી ગાયો સાથે આવતા ગોપાલને જોવા એ લ્હાવો છે લ્હાવો!

ચંદ્રા સાંભળતી રહી. સુમંગલા કહેતી રહી.

'મારા ઘર પાસેથી પસાર થતાં એ શ્રીદામાના જમણા ખભે એનો ડાબો હાથ ટેકવી મસ્તક નમાવી, વેણુમાં ગોરી રાગના સૂર છેડતો હતો. અનાયાસ

અમારી નજરો મળી. ગોપવૃંદમાંથી ગોપાલ સરક્યા. ગાયોમાંથી માર્ગ કરતા મારી બારી પાસે આવ્યા. મલકાયા. અમારી નજરો મળી. એમની નજરે મારા પર કામણ કર્યું. મંજુલ, મધુર સ્વરે તે બોલ્યા : તનક પ્યાય દે પાની. ભારી પ્યાસ લગી હૈ.'

હું ઘરમાં દોડી. શીતળ જળનો આખો કુંભ લઈ આવી. તેમણે ખોબો માંડ્યો. એમની આંખો મારા મુખ તરફ મંડાઈ હતી. મેં ખોબામાં જળની ધાર કરી, પણ નજર એમના મુખ પર. આખો કુંભ ખાલી થઈ ગયો.

'ઔર લ્યાય દે, ગોપી.'

ઘરમાંથી બીજી મટકી લઈ આવી. ખોબામાં ધાર કરવા જતાં એમની ચતુરાઈ નજરે પડી. બે હથેળી વચ્ચે જગ્યા હતી. તેમાંથી બધું જળ જમીન પર પડ્યું હતું. હાયમા! આમને જળની તરસ નહોતી.'

'તારી રૂપસુધાની તરસ હતી, બડી બેના! એ માટે જ આ ખેલ કર્યો એ ચતુરવિહારીએ!' ચંદ્રા બોલી.

'ના, ના, ચંદા એ તો આપ્તકામ છે, કામી નથી. એમની સ્વરૂપસુધાનું દાન મને કરવા કૃપા કરી.'

'પછી?'

'આજુબાજુ સૌ જોતાં હોય. બાઈ, આપણો સ્ત્રીઅવતાર. દુનિયાની નજરે આપણી ચાદરને ડાઘ લાગતાં વાર ન લાગે. મેં ય આંખો નચાવી નટખટ નટવરને કહી દીધું : પ્યાસે હો તો પીજીએ, નાતર સિધાવો રાવરે જાું, પ્યાસ મૈં જાની.'

'એ મરકતા ચાલ્યા ગયા?'

'હા.'

'બડી બેના, તું કેટલી નસીબદાર! એવો દિવસ મારા જીવનમાં ક્યારે આવશે?'

ચંદ્રા સુમીને કેડેથી ઊંચકી લઈ, ગોળ ગોળ ફરવા માંડી.

'ચંદા, વેણુ સંભળાય છે?'

'હા, નટ રાગના સૂર છે.'

'બસ, ગિરિધર ગોપાલ આવી રહ્યા છે. ઝટપટ તૈયાર થઈ જાઉં.'

સુમંગલાએ ગૌર દેહ પર લાલ લેહેગા – કંચુકીને પીત ઓઢણી ધરી. માથે અંબોડા પર ઓઢણી ઢાંકી વાડા તરફ દોડતી ગઈ. બે ચંપાકળી લઈ પાછી આવી.

'લે, બેના.'

એક કળી તેણે ચંદ્રાને આપી.

'આનું શું કરવાનું?'

'એ નજર સામે આવે, ત્યારે તેના હૃદય પર તાકીને ફેંકવાની.'

'કાંકરી માર્યાનો બદલો?'

'જે સમજે તે.'

'પછી બીજું?'

આંખો મળે તો મનની ઈચ્છા આંખથી કહી દેવાની અને એમની આંખમાં જવાબ વાંચી લેવાનો! એમની આવનીનો ઠાઠ તો જોજે. ઘેલી ન થઈ જાય તો મને કહેજે.'

ત્યાં તો રસ્તા પર ધૂળની ડમરી ઊડી. ગાયોનાં શીંગડાંના વાદ્ય વાગ્યાં. કોલાહલ થયો. ગાયો ભાંભરતી સંભળાઈ. બંને બારીએ આવીને ઊભાં. તેઓ જોઈ રહ્યાં :

હાંકે હટકિ હટકિ, ગાય ઠઠકિ ઠઠકિ રહી,
ગોકુલ કી ગલી સબ સાઁકરી. ।
જારી, અટારી, ઝરોખન, ગોખન ઝાંકતિ,
દૂર દૂર, ઠોર ઠોર તેં પરતિ કાઁકરી ॥
ચંપકલી, કુંદકલી બરખત રસભરી,
તા મેં પુનિ દેખિયત લિખે સે આઁકરી ।
'નંદદાસ' પ્રભુ જહીં જહીં દ્વારેં ઠાડે હોત,
તહીં તહીં બચન માગતિ,
લટક લટક જાત કાહુ સૌં હાઁ કરી, કાહુસોં ના કરી ॥

ભાવાર્થ :

ગ્વાલો ગાયોને હાકોટા પાડતાં હાંકી રહ્યા છે. ગોકુલની બધી ગલીઓ ખૂબ સાંકડી છે. તેથી ગાયોની ઠઠ જામી ગઈ છે.

ઘેર ઘેર જાળી, અટારી, ઝરોખા, બારણેથી ગોપનારીઓ ઝાંખે છે.

દૂર દૂરથી ઠેક ઠેકાણેથી કાંકરીચાળો થાય છે.

સાથે સાથે ચંપા અને મોગરાની રસભરી કળીઓની વર્ષા થઈ રહી છે. સૌ સ્તબ્ધ બની જોઈ રહ્યાં છે.

શ્રી નંદનંદન જે જે દ્વારે રોકાય છે, ત્યાં સૌ તેમની પાસે વચન માગે છે. તેઓ ઈશારાથી કોઈને હા કહે છે, તો કોઈને ના કહે છે.

ચંદ્રાવલી અને સુમંગલા અપલક નેત્રે નિરખી રહ્યાં છે.

આવત મોહન ધેનુ લિયે ।
બાજત બેનુ, રેનુ તનમંડિત, બાહુ શ્રીદામા અંસ દિયે ॥
કટિ પટ પીત, લાલ ઉપરેના ઔર નૌતન વનમાલ હિયે ।
કુંડલ લોલ કપોલ બિરાજત, મોરપિચ્છ સિર મુકુટ દિયે ॥

ભાવાર્થ :

ગાયો લઈ મોહન આવે છે, વેણુ વગાડે છે. તન રજમંડિત છે. શ્રીદામાના ખભે બાહુ ટેકવ્યો છે. પીતાંબર, લાલ ઉપરણો અને કંઠે વનમાળા છે. કાનમાં કુંડળ અને મસ્તકે મોરમુકુટ છે.

ચંદ્રાવલી સુમંગલાના કાનમાં ફરિયાદ કરે છે.

દેખન દેત ન બૈરિન પલકેં ।
નિરખત બદન લાલ ગિરિધર કો લીય પરત માનો વજ્ર કિસલકે ॥

'બડી બેના, મારી તો પાંપણો વેરી બની છે. ગિરિધરલાલના વદનકમળને સરખી રીતે જોવા જ દેતી નથી. વચમાં વજ્રનો જાણે પડદો બની જાય છે!'

ત્યાં તો મોહનલાલ સાવ સામે આવી ગયા. સુમંગલાએ ચંપાકળી ફેંકી. મોહનલાલે મસ્તક હલાવી ના કહી. ચંદ્રાએ પણ હૃદય પર કળી તાકી. મોહનલાલે વેણુ પરથી આંગળીઓ હટાવી, આંગળીઓમાં કળી ઝીલી લીધી. આંખો નચાવી, હોઠ મરકાવી, કળી ચંદ્રા તરફ પાછી ફેંકી. એની કંચુકીમાં કળી સરકી ગઈ. ચંદ્રાને કળીના સ્પર્શે રોમાંચ થયો.

સુમંગલાએ ચંદ્રાના ગાલ ચૂમી લીધા.

'બેના, તારી અરજી સ્વીકારાઈ. ચાલ ઝટપટ નંદાલયમાં..'

'પણ...'

'પણ ને બણ, હું કહું તેમ કર. સમજ, તારું ભાગ્ય ખૂલી ગયું.'

બંને ઘરમાં ગયાં. માટીનાં બે કોડિયામાં તેલ રેડી, વાટ મૂકી સુમંગલાએ એક કોડિયું ચંદ્રાના હાથમાં થામી દીધું.

'બડી બેના, મારાં સાસુમાં...'

'તું ચૂપચાપ જોયા કર.'

સુમંગલાએ ઓસરીમાં બેઠેલાં માજીને રસ્તા પરથી જ બૂમ પાડી કહ્યું : 'કાકીમા, દીપ પ્રકટાવવા ચંદાને મારી સાથે લઈ જઉં છું. અબઘડી આવ્યાં સમજો.'

જવાબની રાહ જોયા વિના બન્નેએ નંદભવનનો રસ્તો પકડ્યો, રસ્તામાં ગોકુલની નારીઓની ભારે ચહલપહલ હતી. સૌ પરસ્પરને બોલાવતાં, ચાલતાં વાત કરી લેતાં આવનજાવન કરતાં હતાં. સૂર્યાસ્ત થયો હતો. અંધારું અવનિ પર ઉતરી રહ્યું હતું.

નંદભવનમાં કર્પૂર મિશ્રિત ઘીના દીવાઓની દીપમાળાઓ ઝગમગતી હતી.

'બડી બેના, અહીં તો દિવાળી જેવું –'

'અહીં રોજ દિવાળી છે.'

ચંદ્રા વિસ્મિત નેત્રે નંદભવનનું ઐશ્વર્ય ટગર ટગર જોઈ રહી હતી.

ઓસરીમાં સોનાની સાંકળોએ હાથીદાંત મઢ્યો સોનાનો ઝૂલો હતો. મખમલના ગાદીતકિયાની તે પર બિછાત હતી. નંદનંદન ઝૂલે બિરાજ્યા હતા. ખાસાનો પિછારો સિંહકટિ પર ધર્યો હતો. મસ્તકે લટપગી પાગ. કંઠમાં પુષ્પની માળાઓ ધરી હતી. નંદનદન ધીમી ગતિએ ઝૂલે ઝૂલતા હતા. બે બાજુ દીપમાળ હતી.

ચંદ્રાએ દીવો સળગાવવા દીપમાળ તરફ હાથ લંબાવ્યો, પણ આંખો અલબેલા તરફ હતી. સુધબુધ ખોઈ બેઠી હતી. દીવો સળગાવતાં, હાથ સળગ્યો, સળગતો રહ્યો. વિરહતાપની વેદના આગળ દાઝવાની વેદના ધ્યાનમાં જ ન આવી!

નંદનંદનની દૃષ્ટિ ચંદ્રાના બળતા હાથ તરફ ગઈ. શ્રીહસ્ત લંબાવ્યો. બળતા હાથની આગ ઠારી. જલનની વેદના ઠારી. ચંદ્રાના હાથ પર શ્રીહસ્ત ફરતો રહ્યો. ચંદ્રા આંખ મીંચી દિવ્ય સ્પર્શાનંદને માણતી રહી. એના માટે આ પહેલી જ અનુભૂતિ હતી.

યશોદાજીનો અવાજ આવ્યો. શ્રીહસ્ત પાછો ખેંચાયો. ચંદ્રા ભાનમાં આવી.

'અરી બાવરી, ક્યારની ઊભી છે? ઘેર કોઈ રાહ જોનાર નથી?'

કમને ચંદ્રા ઓસરીનાં પગથિયાં ઊતરી. પણ પગ પાછા પડતા હતા. ત્યાં પવન આવ્યો. દીવો રાય થયો. મનોમન રાજી થઈ. ઉપર ઉપરથી પવનને બબડતી ફરી દીવો પ્રકટાવવા ઓસરીમાં ગઈ. પછી તો પગથિયાં ઉતરે. દીવાને ફૂંક મારે. ફરી પગથિયાં ચડે.

'બસ હવે, બેનાં! રાત અહીં કાઢવાની નથી.'

ઘર નંદમહર ઘર મિષ હી મિષ આવૈ ગોકુલ કી નાર ।
સુંદર બદન બિનુ દેખૈ કલ ન પરતિ,
ભૂલ્યૌ ધામકામ આછૌ બદન નિહાર ।।
દીપક લૈ ચલી બાહિર, બાટ મેં બડો કરિ ડાર,
ફિર આય છબિ સોં બ્યાર કો દે તિ ગાર ।।
'નંદદાસ' નંદલાલ સોં લાગે હૈ નયન,
પલક કી ઓટ માનોં બીતૈ જુગ ચાર ।।

ભાવાર્થ :

ઘેર ઘેરથી ગોકુળની નારીઓ કંઈને કંઈ બહાનું શોધી, નંદરાણીના ત્યાં આવી રહી છે, કારણ નંદાલાલનું સુંદર મુખ જોયા વિના તેમને કળ વળતી નથી. સુંદર મુખકમળ જોતાં તેઓ દેહ, ગેહ અને બધાં કામ ભૂલી જાય છે.

દીપક પ્રગટાવી, નંદભવનની બહાર તો જાય છે, પણ રસ્તામાં ફૂંક મારી દીપક ઓલવી નાખે છે અને પાછી આવી, છટાથી પવનને ગાળ દે છે. નંદલાલ સાથે નયન એવાં લાગી ગયાં છે કે પાંપણની એક પલક તેમને ચાર યુગ જેટલી લાંબી લાગે છે.

* * *

૭. લાજ રખિયો હમારી

ચંદ્રાવલીના કાંકણદોરા છોડવાના હતા. ચંદ્રાવલી અને સુમંગલાનાં બંને કુટુંબો ગોવર્ધન જવા મળસ્કે જ તૈયાર થયાં હતાં. માફા પણ તૈયાર હતા. એકમાં સ્ત્રીવર્ગ ગોઠવાયો. બીજામાં પુરુષવર્ગ, સુમંગલાના પડખે ચંદ્રાવલી બેઠી હતી. પીળા ચણીયા-ચોળી પર લાલ ચુંદડીના ઘૂંઘટમાં લાલચોળ મુખને છૂપાવીને.

માફા ગોવર્ધનના માર્ગે દોડતા હતા. ઉબડ ખાબડ ભૂમિ પર દોડતા માફામાં બેઠેલાં સૌ હાલકડોલક થતાં હતાં. ઘૂંઘટની આડમાંથી ચંદ્રાવલી રસ્તા પરનાં વૃક્ષો જોતી હતી. એના કાને પોપટ, બપૈયા અને કોયલનો કલરવ પડતો હતો. લળી લળી ડોલતાં વૃક્ષોનો આનંદ જોઈ, તે છાનો નિસાસો નાખતી હતી.

મનમાં વિધાતા સાથે ઝઘડતી હતી : 'હે વિધાતા, મેં તારો શો ગુનો કર્યો છે? હું ક્યાં તારા રસ્તે આડી ઉતરી છું? તે મને લૌકિક પુરુષની નારી કેમ બનાવી? આ વૃક્ષો કેવાં સ્વતંત્ર છે! શ્યામસુંદરની સેવામાં કેવાં તત્પર છે! ભાગ્યશાળી પણ કેવાં કે શ્યામસુંદર એમની સેવા સ્વીકારવા સામા પગલે આવે! એમની છાયામાં ખેલે. એમની ડાળે ઝૂલે. એમનાં ફૂલ મસ્તકે ધરે અને ફળ આરોગે! આ પંખીઓ ય મુક્ત. પરિવારનું કોઈ બંધન નહીં. અહંતાનો અંશ નહીં. બસ મસ્તીથી 'ગોવિંદ, ગોપાલ' રટ્યા કરે. એમની આગળપાછળ ઊડ્યા કરે. નવનિકુંજોમાં કન્હાઈની કેલિ માણ્યા કરે. એમને કોઈને રોકટોક નહીં. બડભાગી તો મોર છે. એનું મોરપિચ્છ કિશન મસ્તક ધરે, શૃંગાર પૂરો થાય.'

ચંદ્રાવલીનું ધ્યાન માફામાં થતી વાતોમાં ન હતું. એ વાતોથી એના વિચારમાં વિક્ષેપ થતો, ત્યારે તે મનોમન હસી લેતી, એ લોકોનાં દુર્ભાગ્ય પર. અરે ભગવાને મનખાદેહ આપ્યો. ગોકુળમાં વાસ આપ્યો. વૈકુંઠથી અદકેરું ધામ આપ્યું પણ નટવરનું નામ જીભે રમતું નથી, નિંદારસ છૂટતો નથી! ભાગ્ય વિના ભગવાન મળે તો ભગવાનને ય ભોગવતાં ન આવડે. ચંદ્રાવલીના હોઠ ફફડવા લાગ્યા. તે ગણગણવા લાગી :

બૃંદાબન ક્યોં ન ભયે હમ મોર ।
કરત નિવાસ ગોવર્ધન પર, નિરખત નંદ કિસોર ॥

ક્યોં ન ભયે બંસીકુલ સજની, અધર પિબત ઘનઘોર ।
ક્યોં ન ભયે ગુંજાબન બેલી રહતી શ્યામજુકી ઓર ।
ક્યોં ન ભયે મકરાકૃત કુંડલ સ્યામ સ્રવન ઝકઝોર ।
'પરમાનંદદાસ' કો ઠાકુર, ગોપિન કે ચિત્ત ચોર ॥

ભાવાર્થ :

હે સખી! આપણે વૃંદાવનમાં મોર કેમ ન થયાં? એમ થયું હોત તો સદા રાતદિવસ શ્રીગોવર્ધન પર્વત ઉપર રહી, શ્રીનંદકિશોરને નિરખત.

હે સખી! બંસીના વંશમાં - વાંસ રૂપે આપણે કેમ ન જન્મ્યાં? તો બંસી બની શ્રીશ્યામનો અધરરસ પીવા મળત.

હે સખી! ગુંજાવનમાં ગુંજાનાં વૃક્ષ કેમ ન થયાં? ગુંજાના હાર રૂપે શ્રીનટવરના કંઠે ઝૂલત.

હે સખી! મકરાકૃતિ કુંડળ કેમ ન થયાં? શ્રીસુંદરવરના કાનમાં શોભત.

આ વ્રજનો ઠાકુર ગોપીઓનો આવો ચિત્તચોર છે.

દૂરથી વૃક્ષોની આડશમાં રક્ત-શ્યામ ગોવર્ધનનાં દર્શન થયાં. ગોવર્ધનનાં શિખરો પાછળથી બાલસૂર્યનું સૌમ્ય તેજસ્વી મુખ ડોકિયા કરતું હતું. એમાં ચંદ્રાને તો એના ચિત્તચોરની મુખરેખાઓનો જ અણસાર આવ્યો.

માફામાં બેઠેલો સ્ત્રીવર્ગ વ્રજના આગવા લહેંકામાં, તાલીઓના તાલે ગાવા લાગ્યો :

'ગોકુલ કો કુલ દેવતા પ્યારો ગિરિધરલાલ ।
કમલનયન ઘન સાંવરો, વપુ બાહુ વિસાલ ॥'

પાછળ ને પાછળ બીજું પદ ગવાયું - ઝીલાયું :

'હમારો દેવ ગોવર્ધન પર્વત ગોધન જહાં સુખારો ।'

સૌ ઉત્સાહમાં હતાં. ચંદ્રાવલી ગિરિરાજજીને જોઈ રહી હતી. એમનાં શિખર પર, શિલાખંડો પર, તળેટીની નિકુંજોમાં અને ગિરિગહ્વરમાં રસિયારાજને શોધી રહી હતી.

રાધાએ કહેલી એક ખાનગી વાત તે મનમાં મમળાવતી રહી હતી.

'દીદી, એક દિવસ ગોરસ વેચવા જતાં, સખીઓથી અચાનક અળગી થઈ ગઈ. રસ્તો વિસરી ગઈ. બપોર થવા આવ્યા. મારગમાં રસ્તો બતાવનાર કોઈ નહીં. પરસેવે રેબઝેબ પગ થાકી ગયેલા. મુખ મ્લાન. ગળું સૂકાય ત્યાં વેણુનો સ્વર આવ્યો. આશા બંધાઈ. ઊભી રહી. એક કુંજમાંથી નંદકુમાર બહાર આવ્યા. મને બોલાવી. પગમાં જોર આવ્યું. દોડી ગઈ. સૂકાતા હોઠ પર હોઠ મૂકાયા. અમૃતપાનનો અહેસાસ થયો. મુખ પરનો પ્રસ્વેદ ઉપરણાએ પોંછ્યો. હૈયે શીતળતા થઈ. કુંજમાં લઈ ગયા. કોમળ તૃણ અને સુગંધી પુષ્પોની પથારી હતી. મને હળવેથી સુવાડી. વ્રજરાજ મારા ચરણો પાસે બેઠા. હસ્તમાં કૃપાની કોમળતા આણી, મારા પાય પલોટવા લાગ્યા. હું તો શરમમાં ને સુખમાં આંખો બીડી, સંકોચથી સૂતી રહી.'

ચંદ્રાની તંદ્રા 'શ્રીગિરિરાજધરણ કી જય' ના નારાથી ઊડી ગઈ. પુરુષવર્ગના જયઘોષમાં સ્ત્રીવર્ગના જયઘોષના સૂર પૂરાયા. સૌ આસ્તેથી માફામાંથી નીચે ઉતર્યા.

માફામાં છેલ્લે હતી ચંદ્રાવલી. સુમંગલાએ ચંદ્રા જ સાંભળે એવા ધીમા સ્વરમાં, ગાડા પાસે ઊભા રહી કહ્યું :

'રાણીજી, દિયરજીને બોલાવું, તેડીને ઉતારે?'

ચંદ્રાએ જવાબ ન આપ્યો. વસ્ત્ર સંકોર્યાં. હળવેથી નીચે ઉતરી. મુખથી નીચે ઘૂંઘટ ખેંચ્યો. સૌની પાછળ ઊભી ઊભી શ્રીગિરિરાજબાવાને નિરખી રહી.

ગોર મહારાજ પૂજાની તૈયારી કરતા હતા. ચંદ્રાની નજર ગોરધન પર પડી. ગોરધન એના દેહનો પતિ. સાવ માસુમ લાગતો હતો. રહી રહી તરસી આંખે ચંદ્રા તરફ જોતો હતો. ચંદ્રા મનમાં હસી – 'બિચારો!'

ગોરધન અને ચંદ્રા શ્રીગિરિરાજજીના મુખારવિંદ સામે પાટલા ઉપર બેઠાં. ચંદ્રાની દૂરની નણંદે બંનેની છેડાછેડી બાંધી. પૂજન શરૂ થયું. ચંદ્રા શૂન્યમનસ્ક ચિત્તે પૂજા કરતી હતી. ગોરધનની આંખોમાં યુવાનીની ચંચળતા નાચતી હતી. ચંદ્રાના પડખે' સુમંગલા બેઠી હતી. ચંદ્રા મનોમન 'ગિરિરાજ તિહારો સરન' શબ્દો રટતી હતી.

એની નજર થોડાં વર્ષો પાછળ સરકી. ત્યારે વ્રજમાં પહેલીવાર ઈન્દ્રયાગના સ્થાને ગોવર્ધનયાગ થયો હતો. વ્રજવાસીઓની ભારે ભીડમાં પહેલી અલપઝલપ ઝાંખી થયાનું એને યાદ આવ્યું. એ બેઠી હતી, ત્યાં ગિરિરાજજી પૂરા ઢંકાઈ જાય એટલા સામગ્રીના ટોપલાઓના ઢેરના ઢેર થયા હતા. તે એકબાજુ રાધાની આંગળી પકડી મુગ્ધ નજરે જોઈ રહી હતી. ગિરિરાજજીમાંથી એકાએક જાણે તેજનો જબરદસ્ત મોટો ફૂવારો ઊડ્યો. સૌની આંખો અંજાઈ ગઈ. મિંચાઈ ગઈ. આંખો ખૂલી ત્યારે ગિરિરાજની આગળ સાક્ષાત ગિરિદેવનાં સૌને દર્શન થયાં. એક હજાર હાથવાળા ગિરિદેવ–અદ્દલ નાનકા કન્હાઈનું જ વિરાટ રૂપ. એવો જ વર્ણ. એવું જ રૂપ. એવાં જ વસ્ત્ર. એવા જ શૃંગાર. બધા જ વ્રજવાસીઓ આશ્ચર્યચકિત થઈ ગયા. આપસ આપસમાં કહેવા લાગ્યા :

'દેખો રી હરિ ભોજન ખાત'

ચંદ્રાએ ગિરિદેવનો જમણો હસ્ત અનાયાસ લાંબો ને લાંબો થતો પણ નજરોનજર જોયો હતો. પાછળથી એને ખબર પડી કે બરસાનામાં બડે તાતજી વૃષભાનજીની દાસી બદરોલા આવી શકી ન હતી. એનું માખણ માગવા એ હસ્ત બદરોલાની કુટિયા સુધી બરસાના પહોંચ્યો હતો!

ચંદ્રાવલી મનોમન વિનતી કરતી હતી : 'હે ગિરિરાજબાવા, તમારો એ હસ્ત મારા મસ્તક સુધી લંબાવો. એ હસ્ત લંબાવી નંદકુવરને અહીં લઈ આવો. એમના હસ્તમાં મારો હસ્ત સોંપો. તમારી વાત કન્હાઈ નહીં ઉથાપે. તમે એમના પ્રિય સખા છો ને? હે બાવા! આ લૌકિક પતિ મારા દેહનો કબજો ન લે, એવી મારા ઉપર કૃપા કરો. શાંડિલ્ય ગુરુજી કહેતા હતા – કામવાસના મહા ભયંકર અગ્નિ છે. શરીર સાથે આત્માને ય બાળી દે છે. કામ ભોગવવાથી શાંત થતો નથી. ઘી અગ્નિમાં હોમતાં અગ્નિ વધે. તેમ કામભોગ કરતાં કામ વધે છે. સાચો કામ તો ભગવાનને મેળવવાનો અને હૃદયમાં ધારણ કરવાનો રાખવો. ગુરુજી ખોટી શિક્ષા ન આપે. બાવા, મને લૌકિક કામથી બચાવો. અલૌકિક કામનું દાન કરો.'

ચંદ્રાને લાગ્યું શ્રીગિરિરાજજી એમની સન્મુખ ઊભા છે. રક્તશ્યામ તેજસ્વી સ્વરૂપ છે. સાત વર્ષનું વય છે. લાલ ધોતી, લાલ ઉપરણો અને લાલ પાગમાં બહુ સોહામણા લાગે છે. શ્રીહસ્તમાં લાલ લકુટિ છે. શ્રીકંઠમાં ગુલાબ અને કમળની માળાઓ છે. મંદ મંદ મરકી રહ્યા છે.

ત્યાં ગોરબાપાના કર્કશ અવાજે તે ધ્યાનભંગ થઈ : 'લાલી, કહા સોચ રહી હૈ? પૂજામેં ધ્યાન રખો.'

એની પરવશતા પકડાઈ ગઈ. એ છોભીલી બની ગઈ. ભોળા ગોરધને કાનમાં કહ્યું : 'અબ સદા કે લિયે તેરે સાથ હૌં. ધ્યાનકી કહા જરૂર? મુઝે દેખતી રહિયો.'

તે ધીમેથી બબડી : 'દેવ સામે બિરાજે હૈં, ઐસી બાત ન કરોજી.'

પૂજા પૂરી થઈ. આરતી પ્રગટી. આરતી કરવા બંને ઊભાં થયાં. આરતીના પહેલા આંટે ચંદ્રા ફરી વિસ્મિત થઈ. મુખારવિંદની ઉપરના શિલાખંડ પર કન્હાઈ બેઠા હતા. કેસરી સુથન, ચાકદાર વાગો અને કટિપર લાલ કટિબંધ, મસ્તકે રત્નજડિત સહેરો. તે ચમકી. એણે સુમંગલાના કાનમાં કહ્યું :

'બડી બેના, ઉપરની શિલા પે કછુ દિખાઈ રહ્યો હૈ?'

'નહીં તો.'

'ગૌર સે દેખ.'

'નહીં.'

'કન્હાઈ બૈઠે હૈ.'

'તુ સચમુચ પગલી હો ગઈ હો. યહાં કન્હાઈ કહાં સે આવે?'

'મેરી ગરીબકી કૌન માને?'

ચંદ્રાવલી ચૂપ રહી.

છેડાછેડી છૂટી. કંકણદોરા છૂટ્યા. વરઘોડિયાં સૌને પગે લાગ્યાં.

સસરા હરિનારાયણજી સાવ ભગવાનના જીવ. એમણે વહુને આશિષ આપી : 'હરિ કી ભક્તિ કરો, બેટા!'

સાસુજી છંછેડાયાં. 'કૈસી પાગલ જૈસી બાત રહે હો જી? બહુ કો સાધ્વી બનાને કી હૈ ? બહુ, અખંડ સૌભાગ્યવતી હો. અષ્ટ પુત્રવતી હો.'

કાકાજી અને કાકીજીએ આશીર્વાદ આપ્યા : 'શ્રીજમુનાજી તુમ્હેં સુખી રખેં.'

એ સુમંગલાના પતિ – એના જેઠના પગે લાગી. સુમંગલાને જેઠાણીના નાતે પગે લાગવા ગઈ પણ સુમંગલાએ તો એના બાથમાં લઈ લીધી. કપાળે હેતથી ચુમી કરી કાનમાં કહ્યું : નંદકુવર કી દુહાઈ તુઝે મિલે.

સાસુમાએ આદેશ આપ્યો. 'અમે અહીં આરામ કરીશું. તમે બે વધૂ અને બે દીકરા ગિરિરાજ મહારાજની પંચકોસી કરી આવો.'

સુમંલગા અને એનો વર સુબલ, ગોરધન અને ચંદ્રા પરિક્રમા કરવા ઉપડ્યાં. વડીલોની દૃષ્ટિમાંથી ઓઝલ થયાં એટલે સુબલ સુમંગલા સાથે થોડો આગળ નીકળ્યો. ગોરધને ગતિ ધીમી કરી, ચંદ્રાના ડગમાં ડગ મિલાવ્યાં. નવજુવાનિયાંને મોકળાશ મળી.

'સુમિ...'

'લાજો જી. પાછળ દિયરજી છે.'

'ભાગ્યવાન, એક વાત કહું?'

'પૂછવું પડે? કહો જી.'

'તારી બેન ચંદ્રા...'

'એનું શું છે?'

'બધી રીતે સારી છે, પણ...'

'પણ શું?'

'તને નહિ ગમે.'

'કહેવું છે, તો મોણ નાખ્યા વિના કહી દો.'

'થોડી બાવરી લાગે છે. ગોરધનથી ભાગતી ફરે છે.'

'એક દિવસમાં તમને ખબર પડી ગઈ?'

'તિરછી નજરે પાછળ જોઈ લે. ગોરધનથી ફાંસલો વધી ગયો છે કે નહીં? આપણે કંકણદોરા છોડવા આવ્યાં, ત્યારે તું...'

'બસ કરો જી, બધા સરખા સ્વભાવનાં ન હોય.'

'તારી બેન છે. એને સમજાવજે. ગોરધન ભલોભોળો છે. એની જિંદગી ન બગડે. કાકાજી ભગવાનના માણસ. કાકી દુર્વાસા. ગોરધનની પડખે રહે એવું છે કોઈ?'

'તમે છો ને?'

'એટલે તો કહું છું.'

'ચિંતા ન કરો. ભોળાના ભગવાન હોય છે. ઘીના ઠામમાં ઘી થઈ રહેશે.'

'તો બસ.'

ચંદ્રા પાછળ પડતી હતી. ગોરધન એનો સાથ કરવા ઊભો રહ્યો. અત્યાર સુધી બે ય બોલ્યા વિના ચૂપચાપ ચાલતાં હતાં.

'ચંદ્રા...'

'જી'

'થાકી ગઈ?'

'ના'

'પાછળ પડી ગઈ એટલે.'

'....'

'રિસાઈ ગઈ છે?'

'ના'

'હું નથી ગમતો?'

'...'

'રિઠોરા યાદ આવે છે?'

'....'

'ભાભીજી કહેતાં હતાં તું બડી બોલકી છે, પણ...'

ગોરધને ઊનો નિસાસો નાખ્યો. તે મોટેથી સ્વગત બબડ્યો : 'જનમના દુખિયારાના નસીબમાં બે મીઠા શબ્દોનું ય સુખ નથી. હરિ ઈચ્છા.'

ગોરધનના હોઠે ડૂસ્કું દોડ્યું આવ્યું. રોકવા પ્રયત્ન કર્યો. ન રોકાયું. આંખ રડી ગઈ. આડુ જોઈ ઉપરણાથી આંખ લૂછવા કોશિશ કરી.

ચંદ્રાથી છાનું ન રહ્યું. ચંદ્રા વિચારમાં પડી. મારું મન અવળચંડુ બને એમાં આમનો શો વાંક? અગ્નિની સાક્ષીએ હાથ પકડ્યો છે. એને દુઃખી જોઉં તો ભગવાન કેમ રાજી રહે? ગુરુજી કહેતા – સૌમાં ભગવાનને જુઓ. કોઈનું દિલ દુભવશો તો ભગવાન દુભાશે. આમણે મારું કંઈ બગાડ્યું નથી. એમનું જીવન બગાડું તો ભગવાન જરૂર કોપે.'

'કહું છું, જી.' ચંદ્રા બોલી ગોરધને ચંદ્રા સામે જોયું. ઘુંઘટ ઉપર તરફ ખેંચ્યો. ગોરધને ચંદ્રાનું મોં જોયું.

'દેવ સામે ઓછું ન આણો. દેવને ન ગમે.'

'હું'

'હું છું ને તમારી પડખે. ઓછું નહીં આવવા દઉં. ગિરિરાજબાવા પર ભરોંસો રાખો.'

ચંદ્રા સડસડાટ બોલી ગઈ. એને ય એના શબ્દોની નવાઈ લાગી. એ પગથી જમીન ખોતરવા લાગી.

ગોરધનની આંખ હસી ગઈ. આનંદના આવેશમાં તે ચંદ્રાનો હાથ પકડવા ગયો. ગોરધત્તને ખરાબ ન લાગે માટે મરકીને ચંદ્રા બોલી, 'ભાઈજી જુએ છે.' ગોરધને હાથ પાછો ખેંચી લીધો.

'દેવની પરિક્રમા કરીએ છીએ જી. દેવનું માન રાખવું પડે. હવેથી હું ક્યાં નાસી જવાની છું?'

બે સાથે લગોલગ ચાલવા માંડ્યાં. બેયના હૈયેથી ભાર હળવો થઈ ગયો હતો. બંને હળવાં ફૂલ બની ચાલતાં હતાં.

દાનઘાટીથી વળતાં સુમંગલાએ એના પતિ સુબલનું ધ્યાન ખેંચ્યું. 'જરા તિરછી નજરે પાછળ જુઓ.'

'શું છે?'

'તમારી શંકાનું સમાધાન.'

'વાહ! જુગલ જોડી શોભે છે ને કંઈ!'

'મારી બેન એવી નથી. ખાત્રી થઈને?'

'થઈ.'

'વધાઈમાં શું આપશો?'

'લાલો.'

'તમે તો સાવ...' સુમંગલા શરમાતી હરખાઈ ગઈ.

પરિક્રમા કરતાં ચંદ્રા ને ગોરધન ગોવિંદકુંડે આવ્યાં. ગોરધનમાં હવે વાત કરવાની હિંમત હતી. તેની જીભ ખૂલી. તે બોલ્યો :

‘ભાગ્યવાન, કિશન ભૈયા સાથે ક્યારેક ક્યારેક ગાયો ચરાવતા અહીં સુધી આવીએ છીએ. કિશન ભૈયાને આ જગ્યા બહુ પ્યારી છે. બપોરે અહીં છાક ખાઈએ. પછી પેલાં વૃક્ષો દેખાયને? એમના ઉપર ચડી, કુંડમાં ભૂસ્કા મારીએ. કિશન તો પેલી સૌથી ઊંચી ડાળી ઉપર ચડી જાય અને પછી કુંડમાં ધૂબકે.’

‘બાપ રે! ડર ન લાગે?’

‘ડર અને કિશનને? રામરામ કર.’

‘કિશનજી બીજું શું શું કરે?’

‘એકવાર બહુ ગમ્મત થઈ.’ ગોરધન ખૂલીને વાતે વળગ્યો. ‘બધા છાક ખાવા બેઠા. સુબાહુ આમતેમ ગાયો પાછળ ગયેલો. એને આવતાં વાર થઈ. બધા ભોજન કરવા લાગ્યા. કિશનના ત્યાંથી દહીં બહુ મસ્ત આવેલું. તાજું, મીઠું, ખડપા જેવું. બધા હાંલ્લી મારી ગયા. સૌએ આંગળીઓ પણ ચાટી. એટલામાં સુબાહુ આવ્યો. એણે દહીંના વખાણ સાંભળ્યાં. એણે કિશનને કહ્યું ‘કન્હાઈ, મેરે ભાગ કો ગોરસ?’ ‘સારો ગોરસ તો નિપટ ગયો, રોટી-માખન ખા.’ કન્હાઈએ કહ્યું. સુબાહુ થોડો અડિયલ. ‘નહીં, મો કો ગોરસ ચાહિયે.’ એ તો ઊભો ઊભો પગ પછાડવા લાગ્યો. કિશને કહ્યું : જિન નહીં પાયો, સુનો રે ભૈયા, મેરી હથેળી ચાટ.’ કિશને દહીંથી ખરડાયેલી એની હથેળી ધરી. સુબાહુ ચાટવા લાગ્યો. મેં પણ જરા ચાટી લીધી. ખોટું નહીં કહું.’

‘એક મિનિટ. ગોરસીના ગોરસમાં ને કન્હાઈની હથેળીના ગોરસમાં સ્વાદ સરખો જ હતોને? ગોરસ તો એક ગોરસીનું ને?’

‘ના, એની તો નવાઈ છે. હથેળીના ગોરસનો સ્વાદ તો કહત ન બનિ આવૈ. કારણ હજી બુદ્ધિમાં સમજાતું નથી.’

‘ગાયો સાથે રહેનારની બુદ્ધિ...’

‘વાત સાચી. પણ તું તો ગાયો સાથે નથી રહીને? તારી બુદ્ધિથી બતાવ.’

‘કિશનના અધરામૃતનો સ્વાદ.’

ગોરધન માથું ખંજવાળવા લાગ્યો.

‘મગજને તકલીફ ન આપશો. ચાખેલા સ્વાદને મમળાવો. તમે તો નસીબદાર એ સ્વાદનો આસ્વાદ મળ્યો.’

‘સુબાહુ શું કહેતો હતો - ખબર છે?’

‘મને ક્યાંથી ખબર હોય, હું ત્યાં હતી?’

‘ઐસો સ્વાદ હમ કબહુ નહીં ચાખ્યૌ, સુન ગોકુલ કે નાથ.’

આજ દધિ મીઠો મદનગોપાલ.

‘કહું છું...’

‘બોલો.’

‘કન્હાઈને માખણ રોટી ને ગોરસ બહુ ભાવે?’

‘હાસ્તો.’

‘એક દિવસ આપણા ત્યાં ભોજન કરવા બોલાવી લાવો તો?’

‘કહી જોઈશ.’

‘કહે કોઈ ન આવે.’

‘તો?’

‘હાથ પકડીને લઈ આવવાના.’

‘હં, ઠીક છે.’

બંનેના પગ ચાલતા હતા, ચંદ્રાવલી કન્હાઈની પરોણાગતના મનોરથમાં ખોવાઈ ગઈ. ગોરધન ચંદ્રાના વિચારમાં. બેયની દુનિયા નોખી!

• • •

જાન તો હરિ હી હાથ બિકાન્યો!

નિકસ્યો માન ગુમાન સહિત વહ, મૈં યહ હોત ન જાન્યોં ।।૧।।
નયનન સાટ કરી મિલ નયનન, ઉન હી સોં રુચિ માન્યોં ।
બકુલ યતન હરિ હૌં પચિહારી, ફિર ઈતકોં ન ફિરાન્યોં ।।૨।।
સહજસુભાવ ઠગોરી પરી, સીસ ફિરત અગરાનોં ।
‘સૂરદાસ’ પ્રભુ રસબસ ભઈ ગોપી, બિસર ગયો તનજ્ઞાનો ।।૩।।

•

૮. પ્રીતિ પરસ્પર ગ્રંથિ

ચંદ્રા તૈયાર થઈ, ત્યારે સૂર્યોદય થઈ ગયો હતો. એના સસરા ખેતરે જવા નીકળી ગયા હતા. પતિ ગોરધન પણ ગાયોને ચરાવા લઈ જવા ખીલેથી છોડતો હતો. સાસુમા વલોણું કરી ઓસરીમાં થાક ખાવા બેઠાં હતાં.

ચંદા ઊઠી ત્યારથી આનંદમગન હતી. એના રોમરોમમાં સ્ફૂર્તિ હતી. એના હોઠ મંગલ ગીત ગુનગુનતા હતા. આંખોમાં હરિદર્શનની પ્યાસ હતી. તેનો માંહ્યલો રટતો હતો – 'કોઈ મિલવે માઈ નંદકિસોર'. રટતાં રટતાં તે તેના જ વિચાર પર હસી–સાવ મૂરખ છે, તું તો વ્રજ આખામાં એવો એક જીવ તો બતાવ કે જે નંદકિશોર પામવા ન તરફડતો હોય! સૌ સૌનો વેત કરશે કે કોઈ તારો વેત કરશે?

એની બુદ્ધિ કહેવા લાગી – પ્રિતમને પામવાનો એક જ ઉપાય છે, એમ ગુરુજી કહેતા હતા. 'પ્રિતમ પ્રીત હી તે જાય પૈયે. એ પ્રેમાસ્પદ પ્રેમથી પ્રાપ્ત થાય છે. એને વશ રહે છે. એને રૂપ, ગુણ, શીલ, સુઘડતા આંજી શકતાં નથી. વેદ–પુરાણના જ્ઞાનથી એ મળતો નથી. એ મળે છે સાચા પ્રેમથી.

ચંદ્રા જમુનાતટ જવા તૈયાર થઈ. પીળા ઘેરદાર ચણિયા પર કસીને શ્યામ કંચુકી પહેરી. એના અલ્લડ જોબનને અરીસામાં જોતી, એ જોબન પર તે જ વારી ગઈ. ઉપર ગુલાબી ઓઢણી ઢાંકી દીધી. પગમાં ઝાંઝર, હાથે કંકણ, કંઠમાં હાર, કાનમાં લટકન પહેર્યાં. રૂપને ધારદાર સજાવ્યું. માથે મોતીની ઈંઢોણી અને તેની ઉપર ચાંદીની ચમકતી ખાલી ગાગર મૂકી ચંદ્રાવલી નીકળી – ભર અજવાળે પ્રીતમને મળવા જતી અભિસારિકા!

'વહુ બેટા, તમે જળ ભરવા શીદ ચાલ્યાં. જરાક થાક ખાઈ, હું હમણાં ભરી આવું છું.'

'મા, હવે મારા આવ્યા પછી, તમે જળ ભરવા જાવ અને હું ઘરમાં પગ ઉપર પગ ચડાવી બેસી રહું તે આપણને બેય ને શોભે? હવે તમારે આરામ કરવાનો. નવું નવ દિવસ, હવે હું નવી નથી. તમે બેસો હું અબઘડી આવી સમજો.'

ચંદ્રા પગથિયાં ઉતરી.

'વહુ, તારી મોટી બેનનો સંગાથ કરતી જા.'

ચંદ્રાએ ન જવાબ આપ્યો, ન સંગાથ કરવા ઊભી રહી. તે ઠકુરાણી ઘાટે પહોંચી, ત્યારે આકાશમાં સૂરજ ઠીક ઠીક ઊંચે ચડ્યો હતો. થોડો તીખો પણ થયો હતો. આજે ગોકુળની ગલીમાંથી ઘાટે જતાં, તેનાં પગલામાં આત્મવિશ્વાસ હતો, ચિર પરિચિતતાનો અહેસાસ હતો.

શ્યામ યમુનાજળ પર સૂર્યનાં સોનેરી કિરણો તરતાં હતાં. ચોમેર વૃક્ષો પુષ્પોથી લચી પડતાં હતાં. મીઠી મહેંકથી કિનારો મઘમઘતો હતો. શીતળતા સુખદ હતી. દૂરથી શ્રીયમુનાજીનાં દર્શન થતાં જ ચંદ્રાના હૃદયમાં સ્તુતિના શબ્દો જાગ્યા. એ શબ્દોને સૂરનો સાથ મળ્યો. જોડેલા બે હાથનો તાલ મળ્યો. 'નમો દેવિ યમુને, નમો દેવિ યમુને, નમો દેવિ યમુને, હર કૃષ્ણમિલનાંતરાયમ્.' (હે દેવી યમુના, આપને નમન હો, નમન હો. કૃષ્ણના મિલનમાં આવતાં અંતરાયોને આપ દૂર કરો)

ઠકુરાણી ઘાટ દિવ્ય શોભાયમાન હતો. ઘાટના ઉપરના ભાગમાં સુંદર કલાત્મક છત્રી હતી. તેના પર બે બાજુ કદંબનાં ઘટાદાર વૃક્ષો લળુંબ્યાં હતાં. ચંદ્રાની નજર છત્રી પર ગઈ. છત્રીના પર નંદકિશોર બેઠા હતા. પીત સૂથન પર આસમાની કટિબંધ. કંઠમાં લીલો પટકો. મસ્તકે પીત પાઘ શ્રીઅંગે હીરાનાં આભૂષણ. પાગમાં મોરચંદ્રિકા સાથે હીરાની કલગી. હોઠ પર બંસી, નેત્રોમાં નેહ.

ચંદ્રા દર્શન કરતાં હરખાઈ ગઈ. તે બબડી – 'આજકી છબિ કછુ કહતિ ન આવૈ.'

ઘાટ સૂમસામ. કોઈની અવરજવર નહીં. પંખીઓનો કલરવ, વેણુનો રવ અને જલતરંગોનો મર્મર ધ્વનિ. કન્હાઈના વેણુવાદનનું પાન કરતી. ચંદ્રા દબાતા પગલે બાજુમાંથી નુપૂરનો અવાજ ન થાય, તેમ હળવેથી ઘાટનાં પગથિયાં ઉતરી. તીરછી નજરે કૃષ્ણના વદનસુધાકરના લાવણ્યામૃતનું પાન કરતી રહી.

તેણે ઘસી ઘસીને ગાગર માંજી, બરોબર ખંગાળી. વહેતા જળમાં ન્હાવાનું મન થઈ આવ્યું ઘાટના પગથિયે ગાગર ને વસ્ત્રો મૂકી, જળમાં ઝંપલાવ્યું. એ તરતી રહી. અચાનક ભાન આવ્યું કે તે પિયરમાં નથી. સાસુમાં રાહ જોતાં હશે. ઝટપટ કિનારે આવી. ત્યાં કન્હાઈ એની ઓઢણી હાથમાં લઈ ઊભા ઊભા મંદ સ્મિત કરતા હતા.

'હાય મા.' ચંદ્રા શરમાઈ ગઈ બે હાથથી છાંતી ઢાંવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. આંખો મીંચાઈ જવા લાગી.

'મારી ઓઢણી આપો.' માંડ માંડ બોલી.

'હાથ લંબાવો.'

મીંચાયેલી આંખે હાથ લંબાવવા પગથિયાં તરફ આગળ વધવા ગઈ. પગથિયાં પાસે કીચડ હતો. પગ લથડ્યો. સમતોલન ન રહ્યું.

'વોય મા' ઝીણી ચીસ નીકળી ગઈ.

ત્યાં તેને કોઈક ટેકો મળી ગયો હોય એવું લાગ્યું. આંખ ખૂલી. નંદકિશોરનો એક હાથ તેના વાંસે હતો. બીજા હાથે તેનો હાથ પકડ્યો હતો. તે નીચું જોઈ ગઈ. અંગૂઠાથી ભીની જમીન ખોતરવા લાગી. રોમરોમમાં સુખદ રોમાંચ પ્રબળ બન્યો હતો. હૃદયની ધડકનો વધી ગઈ હતી. નંદકિશોરે કશું બોલ્યા વિના ખભ્ભેથી ઓઢણી લઈ, એના વક્ષસ્થળે ઢાંકી. કપોલ પર ચોંટેલી ભીની અલકલટોને કોમળ હાથથી લઈ, મસ્તકે ગોઠવી.

'લગ્યો તો નાહીં?'

ચંદ્રાએ નકારમાં માથું હલાવ્યું. પગથિયાં પરથી ગાગર લેવા ગઈ. કન્હાઈએ ગાગર ઉઠાવી. જળથી ગાગર ભરી વગર બોલે ચંદ્રાના માથે ચડાવી દીધી. બંને સાથે ઘાટનાં પગથિયાં ચડવા લાગ્યાં. ચંદ્રાને ભાન ન રહ્યું કે પગથિયાં ચડતાં નંદકિશોરે એનો હાથ ક્યારે, એમના હાથમાં લઈ લીધો હતો!

'ગોપી, કહા તિહારો નામ?'

'ચંદ્રા...ચંદ્રાવલી.'

'ગાઁવ?'

'રિઠોરા.'

'પિતા?'

'ચંદ્ર ભાન ગોપ.'

'રાધિકાકી ચચેરી બહેન?'

'હાં.'

'યહાઁ અભી માઈ?'

'જી.'

'પતિ?'

'...'

'સમઝ ગયો, વાકો નામ નહીં લેગી? સસુર?'

'હરિ નારાયનજી.'

'અચ્છા, હમારા સખા ગોરધનસે બ્યાહી હૈ! તોસોં ભાભી કહું?'

'ઉં હું.'

'તો?'

'ચંદ્રા.'

'અચ્છો. બહુત આછી હૈ, કભી કભી મિલતી રહના.'

કન્હાઈ તો નંદભવનની ગલીમાં વળી ગયા.

ચંદ્રાના હાથ અને વાંસે જ્યાં કૃષ્ણનો હસ્ત સ્પર્શ્યો હતો ત્યાં હજી ય તેને રોમાંચ થતો હતો. એ સ્પર્શનું એની આંખમાં ઘેન હતું. અંગ અંગમાં ઉત્તેજના હતી. હૈયામાં આનંદની અનુભૂતિ હતી.

સામેથી સુશીલા આવી. સામા બારણે રહેતી પડોશણ. ઉંમરે થોડી મોટી બટકબોલી. તે નિંદારસમાં શૂરી.

'ઓહો, ચંદ્રાબહુ! જળ ભરવા ગયાં હતાં? ગયાં હતાં તો સૂરજ ઊગતાં નહીં? ખાસ્સો દિવસ ચડે આવ્યાં ને કંઈ? દિયરજી ઘાટે સ્નાન કરવા આવેલા? હું ય પરણીને આવી ત્યારે આવું જ થતું. ઘરમાં ઘૂંઘટમાં જીવ ગભરાય. તમારા જેઠ તો વહુઘેલા. ઘરમાં આડું ય ન ઉતરાય એટલે...' સુશીલા વાત ગળી ગઈ.

ચંદ્રાએ જવાબ ન આપ્યો. હુંકારો ય ન ભર્યો.

'બાઈ, તારી સાસુ તો આગનો તણખો હતી, પણ તેં આવીને શો જાદુ કર્યો કે બરફનો ગાંગડો થઈ ગઈ છે.'

ચંદ્રા સીધી ઘેર પહોંચી. સાસુ રાંધણિયામાં હતાં. ચંદ્રા હાથ-પગ ધોઈ રાંધણિયાં ગઈ.

'બહુ વાર લાગી?'

‘હા, મા. ઘાટ પર રોહિણીમાં મળ્યાં. એમણે વાતમાં મને રોકી. સંકોચથી હું કહી ન શકી કે ઘેર સાસુમા ચિંતા કરતાં હશે.’

ચંદ્રા બોલી ગઈ, પછી એને આશ્ચર્ય થયું. વાત છૂપાવતાં એને આવડ્યાનું! એણે મનોમન દેવની માફી માંગી – ‘ખોટું બોલી છું. માફ કરજો. સાચું કેવી રીતે કહું?’

‘વાંધો નહીં, દીકરી. રોહિણી તો રોહિણી છે. એના જેવી શાંત, ઠરેલ, ગુણિયલ આખા ગોકુળમાં કોઈ નથી. પતિના વસમાં વિજોગનું દુઃખ છાતીએ ધરબી, હસતી રહે છે. એના ખુદના દીકરા દાઉ કરતાં ય કનૈયાનું લાલનપાલન વધારે કરે છે. નંદભવનની શોભા છે શોભા.’

‘જી, મને મારી મૈયા યાદ આવી ગઈ.’

‘પિયર તો સૌને યાદ આવે. જો, રસોઈ થઈ ગઈ છે. હું ખેતરે છાક આપી આવું.’

‘મા,તમને આંખે ઓછું સૂઝે છે. હવે તમારે ખેતરના ફેરાફાંટા નહીં કરવાના. હું જઉં છું.’

‘તારા સસરા તો જેઠજીની સાથે અડીંગ જવાના હતા. ખેતરે ગોરધન હશે. તું ય એની ભેળી જમી લે જે. મારે તો આજ અગિયારસ છે.’

‘ભલે’ ચંદ્રા છાકની ટોપલી માથે લઈ નીકળી.

ચંદ્રાને આવતી જોઈ એટલે ગોરધને કોશ હાંકવાનું બંધ કર્યું. બળદોને કોશથી છોડી, લીલા ઘાસનું નીરણ આપ્યું. ત્યાં ચંદ્રા આવી. વાયરાની લહેરે એના માથે ઓઢેલો ઓઢણીનો છેડો હળવી થપાટે ખેસવ્યો. ગોરધન એનું મોં જોતો સ્થિર થઈ ગયો.

‘ટગર ટગર શું જુઓ છો જી?’

‘ભર બપોરે ઊગેલા પૂનમના ચાંદને.’

‘અરે વાહ, તમે તો કવિ બની ગયા ને કંઈ!’

‘તમારાં જેવાં ચંદ્રમુખીનાં દર્શને તો પાણામાં ય કવિતા પ્રગટે.’ પાછળથી મધુર અવાજ આવ્યો.

ચંદ્રા ચમકી. હવામાં લહેરાતો ઓઢણીનો છેડો માથે ખેંચી, દાંત વચ્ચે દબાવ્યો. અવાજની દિશામાં ગરદન ફેરવી.

‘કિશન ભૈયા, આવો આવો. બિલકુલ મોકા પર આવ્યા છો. બેસી જાવ, રોટી ખાવા.’ ગોરધને ભાવથી કહ્યું.

‘ભાગ્યવાન, કિશન ભૈયા તો આપણા ગોકુળના રાજકુંવર છે. મારા જિગરી દોસ્ત.’

‘ભૈયા, હાથ-પાંવ ધોઈ અભી આવ્યો.’

ગોરધને પીઠ ફેરવી ચંદ્રાએ નંદકિશોર સામે નજર કરી. તે હસી ગઈ.

‘વણબોલાવ્યો મહેમાન બનીને આવ્યો છું. ભાભી.’

‘ભાભી નહીં…’

‘ચંદ્રા… ના, ચંદા.’

‘વણ બોલાવ્યા આવે એ જ અતિથિ. અતિથિ તો દેવ કહેવાય. અમારા મોં માથા પર.’

‘માથા પર તો બેસવા જેટલી જગ્યા નથી. લલાટમાં ને સેંથામાં તો ગોરધન બેઠો છે.’ કૃષ્ણે નટખટ સ્મિત કર્યું.

ચંદ્રાએ ઝટપટ લીલા ઘાસનો પૂળો ખોલી, આસન બિછાવી દીધું.

‘બિરાજો.’

પછી આડું જોઈ બોલી : ‘દેહ કે દિલ કોઈને સોંપ્યાં નથી. દિલદારની અમાનત છે. દિલદાર સ્વીકારે તો.’

એટલામાં ગોરધન આવી ગયો.

‘બડી ભૂખ લગી હૈ. પરોંસો.’

કેળનાં લીલાંછમ પાનની પાતળો બિછાવાઈ. છાકની ટોકરી પરનું વસ્ત્ર ચંદ્રાએ ખોલ્યું.

‘ભાભી, આપકી પત્તલ?’

‘મૈં બાદમેં…’

‘દેખ ગોરધન, હૌં તો ચલ્યો.’

‘અરે, ક્યોં રે?’

‘બનમે ભલા દેવરભાભીકી આડ હોવે ક્યાં?’

‘સાથ ખાના હો તો બૈઠૌં’

‘અચ્છા જી. ધરો તીસરી પત્તલ.’

‘અબ બાત જમી, ગોરધન. તૂ તો કછુ બોલ.’

‘ગોરધન મૂગો જ રહ્યો.’

પાતળો પિરસાઈ. મીસી રોટી ઘીમાં ઝબોળેલી. ઉપર બૂરું ભભરાવેલું બેંગનના ભરથાનું મસાલેદાર શાક. મગની દાળ, ટેંટીનું અથાણું.

ભોજન શરૂ થયું. ગોરધનનું ધ્યાન તો ભોજનમાં જ હતું. ચંદ્રા શરમ-સંકોચથી મારી કોળિયો ભરી શકતી જ નહીં. કન્હાઈ જમતા ઓછું, સ્વાદ વખાણતા વધુ.

‘ગોરધન, ખરો નસીબદાર કે આવી મધુર રસોઈ બનાવી ભોજન કરાવનારી લુગાઈ તને મળી છે.’

‘લાલા, યે સ્વાદ મેરી મા કી રસોઈ કો હૈ, લુગાઈકી રસોઈકોં નહીં. માકે હાથ કો સ્વાદ જાનૌં. યા કે હાથ તો ભોજન મિલ્યો હી નાહીં.’

‘જબ ભાભી ભોજન બનાવે, તબ મોંકો ભી ભોજન કો બુલાઈયો. જાકો સ્વરૂપ ઈતનો આછો, વાકો ભોજન ભી મધુર હોયગો.’

કૃષ્ણે ચંદ્રા તરફ જોઈ સ્મિત કર્યું.

‘સુન્યો, ભાગ્યવાન?’

‘જી,’

‘મેરી પસંદગી નહીં પૂછેગી?’

‘બતાવો જી.’

‘બેજર કી રોટી, ટેંટી કો શાક-સંધાનો, મીઠી ખીર ઔર છાછ.’ ચંદ્રા હરખાઈ. આ બધું તો એ સરસ બનાવે છે. એના પિતાજી બહુ વખાણતા.

‘કબ આનો હોયગો?’

‘સાસ ઘર પેં હૈ તબ તક તો...’

‘ચિંતા મત કર. મામાજી કે વહાં મા કો ભેજ દઉંગો.’ ગોરધન ઉત્સાહમાં હતો. ભૈયા, હૌં તોંકો ખબરિ કરુંગો.

ત્યાં તો બાજુના ખેતરમાંથી સાદ સંભળાયો –

‘ગોરધન એંઠા હાથ ધોયા વિના દોડ્યો.’

‘ચંદા, તેંને કછુ નહીં ખાયો!’

‘...’

‘લે, ઈતનો ખા લે.’

કૃષ્ણે મોંએ માડેલો કોળિયો ચંદ્રા તરફ લંબાવ્યો.

‘જી?’

‘જી, જી મત કર. મેરો નામ કિશન હૈ. લે, ખા લે.’

‘કોઈ દેખેગો.’

‘દેખનેવાલો તો મૈં હી હું. લે.’

ચંદ્રાએ મોં તો ખોલ્યું, પણ લજ્જાથી ધ્રૂજતી હતી. કૃષ્ણે ચંદ્રાના મુખમાં કોળિયો મૂક્યો.

ચંદ્રામાં હિંમત આવી. છાકની ટોકરીમાંથી રોટીનો ટૂક લીધો. સંધાનું મૂકી બીડું બનાવ્યું. વગર બોલે કૃષ્ણમુખ તરફ હાથ લંબાવ્યો. કૃષ્ણમુખ ખૂલ્યું. કોળિયો મુખમાં ગયો. કોળિયા સાથે ચંદ્રાની આંગળી દાંત વચ્ચે દબાઈ.

‘મા રે’ ચંદ્રાએ સીસકારો કર્યો. પછી કૃષ્ણ તરફ જોઈ આંખ ઉલાળી, મીઠો છણકો કર્યો.

‘કરડતાં જ આવડે છે?’

‘ના, રડાવતાં ને હસાવતાં ય આવડે છે.

‘સાવ ઢીટ છો.’

‘ગ્વાલિન, મીઠી તેરી ગારી પણ ગારી તુંકારે દેવાય, સમજી?’

‘સાંભળવાનો બહુ શોખ થયો છે?’

‘તારા ગુરુજીએ તને રસશાસ્ત્ર ભણાવ્યું છે?’

‘ના ભક્તિસૂત્રો ભણી છું’

‘એટલે જ. રસશાસ્ત્ર વિના ભક્તિસૂત્રો અધૂરાં. રસિકતા અને ભાવુકતા બે ય સાથોસાથ જોઈએ, તો વાત જામે. રસશાસ્ત્ર શીખવા મને ગુરુ કરવો પડે. મારા

જેવો રસશાસ્ત્રનો બીજો ગુરુ દુનિયામાં ન ભૂતો, ન ભવિષ્યતિ. પણ ગુરુદક્ષિણા પહેલાં લઈશ. ઈચ્છા હોય તો, કાલે સવારે ગોરધનની દાનઘાટીએ આવજો.

ચંદ્રા કંઈ કહે એ પહેલાં કૃષ્ણ તો ઊભા થઈ ગયા. ઉપરણાથી હાથ લૂછતા, જાય દોડ્યા. ચંદ્રા એમની પીઠને જોતી રહી. એના મનમાં કૃષ્ણના શબ્દો પડઘાતા હતા -' ઈચ્છા હોય તો, કાલે સવારે ગોવર્ધનની દાનઘાટીએ આવજો.'

એના મુખમાં રોટીના ટૂકના રૂપમાં શ્યામ પીગળતા હતા.

●●●

મેરો માઈ નયનન નેક બઢ્યો ।
કમલનયન ઘનસ્યામ છબીલો,
ચિત્તમેં રહત ચઢ્યો ।।૧।।
કો જાને કહાઁધો કહા કીનો,
મોહન મંત્ર પઢ્યો ।
યહ બંસી ગોપાલ હી દઈ,
બિધિ જુ બનાય ગઢ્યો ।।૨।।
મન ગજ પર્યો રૂપ સરિતામેં,
નાહિન પરત કઢ્યો ।
'વિદ્યાદાસ' સકલ બ્રજયો,
પ્રેમ નિસાન મઢ્યો ।।૩।।

●

૯. ચિત્ત ચોર્યો માંગિ દહીં

ભાદરવા શુક્લ પક્ષના દિવસો હતા. વરસાદે વિદાય લીધી હતી. સદ્યસ્નાતા સુંદરી જેવું આકાશ નિખરી રહ્યું હતું. વ્રજની વનશ્રી પણ સદ્ય સ્નાતા રમણીય હતી. ચોમેર દૂર ક્ષિતિજ સુધી લીલું ઘાસ છવાઈ ગયું હતું. ભરપૂર વરસાદ થવાથી સૌનાં મન પ્રસન્ન હતાં. ગાયો વધુ દૂધ આપવા લાગી હતી. વ્રજસુંદરીઓ દહીં અને છાસ વેચવા જવા લાગ્યાં હતાં.

ચંદ્રાવલીના વાસમાં યુવાન ગોપનારીઓ રાતે ઘરકામ પતાવી, સુમંગલાના વાડામાં ભેગી થઈ હતી. સુમંગલાના પડખે ચંદ્રાવલી પણ બેઠી હતી. વિશાખાએ વાત છેડી :

'નંદનો છોરો સાવ નમેરો થયો છે.'

'ખરી વાત. જેમ જેમ મોટો થાય છે, તેમ તેમ વધારે માથાભારે થતો જાય છે.' ભામાએ ટાપસી પૂરી.

'અત્યાર સુધી તો સૂનાં ઘરમાં ઘૂસી દૂધ, માખણની ચોરી કરતો. હવે તો ગોરસીઓ ફોડી નુકસાન કરે છે.' ચિત્રા બોલી.

'ને આખા ઘરમાં દૂધ દહીંનો કિચડ કિચડ કરી દે છે. ઘર ધોવા એની મૈયાને જળની ગાગરો ઊંચકી લાવવી પડતી નથીને એટલે એને છાવરે છે.' શ્રીદેવીએ તીખાશથી કહ્યું.

'યશોદામાને ફરિયાદ કરતાં હો તો? અહીં બળાપો કાઢવાથી શો ફાયદો?' ચંદ્રાવલીએ સૂચન કર્યું.

'બેન, તું તો નવી છે. એટલે ખબર નથી. ઘણીએ ફરિયાદ કરી પણ મા એક વાત માનવા તૈયાર નથી. ઉલ્ટાં ફરિયાદ કરનારને ધમકાવે. નંદરાણી છે ને! મોટાનાં કાટલાં મોટા.'

'એને રંગે હાથ પકડીને લઈ જવો જોઈએ.' ચંદ્રાએ બીજું સૂચન કર્યું.

'સુચિત્રાએ એ ય કર્યું કેમ'લી, બોલતી નથી?' શ્રીદેવી બોલી.

‘હા, એકવાર મારા ઘરમાં ઘૂસી ગયો. મને ખબર પડી. હું પાછલા બારણેથી ચૂપકીથી ઘરમાં ગઈ. કાનો ખાંડણિયે ચડી માખણ ખાય. મેં એને પાછળથી પકડ્યો. પછી એનો ડાબો હાથ મારા જમણા હાથે કચકચાવીને પકડ્યો. ગલીમાંથી ઘધેડતી લઈ જતી હતી નંદભવન તરફ. નક્કી કર્યું હતું કે એની કોઈ યુક્તિ ફાવવા ન દેવી. નંદબાવા સામે જ ગુનાગારને રજૂ કરવો. એણે મોંમાં દૂધ ભરી રાખેલું. તેનો કોગળો મારી આંખો પર કર્યો. જાણે રંગની પિચકારી છૂટી. હું ડાબા હાથે આંખ ચોળવા લાગી. નંદબાવા પાસે જઈ, ફરિયાદ કરી, ત્યારે બાવા ખડખડાટ હસતા જાય ને કહેતા જાય પગલી, આ મારો છોરો કયાં છે? તારો છોરો છે! લઈ જા તારા ધણી પાસે. બાવાની પાછળ ઊભો ઊભો કનૈયો મારી સામે દાંત કાઢે ને અંગૂઠો બતાવે.’

ચંદ્રા ચૂપ થઈ ગઈ. એનો અનુભવ તો અલ્પ હતો, પણ આનાથી સાવ જુદો હતો.

એક પ્રૌઢ સખી કહેવા લાગી :

‘યહ તો એક ગાઁવ કો વાસ ।
કહો કૈસે કેં બસિયે નિસદિન નિમિષ ન છાંડત પાસ ॥
યહ ઘાટી પેંડો સબ બ્રજ કો ઓર ન કહુઁ નિકાસ ।
નંદનંદન કો સહજ થાન યહ બાલક વૃંદ વિલાસ, ॥
કબહુઁ ક ભાજન છિન લૈત હઠ, કબહુઁક કરત દધિ નાસ ।
કબહુઁક ભુજ ગહિ ચલત કુંજમેં, યહ ગતિ કહિયે કાસ ॥
બોલિ ન સકૈં સકુચ અતિ જિયમેં, લોકલાજ કો ત્રાસ ।
ગિરિધરલાલ જાનિ પાયે હો જાનત કુંભનદાસ ॥’

ભાવાર્થ :

આપણો એક ગામનો વાસ છે. કેવી રીતે અહીં રહેવું એની સમજ પડતી નથી. રાત દિવસ એક ક્ષણ પણ નંદકુંવર કેડો છોડતો નથી. ગામની ગલીઓ, રસ્તા, પર્વતની ઘાટી બધું વ્રજમાં છે. વ્રજમાં એનું જ રાજ છે. બીજો કોઈ રસ્તો જ નથી. નંદનંદન સર્વત્ર છે. આ બાળક એના સખાવૃંદ સાથે વિલાસ કરે છે.

કયારેક હઠ કરી વાસણ ઝૂંટવી લે છે, કયારેક દહીં ઢોળી દે છે. કયારેક હાથ પકડી કુંજમાં લઈ જાય છે. આ બધી છેડાછેડ કોને કહેવી? મનમાં એટલો સંકોચ રહે છે કે બોલી શકાતું નથી. લોકલાજ નડે છે! આપણી આ નબળાઈ ગિરિધરલાલ જાણી ગયા છે.

સૌએ નક્કી કર્યું – કાલે સમૂહમાં દહીં વેચવા જવાનું. કનૈયો હરકત કરે તો સૌએ સમૂહમાં સામનો કરવાનો! એ ઢીટ છે, તો આપણે ય કમ નથી. એણે જે યમુનાનું પાણી પીધું છે, તે યમુનાનું જ પાણી આપણે પણ પીધું છે.

સૌ છૂટાં પડ્યાં.

ચંદ્રા ઘેર ગઈ. ગોરધન ઓરડે ઢોલિયા પર સૂઈ ગયો હતો. તે એના પગ પાસે પાંગઠે બેઠી પગ દબાવવા લાગી.

‘હાં, હાં, મારા પગ દુખતા નથી. ઘોડા જેવો છું.’

‘ખરેખર?’ ચંદ્રા હસી.

‘વિશ્વાસ નથી બેસતો? ખાત્રી કરાવું?’

‘જાવ રે. બધા પરુષ બૈરી પર શૂરા.’

‘એય, મેં કયારે તારા પર રોફ કર્યો?’

‘રોફ કરી તો જુઓ. ભાઈબંધ તો કિશનનાને?’

‘શું કર્યું કિશન ભૈયાએ?’

‘સાંભળવા આવવું’તું બડી બેનના વાડામાં. ગોકુળની બધી સ્ત્રીઓ એનાથી ત્રાસી છે. એની હરકતોથી તંગ આવી છે.’

‘તું યે?’

‘મને તો આવે ચાર દિ’ થયા!’

‘જો ભાગ્યવાન, બધાં કહે છે એવો કિશનભૈયા નથી. સ્ત્રીઓ એને ખોટો વખોડે છે.’

‘કારણ?’

‘બધી લોભિયણ છે. ભગવાને ગમે તેટલી ગાયો આપી, દૂધ દહીં–ઘી ભરપેટ આપ્યું, પણ વેચી દેવાનો જ લોભ! ન ધણી કે છોકરાંને પેટ ભરી પ્રેમથી ખવડાવે, ન પોતે ખાય. વાછરડાંને ય પૂરું દૂધ ન પીવા દે.’

‘એટલે?’

'કિશનનું દિલ દુખાય. એ કહે જે વાતથી ન સમજે એને લાતથી સમજાવો. એ કંઈ પોતાના માટે દહીં દૂધ ઓછાં ચોરે છે? એના જેવો દયાળુ ગોત્યો નહીં જડે.'

ચંદ્રા કૃષ્ણના સ્વભાવના આ બીજા પાસાને વિચારતી થઈ.

'એવી એક ગોપી શોધી લાવ કે જે ગરીબ હોય અને એનું ગોરસ કિશને લૂંટ્યું હોય!'

'મને શી ખબર?'

'એટલે તો તને કહું છું. આ ગોપીઓને તું ભીતરથી ઓળખતી નથી. મનમાં કંઈ છે અને બોલે છે કંઈ.'

'એમના મનની વાત તમે ક્યાંથી જાણી?'

'પરણ્યા ન હોઈએ પણ જાનમાં તો ગયા હોઈએ ને? કિશનનો દોસ્ત છું. બધું જાણું. પેલી શ્રીદેવી આવી હતી?'

'હા, બહુ ગુસ્સામાં હતી.'

'કિશનને એકલી મળે ઘાટે કે વાટે, ત્યારે લટુડી પટુડી થઈને કહે :' લાલા, માખણ ચોરીના મિસે મારા ત્યાં ક્યારે આવીશ?' એ તો કિશનની આગળપાછળ ગરબા ગાય છે, ગરબા.'

'ખરેખર?'

'ખોટું ત્યારે? તારી બડી બેનાને પૂછજે. એ બધું જાણે છે. મને વધુ બોલાવ મા.'

ચંદ્રા ચૂપ રહી. ખાટલે પડી પડી વિચાર મગ્ન થઈ. કન્હાઈના શબ્દો યાદ આવ્યા – દાનઘાટીએ આવજે, રસશાસ્ત્ર શીખવા. એના મનમાં કૃષ્ણ માટે પ્રેમ હતો, હવે અહોભાવ જાગ્યો. અહોભાવ ભાવને દૃઢ કરે એમ ગુરુજી કહેતા હતા તે યાદ આવ્યું. એની આંખો મિંચાઈ ગઈ.

ચંદ્રાવલી ઊઠી ત્યારથી જ એના મનમાં વિચારવલોણું ઘમ્મર ઘમ્મર ઘૂમતું હતું.

– આજે દાનઘાટીમાં નંદકુંવર શું કરે છે તે જોઉં.

– સખીઓની વાત સાચી છે કે કેમ એનો પત્તો લાગી જશે.

– આપણે જેવાં હોઈએ, એવાં બીજા દેખાય છે. ઝઘડાળુને સામે માણસ ઝઘડાળું લાગે. મને તો નંદકુંવર જરા ય ઝઘડાળુ ન લાગ્યા, અનહદ માયાળુ લાગ્યા.

– કદાચ એ ઝકઝોરી કરશે, દાણ માગવા જબરજસ્તી કરશે તો?

– તો શું થઈ ગયું? એમના હાથમાં ગોરસી પકડાવી દેવાની. આપણે ઝઘડો જ ન કરીએ તો, સામાવાળાને ઝઘડો કરવાનું શૂર જ ન લાગે.

– ના, ના એવી હાર તો ન સ્વીકારાય. ડોસી મરે એનો જેટલો ભય, એના કરતાં જમ ઘર ભાળી જાય એનો વધારે ભય. ઉપાય તો કરવો જ પડે.

– હાથમાં કંકણ પહેર્યાં તેથી શું? આ બાવડામાં ય બળ છે. ગુરુજી કહેતા હતા સ્ત્રી તો શક્તિનું સાક્ષાત સ્વરૂપ છે. અન્યાય, અધર્મ સામે સ્ત્રીએ દુર્ગા બનવું જોઈએ.

– જેવા પડશે એવા દેવાશે.

ચંદ્રાનો ભીતરી ધબકાર તો દિલથી યે અજાણ હતો. એ તો કંઈક જુદું જ કહેતો હતો.

– પોતાના માણસમાં લાખ દોષ હોય તો ય શું? દિલ મળી ગયા પછી દોષની ફરિયાદ રહે તો એ પ્રેમ કાચો.

– આ જન્મે નહીં તો આવતા જન્મે, આવતા જન્મે નહીં તો પછીને જન્મે, એ યે જન્મે ય નહીં તો સો-બસો-હજાર જન્મ પછી પણ પ્રેમાસ્પદને મારો પ્રેમ સાચો ને પાકો હોય તો સ્વીકારવો જ પડશે.

– મારે ક્યાં કાયાનો ભોગ જોઈએ છે? મારે તો એનું મન જોઈએ છે. બસ, એ મારા મનમાંથી ખસે નહીં. કાયાની ભૂખ તો મોહ છે, વાસના છે. મારે કંઈ જોતું નથી, મારે તો એને હૈયું આપી દેવું છે.

– કન્હાઈ ગોરધન નથી. ગોરધન તો હાડચામનો માણસ છે. કહાઈનું રૂપ માણસનું છે, પણ માણસ નથી. દેવ હશે? ના, ના દેવ તો પાંગળા હોય, વિષયી હોય, સુખ માટે તરફડનારા હોય. કન્હાઈ એવો નથી. એ તો દેવોનો દેવ છે, પરમાત્મા છે.

– પરમેશ્વર છે. મારે મન આત્માના પતિ છે. પતિવ્રતા પત્ની પતિના ચરણે સર્વસમર્પણ કરે. કન્હાઈ મારું આત્માનું સમર્પણ સ્વીકારશે? આજે ખબર પડી જશે.

ચંદ્રા વિચાર કરતી રહી ને નિત્યકર્મ પરવારતી રહી ભાદરવાના ઓતરા ચિત્રાના તાપે એને પરસેવે રેબઝેબ કરી દીધી હતી. તે નાવણિયામાં ગઈ. શીતળ જળની ધારા નીચે બેસી ગઈ. સ્નાન કરી, વસ્ત્રાભૂષણથી સજ્જ થઈ.આસમાની ઘેરદાર લહેંગાચોળી પર પચરંગી લહેરિયું છટાથી પહેર્યું. નખશિખ આભૂષણ પહેર્યાં. કંઠમાં મોતીનો નવસર હાર પહેર્યાં. અરીસા સામે છેલ્લી નજર નાખતી ઊભી રહી. એના રૂપ લાવણ્ય પર એ પોતે જ મોહી ગઈ. અરીસા આગળ ડાબા જમણા પડખાને ધરતી, નિરખતી ચંદ્રા પોતાના ઠસ્સા પર પોતે જ વારી ગઈ.

સુમંગલાએ ટહૂકો કર્યો : 'ચંદા... આ... ચાલો... તૈયાર?'

ચંદ્રા અરીસા પાસેથી ખસી. હીરની ઉઢાણી ને ઉપર ગોરસની ગોરસી ધરી ઘરમાંથી નીકળી. 'મા, બડી બેન સાથે ગોરસ વેચવા જઉં છું. છાક તમે પહોંચતું કરજો.'

'કાકીમા, બધાં સાથે છીએ. વહેલુંમોડું થાય તો ચિંતા ન કરશો.' સુમંગલાએ કહ્યું.

ચંદ્રા શેરીમાં આવી. શેરીમાં રૂપરંગનો સાગર છલકાતો હતો. વ્રજનું-ગોકુળનું જોબન હેલે ચડ્યું હતું. એક એક ગોપી લક્ષ્મીને લજાવે એવા લાવણ્યથી લસતી હતી. ચુંદડી અને લહેરિયાંનાં રંગ હવામાં લહેરાતા હતા. નુપૂરઝંકારથી ગામ ગાજતું હતું.

એક વૃદ્ધે ટકોર કરી : આ લશ્કર કોને જીતવા જાય છે?

સૌની ચાલમાં ઝડપ હતી. કંઠમાં મંગલ ગીત હતું. કેડમાં લલિત લચક હતી. આખો ય સંઘ ગોવર્ધનના માર્ગે ફંટાયો. દાનઘાટી દૂરથી દેખાઈ. પગ ઉપર અચાનક અનાયાસ બ્રેક લાગી ગઈ.

'અલી, પેલો માખણચોર અહીં જ ક્યાંક છૂપાયેલો હશે.' પાછળ ચાલતી શ્રીદેવીએ બૂમ પાડી.

'ઓહો! આમ તો બહુ ડંફાસ મારે છે. એનાથી ડરીને આજે કેવી પાછળ ચાલે છે!' વિશાખાએ ટોણો માર્યો.

'એના જેવું કોણ થાય? આપણી તો સ્ત્રીની જાત' શ્રીદેવી બબડી.

'તે તું એકલી જ સ્ત્રી છે નવાઈની?' સુચિત્રાએ કહ્યું.

'અરે, ઝગડો મા. લડનાર આવે ત્યારે લડવા બળ સાચવી રાખો.' સુમંગલા બોલી.

તે ચંદ્રા સાથે સૌથી આગળ હતી. વ્રજવનિતાઓનું વૃંદ દાનઘાટીની સાંકરી ખોરમાં પ્રવેશ્યું. જમણા હાથે ઊંચા ઊંચા ગિરિરાજજી હતા. ગિરિરાજજી ઉપર વૃક્ષો હતાં. વૃક્ષની આડમાં ગિરિરાજજી ઢંકાયા હતા. ડાબા હાથે વૃક્ષોની ઝાડી હતી. વચ્ચે સાંકડો કેડી જેવો રસ્તો. બેત્રણ માણસ એકમેકને દબાઈ માંડ સાથે ચાલી શકે. નીચે માખણથી યે મુલાયમ વ્રજરજ. ઉપર આકાશનાં દર્શન ન થાય.

સૌ ડાબે જમણે નજર રાખતાં, સતર્ક થઈ ચાલતાં હતાં. અડધો રસ્તો તો હેમખેમ પસાર થઈ ગયો. ચંદ્રાના મનમાં ચટપટી થવા લાગી– 'વચન આપ્યું હતું. તે નહીં પાળે? જોઈએ સત્યવચની છે કે નહીં?' શ્રીદેવી જેવીઓના કાળજે થોડી ધરપત થઈ હતી. 'છૂપાયો હશે, તો ય આટલું મોટું ટોળું જોઈ, સામે આવવાની હિંમત જ નહીં કરે.'

ત્યાંતો પર્વત પરની ઝાડીઓ પાછળથી કોલાહલ સંભળાવા લાગ્યો. પર્વતના શિખર પથી ધડબડ ધડબડ નીચે ઉતરવાના અનેક પદરવ ધસી આવ્યા. એ બધામાં એક સત્તાવાહી અવાજ હતો. સૌએ તેને પહેચાણ્યો.

'શ્રી ગોવર્ધનકી સિખર તેં મોહન દીની ટેર ।
અંતરંગ સોં કહત હૈ સબ ગ્વાલિન રાખૌ ઘેર ।।'

આગળ સખાઓ અને પાછળ નંદકુંવર. લાલ સૂથન, સોસની લાલ રંગની બેવડી કાછની, શ્યામ ચોળી, લાલ પીતાંબર, હીરાનાં ષોડશ આભૂષણ ને હીરાનો મુકુટ, લાંબી વેણી ખભેથી આગળ સરકી આવી, હવામાં ઊડતી હતી. સૌ નંદકુંવરને દેખતાં જ રહી ગયાં – ચરણ અટકી ગયાં. મુખ સ્તબ્ધ બની ગયાં. મોહનની ભૂરકીમાંથી ભાનમાં આવતાં, સૌ ઝડપથી આગળ વધવા લાગ્યાં

સખાઓ ચિલ્લાયા –

'ગ્વાલિન રોકી ના રહૈ, ગ્વાલ રહૈ પચિહાર ।
અહો ગિરિધારી દોરિયો, કહ્યો ન માનત ગ્વાર ।।
ચલી જાત ગોરસ મદમાતી, માનો સુનત નહીં કાન ।'

ત્યાં તો -

'દૌરી આયે મનભાવતે, સો રોકી અંચલ તાન ॥'

નંદકુંવરે આવતાં જ સૌથી આગળ ચાલતી ચંદ્રાના પચરંગી લહેરિયાંનો છેડો હાથમાં પકડી, પોતાના તરફ ખેંચ્યો. સાથોસાથ પરસ્પરની નજરો પણ લોહચુંબકની જેમ ખેંચાઈ. નજરો વાત કરતી રહી.

'વચન પાળ્યું છે ને?'

'એ તો સ્નેહનો સ્વભાવ છે.'

'રસશાસ્ત્ર શીખવું છે ને?'

'ગુરૂદક્ષિણા શી લેશો?'

'શીખવ્યા પછી માગીશ.'

'આપવાની ત્રેવડ નહીં હોય તો?'

'સમજીને માગીશ.'

'ભલે.'

'હું શબ્દોથી નથી શીખવતો. આચરણથી શીખવું છું, છતાં બતાવી દઉં. પહેલો પાઠ ઝકઝોરીનો, મર્મવચનોનો, વાંકી ભ્રૂકુટિનો. તીખાશમાં મીઠાશ છે. સમજણ પડી?'

'ના'

'સમજાવું.'

નંદનંદને ચેષ્ટા શરૂ કરી.

'એક ભુજા કંકન ગહૈ, એક ભુજા ગહૈ ચીર ।
દાન લૈન ઠાડે ભયે, ગહવર કુંજ કુટિર ॥ નાગરી દાન દે ।'

નંદનંદન જાણે ચંદ્રાવલીને પહેલી જ વાર જોતા હોય તેવા ભાવથી પૂછવા લાગ્યા :

'કહાં કી હો ગ્વાલિની, કહા તિહારો નામ? નાગરી દાન દે.'

જવાબ મળ્યો :

'બરસાને કી ગ્વાલિની, ચંદ્રાવલી મેરો નામ, મોહન જાન દે.'

કૃષ્ણ તીરછી નજરે બોલ્યા.

'બહુત દિના તુમ બચ ગઈ હો દાન હમારો માર ।
આજ હૌં લેહૌં અપુનો દિન દિન દાન સંભાર ॥'

ચંદ્રાવલીએ ચોમેર નજર ફેરવી. સખીઓ થોડું અંતર રાખી, ઉભી હતી. હોઠમાં હસતી હતી. કૌતુકભરી નજરે ખેલ જોતી હતી. ચંદ્રાવલીએ પણ કમર કસી.

'યહ મારગ હમ નિત ગઈ, કબહુ સુન્યો નહીં કાન ।
આજ નઈ યહ હોત હૈ સોં ગોરસ દાન ॥ મોહન જાન દો ॥'

જવાબ મળ્યો :

'તુમ નવિન નવનાગરી, નૂતન ભૂષન અંગ ।
નયો દાન હમ માંગિ હૈ સો નયો બન્યો યહ રંગ ॥'

વધારામાં નંદકુંવરે મુખમાંના તાંબુલની પિચકારી ચંદ્રાના પાલવ પર છીરકી. ચંદ્રા છેડાઈ :

'કહા ભયો મન ભાંવતે, મેરે અંચલ પીક લગાય?'

સામેથી નફ્ફટ જવાબ :

'કહા ભયો અંચલ લગી પીક હમાંરી ?
યાકે બદલે ગ્વાલિની મેરે નયન પીક લગાય.'

ચંદ્રાવલી ચીડાઈ : 'સૂધે બચન બોલિયે, લાલન ગોરસ દાન.'

'જૈસે હમ કછુ કહત હૈ, ઐસી તુમ કહિ લેહુ।
માન માને સો કીજિયે, દાન હમારો દેહુ ॥'

ચંદ્રાવલીએ જોયું કે સંગની બધી સખીઓ મોકાનો લાભ લઈ રફુચક્કર થઈ ગઈ છે. તે એકલી રહી ગઈ છે. તે ઢીલી પડી, વિનવવા લાગી :

'તુમ અકેલે હમ અકેલી, બાત નહીં કછું જોગ ।
તુમ તો ચતુર પ્રબીન હો, કહા કહેંગે લોગ? મોહન જાન દે ॥
સખી સબ દૂરિ નિકસી ગઈ, તુમ રોકિ વન માંઝ.'

ઘર તો દારુન સાસ હૈ, અબ હોન લગી હૈ સાંઝ । મોહન જાન દે ॥ પણ એમ માને તો મોહન શાના?

પ્રીતમને પિગળાવવા ચંદ્રાવલીએ બીજી દલીલ કરી :

'તુમ ઓઢી હૈ કામરી, હમ પહેર્યો હે ચીર ।
ઉમડિ ઘુમડિ આઈ બાદરી, અબ કહા બરસાવત નીર, મોહન જાન દે ।।'

નંદકુંવર એમની વાત પર અડગ છે.

'ભરે જાત હો શ્રીફલ કંચન, કમલ બસનસોં ઢાંક ।
દાન જો લાગત તાહી કો, તુમ દેકર જાહુ નિસંક ।। નાગરી દાનદે ।।'

ચંદ્રાવલીએ માર્મિક વાત કહી :

'પ્રીત હિયે મેં રાખિયે, સો પ્રગટ કરે રસ જાય.
આપ ચાલ સોં ચાલિયે, બડે બડેન કી રીત,
ઐસી કબહુ ન કીજિયે, હસૈ લોગ વિપરીત.'

નખરાળા કુંવર સમજવા તૈયાર જ નથી.

'તેરો ગોરસ ચાખવે, મન મેરો લલચાય ।
પૂરન સસી કર પાયકે, ચકોર ન ધીર ધરાય ।। નાગરી દાનદે'

ચંદ્રાવલીની ધીરજ ખૂટી. એનો ગુસ્સો પ્રકટ થયો :

'ગોરે શ્રીનંદરાયજી, ગોરી જસુમતી માય,
તુમ યાહી તે જુ સાંવરે, ઐસે લચ્છન પાય.'

પણ નંદકુવરે જવાબ વાળવામાં કમ નથી. રસશાસ્ત્ર શીખવવા બેઠા છે!

'મન મેરો તારન બસૈ ઔર અંજન કી રેખ ।
ચોખી પ્રીત હિયે બસૈ યાતે સાંવલ ભેખ ।।'

ચંદ્રાએ ટોણો માર્યો :

'ઠાલે ઠુલે ફિરત હો ઔર કછુ નહીં કામ !
બાટઘાટ ફિરત ફરો, આન ન માનત સ્યામ ।। મોહન જાન દે ।।'

નંદનંદન હસી પડ્યા. એમનું હાસ્ય કહેતું હતું : 'પગલી, તું શું જાણે? ભલભલા ધ્યાની, યોગી, ઋષિ, તપસ્વી મને પૂરો જાણી શક્યા નથી. છતાં તને મારું સ્વરૂપ બતાવી દઉં.'

'યહી હમારો રાજ હૈ વ્રજમંડલ સબ ઠૌર ।
તુમ હમારી કુમુદિની, હમ કમલ વદન કે ભૌર ।।

વ્રજ વૃંદાવન ગિરિ નદી પસુ પંછી સબ સંગ ।
ઈન સો કહા દુરાઈએ પ્યારી તુ મેરો અંગ ।।'

આટલું કહેતાં તો મોહને ચંદ્રાવલીના શિર પરથી ગોરસી પકડી લીધી. પારસમણિના સ્પર્શે લોખંડ સોનું બની જાય, તેમ શ્રી હસ્તના સ્પર્શે ગારાની ગોરસી સોનાની થઈ ગઈ!

'મોહન કંચન કલસિકા સીસ લીની ઉતાર ।'

ચંદ્રાવલી સુકુમારી હતી. ભાદરવાના તાપમાં, ઝકઝોરીનો તાપ ઉમેરાયો હતો. મનમાં ભય અને આનંદ ટકરાતાં હતાં. પરિણામે મુખ કમળ પર ઓસબિંદુ ઝળકે, તેમ શ્રમકણોથી મંડિત થયું હતું. વૃક્ષની નમેલી ચાર-છ ડાળીઓ તોડી, મોહનજીએ ચંદ્રાવલીને પવન પાંખવા માંડ્યો. ચંદ્રાવલી શરમાતી ગઈ. શ્યામનો કોમળ શ્રીહસ્ત ચંદ્રાવલીના હસ્તને સ્પર્શ્યો, પંજામાં પંજો પકડાયો. સ્નેહ વાણી નિસરી :

'શ્રમિત ભઈ હો, ચલો કુંજમેં, નેક પલોટું પાય ।'
ચંદ્રાવલી ના કહેવાની સ્થિતિમાં જ ન હતી.
'અંસ ભુજા ધરિ લે ચલૈ, પ્યારી ચરન નિહોર ।'
'અતિ સુખ પાયો સુંદરી વૃંદા વિપિન વિલાસ ।
ગોવિંદ પ્રભુ સ્યામ મિલૈ તબ પૂરી મનકી આસ ।।'

'ચંદ્રા, નટખટ નાગરે બહુ છેડછાડ કરી ?' સુમંગલાએ પૂછ્યું.

'બડી બેન, તમે ય મને રેઢી મૂકીને જતાં રહ્યાંને !'

'બેના, શું કરું? તું જ કહે. પછી તું કેમની છૂટી?'

'મેરી ભરી મટુકિયાં લે ગયો ।'
આપુન ખાત, ગ્વાલ હી ખવાવત, રીતી હરિ મોહે દે ગયો ।।
વૃંદાવન કી સઘન કુંજમેં ઊંચી નીચી મોસોં કહે ગયો ।
પરમાનંદ વ્રજવાસી સાંવરો, અંગુષ્ઠ દિખાય રસ લે ગયો ।।'

રાતે ઢોલિયામાં સૂતાં સૂતાં ચંદ્રાવલી 'દાનલીલા'ના સુખને મમળાવતી, વિધાતાને અરજ કરતી હતી :

'અહો બિધના તો પૈ અચરા પસાર માગોં

જનમ જનમ દીજૈ યાહી બ્રજ બસિવો ।
અહીર કી જાતિ સમીપ નંદ ઘર
ઘરી ઘરીન સ્યામ હેર હેર હસિવો ॥
દધિ કે દાન મિસ બ્રજ કી બિથનિ મેં
ઝક ઝોરન અંગ અંગ કો પરસવો ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ
સરદ રેન રસ રાસ કો વિલસવો ॥'

ભાવાર્થ :

હે વિધાતા! હું તમારી પાસે પાલવ પાથરીને માગું છું કે મને આ જ વ્રજમાં દર વખતે જન્મ આપજો. તેમાં ય આ અહીરની જ્ઞાતિમાં જ જન્મ આપજો અને નંદઘર નજીક રહેવાનું ભાગ્ય આપજો, જેથી હું વારંવાર શ્રીશ્યામને મળી શકું અને તેમની સાથે હાસ્યવિનોદ કરી શકું.(૧)

દધિના દાણના બહાને વ્રજની કેડીઓમાં ખેંચાતાણી થતાં પરસ્પરના અંગસ્પર્શનું સુખ મળે, અને શ્રીગિરિધર સાથે શરદની રાતે રાસવિલાસનું સુખ પણ મળે. (૨)

◆

૧૦. જલ બિન મીન અકુલાય

ચંદ્રાવલી ઊઠી ત્યારે તેની ડાબી આંખ ફરકવા લાગી હતી. આખી રાત દાણલીલાનાં સુખદ સ્વપ્નોમાં ગુજરી હતી. જે અંગસ્પર્શનું સુખ દિવસે એના ભાગ્યમાં નહોતું, તે રાતભર એણે માણ્યું હતું. રંગીન ઢોલિયાની મશરૂની સેજ પર રાતભર એનો દેહનો સ્વામી ગોરધન નસકોરાં બજાવતો ઘસઘસાટ ઊંઘતો રહ્યો હતો. ચંદ્રાવલી ઊઠી. એની નજર બારીમાંથી દેખાતી નંદાલય પર ઊડતી પીળી ધજા પર પડી. પરોઢના આછા આછા ઉજાસમાં ધજાનાં દર્શને પ્રીતમના પીતાંબરનું સ્મરણ કરાવ્યું. રાતનું સ્વપ્ન યાદ આવી ગયું. સાંકડી કેડી, બે બાજુ ગુંજાનાં કાંટાવાળાં વૃક્ષો, દહીંની મટુકી ખેંચતા પ્રીતમ, મટુકી પકડી ઊભેલી તે ઝકઝોરીમાં પ્રીતમનું પીતાંબર અને એનું નીલાંબર વૃક્ષોના કાંટાઓમાં ભરાઈ ગયાં. પિયુજી મટુકી છોડી, એનું નીલાંબર કાઢવા લાગ્યા, અને તે વ્હાલમનું પીતાંબર, માથા પરની મટુકી અસ્થિર થઈ. કાનજી પર દહીંનો અભિષેક. શ્યામ કાનજી – શ્વેત દહીં. એને હસવું આવી ગયું. નીલાંબરના પાલવથી મુખારવિંદ પરનું દહીં પોંછવા લાગી. વક્ષસ્થળ પરથી પાલવ સરક્યો – ચંદ્રાવલી મધુર યાદને મમળાવતાં શરમાઈ ગઈ.

બાજુમાં ઘોરતા દેહના સ્વામી ગોરધન પર નજર પડી. તેને પતિની દયા આવી. સાવ ભલો ભોળો છે! ગુસ્સે થવાનું કે બૈરી પર રોફ મારવાનું તો આવડતું જ નથી. નાના બાળક જેવો છે. બાળકની જેમ રિસાઈ જાય ખરો પણ પાછો મનાઈ પણ જલ્દી જાય. નરી નિર્દોષતા, લગ્નજીવનનો હક્ક ભોગવવા ય હરકત નથી કરતો!

ચંદ્રાવલીને યાદ આવ્યું કે ક્યારેક ગોરધન ઉત્તેજિત થઈ, તેને સ્પર્શી જાય, ત્યારે એ સ્પર્શથી એના પૂરા શરીરમાં હજાર હજાર વીંછીના ડંખ વાગ્યાની કાળી વેદનાનો એને અહેસાસ થાય. ગોરધનના કઠોર હાથનો પંજો એને વરુના હિંસક પંજા જેવો લાગે. આ વિચારે તે અત્યારે ય ધ્રુજી ગઈ.

ડાબી આંખ ફરકતી રહી. અમંગલનાં એંધાણની શંકા મનને ડસતી રહી. સ્વપ્નાનુભવનું સુખ ચૂરચૂર થઈ ગયું. આખું શરીર અજાણ ભયથી કંપવા અને

પછી તૂટવા લાગ્યું. જેમ તેમ વસ્ત્રો વ્યવસ્થિત કરી, ઓરડેથી બહાર આવી. હજી સાસુમાં ઊઠ્યાં ન હતાં. એ પ્રયત્નપૂર્વક દૈનિક કાર્યોમાં લાગી ગઈ.

સ્નાન કરી, વલોણું કરવા લાગી. સાસુમાં દેવમંદિરમાં દેવપૂજાની તૈયારી કરતાં હતાં ત્યાં બારણામાં સુમંગલા દેખાઈ. તેણે બારણેથી જ લહેકાભર્યા સ્વરે તેના આગમનની ઘરમાં જાણ કરી દીધી. 'કાકીમા, પાય લાગું ક્યાં છો?'

ચોકમાં વલોણું કરતી ચંદ્રાવલીને વિનાકારણ સુમંગલા પર ખીજ ચઢી. 'સામે ઊભી છે, તે દેખાતી નથી અને જે દેખાતાં નથી, તેને પોકારે છે!'

'તેમાં આટલી મરડાય કાં? જેનું કામ હોય એમને જ બોલાવું ને! તારી સાથે તો માથાં ઝીકવા પૂરો દિવસ પડ્યો છે. જરા મોં મલકતું રાખો, દેરાણીજી સવારના પો'રમાં આવો પાંચ મણનો તોબરો કાં ચઢાવ્યો છે? રાતમાં ઝપાઝપી'

'છટ્. હું શું કામ તોબરો ચડાવું? ચડાવે મારી બલા. કેમ પધરામણી થઈ છે?'

'તું પૂછનારી કોણ? મારા કાકાજીનું ઘર છે.'

સુમંગલા ટીખળના મુડમાં હતી.

એનાં કાકીમા બહાર આવ્યાં.

'આવ વહુ-શું કામ પડ્યું સવાર સવારમાં?'

'કાકીમા, રિઠોરાથી શ્રીદામા ભૈયા આવ્યા છે. કાલ રાતે આવ્યા હતા.'

બારણામાં શ્રીદામા ઊભો હતો. છ ફૂટ ઊંચો, સપ્રમાણ-ગૌર ઘાટીલું શરીર, કચ્છ વાળીને પહેરેલી નવીનકોર ધોતી. લાલ રંગનો ઘેરદાર જામો. માથે લાલ છોગાવાળી પાગ, ગળામાં મોતીની માળા, નાની, પાતળી, વાંકી મૂછો.

તે આગળ આવ્યો.

'માજી, પાય લાગું,'

'સુખી રહે, બેટા. રિઠોરામાં બધાં કુશળ છે?'

'હા, માજી.'

'આવ, અંદર આવ.'

શ્રીદામાને જોઈ ચંદ્રાવલીની આંખો હસી. મહિયરની યાદનો ધોધ ઉછળ્યો.

'ભૈયા...'

'બેનાં, કુશળ છે ને? તને લેવા અવ્યો છું.'

સુમંગલાએ ચંદ્રાવલીના કાનમાં મોં રાખી કહ્યું : 'કેમ રે, બાઈ, સમજ્યાં કેમ આવી છું તે? જવું છે ને બાવા પાસે? ત્યાં નંદબાવાનો મહેલ નથી. શું કરશો?'

ચંદ્રાવલી આજે હસવાના મુડમાં ન હતી. જવાબ ન આપ્યો.

ચંદ્રાવલીને બપોર પછી રીઠોરા પિયર મોકલવાનું નક્કી થયું. ગોરધન શ્રીદામાને સાથે લઈ ખેતર જવા નીકળ્યો, તેના પિતા હરિનારાયણજી વહેલા ખેતર જવા નીકળી ગયા હતા.

'દીકરા, મહેમાનને લઈ ભોજન માટે બાપ-દીકરા વહેલા ઘેર આવી પુગજો. વહુને વળાવાની છે.'

જતાં જતાં ગોરધન બારણેથી પાછો વળ્યો. કંઈક ભૂલી ગયો હોય એવા ભાવથી ઓરડે ગયો. અંદરથી બૂમ પાડી : સાંભળો છો?

સુમંગલાએ ચંદ્રાવલીને પડખે કોણી મારી, આંખો નચાવી. ચંદ્રાવલીએ સુમંગલાની કેડે ચૂંટિયો ભર્યો અને ઓરડે ગઈ.

'કહો.'

'પાછાં ક્યારે આવવાનાં?'

'દિવાળી પર, કેમ?'

'મને નહીં ગમે, એકલું લાગશે.'

'અત્યાર સુધી એકલા જ હતા ને!'

'ત્યારની વાત જુદી હતી. ભલે, જેવી તમારી મરજી.'

ગોરધનના ઓશિયાળા મોંને જોઈ, ચંદ્રાવલીને દયા આવી. તે મનોમન બબડી : ગોકુળિયું ગામ છોડી, મને ય જવા માટે પગ થોડો ઉપડે છે? માધવ વિનાનું મહિયર મોળું જ લાગવાનું, પણ શું કરીએ? અસ્ત્રીનો અવતાર જ એવો.

ચંદ્રાવલીને સાસુનું ફરમાન થયું – 'વહુ, આજે દહીં વેચવા નથી જવાનું. રીઠોરા જવાનું છે ને?'

ભલે, માજી. પણ જળ તો ભરી આવુંને?'

ચંદ્રાવલી જળ ભરવા જવા તૈયાર થઈ. માથે હીર ભરેલી ઊઢાણી અને ઉપર ચકચકતું બેડું મૂક્યું. બહારથી સાદ સંભળાયો, ઘરમાં કોઈ છે કે?'

અવાજ ઓળખ્યો, નટખટ નંદકિશોર હતા. તે માથે બેડા સાથે બહાર ગઈ. નટવર નાગર નેત્રો નચાવત ઊભા હતા. ગુલાબી મલ્લકાછ પર લીલો પટકો કસીને બાંધ્યો હતો. કંધા પર કેસરી પટકો હવામાં ઊડતો હતો. શ્યામ અંગ પર માણેકનાં આભરણ ઝગારા મારતાં હતાં. ઘુઘરિયાળા વાળમાં માણેકનો ટિપારો ધર્યો હતો. હસ્તમાં વાંસળી હતી.

ચંદ્રાવલીએ નેત્રથી સ્વરૂપરસ પીતાં પૂછ્યું : 'ફરમાવો.'

'તનક પ્યાય દે પાની. બહોત પ્યાસ લગી હૈ.'

'ઘરમાં આવોને.'

'ના, અહીંજ લઈ આવ.'

ચંદ્રાવલી ઘરમાં ગઈ. ખાલી બેડું પાણિયારે મૂક્યું. ભરેલ ઘડો લઈ આવી. હૈયે હરખ હતો. ચરણોમાં ચાહત હતી. હાથમાં ઉત્સાહ હતો. માથેથી ઓઢણીનો છેડો સરી ગયો.

નટવર નાગરે બે હાથનો ખોબો ધર્યો. ચંદ્રાવલીએ જળની ધાર કરી, ચાર આંખો મળી. હસી. પરસ્પરમાં ખોવાઈ ગઈ, છાતી પરથી સાડીનો છેડો ખસી ગયો. મોહનજીની દૃષ્ટિ ત્યાં ચોંટી ગઈ. ઘડો ખાલી થઈ ગયો.

થોડા ઓર લ્યાય દે, સખી.'

ચંદ્રાવલી બીજું જળ લેવા ગઈ. મન વિચારે ચડ્યું – હાય મા! આટલી બધી તરસ! અત્યારે તો ઉનાળો ય નથી. બીજો ઘડો લાવી. ખોબામાં જળની ધાર કરી નંદલાલનાં નેત્રો પરથી દૃષ્ટિ હટી, ખોબા તરફ ગઈ.'વાહ રે! ખોબો તો પોલો રાખ્યો છે. જળ જમીન પીએ છે. આવી ઢીઢાઈ?'

તેણે સલુકાઈથી કહ્યું : 'કુંવરજી, તરસ નથી ને ખોબો ધર્યો છે! જળ ભરી લાવવામાં મહેનત પડે છે. તમારા ઘરની જેમ અમારા ત્યાં જળ ભરવા દાસીઓ નથી. હવે આપને મારગ સિધાવો.'

નંદકિશોર હસ્યા. 'સખી, પ્યાસ પાણીની જ હોય એવું નહીં. હું પ્યાસો હતો, તો તું ય પ્યાસી નહતી? તારી મહિનાભરની હવે પ્યાસ ભેગી થશેને? એ પહેલાંથી છીપાવવા...'

'તમને કોણે કહ્યું?'

'મને કોણ કહે? જે જાણતું હોય તે. વ્રજમાં મારાથી છાનું કશું રહેતું નથી.'

'બહુ સારું. બીજી આજ્ઞા?'

'રીઠોરામાં ગમશે?'

'સુખી હું તેથી કોને શું? દુઃખી હું તેથી કોને શું?'

'બસ કે?'

ચંદ્રાવલીની આંખોમાં આંસુ ધસી આવ્યાં. તે ઘરમાં દોડી ગઈ.

શ્યામસુંદરે મનોમન કહ્યું – ગોપી, મનનો નિરોધ એક તરફી નથી હોતો. મારું મન પણ તારી પાછળ રીઠોરા દોડ્યું આવશે. ચાલ, મને ય સાંકરીખોરમાં ઘૂમવા મળશે. પ્રેમસરોવરે મહાલવા મળશે. સંકેતવનની સહેલ મળશે.

ચંદ્રાવલીએ ફટાફટ ઘરકામ આટોપવા માંડ્યાં.

સૂરજ માથે આવ્યો. ઘરનો દરવાજો ખખડ્યો. ઓઢણીનો છેડો માથે સરખો કરી, કપાળ સુધી ખેંચ્યો. પગલા ઓળખ્યાં. પીરસવાની તૈયારી કરી. પરોણા સાથે ઘરના પુરુષો પાટણે બેઠા, ભોજન પીરસાયાં. સાસું પરોણા સાથે વાતે વળગ્યાં.

'વેવાણને કહેજો કે નવરાતર બેસતાં વહુને તેડવા મોકલશે. હવે હું ય થાકી છું.'

જવાની તૈયારી થઈ. મંજુસ ભરાઈ. ચંદ્રાવલીએ કપડાં બદલ્યાં. દર્પણ સામે મોં રાખી ચાંલ્લો કરતી હતી. દબાતા પગે ગોરધન ઓરડે આવ્યો. દર્પણમાં ચંદ્રાવલીએ તેને જોયો. મરકી.

'કાનો મળ્યો'તો.'

'ક્યાં?'

'ખેતર જતાં, મારગમાં.'

'હું.'

'કહેતો હતો ભાભી વિના નહીં ગોઠે.'

'કોને? તમને કે તમારા મિત્રને?'

'બેઉને?'

'શું કરશો?'

'ખબર નથી. તને ગોઠશે?'

'ખબર નથી.'

'પાછી ક્યારે આવીશ?'

'તેડવા આવશે ત્યારે.'

'તારી મરજી.'

'મારી નહીં, માજીની મરજી. પણ એક વાત કહું. શરીરનું ધ્યાન રાખજો ખેતરે મોડે સુધી રોકતા નહીં. મારી ચિંતા ન કરતા.'

બહારથી સાસુની બૂમ પડી. ગોરધન ચંદ્રાવલીની સાવ નજીક આવવા ગયો. ચંદ્રાવલી સીફતથી સરકી ગઈ.

સસરા-સાસુને પગે લાગી. સુમંગલાને ભેટી પડી. માફામાં ગોઠવાઈ. શ્રીદામાએ બળદની રાશ હાથમાં લઈ, ડચકારો કર્યો, ઘુઘરા રણક્યા. માફો ચાલ્યો.

ચંદ્રાવલીને ગોકુળપ્રવેશની પહેલી સાંજ યાદ આવી ગઈ. ત્યારે આંખોમાં ઉત્તેજના હતી. આજે ઉદાસી છે. ત્યારે ગોકુળને નિરખવાનો ઉમંગ હતો, આજે ઉદ્વેગ છે. પવનમાં હિલોળાતી વૃક્ષની ડાળીઓ કહી રહી હતી – સખી, જઈશ નહીં. દૂર વહેતી યમુના મૈયાનો નિનાદ પણ નન્નો ભણતો હતો – તારા વિના નંદનંદનને નહીં ગોઠે.

એની બુદ્ધિ એને સમજાવતી હતી. સ્ત્રી માટે સંસારના બે કાંઠા, સાસરી અને મહિયર છે. એ બેના રાગ-ત્યાગ વચ્ચે એની જીવન નૌકા ફરતી રહે છે. એમાં જ એ ડૂબે છે. ઉદાસીની દાસી બની આયખું નહીં કપાય. પારકાની પાછળ પાગલ બનવું સ્ત્રીને ન પાલવે. એની ચાદરને ડાઘ લાગતાં વાર ન થાય.

બુદ્ધિની વાત મનને મંજૂર ન હતી. તેણે પૂછ્યું – કોણ પારકું? શાનો ડાઘ? નંદકુંવર પારકા ને ગોરધન પોતાનો? શાંડિલ્ય ગુરુજી તો કહેતા હતા કે મા-બાપ, પતિ-પત્નિ, ભાઈ-બહેન-દુનિયાના બધા સંબંધ આ જન્મ પૂરતા જ છે. આ શરીરના જ છે. શરીર મર્યુ અને બળ્યું એટલે બધું ડૂબી ગયું, આત્મા એકલો રહી ગયો. એ આત્માને કોઈ પિતા નથી, કોઈ પતિ નથી, કોઈ ભાઈ નથી, કોઈ પુત્ર નથી. આત્મા તો અલગારી છે. એને એક જ સંબંધ છે અને તે પરમાત્માનો.

પરમાત્માને પામવાથી ભલા ચાદર મેલી થતી હશે? મેલી હોય તો ય ઉજળી થાય. પોતાકા પરમાત્મા-બીજા બધા પારકા.

ચિત્ત વચ્ચે કૂદી પડ્યું – પણ નંદનંદન તો નંદબાવાનો દીકરો. પરમાત્મા તો નિરાકાર નથી? નંદનંદન પરમાત્મા કેવી રીતે? નંદનંદન પરમાત્મા નથી તો તારા આત્મા સાથે એમનો સંબંધ શાનો?

એણે મનોમન જવાબ આપ્યો – સાંભળી લો સૌ. શાંડિલ્ય ગુરુજી રોજ 'પુરુષસૂક્ત'ના પાઠ કરતા. તેઓ કહેતા, પર બ્રહ્મને હજાર મસ્તક છે, હજાર મુખ છે, હજાર ચરણ છે, અને હજાર હસ્ત છે. તેઓ પુરુષાકાર છે. તેઓ એમ પણ કહેતા કે તેમનામાંથી આખું જગત તેમણે પ્રકટ કર્યું છે. જે આટલા બધા આકાર રચે તે, પોતે શું સાકાર ન બની શકે? જો તેઓ નિરાકાર જ હોય તો વેદ ખોટા, જે કહે છે તેઓ આનંદકરપાદ છે?

બીજી વાત. નંદનંદન પરબ્રહ્મ પરમાત્મા ન હોય તો, છઠ્ઠીના દિવસે મહાદેવજી જોગીનો વેશ લઈ એમનાં દર્શન કરવા આવે? આખું ગોકુળગામ પૂરણમાસીનાં વચનો યાદ કરે છે. તે સાધ્વી યોગિનીએ યશોદામાને કહ્યું હતું – દેવી, તમારી કુખે સાક્ષાત ભગવાન અવતાર લેશે. એ સાધ્વીને ખોટું કહેવાનું કારણ? ગોરધને નજરે જોયેલી વાત કહી હતી કે એમણે શકટભંજનલીલા કરી, પૂતના મારી, તૃણાવર્તનો વધ કર્યો- એ શું મનુષ્યબાળક કરી શકે? બ્રહ્માજી એનું જૂઠણ ખાવા માછલું બની યમુનાજળમાં ફાંફાં મારે? એ દાવાનળ પી જાય? કાલિય નાગને નસાડે? એનું એક એક ચરિત્ર કહે છે. એ માણસ નથી, દેવ નથી, પૂર્ણ ભગવાન છે.

ત્રીજી વાત – કોઈ માને ન માને તેથી મને કોઈ ફરક નથી પડતો. એ મારા ભગવાન છે. ભગવાન સર્વના પિતા છે. મારા પણ પતિ છે. મારા આત્માના સ્વામી છે. મારા આત્માને દિવ્ય સુખ આપનારા છે. ગોરધન તો દેહનો પતિ છે. આત્માના પતિને આત્મા સોંપવાથી મારી ચાદર મેલી થવાની નથી.

ચોથી વાત. મને દુનિયાની પરવા નથી. જેને જે કહેવું હોય તે કહે, મારી હાંસી થાય કે નિંદા, સાસરિયાં સંઘરે કે ન સંઘરે, મહિયર મને સ્વીકારે કે કાઢી મૂકે, તેથી મને લાધેલું સત્ય હું છોડી દેવાની નથી. શાંડિલ્ય ગુરુજીએ કહ્યું હતું-બેટી, તું સામાન્ય બાળકી નથી. તું તો વેદની શ્રુતિ છે. ભગવતી શ્રુતિ છે. મારો નિશ્ચય અફર છે, અફર રહેશે.

માફાએ ગોકુળની હદ વટાવી દીધી હતી. માફો હાંકતા શ્રીદામાએ આટલી બધી વાર ખામોશી રાખી હતી. હવે તેનાથી ન રહેવાયું તે બોલ્યો :

‘બેના, ગુમસુમ કેમ છે? છોકરીઓને તો માવતર જવાનો ઉત્સાહ હોય!’

‘ભૈયા, ભોજન પછી વામકુક્ષિની મૂળથી આદત પડી ગયેલી. સાસરીમાં ય એ લાભ મળતો રહ્યો. માફો ચાલે, ત્યારે ઘોડિયામાં હીંચતી હોઉં એવું લાગ્યું. આંખ મળી ગઈ હતી. ચંદ્રાવલીએ દિલની વાત છૂપાવી.’

‘સાસરીમાં તકલીફ તો નથી ને? સાંભળ્યું છે તારી સાસુ તેજ મિજાજની છે.’

‘મારે માટે નહીં. મૈયાથી યે તેઓ મને અધિક રાખે છે, પંડની દીકરીની જેમ.’

‘ને ગોરધન ગોપ?’

‘પાંચ આંગળીએ દેવ પૂજ્યા હોય તેને મળે.’

‘બડી બેના કહેતી હતી –’

‘શું કહેતી હતી?’

‘કાનો બહુ પજવે છે!’

‘મને નહિ, બડી બેનાને! એ તો આખા ગોકુળને પ્યાર કરે છે. પ્રિયજનને છેડે તેને પજવણી કહેવાય? સાવ માસુમ, નિર્દોષ છે.’

‘તો તો સાસરીમાં તારી પાંચે આંગળીઓ ઘીમાં છે એમને?’

‘હા.’

‘મૈયા તારી બહુ ફિકર કરે છે.’

‘કેમ?’

‘તું અલ્લડ છે એટલે.’

‘મૈયા બહુ ભોળી છે. એ ભૂલી ગઈ કે સોળે સાન આવે. હવે તારી વાત કર. ભાભી સાથે બને છે?’

‘આ ભવમાં તો લાગતું નથી. જેવું ભાગ્ય લઈને આવ્યા હોઈએ તેવું ભોગવીએ. અમારે પુરુષને શું? બે ટંક રોટલા મળે હાઉં. બાકી સગામાં તો વગડો.’

ફરી ચુપકીદી છવાઈ ગઈ. માફો ચાલતો રહ્યો. ચંદ્રાવલી ઝોકે ચડી. રહી રહી આંખ ખૂલે. વ્રજમાં વૃક્ષ પર નજર મંડાય. પત્રે પત્રે વેણુધારીનો અહેસાસ થાય. આંખ ભીંજાય વિરહ ડોકાય. હૈયું પોકારે-હા નાથ! રમણ! પ્રેષ્ટ! ક્વાસિ ક્વાસિ? મહાભુજ! તમે ક્યાં છો? ક્યાં છો?

એને યમુનાતટ પર જળમાંથી બહાર ફેંકાઈ તરફડતી માછલીઓ યાદ આવી ગઈ. એમને ઉઠાવી ઉઠાવી તે જળમાં મૂકતી. આજે એ તરફડી રહી છે. એના હોઠ ખૂલ્યા, જીભ સળવળી. તે નીચે સ્વરે ગાવા લાગી –

‘શ્રીગોવર્ધનવાસી સાંવરે લાલ,
તુમ બિન રહ્યો ન જાય હો!
બ્રજરાજ લડે તે લાડિલે.’

માફો શ્રીગિરિરાજજીની તળેટીમાં પસાર થઈ રહ્યો હતો. ચંદ્રાવલીની આંખો ગિરિતળેટી, ગિરિગહ્વર અને ગિરિશિખર પર શ્રીનાથને શોધી રહી હતી. આજે એને કોકિલનું કૂજન અને કલાપીનો કેકારવ અકળાવતાં હતાં.

ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો. વ્રજરજમાંથી ભીની સુગંધ પ્રસરી – શીતળ પવનની લહેરખીઓ આવી. મોર ટહૂકવા લાગ્યા. ચંદ્રાવલી માફામાંથી નીચે ઉતરી પડી. એની સાડી ભીંજાતી, હવામાં ઊડવા લાગી. એણે મનભરી મલ્હાર આલપ્યો –દિલની વિરહજલન બૂઝવવા.

‘બોલે માઈ ગોવર્ધન પર મુરવા ।
તેસી યે સ્યામઘન મુરલી બજાઈ,
તેસે હી ઊઠે ઝુક ધુરવા ।।૧।।
બડી બડી બુંદન બરખન લાગ્યો,
પવન ચલત અતિ ઝુરવા ।
‘સૂરદાસ’ પ્રભુ તુમ્હારે મિલનકો
નિસ જાગત ભયો ભુરવા ।।૨।।’

◆

૧૧. શ્યામસ્નેહી કાજ શ્યામ ભયે શ્યામા

'ચંદા?'

સાંજ થવા આવ્યા છતાં પલંગ પર સુસ્તીથી લેટી રહેલી ચંદ્રાવલીના કાને એનું નામ પડ્યું. આ લાડકા નામે તો બડી બેના સુમંગલા જ એને પોકારતી. ચંદ્રભાન ગોપના રિઠોરામાં આજ સુધી બીજા કોઈએ એને આ નામથી બોલાવી નથી. રિઠોરાની રાજકુંવરી છે. સૌ એનું માન રાખે. સખીઓ પણ અદબ ન છોડે.

તે ઊઠીને બારીએ ગઈ. એની ઉંમરની જ એક ષોડશી ઊભી હતી. ચહેરો અને અવાજ બે ય સાવ અજાણ્યાં હતાં. શ્યામલવરણી પણ નજર લાગી જાય તેવી સોહામણી હતી. કેતકીના સોટા જેવી પાતળી ને ઊંચી. એનાથી યે બે ઈંચ ઊંચી હતી. આંખો કમળપત્ર જેવી વિશાળ. પોપટની ચાંચ જેવું નાક. પરવાળાં જેવા હોઠ. અંગ અંગમાં પ્રસન્નતાનો પમરાટ. પીળી ચુંદડીની કંચુકી. લાલ લહેંગો ને કાળી ચુંદડીની સાડી. હીરાનાં સોળ આભૂષણ. હાથમાં ફૂલ વીણવાની લાલ વસ્ત્ર મઢી છાબ.

ચંદ્રાવલીએ પૂછ્યું : 'કોનું કામ છે?'

'તમે જ ચંદા?' 'હા.'

'તો તમારું જ.'

'અંદર આવો.'

ઓશરીમાં બંને મળ્યાં. ચંદ્રાવલીએ કહ્યું : 'બેન, મેં તમને ઓળખ્યાં નહીં.'

'હું તો તમને જાણ કરવા આવી છું કે ગામની બધી છોકરીઓ ફૂલ વીણવા વનમાં ઉપડી ગઈ છે. બધીઓ મને રસ્તામાં મળી. તમે જલ્દી ચાલો, નહિ તો તેઓ બધાં ફૂલ વીણી લેશે. પછી તમારા માટે રહેશે નહીં.'

'અત્યારે ફૂલ વીણવા?'

'લો, ગોકુલ જઈને બધું ભૂલી ગયા! સાંઝીના દિવસો નથી?'

'હાં, હાં, ખરી વાત. હું આવી છું એવી ગામમાં કોઈને ખબર જ નથી. બાકી મને બોલાવ્યા વિના ન જાય. પણ બેન, તમે તમારો પરિચય ન આપ્યો.'

'દાસીનો શો પરિચય? પરિચય તો રાધાજીનો હોય કે ચંદ્રાવલીજીનો હોય – હમ તો ગુજરિયા દાસી તિહારી.'

'તો પણ... નામ? ગામ?'

'નામ શ્યામા, ગામ નંદગામ. તમારા પ્રતાપે વ્રજવાસ મળ્યો છે.'

'શ્યામાબેન...'

'ઉહું. શ્યામાબેન નહીં, શ્યામા.'

'ભલે, શ્યામા, મૈયાની રજા લેવી પડે. સ્ત્રી પરણે એટલે એની જિંદગી બદલાઈ જાય. એના પગમાં બંધનોની બેડીઓ પડે. સાંઝી તો કુંવારી કન્યાઓનો તહેવાર.'

'આગલા જન્મ માટે તો કુંવારાં જ છોને, કુંવરી! મૈયાને હું મનાવી લઉં તો?'

'પણ કેવી રીતે?'

'જોયા કરો. મૈયા ક્યાં છે?'

'પાછલી ઓસરીમાં. બડી કાકીમા સાથે બેઠાં બેઠાં વાતો કરે છે. ચાલ.'

ચંદ્રાવલી શ્યામાને માધવીજી પાસે લઈ ગઈ. શ્યામાએ બેઉ મૈયાઓને નીચા લળી, પગ સ્પર્શી કહ્યું : 'પાય લાગું મૈયા.'

'ચંદ્રા, નવી સાહેલી છે?'

'હા, મા. શ્યામા નંદગામથી આવી છે.'

'સુખી રહો, બિટિયાં. બેસ.'

'માજી, આ કંકણને ઓળખો છો?' શ્યામાએ સોનાનું કંગન માધવીના હાથમાં મૂક્યું.

'આ તો ચંદા બેટીનું છે.' કનકલતા કાકીએ જોતાં જ કહ્યું. 'લગ્ન વખતે એના કાકાએ આપેલી કંગનની જોડીનું છે.'

ચંદ્રાવલી ચમકી. નજર હાથ પર ગઈ. કાંડે કંગન ન હતાં. કાચની ચુડીઓ જ હતી. ગોકુળથી નીકળી, ત્યારે તો કંગન ચોક્કસ પહેર્યાં હતાં!

‘તને ક્યાંથી મળ્યું, બેટી?’ માધવીએ પૂછ્યું.

‘રિઠોરા ને બરસાના વચ્ચેથી. રસ્તામાં રેતમાં અડધું દટાયેલું ચમકતું હતું. નંદગામ પાસેથી તમારા માફાને જતો જોયેલો.’

‘તું માફાને ઓળખે છે?’

‘રિઠોરાના રાજાના માફાને કોણ ન ઓળખે?’

‘ચંદા બેટી, કંગન પડી ગયાનું તને યાદ છે?’

‘ના, મૈયા. મારું તો ધ્યાન જ નથી.’

‘બીટિયાં, આ તો સૌભાગ્ય કંકણ છે. ખોવાઈ જાય તો અનિષ્ટ થાય. સાચવવાં પડે. તું તો હજી એવી ને એવી નફિકરી રહી.’

‘બીજું કંગને રસ્તામાં જ પડી ગયું હશે.’ કનકલતા બોલ્યાં.

‘આજે સવારે હું ફૂલ વીણવા ગઈ, ત્યારે બગીચાના માળીએ મને આ જોડીનું જ કંગન બતાવ્યું અને પૂછ્યું – આ તારું કંગન છે? મેં ઓળખ્યું. મેં કહ્યું – ના મારું નથી, પણ ચંદ્રાવલીનું છે. લાવો, એને આપી દઈશ. માળીદાદા કહે – એમ ન અપાય. એને મોકલજે, આમાંનું બીજું લઈને ખાતરી કરીને આપીશ. મને મળ્યું છે.’

‘મૈયા, હું શ્યામા સાથે જઉં?’

‘જવું જ પડે. ઝટપટ તૈયાર થઈને જા.’

‘માજી, એક બીજી વિનંતી છે. મારી બધી સખીઓ તો સાંઝી માટે ફૂલ વીણવા જતી રહી છે. હું આ કંગન લઈને આવી. હું ને ચંદ્રાવલી સાંઝીનાં ફૂલ વીણતાં આવીએ?’

‘જરૂર તે એને મદદ કરી તો એ તને મદદ કરે જ ને?’

‘ના, જવા દો. નહીં ફાવે.’

‘કેમ?’

‘ફૂલ લઈ નંદગામ પહોંચતાં રાત પડી જાય. ફૂલ ચિમળાઈ જાય. સાંઝી ચિતરું ક્યારે ને પૂજું ક્યારે?’

‘તો એમ કર. ફૂલ લઈ ચંદા સાથે અહીં જ આવજે. બે સખીઓ મળી સાંઝી ચિતરજો. ચંદા પરણી એટલે આ વરસથી અમારા ત્યાં સાંઝીનો ઉત્સવ નહોતો. ભગવાને જ એ ઉત્સવ કરવા તને મોકલી છે. સંકોચ ન કરીશ. તારું જ ઘર સમજ.’ માધવીએ કહ્યું.

શ્યામાને જોઈ, ત્યારથી ચંદ્રાવલીમાં ચેતન આવ્યું હતું. તે હોંશ – ઉમંગથી તૈયાર થવા ગઈ.

‘હું ચંદ્રાવલીને તૈયારી થવામાં મદદ કરું. મોડું ન થાય.’ એમ કહેતી શ્યામા પણ પાછળ ગઈ.

ચંદ્રાવલીએ ઓઢણી પલંગ પર ફેંકી, મોં ધોઈ, દર્પણ પાસે ઊભા રહી વાળનો ચોટલો છોડ્યો હતો. શ્યામાએ કાંસકો લીધો. નાગ જેવા લાંબા ભરાવદાર વાળની ગૂંચો સિફતથી કાઢી, ઓળ્યા. ઢીંચણથી નીચે પહોંચતો ઢીલો ચોટલો લીધો. મુખકમળ શણગાર્યું.

‘શ્યામા, તું બહાર જા. હું વસ્ત્ર બદલી લઉં.’

‘સ્ત્રીને સ્ત્રીનો શાનો સંકોચ?’ હું જ તને ઝટપટ પહેરાવું.’

ચંદ્રાવલી ના... ના કરતી રહી ને શ્યામાએ વાંસા પરની કંચુકી કસોની ગ્રંથિઓ ખોલી. ફૂલ ગુલાબ રંગની કંચુકી પહેરાવી, એવો જ લહેંગો. ઉપર લીલી ચટક ચુંદડી. લમણા પર નજર ન લાગે માટે મસિબિન્દુ કર્યું. પોતાના ગળામાંથી ઉતારી, ચંદ્રાને હીરાનો હાર પણ, ચંદ્રાવલી ના, ના કરતી રહીને પહેરાવી દીધો. પછી ચંદ્રાવલીને બાથમાં દબાવતાં કહ્યું : ‘હું આજે પુરુષ હોત તો...’

‘તો શું? છટ્... હું તો પરણેલી છું.’

‘મને બધી ખબર છે.’ ચાલ, જઈશું?’

બેઉ નીકળ્યાં. ગામ બહાર ગયાં. ફૂલવાડીએ જતાં ચંદ્રાવલીએ પૂછ્યું :

‘શ્યામા, તું સ્ત્રી છે, પણ તારા હાથના પંજા કોમળ નથી, કઠોર છે.’

‘સાચી વાત. સોતેલી મા મળે ત્યારે એવું જ થાય.’

‘ઓહ, મને એ ખબર નહીં.’ પણ ભુજાઓ ય પુરુષ જેવી છે.’

‘ઘરમાં એકલી. ખેતી મારે કરવાની, કોશ હાંકવાનો, હળ ચલાવવાનું.’

‘બહુ દુઃખી છે તું તો.’

‘ના રે ના, તારા જેવી સખી મળે એ સુખની તોલે બીજું કોઈ સુખ ન આવે. છોડ એ વાતો. તારી વાત કહે. સાસરે સુખી છે ને?’

‘હું.’

‘નસીબદાર છે કે ગોકુળમાં સાસરું મળ્યું છે. નંદનો કુંવર બહુ નટખટ છે? પજવે છે?’

‘મીઠડો છે. જો જો કરે સોઈ સોઈ ભાવે.’

‘એના વિના રિઠોરામાં ગમે છે ખરું? અમારા જીજાજી યાદ આવે છે?’

‘તારા જીજાજી તો યાદ નથી આવતા, પણ આ વખતે રિઠોરામાં સુસ્તી ખૂબ લાગે છે. મજા નથી આવતી. તું મળી ગઈ તો ગમશે એવું લાગે છે.’

ચંદ્રાવલીએ શ્યામાનો હાથ પકડી લીધો. એના આખા શરીરે ઝણઝણાટી થઈ. એને નવાઈ લાગી. પહેલાં કદી આવું થયું ન હતું. સખીઓના હાથમાં હાથ પરોવી, તે આ વનમાં ઘણું ઘૂમી છે. જે હાથ પહેલાં કઠોર લાગેલો એ જ હાથ અત્યારે માખણ જેવો કોમળ લાગ્યો. એણે હળવે હળવે શ્યામાના હાથનો પંજો દબાવ્યો. જેમ જેમ દબાવતી ગઈ, તેમ તેમ કોમળતા વધતી ગઈ, એની નવાઈ વધતી ગઈ.

‘શું વિચારમાં પડી ગઈ, સખી?’ શ્યામાએ પૂછ્યું.

‘કંગન કેવી રીતે પડી ગયાં હશે? હું તો માફામાંથી હાથ બહાર લટકતા રાખીને બેઠી પણ ન હતી. બે ય હાથનાં કંગન એક સાથે ક્યાંથી પડી ગયાં?’ ચંદ્રાવલી બોલી.

‘મને શી ખબર? તારા નટખટ જાદુગર કનૈયાનું જાદુ લાગે છે મને તો.’

‘પણ એ અહીં ક્યાંથી આવે?’

‘એનું નામ જ જાદુ. એ જબરો કીમિયાગર હોવો જોઈએ.’

‘પણ તે આવું શા માટે કરે?’

‘તારા વિના સૂનો પડી ગયો હોય..’

‘ના રે ના... એ તો બહુનાયક છે. મારા જેવી કેટલીને એણે ઘેલી બનાવી છે. મારામાં એવું શું છે?’

‘કસ્તુરીમૃગને ક્યાં ખબર હોય છે કે કસ્તુરી એની દૂંટીમાં ભરેલી પડી છે!’

‘પેલા માળીદાદાની ફૂલવાડી ક્યાં છે? મને તો થાક લાગ્યો.’

‘પગ દબાવી દઉં?’

‘કંગન મેળવી દે.’

‘કગન?... ઓહ! કંગન! તારા બે હાથે તો પહેરેલાં છે! લે કર વાત હાથમાં કંગન છે ને સીમમાં શોધવા નીકળી છે?’

ચંદ્રાવલીએ બે હાથનાં કાંડાં ભેગાં કર્યાં. સાચે જ, કંગન તો હાથમાં શોભતાં હતાં. તેને આશ્ચર્ય થયું. શ્યામા ખડખડાટ હસી.

‘આ બધું શું છે? સાચું બોલ. તું સાદીસીધી ગોપી નથી. કોઈ જાદુગરની છે!’

‘એમ સમજ. શો વાંધો છે?’

ચંદ્રાવલીએ શ્યામાના બે હાથ પકડી લીધા.

‘આવું શીદને કર્યું?’

‘મેં? મેં કંઈ નથી કર્યું.’

‘તો કોણે કર્યું?’

ચંદ્રાવલીને સૂઝ ન પડી. માથું ભમવા લાગ્યું. આંખો મીચીં દીધી. મુરલીના સૂર સંભળાયા. સૂર ઓળખ્યા. સૂરના વાદકને શોધવા આંખો ખોલી. સામેથી શ્યામા સખી ગાયબ. શ્યામસુંદર ઊભા હતા, પીળા પીતાંબર અને લાલ ઉપરણામાં બે હાથથી મુરલી અધર પર ધરી, નેત્રો નચાવતા, બજાવતા. બીજા બે હસ્ત વધારાના પ્રકટ કરી, ચંદ્રાવલીનાં કંગન સહલાવતા. ચંદ્રાવલી અચંબાથી જોઈ રહી. મોં પહોળું થઈ ગયું.

‘તો તમે શ્યામા સખી બનીને આવ્યા હતા?’

શ્યામલાલ મુસ્કરાયા.

‘મારાં અછૂતાં અંગને તમે સ્પર્શ્યા હતા?’

એ જ મુસ્કુરાહટ.

ચંદ્રાવલી શરમાઈ ગઈ. બોલી, ‘આવું કરાય?’

‘શું કર્યું?’

'ના.. ના.. કશું નહીં.'

ચંદ્રાવલી કલાક પહેલાંની ઘટના જ વિસરી ગઈ. શ્યામજીને ટગર-ટગર જોઈ રહી. પછી શરમાઈ ગઈ.

'ચાલ, ફૂલ વીણીએ. મોડું થશે.'

'ગયા વરસ સુધી તો અમે ફૂલ વીણવા જતાં, ત્યારે તમે ત્યાં આવી અમને ચીડવતા.'

'શું કહેતો?'

'તમે કોણ છો? આ ફૂલવાડી મારી છે. આખું વ્રજ મારું છે. બધાં ફૂલ મારાં છે. કોની રજા લઈ ચૂંટો છો? એવું બધું. અને આજે...'

'ગયા વરસ સુધી તું સાંઝી ચિતરી, પૂજા કરી, શું માગતી?'

'અમારે જે માગવું હોય તે.'

'એક વાત કાયમ યાદ રાખજે. મારાથી કશું છૂપું રહેતું નથી. પતિ તરીકે નંદકુમાર-'

'જાવને હવે. જે મળ્યા નહીં એની વાત-'

'કોણે કહ્યું નથી મળ્યા? ઠાલો અહીં આવ્યો છું?'

ચંદ્રાવલી રાજી રાજી થઈ ગઈ. ફૂલ વીણ્યાં. બે છાબ છલોછલ ભરી.

'શ્યામ, તમને ઘેર કેમ લઈ જઈશ?'

'તું કોણ લઈ જનારી? હું આવીશ, આવ્યો હતો તેમ.'

શ્યામજી પાછા બની ગયા શ્યામા સખી.

બેઉ ઘેર ગયાં. માધવી મૈયાને કંગન બતાવ્યાં. માએ બેઉની આરતી ઉતારી, ઓવારણાં લીધાં.

આંગણામાં ગોબરથી ભીંત લીપી. ફૂલથી સાંઝી બનાવી ત્યાં ચંદ્રાભાનજી આવ્યા.

'અરે વાહ! આવી સાંઝી તો પહેલીવાર બનેલી જોઉં છું, બેટી! કઈ સાહેલીને લઈ આપી છે?'

'નંદગામથી શ્યામા આવી છે.'

'ભલે, ભલે. સાંઝી ખેલો, પૂજો. રાતે એને આપણા ત્યાં જ રોકજે. બેઉ ખુશ રહો.'

શ્યામાએ નેત્રસંકેત કર્યો. - બંને ચંદ્રભાન ગોપને સાથે પગે લાગ્યાં.

આભમાંથી ફરફર વરસી, જાણે દેવોએ જુગલ જોડીને પુષ્પોથી વધાવી.

ચંદ્રાવલીને અગાઉનાં વર્ષોના સાંઝીના દિવસોની મધુર યાદો ઉભરાવા લાગી. આ દિવસો તેને અધિક ગમતા. વરસાદ રહી ગયો હોય. વન-વગડા પૂર બહારમાં ખીલ્યા હોય. હરિયાળીથી આખું વ્રજ હરું હરું થઈ ગયું હોય. મંદ મંદ વાતા પવનમાં પુષ્પોનો પરિમલ ભળ્યો હોય. રોજ નિત નવાં વસ્ત્રો અને આભૂષણો સજી, બનીઠનીને, સખીઓ સાથે ફૂલ વીણવાના બહાને વનવિહારની મજા આવતી. ફૂલના દડા બનાવી, સૌ મારદડી રમતાં. ફૂલનાં આભૂષણ બનાવી, સૌ પરસ્પરને પહેરાવતાં, ગાતાં, નાચતાં, ફેરફૂદડી ફરતાં.

આ વર્ષે પણ ફરી એક દિવસ આવી મજા સૌ લેતાં હતાં. થાકીને મંડળ જમાવી ગપસપ કરતાં બેઠાં હતાં. ત્યાં દૂરથી એક ફૂલનો દડો એમની વચ્ચે આવીને પડ્યો. દડાના પગલે પગલે દામોદર આવ્યા. પીત સૂથન અને નીલ પટકામાં એમની બાંકી અદાએ સૌને ઘાયલ કરી દીધાં. કામદેવનાં બાણથી યે અધિક ઘાયલ થઈ ગયાં. ચંદ્રાવલીએ ગેંદ ઉઠાવી લીધેલી. તે બે હાથમાં ગેંદ રમાડતી હતી. મનમોહનના સ્પર્શવાળી ગેંદ તેને રોમાંચિત કરતી હતી.

'મારી ગેંદ આપી દો,' લાલને કહ્યું.

'એમ ગેંદ ન મળે,' લલિતા બોલી.

'ભલે રાખો તમારી પાસે. બીજી બનાવી લઈશ. પણ તમે સૌ આજે વનમાં ક્યાંથી? અને તે પણ આટલાં બધાં બનીઠનીને?'

'સાંઝી માટે ફૂલ વીણવા આવ્યાં છીએ.' ચંદ્રાવલીએ જવાબ આપ્યો.

'અરે, વાહ! તમે ફૂલની સાંઝી રચશો? સાંઝીની કલા તો મને સૌથી સરસ આવડે છે. મારી રચેલી સાંઝી જુઓ તો તમે દંગ રહી જાવ.'

'પણ, લાલા, સાંઝી અહીં નથી રચાતી. સાઝી તો આજે રિઠોરામાં ચંદ્રભાનગોપનાં ત્યાં રચાશે.' શ્રીદેવી બોલી.

'તો ત્યાં ચિતરી દઉં.'

'સાંઝીના ઉત્સવમાં પુરુષથી ન અવાય.' લલિતા બોલી

'હા, એ ખરું પણ કંઈક ઉપાય શોધી કાઢો.'

'ઉપાય તો છે, પણ...'

'પણ શું?'

'વ્રજના રાજાના કુંવરને શોભે તેવો નથી.' લલિતા બોલી.

'ખેલમેં કોઉ નાહીં ગુસાંઈ.'

'તમારે લાલા મટી લાલી બનવું પડે.' લલિતાએ કહ્યું.

'એમ તો એમ સહી. બધાં રૂપ મારાં જ છે.'

ચંદ્રાવલી અને લલિતાએ શ્યામને શ્યામા બનાવી દીધા. શ્યામા નામ પાડ્યું. સૌ ફૂલ વીણી રીઠોરા પાછા ફર્યા. શ્યામા ચંદ્રાવલીને ગલબાંહી દઈ, લલિત મંથર ગતિથી ચાલતી હતી. શ્યામાએ ચિતરેલી સાંઝી જોઈ, આખું રિઠોરા ગામ ચકિત થઈ ગયું. સૌએ શ્યામાનાં ઓવારણાં લીધાં.

સૌએ સાથે બેસી વાળુ કર્યું.

ચંદ્રાવલીની ઉદાસીનતા હવે પૂરેપૂરી ખંખેરાઈ ગઈ હતી. તેના અસલ મુડમાં તે આવી ગઈ હતી.

એક દિવસ ચંદ્રાવલી એકલી સાંજે વનમાં જવા નીકળી પડી એણે કેસરી કંચુકી, લીલો જરીભર્યો લહેંગો, અને ગુલ બાંસ રંગી જરિયાન ઓઢણીનો સાજ સજ્યો હતો. પન્નાના આભૂષણ ઝગમગતાં હતાં.

વનમાં પહોંચી, તે ગાવા લાગી :

'મુરલીવારે સાંવરે નેક મારગ મોહિ બતાવ રે ।
સંગ ન સહેલી, ફિરૌં અકેલી, હિત નંદીસુર ગાંવ રે ॥
ભૂલી પરી સંકેત સઘન બન, હૌં અબલા કિત જાઉં ।'

શ્રી શ્યામસુંદર એ શબ્દોની જ રાહ જોતા હતા.

'મૃગનયની કે બચન સુનત આઈ મિલે તિહિં ઠાઉં ।
મારગ મિલે, અંક ભરિ ભેટે, ભલો બન્યો હૈ દાઉં ॥'

ચંદ્રાવલીએ શ્યામસુજાન તરફ શરમાતી, કચરાતી નજરે જોયું. બે હાથથી ઓઢણીને સરખી કરવાના બહાને આઘી પાછી કરતાં તે કહેવા લાગી :

'આજે બધી સખીઓ નીકળી ગઈ. મને મોડું થયું. એકલી આવી. પણ બીક લાગે છે. અચાનક વાદળો ચડી આવ્યાં છે. મને કંઈ સૂઝતું નથી મારાં કિંમતી વસ્ત્રો ભીંજાઈ જશે. મૈયા ચીડાશે. અરે, આ તો મેઘ ગાજવા લાગ્યો – વીજ ચમકવા લાગી. હે મા, મને બહુ ડર લાગે છે. હું ભીંજાઈ જઈશ. હે શ્યામ સુજાન, આ અબળા પર કૃપા કરો. તમારી કામળ મને ઓઢાડી દો.'

લીલા લલિતજીને ય આ વાત મનભાવતી હતી.

'આઈ હૌં અકેલી આજ, સાંઝી કે કુસુમ લેન
ભલો મિલ ગયો તૂ મોપેં જાત ઘર ગાય લૈ ।
બરખત ઘનઘોર મેહ, તા મેં કછુ નહિ સૂઝત
ચુંદરી ચટક રંગ, નીર તેં બચાય લૈ ॥૧॥
ચપલા ચમક અચક, ચોંધી તે કરત હૌં
અરે, વીર, મોહિ અંગ સંગ ક્યોં ન લગાય લૈ ।
'સૂરદાસ' મદનમોહન તુમ કહાવત સુજાન
છાઁડિ માન, તજિ સયાન, કામરિ ઉઢાય લૈ ॥૨॥'

●●●

માઈ હોં. ગિરિધરન કે ગુન ગાઉં ।
મેરો તો વ્રત યહ નિસદિન, ઔર રુચિ ન ઉપજાઉં ॥
ખેલન આઁગન આઓ લાડિલે, નેક હુ દરસન પાઉં ।
'કુંભનદાસ' હિલગ કે કારન લાલચ લાગિ રહાઉં ॥

●

૧૨. મુરલી હમારી સોત

ચંદ્રાવલીની હવેલીની પાછળના ભાગના બગીચાની મધ્ય આવેલી આરસની છત્રીના વિશ્રામસ્થળમાં સખીમંડળ ભેગું થયું હતું. અમલા, વિમલા, તરલા, સરલા, કમલા, અનિલા, વૃંદા, નંદા, ચતુરા અને રસિકા એમ દસેક સખીઓ હતી. મધ્યમાં ચંદ્રાવલી હતી.

રજનીગંધા અને રાતરાણીની મિશ્ર સુગંધથી વાતાવરણ તરબતર હતું. છત્રીની ચોગમ જલના કુંડમાં ફૂવારા ઉડતા હતા. ઘીની દીપમાલિકાઓ કપૂરની સુગંધ સાથે બળતી હતી. દૂર દૂરથી વેણુના સ્વર પવનની પાંખે બેસીને આવ્યા. કેદાર રાગના સૂરો સૌના કાનમાં પહોંચ્યા.

વિમલાએ વેણુનાદ સાંભળી કહ્યું :

‘આજ બન બેનુ બજાવત શ્યામ।
યહ કહિ ચક્રત ભઈ ગોપી સુનત મધુર સ્વર ગ્રામ ।।૧।।
કોઉ જ્યાં નાર કરતિ, કોઉ બૈઠી, ઠાડી હૈ ધામ ।
કોઉ જેંવત, કોઉ પતિ હિ જિમાવતિ, કોઉ શૃંગાર મેં વામ ।।૨।।
માનો ચિત્ર કી સી લખિ ઠાડી, સુનતિ પરસ્પર નામ ।
‘સૂર’ સુનત મુરલી, ભઈ બૌરી, મદન કિયો તન તાવ ।।૩।।’

ભાવાર્થ :

સાંભળો! અત્યારે વનમાં શ્યામ વેણુ વગાડે છે. આટલું કહેતાં તો એ ગોપી ચકિત થઈ ગઈ. વેણુના મધુર સ્વર સાંભળવામાં ડૂબી ગઈ. (૧)

વ્રજની ગોપીઓમાં કોઈક અત્યારે રાંધતી હશે, કોઈક બેઠી હશે, તો કોઈક તેના ઘરમાં ઊભી હશે. કોઈ જમતી હશે. કોઈ પતિને જમાડતી હશે. કોઈ શૃંગાર કરતી હશે. (૨)

એ સૌ વેણુમાં તેમનાં નામ સાંભળતાં, ચિત્ર જેવી સ્થિર બની ગઈ હશે. વેણુ સાંભળતાં બ્હાવરી બની હશે. તેમના તનમાં મદનતાવ પ્રકટ્યો હશે. (૩)

નંદાથી ન રહેવાયું તેણે કહ્યું :

‘યા તે માઈ ભવન છૉડિ બન જૈયે ।
આંખરસ, કાન રસ, બાતરસ, સબરસ નંદનંદન પે પૈયે ।।૧।।’
કર પલ્લવ હરિ કંધ બાહુ ધરિ, સંગ મિલ ગુન ગૈયે ।
રાસ વિલાસ વિનોદ અનુપમ માધો કે મન ભૈયે ।।૨।।
યહ સુખ સખિરી કહત નહીં આવૈ, દેખે દુઃખ બિસરૈયે ।
‘પરમાનંદ’ સ્વામી કો સંગમ, ભાગ્ય બડે તે પૈયે ।।૩।।

ભાવાર્થ :

સખિ, એટલા માટે જ ઘર છોડી ચાલો વનમાં જઈએ. ત્યાં નંદનંદનથી આંખ, કાન, જીભ આદિ સર્વ ઈન્દ્રિયો દ્વારા રસપાન કરીએ (૧)

હસ્ત પલ્લવ કરી, શ્યામના ખભા પર બાહુ ટેકવી, એમના વેણુનાદના સૂરમાં સ્વર પુરાવી, એમના ગુણ ગાઈએ. અનુપમ રાસવિલાસના વિનોદથી માધવનું મન જીતી લઈએ (૨)

સખિ, આ સુખ શબ્દોથી કહેવાય તેવું નથી. એનો અનુભવ થતાં બધાં દુઃખ ભૂલી જવાય છે. એ પરમાનંદનો મેળાપ તો સદા ભાગ્યવાનને જ થાય છે. (૩)

ચપલા નિસાસો નાંખી બોલી : ‘શ્યામસંગમાં સુખ મળે એ તો ખરું પણ...’

‘પણ શું?’

‘પ્રીતમ સોતન (શોક્ય)ને અધરામૃત પાતા બેઠા હોય, ત્યાં આપણો ભાવ પૂછાય? ઉલ્ટાનું જોઈને દાઝવાનું. રાતદિવસ એ નાગર નંદલાલ મુરલીને રમાડતા ફરે છે. રાતે ય એને અળગી કરતાં નથી. પડખે લઈને સૂએ છે. મુરલી તો આપણી સોત છે, સોત!’

વૃંદાએ કહ્યું :

‘બિધના મુરલી સોત બનાઈ !
સુકટ બાંસ કી બંસ વિનાસન, સબ હિ નિરાસ કરાઈ ।।૧।।

જો યહ કાટ કાટ વોહિ રાખ્યો, કુલ હી હોતી કોઉ ।
તો ઈતનો દુઃખ હમ હિ ન હોતો, આગુન આખર દોઉ ॥૨॥
એ નિર્દયી નિઠુર વહ વનકી, ઘર અબ નહીં પ્રકાસ ।
'સૂરદાસ' બ્રજનાથ હમારે, જૈસે ભયે ઉદાસ ॥૩॥'

ભાવાર્થ :

વિધાતાએ જ મુરલીને આપણી શોક્ય બનાવી છે. સૂકા વાંસની એ બંસી વંશ વિનાશિન છે. એના ખાતર વાંસ કપાઈ જાય છે. તે આપણને સૌને નિરાશ કરનારી છે. (૧)

એ આપણા જેવા ખાનદાન કુળની હોત તો, એનો ઠાઠમાઠ વેઠી લેત. આપણને આટલું દુઃખ ન થાય પણ બે ય અવગુણથી ભરેલા છે. (૨)

મુરલી નિર્દય છે. શ્યામ નિષ્ઠુર છે. એને લઈ આપણા ઘરમાં આનંદનાં અજવાળાં નથી. વ્રજનાથ આપણા હોવા છતાં, આજે આપણે ઉદાસ છીએ. (૩)

શ્યામને દોષ દેવાયો એ ચંદ્રાવલીને ન પાલવ્યું. એણે વિરોધના સૂરમાં કહ્યું :

'શ્યામ હિ દોષ કહા કહિ દીજે ।
કહા બાત મુરલી સોં કહિયે, સબ અપને સિર લીજે ॥૧॥
હમ હી કહત બજાવ હુ મોહન, હમ યહ નાહી હમ જાની, ।
હમ જાની યહ બાંસ બસુરિયા, કો જાને પટરાની ॥૨॥
બારે બારે તેં મુખ લાગત, લાગત અબ વ્હૈ ગઈ સયાની ।
સૂન હુ 'સૂર' હમ ભોરી ભારી, યા કી અકથ કહાની ॥૩॥'

ભાવાર્થ :

સખીઓ, શ્યામને શીદ દોષ આપો છો? મુરલીને ય કશું કહેવા જેવું નથી. બધો વાંક આપણો છે. આપણે આપણો વાંક સ્વીકારવો પડે (૧)

આપણે જ આગ્રહ કરી કરીને મોહનજીને કહેતાં કે – તમે મુરલી બજાવો. આપણે નહોતાં જાણતાં કે આ પરિણામ આવશે. આપણે તે મુરલીને વાંસનો ટુકડો સમજતાં હતાં. તે નંદકુંવરની પટરાણી બની બેસશે એવી ક્યાં ખબર હતી? (૨)

આપણા કહેવાથી વારંવાર મોહન તેને મુખે લગાવતા. એમાં ને એમાં મુરલી શાણી બની ગઈ! આપણે ભોળાં ભલાં રહી ગયાં! મુરલીની કહાની અકથ છે. (૩)

કમલાએ કહ્યું :

'મુરલી આપ સ્વારથિન નાર ।
તાકી હરિ પ્રતીત કરત હૈ, જીત ન જાનત હાર ॥૧॥
ઐસે બસ ભયે હરિ વાકે, કહા ઠગોરી ડાર ।
લૂટત હૈ અધરનકો અમૃત, ખાત દેત હૈ ઢાર ॥૨॥
કોબ કમરે બની હૈ જોરી, તૃન તોરત હૈ વાર ।
'સૂરસ્યામ' કો ભલે કહત હો, દેહૌં કહા અબ ગાર ॥૩॥'

ભાવાર્થ :

મુરલી તો સ્વાર્થી સ્ત્રી છે. એની ખાતરી તો હરિને પણ થઈ છે. જે હારવાનું જાણતા જ ન હતા, તે મુરલીથી જીતાઈ ગયા છે. (૧)

એણે હરિ ઉપર કોણ જાણે શી ભુરકી નાંખી છે કે હરિ તેને વશ થઈ ગયા છે. તે હરિના અધરામૃતનું લૂંટ ચલાવી રહી છે. એનાથી પીવાય એટલું પી, બાકીનું ઢોળી દે છે. બીજાને પીવા દેતી નથી. (૨)

કાગડીને હંસની જાણે જોડી બની છે. તે જોઈ હસવું આવે છે. શ્યામને ભલા કહો છો, તો એમને શું ગાળ દઈએ? (૩)

અમલા તીખી હતી. એની વાણી તીખાશ વ્યકત કર્યા વિના ન રહી શકી. તેણે કહ્યું :

'બૈર સદા હમ સોં હરિ કીનો ।
પ્રથમ હિ રોક રહે ગહિ મારગ, દધિ લે જાન ન દીનો ॥૧॥
પુનિ મન હર્યો ભેદ હી ઈંદ્રિન સંગ ગહી લીનો ।
તા પાછે એ નયન બુલાયે, ઉનહી કોં ચીનો ॥૨॥
અબ મુરલી બૈરિન ઉપજાઈ, નિપટ ભઈ હમ ભીને ।
'સૂર' પરે હરિ ખોજ હમારે, એસે પરમ જાગીને ॥૩॥'

ભાવાર્થ :

હરિનો જ બધો વાંક છે. એમણે સદા આપણી સાથે વેર કર્યું છે. આપણે

દહીં વેચવા જતાં, ત્યારે આપણો મારગ રોકી પહેલું વેર કર્યું. દહીં લીધા પછી યે જવા ન દઈને બીજું વેર કર્યું. (૧)

પછી આપણું મન આરાપર વીંધી ત્રીજું વેર કર્યું આપણી બધી ઈન્દ્રિયો પોતાને વશ કરી ચોથું વેર કર્યું. પછી એમણે આપણી આંખોને એવી આકર્ષી કે તે એમને જ જોયા કરે એ પાંચમું વેર. (૨)

હવે આમણે આપણી વેરણ મુરલી ઉત્પન્ન કરી આપણને કાયમ રડતાં જ રાખ્યાં. આપણે હરિને ખોજતાં રહીએ અને તે આપણાથી છૂપાતા રહે આવા પરમ નંગ છે એ! (૩)

રસિલાએ ઠાવકાઈથી કહ્યું :

‘મુરલી સોં અબ પ્રીતિ કરો રી ।
મેરી કહી માન રાખો, ઉત રીસ દૂર હરો રી ॥૧॥
તુમ હી સુની મુરલી કી બાતેં, દીન હોય ઉતરાની ।
કાહે ન ઠરેં શ્યામ તા પર, કો ક્યોં ન હોય પટરાની ॥૨॥
હમ જાની યહ ગર્વ ભરી હૈ, સાધુ ન યાતેં ઓર ।
રિઝે લિયે હરિકો તપ કે બલ, વૃથા કરો તુમ સોર ॥૩॥
‘સૂરશ્યામ’ બહુનાયક, સજની યહ મિલી એક આય ।
તુમ અપને નેમ હી રહોગી, નેમ ન કરતે જાય ॥૪॥’

ભાવાર્થ :

હે સખીઓ, મારું કહ્યું માનો તો, મુરલી સાથે હવે, પ્રેમ રાખો. તેના પરની રીસ દૂર કરો (૧)

તમે મુરલીની વાતો સાંભળી. શો ફાયદો થયો? શ્યામની રાણી મુરલી કેટલી દીન છે. શ્યામ એ મુરલી પર કેમ ન કળે? એને પોતાની પટરાણી કેમ ન બનાવે? (૨)

આપણને લાગે છે કે તે ગર્વીલી છે, પણ ખરેખર તેના જેવી સાધુ બીજી કોઈ નથી. તેના તપોબળથી હરિ તેના પર રીઝ્યા છે. તમે નકામી બૂમો પાડો છો. (૩)

શ્યામ તો બહુનાયક છે. તેમને અનેક નાયિકાઓ છે. એમાંથી તમને ઝઘડવા આ એક જ મળી? તમે ભલે તમારા નિયમ બનાવો, એમને કોઈ નિયમ નથી. (૪)

સરલાએ પૂછ્યું : ‘મુરલીએ કેવી રીતે તપ કર્યું?’

તરલાએ જવાબ આપ્યો :

‘સુન હુ રી મુરલી કી ઉત્પત્તિ ।
બન મેં રહત બાંસ કુલ યા કો, યહ તો યાકી જાતિ ॥૧॥
જલધર પિતા, ધરતી હૈ માતા, અવગુણ કહો ઉધાર ।
બન હુ તે યાહો ઘર ન્યારો નિપજે જહાં ઉજાર ॥૨॥
એક તેં એક ગુનન હૈ પૂરે, માતાપિતા અરુ આપ ।
ના જાનિયે કૌન ફલ પ્રગટ્યો, અતિ હી કૃપા પ્રતાપ ॥૩॥
વિશ્વાસી પરકાજ ન જાને, યાકે કૂલ કો ધર્મ ।
સુન હૂ ‘સૂર’ મેઘન કી કરની ઔર ધરની કો કર્મ ॥૪॥’

ભાવાર્થ :

હે સખી, મુરલીની ઉત્પત્તિનો ઈતિહાસ સાંભળ. વન એનું વતન છે. વનમાં વાંસ થાય છે. એ જાતિ છે. એ વાંસના વંશમાં તે જન્મી છે. (૧)

મેઘ તેનો પિતા છે. ધરતી તેની માતા છે. એનામાં શોધે ય કોઈ અવગુણ નથી. વનમાં બીજાં વૃક્ષોથી તે જુદી વસે છે. તે થોકબંધ હોય છે. (૨)

તેનાં માતાપિતા અને તેનામાં બધા ગુણ પૂરા છે. એનાં ક્યાં પુણ્યનું આ ફળ મળ્યું છે. તેની ખબર નથી – મને લાગે છે કે આ કૃપાનો પ્રતાપ છે.(૩)

તે બીજાઓનું કામ કરવામાં સતત તત્પર અને વિશ્વાસુ છે. તે તેનો કુળધર્મ છે. પિતા મેઘની કરણી અને માતા ધરતીનાં કર્મનું ફળ છે. (૪)

એ સાંભળી વામા બોલી : ‘જે હોય તે, પણ મુરલી પરનો અમારો રોષ ઓછો થાય તેમ નથી.’

‘મુરલી હમ પર રોસ ભરી ।
અંસ હમારો પુનિ પુનિ અચવત, નેક હુ નાહીન ટરી ॥૧॥
બાર બાર અધરનિસોં પરસત, દેખત સબે ખરી ।
ઐસી ઢીટ હરી નહીં યહાં તે, જ્યો હમ રિસનિ જરી ॥૨॥
યહ તો કિધોં અકાજ હમારો, અબ હમેં જાન પરી, ।
‘સૂરજ’ પ્રભુ યહ નિઠુર કરાયો, ઐસી કરની ॥૩॥’

ભાવાર્થ :

મુરલી પર અમને રોષ છે, અમારા ઉપર મુરલીને રોષ છે. તે અમારો અંશ (ભાગ) છે, છતાં વારંવાર અધરામૃતનું આચમન પીધા કરે છે, હરિના અધરો પરથી જરાય દૂર ખસતી જ નથી. (૧)

તે વારંવાર હરિના અધરનો સ્પર્શ આપણા સૌના દેખતાં કરે છે. આવી ઢીટ મુરલી, અહીંથી દૂર થતી જ નથી. આપણે એના પરની રીસથી દાઝ્યા છીએ. (૨)

એણે આપણે કરેલું બધું નકામું કરી દીધું છે. એની હવે આપણને સમજ પડી છે. તેની કરણી જ એવી છે. કે તેણે હરિને આપણા તરફ નિષ્ઠુર બનાવી દીધા છે. (૩)

આમ, સૌ સખીઓ આપસ આપસમાં મુરલી તેમના જેવી જ જીવતી જાગતી યુવતી હોય, તેમ તેના તરફ ઈર્ષાભાવથી પીડાઈ, પોતપોતાનો રોષ વ્યક્ત કરતાં હતાં. અત્યાર સુધી શાંત બેઠેલી કુમુદિનીએ કહ્યું : 'આપણે આપણી વાત કહી. મુરલીને એની વાત કહેવાની નહિ હોય? આપણે એ પણ સાંભળવી પડે. બે પક્ષને સાંભળ્યા વિના નિર્ણય ન થાય.'

'ખરી વાત. પણ મુરલી અહીં આવે તો ને?'

'થોડી વાર ચૂપ રહી, એનો સ્વર સાંભળો. એ દૂરથી એની વાત વહેવડાવે છે. સાંભળો.'

'ગ્વાલિન કિત ઉરાહનો દેહ ।
બુઝહુ ધોં યહ બાત શ્યામ સોં જે તે દુઃખ જુર્યો સનેહ ।।૧।।
જનમત હી હમ બઈ બિરન, ચિત છાંડ ગામ ગુન નેહ ।
એક હી પાય રકત નિત ઠાડી, ગ્રીષ્મ ઋતુ મેહ ।।૨।।
તજ્યો મૂલ સાખા સુપત્ર સબ, સોચ સુહાની દેહ ।
મુરોન તનમન અગ્નિ સુ લાગત, વિકટ બનાયો વેહ ।।૩।।
કિત હો બકત બાંસુરી જાને, હરિ હરિ તામસ દેહ ।
'સૂરશ્યામ' કો તુમ હુ રિઝવૈ હરિ ક્યોં ન અધર રસ લેહ ।।૪।।'

ભાવાર્થ :

હે ગોપીઓ, તમે સૌ મને શા માટે ઠપકો આપો છો? હું જે વાત કહું છું

તે ખોટી હોય તો શ્યામજીને પૂછી લેજો. જગતમાં સુખ દુઃખ સાથે જ જોડાયેલું છે. દુઃખ ભોગવ્યા વિના સુખ મળતું નથી. મેં કેટલું દુઃખ ભોગવ્યું, ત્યારે આ સુખ મળ્યું છે. (૧)

જન્મથી જ હું વેરાગિની બની છું. સંસારની મોહમાયા મેં છોડી છે. અહંતા મમતા છોડી છે. મારું વતન, ગુણ, કુટુંબ આદિ માટેનો સ્નેહ મેં છોડ્યો છે. એક પગે ઊભા રહી, વર્ષો સુધી મેં તપ કર્યું છે. ગરમી, વરસાદ, ઠંડી સહન કર્યા છે. (૨)

મારું મૂળ, શાખાઓ, સુંદર પાન બધું મેં શ્યામ કાજે તજી દીધું છે. વિરહમાં મારો દેહ સુકવી દીધો છે. વગર હિચ કિચાટે મારું તનમન અગ્નિને સોંપી દીધું. મારો દેહ સારડીથી વીંધાવી, મેં તેમાં છેદ પડાવ્યાં છે. (૩)

દેહના થાકની પરવા કર્યા વિના, હું રોજ કેટલું ગાઉં છું, તે હું જ જાણું છું. ઘડીભરનો આરામ મને મળતો નથી. તમે ય મારા જેવું તપ કરો. શ્યામના સુખ માટે તનમનનાં કષ્ટ વેઠો, તો તમારા ઉપરે શ્યામજી રીઝશે. તમે ય તેમના અધરામૃતને પામશો. કેવળ મારી ઈર્ષા કરવાથી કંઈ નહીં મળે! (૪)

ચંદ્રાવલી એકાગ્ર ચિત્તથી સાંભળતી હતી – તેણે કહ્યું, વાતમાં પૂરું વજૂદ છે. એના અવાજમાં સત્યનો રણકો છે. એ શ્યામજીની સેવા સિવાય કશું જાણતી નથી. આટલું વેઠવા છતાં, તે કહી બતાવતી નથી. જગતનું પરમ સુખ પામવા છતાં તેણે દીનતા ગુમાવી નથી. તે કોઈની સાથે હરીફાઈ કરતી નથી. કોઈના માટે દુર્ભાવ રાખતી નથી. ભલું થજો મુરલીનું કે એણે મોહનજીને વશ કરવાનું ગુપ્ત રહસ્ય આપણને બતાવી દીધું છે.'

ચંદ્રાવલી સખીઓને સમજાવે છે :

'બાવરી જો બાંસુરી સોં લરે ।
વહ ઉનસોં પ્રેમ નેંમ સોં, તુમ સોં નાહીન આલી,
યાતેં ગિરિધરલાલ લૈ લૈ અધર ધરે ।।૧।।
જોં લો મધુ પીબત રહત, તોં લો જીવત હૈ,
ઘરી ઘરી પલ પલ છિન છિન નાહીં વીસરે ।
'સુરદાસ' પ્રભુ વાકે રસવસ ભયે રહત આલી,
તા તેં વાકી સરવર કહોંધો કવન કરે ।।૨।।'

ભાવાર્થ :

જે આવી સેવારત, શ્યામ સુખાર્થે જીવતી મુરલી સાથે લડાઈ કરે તેને બાવરી (પાગલ) સમજવી. એણે હરિ પર કેવળ પ્રેમ વરસાવવાનો જે નિયમ રાખ્યો છે, તેવો નિયમ, હે સખીઓ, મને-તમને ક્યાં છે? એ વિશુદ્ધ પ્રેમથી વશ થઈ શ્રીગિરિધરલાલ એને પોતાના અધરો પર ધરે છે. (૧)

તે જ્યાં સુધી અધરામૃતનું પાન કરે છે, ત્યાં સુધી જ જીવે છે. ક્ષણક્ષણ, પળપળ અને ઘડી ઘડી એમને વિસરતી નથી. હે સખીઓ, આપણે ક્યાં તેના જેવાં છીએ? એટલે જ હરિ તેને રસવશ થઈ રહ્યા છે. એની સરખામણી કેવી રીતે થાય? આપણે તેની હોડ કરી શકીએ તેમ નથી. (૨)

હવે સખીઓને મુરલીનું સ્વરૂપ સમજાઈ ગયું. તેમની રીસ ચાલી ગઈ. મુરલી તેમની શોક્ય નહીં,ગુરુ લાગી એણે વગર બોલે, પોતાના ચરિત્રથી સૌને શીખવ્યું કે જે જગતનો રાગ છોડે, તેને શ્યામનો અનુરાગ લાધે. જે સ્મરણના તપમાં તપે, વિરહના અગ્નિમાં સેકાય, તે સેવાનું સુખ અને અધરામૃતનું ફળ પામે.

સખીઓ ઉલ્લાસમાં આવી મુરલીની સ્તુતિ કરવા લાગી.

‘સુનિયે હો ધરિ ધ્યાન સુધારસ મુરલી બાજે ।
સ્યામ અધર પર બૈઠ બિરાજત સપ્ત સ્વરન સાજે ॥૧॥
બિસરી સુધિ બુધ ગતિ સબહિન કી સુનિ બેનુ મધુર કલ-તાન ।
મન ગતિ પંગુ ભઈ બ્રજજુવતી, ગંધર્વ મોહે ગાન ॥૨॥
ખગમૃગ થકે ફલન તૃન તજિકેં, બછરા ન પીબત ક્ષીર ।
સિદ્ધ સમાધિ થકે, ચતુરાનન લોચન બહે સબનીર ॥૩॥
મહાદેવ કી તારી છૂટી, અતિ વ્હૈ રહે સચેન ।
ધ્યાન ટર્યો ધુનિ હી મન લાગ્યો, સુર સુન ભયે અચેત ॥૪॥
યમુના ઉલટ બહી અતિ વ્યાકુલ, મીન ભયે બલ હીન ।
પસુપક્ષી સબ થકિત ભયે હૈ, રહે ઈકટક લવલીન ॥૫॥
ઈન્દ્રાદિક સનકાદિક નારદ સારદ સુન આવેસ ।
ઘોષ તરુની આતુર વ્હૈ ધાઈ, તજિ પતિ પુત્ર અદેસ ॥૬॥
શ્રીવૃંદાવન કુંજકુંજ પ્રતિ અતિ વિસાલ આનંદ ।
અનુરાગ પિય પ્યારી રસબસ અચેત ભયે સાનંદ ॥૭॥

તીન ભુવન ભરિ ભરિ નાદ પ્રકાસ્યો ગગન ધરણી પાતાલ’ ।
થકિત ભયે તારાગન સુન કે, ચંદ્ર ભયો બેહાલ ।
નટવર ભેખ ધરે નંદનંદન, નિરખિ વિવસ ભયોકામ ।
ઉર નવ ચરન ભુજ પંકજ નીલ જલદ તન સ્યામ ॥૯॥
જટિત જડાવ મુકુટ કુંડલ છબિ પીત વસન શોભાય ।
વૃંદાવન રસ રાસ માધુરી નિરખ ‘સૂર’ બલિ જાય ॥૧૦॥

ભાવાર્થ :

હે સખીઓ, અમૃતરસ વહેલી મુરલી વાગે છે. ધ્યાન પૂર્વક સાંભળો. એ મુરલી શ્રી શ્યામના અધર પર સારી રીતે બિરાજમાન થઈ સાત સૂરોથી ગાય છે.(૧)

વેણુનું મધુર કલગાન સાંભળી સૌ સુધબુધ અને ગતિને-હલનચલનને વિસરી જાય છે. વ્રજયુવતીઓનાં મન પંગું બની ગયાં છે - કામ કરતાં નથી. સંગીત સુજાન ગંધર્વો પણ એના ગાનથી મોહિત થયા છે. (૨)

પશુપક્ષીઓ ફળ ઘાસ ખાવાનાં છોડી સ્થિર થઈ ગયાં છે. વાછરડાંએ એમની માતાનું દૂધપાન છોડી દીધું છે. સિદ્ધ પુરુષોની સમાધિ છૂટી ગઈ છે. બ્રહ્માજીની આઠે આંખોમાંથી આનંદનાં અશ્રુઓ વહે છે. (૩)

મહાદેવજીની સ્મરણતન્મયતા તૂટી છે. તેઓ અતિ સચેત બન્યા છે. ધ્યાન છૂટ્યું, ધૂનમાં મન લાગ્યું. વેણુનાદ સાંભળી દેવો અચેત થયા છે.(૪)

યમુના ઉલટા પ્રવાહે અતિ વ્યાકુલ બની વહે છે. માછલાં બળ હીન બન્યાં છે. પશુપક્ષી ચંચળતા છોડી, તેના શ્રવણમાં તલ્લીન બન્યાં છે.(૫)

ઈંદ્ર, સનત્કુમારો, નારદ, સરસ્વતી સૌ આનંદઆવેશમાં છે. વ્રજની ગોપીઓ પતિપુત્ર આદિને છોડી, વિચાર કર્યા વિના, અતિ આતુર બની મુરલીની દિશામાં દોડી રહી છે.(૬)

શ્રીવૃંદાવનની કુંજકુંજમાં સર્વત્ર ભારે આનંદ વ્યાપી ગયો છે. શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી અતિ અનુરાગવાળાં બની, રસવશ થઈ, આનંદયાં ડૂબી ગયાં છે. (૭)

ત્રણ લોક-આકાશ, પૃથ્વી, પાતાળમાં વેણુનાદ જાણે પ્રકાશ રૂપે વ્યાપી ગયો છે. તે સાંભળી તારાઓ અને ચંદ્ર સ્થિર રહી શકતા નથી. (૮)

શ્રીનંદનંદન ને નટવર સ્વરૂપે નિરખી કામદેવ વિવશ થયો છે. તેમનું નવઘન શ્યામ સ્વરૂપ વિશાળ હૃદય, બાહુઓ અને ભુજાઓ કામદેવને બેચેન બનાવે છે. (૯)

તેમણે રત્નજડિત મુકુટ, કુંડલ અને પીતાંબર ધારણ કર્યા છે. અદ્ભુત શોભા છે. શ્રીવૃંદાવનમાં આવી દિવ્ય રસરાસ માધુરી વિલસે છે.(૧૦)

મુરલી અધર ધરે આવત હરિ હરે હરે
ગાવત રસિક તાન સુરભિ સંગ લીને ।
મોરપિચ્છ સીસ મુકુટ મકરાકૃત કુંડલ છબિ
વૈજયંતીમાલ અંગ ચંદન હી દીને ॥૧॥
કાછિની કટિ નુપૂર પદ નિપટ વચન અસટે
નટવરવપુ ગ્વાલ અંગ શોભિત રસભીને ।
'ગોવિંદ' પ્રભુ ગિરિવરધર ગ્વાલિન વિથકિત રહી
ધાવત મુખવારિજ ઉપર મધુકર દગ દીને ॥૨॥

◆

૧૩. કૌન ગોર તેં પૂજી?

ગોકુલથી આવેલા મહેમાન સાથે માધવીએ સલુકાઈથી વેવાણને કહેવડાવી દીધું - નવરાતર ઉતરે અગિયારસે ચંદ્રાને સાસરે મોકલીશું. કોઈને લેવા મોકલજો.

ચંદ્રાવલીને માધવીએ જ કહ્યું - 'બેટી, તારાં સાસુનું કહેણ આવ્યું હતું, તને તેડાવવાનું. મેં કહેવડાવી દીધું, હજી હમણાં તો અહીં આવી છે. મોકલીશું નવરાતર પછી. સાસરીના રોટલા તો આખી જિંદગી ખાવાના છે જ ને!'

'મૈયા, તેં ઠીક ન કર્યું. મને પૂછવું' તું તો ખરું.

'એમાં તને શું પૂછવાનું? પિયરમાં પહેલી વાર આવી છે. મહિનો 'દિ અમારી સાથે રહે જ ને. બીજી મા હોય-જેઠાણીજી જેવાં-તો દિવાળી પહેલાં આણું ન વળાવે, હા.'

'પણ ત્યાં ઘરમાં વપત પડે અને અહીં હું વગર કામના રોટલા અને ઓટલા ભાગું છું.'

'કોને વપત પડે - સાસુને કે જમાઈને? બારણા બહારથી પૂછતાં સુમંગલા ઘરમાં આવી.' કાકીમા પાય લાગું.

'સુખી રહે, બેટી ક્યારે આવી?'

ચંદ્રાએ વડીલની અદાથી કહ્યું : 'અષ્ટપુત્રવતી ભવ... ના, ના, શતપુત્રવતી ભવ.'

સુમંગલા મીઠા રોષમાં ચંદ્રાવલીને ખભે ધબ્બો મારવા ગઈ. ચંદ્રાવલી માધવીની પાછળ લપાઈ ગઈ.

'કાકીમા, આને કંઈ કહો-ખીલે બંધાઈ પણ એવી જ રહી.'

'હજી નાનકડી છે. મોટી બેન પાસે તો મજા કરે જ ને!'

'લો, હજી ઉપરાણું લો.'

'બીટિયાં, હું ક્યાં રોજ એનું ઉપરાણું લેવા આવવાની છું. એની બેન, સખી કે મા બધું ગોકુળમાં તું જ છે ને! ત્યાંય આવું જ કરે છે?'

'ના રે ના, ત્યાં તો જીભ વિનાની મિયાની મીંદડી. એનાં સાસુ ને મારાં કાકીસાસુ અને સાસુ – સૌ એનાં વખાણ કરતાં થાકતાં નથી. એના આવ્યા પછી, આપણા ભાવ અડધા થઈ ગયા.'

માધવી સંતોષથી મલકાઈ. ચંદ્રાવલી સુમંગલાની પાસે આવી.

'બડી બેના, ગોકુળમાં બધાં મજામાં?'

'હા, એકને બાદ કરતાં.'

'જો, મૈયા, બડી બેના કેવું બોલે છે?'

માધવી હસતી હસતી ત્યાંથી સરકી ગઈ. સુમંગલાએ ચંદ્રાવલીનો કાન પકડ્યો અને બોલી : 'સહસ્ત્રપુત્રવતી થવું છે?'

'ના રે, બેના. આપણે તો એકપુત્રવતી પણ નથી થવું. એકલાંને શું દુ:ખ છે?'

'દુ:ખ? ચાલ પાછળ હીંચકે બતાવું.'

'પણ કાન તો છોડ.'

'હવે બોલીશ?'

'ના.'

'ખા. સોગન.'

'મારા સોગન, બસ?'

'તારા નહી, કન્હાઈના.'

'એના શા માટે? એને ને મારે શું?'

'એમ? મને નહીં પટાવી શકે. લુચ્ચી નહીં તો.'

બે ય પાછળ બગીચામાં ગયાં. ઝૂલે ગોઠવાયાં. સુમંગલાએ પગના ઠેકાથી ઝૂલાને ગતિ આપી.

'કહે, ગોકુળના શા સમાચાર છે?'

'બહુ અધીરી? મને થોડી હવા તો ખાવા દે. શ્વાસ હેઠો બેસવા દે.'

'મને ચિડવ નહીં. કહેવા હોય તે કહે. નહીંતર હું તો આ ચાલી. મને કોઈ ગરજ નથી.'

'ભલે, પધારો કુંવરીજી.'

'કહેને હવે, વારી જાઉં.'

'હં, હવે ઠેકાણે આવી. ગોકુળમાં પોપટ ભૂખ્યો નથી ને તરસ્યો નથી. ખેતરમાં કદંબની નીચે લીલાલહેર કરે છે.'

'બડી બેના... આ...'

ચંદ્રાવલીએ સુમંગલાના હાથે ઝીણી ચૂંટી ખણી.

'એમાં ચિડાય છે શાની? તેં પૂછ્યું ને મેં કહ્યું. બાકી દિયરજી તો ઘરમની ગાય છે. બીજો લોંઠકો ગોપ મળ્યો હોત તો બેનબાને ખબર પડી જાત.'

'જેઠજી જેવો?'

'હા. આ તો કુંવરી પેંધાં પડ્યાં છે. પેલો બિચારો અલગ ઢોલિયે આખી રાત પડખાં ઘસતો કણસ્યા કરે ને કુંવરી નસકોરાં બોલવતાં ઘોરે. આવું જ કરવું હતું તો પરણી શું કરવા? પેલાની જિંદગી બગાડવા?'

'તમને કોણે કહ્યું?'

'તારા જેઠે. બીજું કોણ કહે? દિયરજી ઓછા કહે? એક દિવસ દિયરજી ખેતરમાં કદંબના વૃક્ષ નીચે બપોરે છાક ખાવા બેઠેલા. પાતળ પરસી, પણ જમ્યા વિના રડતા હતા. તારા જેઠ અચાનક જઈ પહોંચ્યા. શાંત પાડ્યા. બહુ સમજાવ્યા. ત્યારે માંડ માંડ દલડાનું દુ:ખ કહ્યું. મોટાભાઈ, ગામ જાણે છે કે અમે પતિપત્ની છીએ, પણ – એ ન બોલી શક્યા. તારા જેઠે જ મને અહીં મોકલી છે, તને સમજાવવા.'

ચંદ્રાવલી ચૂપ રહી.

'બોલ તો ખરી. એવો બે જણ વચ્ચો શો વાંધો પડ્યો છે? દિયરજી દેખાવડા છે, લાગણીવાળા છે, ભલા છે. તને હથેળીમાં રમાડે તેવા છે.'

'હું ક્યાં ના પાડું છું?'

'તો તારા પક્ષે કોઈ ખામી છે?'

'ખબર નથી. એટલી ખબર છે કે તે હેત ન હાટ વેચાય. પ્રીત પરાણે ન થાય.'

'એટલે? બીજા કોઈને દિલ દઈ બેઠી છે?'

'દીધું દેવાતું હોત તો ક્યારનું દઈ દીધું હોત!' ચંદ્રાવલીએ ગરમ નિસાસો નાંખ્યો.' કોઈ ઝૂંટવી લે ને આપણું ચાલવા જ ન દે તો શું કરવું? મન જ મારી પાસે રહ્યું નથી, તમારા દિયરને ક્યાંથી લાવીને આપું? લાચારી એવી છે કે મન એક છે, માગનાર બે. એમાંથી એકે ઝુંટવી લીધું છે. બિચારો બીજો તરસે છે. મને એની દયા આવે છે, પણ...

'કોણે ઝૂંટવી લીધું તારું મન?'

'એ હિંમત કરનાર ગોકુળમાં એક જ છે. એની હિંમતની વાતો સાંભળીને તો ગોકુળને સાસરું બનાવ્યું છે.'

'હે ભગવાન, હવે શું થશે? કાકી સાસુને અને તારા જેઠને ખબર પડશે તો? ઘાસની ગંજીમાં આગ લાગશે આગ. આખા વ્રજમાં આપણા બાવા-કાકાની આબરૂનું ધોળે દિવસે લીલામ થશે. અક્કલ ચાલે છે?'

'હેત અને અક્કલ? સાથે રહે ખરાં?'

'અલી તને જરાય બીક નથી લાગતી?'

'શાની બીક? શાંડિલ્ય ગુરુજી કહેતા કે ખોટું કરનારને બીક લાગે. પાપના માર્ગે ચાલનાર ડરે.'

'તે તું ધર્મના માર્ગે ચાલે છે? પારકા પુરુષને દિલ આપવાનું તારા ગુરુજીએ શીખવ્યું હતું?'

'બડી બેના, ગુરુજી એવો અધર્મ ન શીખવે. દિલ તો પરમાત્માને આપ્યું છે, પારકા પુરુષને નહીં. પરમાત્માને પ્રેમ કરવો એ પાપ છે?'

'પણ દુનિયા કન્હાઈને પરમાત્મા માનશે?'

'મારે દુનિયાથી શી મતલબ છે? મારે તો મારા આત્માથી મતલબ છે. મારો આત્મા મેં એને સોંપ્યો છે. એમાં વિશુદ્ધ છું. પ્રેમ છે. કામ નથી, મોહ નથી. એ તો ભક્તિ છે, સમર્પણ છે.'

'તારી વાતો, ચંદા, મને તો સમજાતી નથી.'

'તો શું કરું?'

'દિયરજી સાથે સરખી રીતે સંસાર માંડ.'

'સંસાર ક્યાં છોડ્યો છે? પૂરણમાસીની જેમ ભગવાં ક્યાં પહેર્યાં છે? ચુંદડી પહેરતાં રંગ ચૂવાનો અને બીજો ડાઘ લાગી જવાનો મને ડર નથી. એ અસંભવ છે. કાળો કામળો ઓઢવાનું કારણ નથી. સાસરે બધું કામ કરું છું. સૌની સગવડ સાચવું છું. કોઈને તરલીફ પડવા દેતી નથી. સૌ પર લાગણી રાખું છું.'

'પણ દિયરજી સાથે -'

'એ તો આ જન્મે નહીં બને. સુંઘેલું, ચૂંથાયેલું ફૂલ ભગવાનનાં ચરણોમાં ન ધરાય. દેહને અજીઠો નહીં બનાવું.'

'બેની, યુવાનીમાં હજી તો તે માંડ પગ મૂક્યો છે. યુવાની જિરવવી સહેલી નથી. પેટને ભૂખ લાગે છે, તેમ દેહને પણ ભૂખ લાગે છે.'

'ત્યારે યમુનામાં મને સમાવી લેશે.'

'આવું અશુભ ન બોલ. તારો આ મક્કમ નિર્ધાર છે?'

'હા. તારા દિયરજી ને કહેજે બધી પેટ છૂટી વાત. મને જરાય વાંધો નથી. એમને ફારગતિ આપવી હોય, તો ય તૈયાર છું. ઘરમાં દેહભોગ માટે બીજી લાવવી હોય તો ય વરઘોડિયાને પોંખવા તૈયાર છું. એમના સુખમાં આડી નહીં આવું. પણ હું તો મારા રસ્તે ચાલીશ. પિયર કે સાસરીને મારા કામનો ડાઘ લાગવા દીધા વિના.'

સુમંગલા ચંદ્રાવલીને જોઈ રહી. એના મુખ પર ઓજસ હતું. વાણીમાં સત્યનું બળ હતું. આંખોમાં ભક્તિનું અંજન હતું. તે ચંદ્રાવલીને ભેટી પડી. તેના ભાલને ચૂમી લીધું.

'ધન્ય છે, બેન, તને. પરભવની કોઈ તપસ્વી ઋષિ છે! શ્રીહરિની ઈચ્છા હશે તેમ થશે.'

'શ્રીહરિની ઈચ્છા કહું? કાલથી નવરાત્રિ શરૂ થાય છે. નવ દિવસ દેવી પૂજન માટે ઠાઠમાઠથી જવાનું!'

'તું અને દેવીપૂજન? દેવીમાએ આપ્યું તે તો તને ખપ્યું નથી. દેવીમા પાસે હવે શું લેવું છે.?'

'બડી બેના, દેવીમા બિચારાં શું આપે? સંસારના સુખનું નાનકડું બટકું. શાંડિલ્ય ગુરુજી કહેતા હતા...'

'પાછા શાંડિલ્ય ગુરુજી? વાતે વાતે ગુરુજી?'

'ગુરુજીના નામે અકળામણ કેમ થાય છે?'

'હં, શું કહેતા હતા તારા ગુરુજી?'

'કહેતા હતા કે કન્હાઈ ભગવાન છે. એ ભગવાનની એક દાસી યોગમાયા છે. ભગવાનની બેન બની તેને જન્મ લેવા ભગવાને આજ્ઞા કરી. હલકાને હવાલદાર બનાવવામાં આવ્યો. યોગમાયાએ કહ્યું : 'દાસીમાંથી મને બેન બનાવો છો, તો વીરપસલી આપવી પડશે. ભગવાને કહ્યું – આજે તને લાગ મળ્યો છે. માગી લે પેલીએ માગ્યું – દુનિયા તમારા કરતાં મને વધારે પૂજે. વ્રજમાં જેટલી દેવીઓ છે. એ બધી યોગમાયા છે. ભગવાનની બેન બનીને બેઠી છે.'

'વાત તો સરસ કહી. સંસારના સુખનું બટકું તારે તો જોઈતું નથી પછી દેવીમંદિરે જવાની શી જરૂર?'

'બડી બેના! તારી જાતને તું બહુ હોંશિયાર માને છે, પણ સાવ ભોળી છે. બેનના ઘેર ભાઈ ન આવે? બેનના ભાઈને મળવા આનાથી વધારે સારી જગ્યા કઈ? આપણે તો કાલથી જવાનાં. મૈયાએ પિયરમાં રહેવા દસ દિવસની વધુ મુદત આપી છે. એનો લાભ લેવાનો.'

'ખરી છે તું તો! તેં નાનપણમાં કઈ ગોરમા પૂજેલી?'

'કહું? તારી ને મારી ગોરમા જુદી હતી.'

'જા, જૂઠ્ઠી એક જ ગોરમા બેઉએ પૂજેલી.'

'ના, હોં. મનથી તે દેવીમા પાર્વતીજીને પૂજેલાં, કેસરિયો કંથ પામવા. સાચુંને?'

'હા.'

'ને મેં યમુનામાને પૂજેલાં, નંદનંદન મેળવવા. તેં માગ્યું તે તને મળ્યું. મેં માગ્યું તે મને મળ્યું. હવે, કાલે દેવીપૂજન માટે આવીશને?'

'મેં માંગેલું મને મળી ગયું છે.'

'પણ મારું હજી પાકું થયું નથી. મને કંપની આપવા.'

'તારી સિફારસ દેવીમાના ભાઈને નહીં કરું.'

'વાંધો નહીં. હું એમને તારી સિફારસ કરીશ કે વ્રજમાં જન્મી આ છોકરી ભૂલી પડી છે. આવતા જન્મે એનો ય હાથ પકડજો.'

'મારી વકીલાત કરવાની જરૂર નથી. તારા માટે જે માગવું હોય તે માગજે.'

'ગુરુજી કહેતા હતા, ભગવાન અંતર્યામી છે. વગર માગે આપવા જેવું આપે છે. ભગવાન પાસે માગે તેની ભક્તિ નાશ પામે. મારા માટે કંઈ માગવું નથી. મળશે તો પૂછવું છે કે – તમારું સુખ શામાં છે? તમારા સુખ માટે તમારી શી સેવા કરું?'

'જેવી તારી મરજી. સવારે બૂમ પાડીશ. તૈયાર રહેજે.'

સૂર્યનું પહેલું સોનેરી કિરણ પૃથ્વીને સ્પર્શ્યું ત્યાં જ સુમંગલાએ ચંદ્રાવલીને બોલાવવા બૂમ પાડી. અવાજ ચંદ્રાવલી સુધી પહોંચીને પાછો ફરે, તે પહેલાં ચંદ્રાવલી બારણે ડોકાઈ. પાંદડે પાંદડે ગુલાબી ગુલાબ પૂરબહારમાં ખીલ્યાં હોય એવો કાંટા વિનાનો સુકોમળ ગુલાબનો જાણે નમણો છોડ! ગુલાબનું મધુપાન કરવા ઉમટેલા અગણિત ભમરાઓના જેવો ચંદ્રાવલીનો સુદીર્ઘ શ્યામ કેશરાશિ હવામાં લહેરાતો હતો. એની બે ચાર અલકલટો એના ભાલ અને કપોલ દ્વયને વારે વારે ચૂમી લેતી હતી. કમલદલ લોચનમાં કરેલી અંજનરેખા લોચનને કાન સુધી ખેંચી જતી હતી. લલાટમાં કસ્તુરીની બિંદી મહેંકતી હતી. નાકમાં હીરાની નથ ચમકતી હતી. ગાલમાં મધુર ખંજન ઉભરાતાં હતાં. તાસનાં ચમકીલાં લીલા રંગના ચણિયા ચોળી પર લાલ તાસની તારા મઢેલી ઓઢણી સાથે પવન અડપલાં કરતો હતો. નખશિખ હીરાનાં આભૂષણો સૂર્ય પ્રકાશમાં ઓર ઝગારા મારતાં હતાં. હાથમાં લાલ અતલસના વસ્ત્રથી ઢાંકેલો સોનાનો થાળ હતો. ચાલ ગજગામિની હતી.

સુમંગલા ચંદ્રાવલીના આજના અનોખા રૂપલાવણ્યને વિસ્ફારિત આંખોથી જોઈ રહી. મનોમન બોલી : 'આ દેવલોકની ઈંદ્રાણી છે કે સાક્ષાત લક્ષ્મી છે? આવું રૂપ, આવો ઠસ્સો તો લગ્ન વખતે ય નહોતો! કોઈની નજર ન લાગી જાય તો સારું. ધોળે દિવસે અભિસારે નીકળેલી અભિસારિકા જોઈ લો.'

'એકીટસે શું જોયા કરે છે, બડી બેના ?'

'તારા રૂપનિખારને.'

'જેના માટે છે, એને ગમે ત્યારે એની સાર્થકતા. તમે વખાણો તેથી શું?'

‘આખી રાત એનાં સ્વપ્નાં જોયાં લાગે છે!’

‘એવું ય ભાગ્ય અભાગણિને નથી મળ્યું.’

‘મળશે. એ પોતે મળશે. ધીરજ રાખ. સોનાને ય અગ્નિમાં તપવું પડે છે, કસોટીએ ચડવું પડે છે. તો આપણો તો મનખાદેહ. ભગવાન એટલા સસ્તા છે કે બોલાવીએ ને આવી જાય? એ ટકોરા મારી તપાસે છે કે એના હૈયે મોહ છે કે પ્રેમ છે!’

વાતો કરતાં કરતાં બેયનાં પગ અભાન પણે ચાલ્યા જતા હતા, વાત ખૂટી ત્યાં સ્થળનું અનુસંધાન થયું.

‘લે, આપણે તો સંકેતવન આવ્યાં. સામે સંકેતદેવીનું મંદિર દેખાય.’ સુમંગલા બોલી.

‘એમાં ય કોઈ સંકેત હશે.’

ચંદ્રાવલીના દિલના ધબકારા વધવા લાગ્યા. એની ડાબી ભુજા અને આંખ ફરકવા લાગી. શુકન તો શુભ હતા.

મંદિર પહોંચ્યાં. દેવીમાને નમન કરી આદર વ્યક્ત કર્યો.

‘તારાં મોટાં નણંદ છે, ચંદા માથે ઓઢ.’ સુમંગલા બોલી. ચંદ્રાએ ઓઢણીનો છેડો માથે લીધો. હાથ જોડ્યા. મનોમન પૂછ્યું : ‘મોટાં બેન, કુશળ છોને? અને તમારા ભાઈ?’

દેવીમાનું મોં હસતું લાગ્યું. એમને પહેરાવેલા હારમાંથી એક ફૂલ ખર્યું.

‘નસીબદાર છે. નણદલબાના આશીર્વાદ ભાભીજીને મળી ગયા. ફત્તેહ કરો, બેના.’ સુમંગલાએ તે ફૂલ લઈ, ચંદાના વાળમાં લગાવ્યું.

‘બડી બેના, તમે પૂજા કરો.’

‘અને તું?’

જવાબ આપ્યા વિના ચંદ્રાવલી મંદિરમાંથી બહાર નીકળી ગઈ.

મંદિરની ચોતરફ વનરાજિ હતી. પાછળના ભાગમાં વટવૃક્ષોની ગાઢી નિકુંજ હતી, જે સંકેતબટના નામે જાણીતી હતી. તેમાં વચ્ચે સંકેતકુંડ હતો. નિર્મળ જળથી છલોછલ ભરેલો રમણીય હતો. કુંડના ચાર ઓવારા પર આરસમઢી સોહામણી છત્રીઓ હતી.

મંથર ગતિએ ચંદ્રાવલી બટનિકુંજમાં પ્રવેશી. પ્રવેશતાં જ એની નાસિકા, આજ સુધી અપરિચિત એવી દિવ્ય સુગંધથી તરબતર થઈ ગઈ. કુંજમાં આછું ધુમ્મસ વરતાતું હતું. તે આગળ વધી. કુંડ પર આવી. સામેની છત્રીમાં મોહનજીને બેઠેલા જોયા. અધર પર રહેવા ટેવાયેલી મોરલી એમના બે હાથમાં રમતી હતી. પીળા પીતાંબર અને લાલ ઉપરણામાં સાક્ષાત યુવાની પ્રગટ થઈ હતી.

ચંદ્રાવલી હરખાઈ. પગની ગતિ વધી. છત્રીની લગોલગ આવી. ચાર આંખો મળી. સ્નેહસુધાનો ધોધ છૂટ્યો. તે ઊભી રહી ગઈ.

‘આવ, ચંદ્રા. તારી તો રાહ જોઉં છું.’ મધુર વચને ચંદ્રાવલીને રોમાંચિત કરી.

‘નાથ, તમારી રાહ તો ઋષિઓ અને જોગીઓ જન્મજન્માંતર સુધી જુએ. તમે જીવની રાહ જુઓ?’

‘હા, મારા ભકતની, મારા કાજે લોકલાજ, કુલનિંદા છોડનાર અને સહન કરનારીની. લાવ, મારા કાજે શું લાવી છે?’

ચંદ્રાવલીને કહેવું હતું – એક નાનું ધબકતું હૈયું. પણ કહી ન શકી. સોનાના થાળ પરથી વસ્ત્ર ખસેડ્યું. થાળ સામે ધર્યો.

‘વાહ! બુંદીના લાડુ? આટલા મોટા? તારા હાથે જ ખવડાવ’

‘પહેલાં તિલક કરાવો. માળા ધરાવો.’

‘પગલી, પૂજા દેવની થાય. હું દેવ નથી.’

તમે જે હોવ તે. મારા આત્માના સ્વામી છો. દાસી સ્વામીને સ્નેહતિલક કરે, કંઠે વરમાળા પહેરાવે એ પૂજા નથી. સ્નેહનો અભિષેક છે, નાથ!’

‘વાહ, તને બોલતાં બહુ સુંદર આવડે છે!’

‘તમારી વાણી છે.’

ચંદ્રાવલીએ શ્યામના ભાલે બિરાજતા ગોરોચનના તિલકની મધ્ય કુંકુમનો ટીકો કરી, અક્ષત લગાવ્યા. બકુલ પુષ્પોની સાત સેરની ગૂંથેલી વનમાળા પહેરાવી. શ્યામે ચંદ્રાવલીનો હાથ પકડી એને પોતાની બાજુમાં બેસાડી.

‘ચંદ્રા, તારા કાજે જ આવ્યો છું. તારા હાથથી લાડુ ખવડાવ.’

ચંદ્રાવલી શ્યામને કોળિયા ભરાવતી ગઈ. શ્યામ સામગ્રીને સરાહતા રહ્યા. કોકિલા પંચમ સ્વરે ગાતી રહી. મોર નાચતો રહ્યો.

'ચંદ્રા!'

'નાથ!'

'લે, મારું અધરામૃત.'

શ્યામે કોળિયો ચંદ્રાવલીના મુખ તરફ લંબાવ્યો.

'ઉહું.'

'કેમ?'

'એ નહીં.'

'તો?'

'સાચુકલું અધરામૃત.'

કહેતાં કહી દીધું, પણ લાગણી જ શરમાઈ ગઈ. ઓઢણીના છેડામાં મોં છૂપાવી દીધું, શ્યામ હસી પડ્યા.

સરકતા સમયને બટનિકુંજમાંથી બહાર નીકળી જઈ, થંભી જવું પડ્યું.

●●●

પરમ રસ પાયો બ્રજ કી નારી ।
જો રસ બ્રહ્માદિક કો દુર્લભ, સો રસ દિયો મુરારિ ।।૧।।
દરસન સુખ નયનનકો દીનો, રસના કો ગુનગાન ।
બચન સુનન સ્રવનન કો દીનો, વદન અધર રસપાન ।।૨।।
આલિંગન દિયો સબ અંગન, ભૂજન દિયો ભુજબંધ
દીની ચરન બિબિધ ગતિ રસકી, નાસાકો સુખગંધ ।।૩।।
દિયો કામસુખ ભોગ પરમ ફલ, ત્વચા રોમ આનંદ ।
ઢિંગ બૈઠવો દિયો નિતંબન, લૈ ઉછંગ નંદનંદ ।।૪।।
મનકો દિયો સદા રસભાવન, સુખસમૂહકી ખાન ।
'રસિક' ચરન રજ બ્રજજુવતીનકી અતિ દુર્લભ જિય જાન ।।૫।।

---

૧૪. અબ ન બનેગી

ચંદ્રાવલીને તેડવા તેનો પતિ ગોરધન પોતે ગાડું લઈને આવ્યો હતો. લગ્ન પછી જમાઈ પહેલી વખત સાસરે આવેલા. ચંદ્રભાનજી અને સૂર્યભાનજીના ઘેર જમાઈની ભરપૂર આગતા સ્વાગતા થઈ. જમાઈનો સાલસ સ્વભાવ જોઈ સૌનું હૈયું ઠર્યું. ચંદ્રભાનજી અને માધવીએ દીકરીને અને જમાઈને ખૂબ પહેરામણી આપી, વિદાય કર્યાં.

રસ્તામાં ચંદ્રાવલીએ વાત શરૂ કરી :

'મારે તમને એક વાત કરવી છે.'

'કહો. પછી મારે ય એક વાત કહેવી છે. ગોકુળથી નીકળ્યો ત્યારથી ગોખતો આવ્યો છું. તમારા જેવું મને બોલતાં નો' આવડે.'

ચંદ્રાવલી મલકાઈ, બોલી : 'તો તમે પહેલાં કહી દો, પછી મારી વાત સાંભળવામાં રહી જશે, તો ગોખેલી વાત ભૂલાઈ જશે. સાવ ભોળિયા છો.'

'ભલે, કહું. પણ એક શરત. વાત સાંભળી તારે ખોટું નહીં લગાડવાનું રીસાવાનું કે ગુસ્સે થવાનું નહીં.'

'કદી થઈ છું?'

'તો ય મને બીક લાગે છે. આજની વાત એવી છે, બળી રહેવા દે. નથી કહેવી.'

'મરદ થઈ આવા પોચા થાવ છો? પત્નીથી પતિ ડરે? ગોકુળનું પાણી આવું ડરપોક?' ચંદ્રાવલી હસી.

'મને પાણી ન ચઢાવ.'

'તો કહી દો ને મોણ નાખ્યા વગર.'

'ચંદા, વાત એમ છે કે તને હું ગમતો નથીને?'

'એવું ભૂત કોણે ભરાવ્યું?'

'ભૂત કુણ ભરાવે? પરણીને આવી ત્યારથી જોઉં છું. આજ બીજા આણે આવી છે. મા ના પાડતી હતી તો ય તને તેડવા પડે આવ્યો. સુમસામ રસ્તો છે.

મનેખમાં આપણે બે એકલાં છીએ. તો ય મારાથી ખેતરવા છેટે બેઠી છે. હસ્તમેળાપ વખતે તારા હાથનો સોગન ખાવા પૂરતો સ્પર્શ થયો એ થયો. પછી તો...' ગોરધનના બાકીના શબ્દો એના ડુસ્કામાં ડૂબી ગયા.

વાતાવરણ બોઝીલ બન્યું. નીરવ શાંતિ–ગાડાના ચાલવાનો એકમાત્ર અવાજ ગોરધને ખેસથી આંખો લૂછી. ફરી વાત ચલાવી :

'ચંદા, મારે તને દુભવવી નથી. તારી ઈચ્છા વિના તારા ઉપર મારું પતિપણું ઠોકવું નથી. મને એટલું જ કહે – મારો શો વાંક ગુનો છે?'

ગોરધન જવાબની રાહ જોવા થોભ્યો. ચંદાને ખબર હતી કે જવાબ આપવાની આ ક્ષણ આવવાની હતી. પણ આટલી વહેલી આવશે એવો અંદેશો ન હતો. તે ય મનમાં થોડી વિચલિત થઈ ગઈ. તેણે બે ચાર ઊંડા શ્વાસ લીધા. પછી બોલી :'

'તમે તો દેવ છો દેવ. માણસ નથી. હું તો અબળા છું. દીકરી ગાય જેવી. વળાવે ત્યાં જાય. મારી ઈચ્છાથી તમારા ઘેર આવી છું. કોઈની વળાવી આવી નથી.'

'તો પછી?'

'મારે ગોકુળ આવવું હતું, કાયમ ગોકુળવાસ કરવો હતો. તેથી તમારું ઘર પસંદ કર્યું.'

'તે ગોકુળમાં મન લાગવાનું કારણ?'

'કન્હાઈ.'

'ઓય, એણે તારા ઉપરે ભૂરકી નાંખી દીધી?'

'હા. એના સિવાય બધા મારે મન ભાઈ–બાપ.'

'હું ય?'

'હા.'

'હવે, તારું વર્તન સમજાય છે. મારા નસીબનો જ વાંક. જોષી મા'રાજ બાપાને કહેતા હતા – છોકરાના ભાગ્યમાં ગૃહસ્થીનું સુખ નથી. ઘરનો દીવો સળગતો નહીં રહે. એમની વાત સાચી.' ગોરધને નિસાસો નાંખ્યો.

'હવે મારી વાત કહું?'

'કહેવાનું તો બધું કહી દીધું. હવે બાકી રહ્યું છે?'

'હા.'

'તો કહે. સાંભળીશ.'

'મને મોટું મન રાખી માફ કરી દેજો. કન્હાઈ મારા આત્માના સ્વામી છે. તમે દેહના.'

'કન્હાઈ તો હજી છોકરડો છે. કયાં એની ઉંમર ને કયાં તમારી?'

'એ છોકરડા છે તમારી આંખમાં, દુનિયાની આંખમાં. ભક્તની આંખમાં નહીં. ભક્તનો જેવો ભાવ, એવું એમનું સ્વરૂપ, ભક્ત જ એ જાણે, મારે એમની સાથે આજ સુધી ન કોઈ દેહનો સંબંધ છે કે ભવિષ્યમાં થશે. મારો કન્હાઈ સાથેનો સંબંધ આત્મા પરમાત્માનો સંબંધ છે.'

'જો, આવી અઘરી વાતો મને ન સમજાય. એક વાત મને સમજાય છે. તું અધર્મ કરનારી નથી. તારી કાયાને ડાઘ નહીં લાગવા દે.'

'તમારા સુખ માટે બે રસ્તા છે, વંશનો દીવો જલતો રાખવા પહેલો, મને ફારગતિ આપી બીજું લગ્ન કરો. આપણી અહીર કોમમાં એની નવાઈ નથી.'

'ને બીજો રસ્તો?'

'એક ઉપર બીજી કરવાનો. એનો ય ચાલ છે, છોકરું ન થાય તો હું જ ગોતી દઉં. તમને સેજનું સુખ મળશે ને વંશ ચાલુ રહેશે.' ચંદા, શું કહે છે તું? તારી જાતે તારા પગ પર કુહાડો મારવાની વાત કરે છે? તારા સગા હાથે તારી શોક્ય લાવવાની?'

'તમને સુખ નથી આપી શકી એ દોષનું પ્રાયશ્ચિત કરું ને?'

'ના, બેમાંથી એકે રસ્તો મને મંજુર નથી. મારે એક ભવમાં બે ભવ નથી કરવા. તારી હાજરીમાં ય નહીં અને ગેરહાજરીમાં ય નહીં. આમ ને આમ જિંદગી જીવી લઈશું. કોઠે પડી જશે. હું તને જરા ય નહીં કનડું, એટલી ખાતરી રાખજે.'

'આપણી આ વાત આપણા બે પૂરતી જ રહેવી જોઈએ.'

'ભલે, વચન આપું છું.'

ઘેર પહોંચતાં જ પિતાએ ગોરધનને કહ્યું : 'તારા મામાની તબિયત વધુ કથળી છે. મેહરોલીથી સંદેશો આવ્યો છે. અમે તમારા આવવાની જ રાહ જોતાં

હતાં. કાલ સવારે નીકળીશું. વહુ આવી છે. એટલે બે જણ મળી, થોડા દિ' ઘર ને ખેતર સંભાળી લેજો. બનશે એટલાં જલ્દી પાછાં આવીશું.'

'વહુ બેટા, હવે તમે ઘરનાં ભોમિયાં છો. તમને કંઈ શીખવવું પડે તેમ નથી. એકલે હાથે બધું કરવાનું થશે. મહી વેચવા એટલા દિ'ન જાતાં ને ગોરધન, તું ય બપોરા કરવા ખેતરથી ઘેર આવી જજે, દીકરા! વહુને છાક લઈ ખેતર સુધી લાંબી કરતો નહીં. મોટા ઘરની દીકરી છે. મહેનત કરી નથી. વહુને સાચવજે.' સાસુ બોલ્યાં.

'ભાગ્યવાન, તમે મને સાચવ્યો. તમારી વહુ એના ધણીને સાચવશે. વહુનાં લક્ષણ બારણામાંથી વરતાય. લક્ષ્મીજીનો અવતાર છે.' હરિનારાયણજી બોલ્યા.

સાસુ સસરા મેહરોલી જવા ઉપડી ગયાં. એમને વિદાય કરી, ગોરધન ખેતર જવા નીકળતો હતો. પગમાં જોડા ય પહેરી લીધા.

'સાંભળો છો?' ચંદ્રાવલી ટહુકી.

તે ઊભો રહી ગયો. ચંદ્રાવલી સાડીના છેડે હાથ લૂછતી બહાર આવી.

'કહું છું. બપોરના તાપમાં ઘેર આવશો મા. હું જ છાક લઈ ખેતરે આવી જઈશ. ઠાલા પગ ન દુઃખાડશો.'

'મા કહી ગઈ છે. આવીને મને વઢે.'

'નહીં વઢે. હું કહું છું ને.'

'ભલે, જેમ તમે કહો તેમ.'

'ને હા, તમને વધુ શું ભાવે? શું બનાવું? આજ રસોઈ મારે કરવાની છે.'

'શું ભાવે ને શું ન ભાવે એવી તો આજ સુધી ખબર જ નથી પડી. મા રાંધે, તે ખાવાનું તમને ભાવતું રાંધજો, બસ?'

'ભલે.'

ચંદ્રાવલી હસી. એની આંખનાં અમીએ ગોરધનના કોઠે ટાઢક કરી. જતાં જતાં એણે બે વાર પાછા વળી વળીને જોયું. ચંદ્રાવલીએ મલકાઈ, હાથ ઊંચો કર્યો.

તે વિચારતી ઘરમાં ગઈ : 'જણ તો પોતાનો છે. દેહનું સુખ ન અપાય, પણ દયા તો રખાયને. હસીને બે મીઠા શબ્દો કહીએ તો કેવું સારું લાગે? કેવા હરખાતા ગયા!'

સૂરજ માથે આવે, તે પહેલાં ચંદ્રાવલી છાક લઈ, ખેતરે પહોંચી ગઈ ગોરધને પાગ માથેથી ઉતારી. હાથ, પગ, મોં ધોયાં. પાગના છેડાથી લૂછતો, ચંદ્રાવલીની સામે આવીને બેઠો. ત્યાં સુધીમાં ચંદ્રાવલીએ ઢાક (ખાખરા)ના વૃક્ષનાં પાન તોડી, પાતળ પડિયા બનાવી દીધા હતા. પાતળમાં બેજરની રોટી પીરસી. ઉપર માખણનો મોટો પેંડો. કંકોડાનું શાક. મગની દાળ. કેરનું અથાણું. કાકડીનું રાયતું ને ઘીમાં લચપચતો શીરો.

'અરે વાહ, આજ તો તેં કંઈ ભોજન બનાવ્યું છે? મજા આવી ગઈ.'

'ખાધા પહેલાં જ? ખાઈને કહેજો કેવું બન્યું છે!'

'બંને જમવા લાગ્યાં. એકબીજાની સામે જોતાં જાય, મરકતાં જાય ને જમતાં જાય. ચંદ્રાવલીએ આગ્રહ કરીને ગોરધનને જમાડ્યો. જમીને ઓડકાર ખાતાં, ગોરધને કહ્યું :' બસ, એક વાતની કમી રહી ગઈ.'

'શી?'

'કન્હાઈની. ખાવાનો જબરો શોખીન. બેજરની રોટી એનું પ્રિય ભોજન.'

'તમારા મિત્રનું તમે જાણો.'

'કહેતી હોય તો કાલે બોલાવું.'

'બોલાવજોને.'

'અરે, હં, હમણાં તું આવી તે પહેલાં મોટા ભાઈ આવ્યા હતા. તે કહેતા હતા – આજે રાતે ખેતરની ચોકી કરવા અમારે બે જણે ખેતરે રાતવાસો કરવાનો છે. મને તારી ચિંતા થાય છે. ઘેર તું એકલી...'

'તે મને કોણ ખાઈ જવાનું છે? જેની માએ શેર સૂંઠ ખાધી હોય તે આવે. મને કોઈનો ડર બર ન લાગે. તમે નચિંત રહેજો. સાંજના વાળુ માટે તો ઘેર આવશોને?'

'હોવે.'

'લો, ત્યારે હું જાઉં...'

સાંજે ગોધુલિનો સમય થયો. ચંદ્રાવલી આજે ઘરમાં મુક્ત હતી. કન્હાઈના ગોરજમંડિત મુખકમળને નિરખવા સજ્જ થઈ. પીત લહેંગા પર શ્યામ કંચુકી કસીને બાંધી. ઉપર લાલ રેશમી લહેરિયું પહેર્યું. અંબોડે મઘમઘતી જૂઈનો ગજરો બાંધ્યો.

ગાયોના ભાંભરવાનો અવાજ નજીક આવ્યો. સાથે વેણુમાં ગોરી રાગના સૂર સંભળાયા. તે મેડે ચડી. ઝરુખે જઈ ઊભી. ઝરુખાના કઠેડે શરીર ટેકવ્યું. જમણો હાથ છાપરાની થાંભલી પર ઉંચો ગોઠવ્યો. શિલ્પીએ કંડારેલી નખશિખ ઉત્કંઠિતા નાયિકાની જાણે સુવાંગ શિલ્પકૃતિ.

ગાયોના ઝુંડના ઝુંડ આવતાં ગયાં. ગાયોની વચ્ચે ગોવિંદજી વેણુ વગાડતા, બેય બાજુ આંખો નચાવતા, નજરોથી સન્માન સ્વીકારતા આવી રહ્યા હતા. ચંદ્રાવલી મનમોહનને નિરખી રહી. નેત્રોની દીપશિખાઓથી એમની આરતી ઉતારતી રહી. ગોવિંદજી એના ઝરુખે નીચે આવ્યા. નેત્ર પલ્લવી રચાઈ ચંદ્રાવલીએ અંતર્યામીને એના મહોલે પધારવા ઈજન આપ્યું. વેણીમાંથી ચંપકલી ખેંચી, તાકીને ફેંકી. ગોવિંદજીએ ઝીલી. આંખ મીચકારી. ચંદ્રાવલી સમજી કે એનું ઈજન સ્વીકારાયું. તે હરખાઈ.

ઝટપટ વાળુ બનાવ્યું. ગોરધન આવ્યો. વાળુ પાણી થઈ ગયાં. કડિયાળી ડાંગ લઈ, મૂછો આમળતો તે જવા તૈયાર થયો.

‘સાચવીને રે’જો. જીવને જોખમ ન કરતા. મોં સૂઝણું થાય પછી જ ઘેર આવવા નીકળજો. મારી ચિંતા ન કરતા.

‘ભલે, સાંભળીને રહેજે.’

ઝટપટ એણે ઘર ગોઠવી દીધું. ફરી સ્નાન કર્યું. રસિકા નાયિકાનો શણગાર સજ્યો. જાંબલી જરીનો ઘમ્મર ઘાઘરો ને તસતસતી કંચુકી પહેર્યાં. ઉપર પીળી જરીની ઓઢણી. સોને અંગ મઢ્યું. તૈયાર થઈ ચાર-છ વાર અરીસા પાસે જઈ આવી. રાહ જોતી, અટારીએ આવીને બેઠી. આંખો નંદભવનના મારગે ને હૈયું સ્મરણોના સથવારે.

ગોકુળ ગામ ધીમે ધીમે ખામોશ થતું ગયું. ઢોર પણ સૂઈ ગયાં. અવરજવર બંધ થઈ. ઘરોમાંથી દીવા રામ થવા લાગ્યા. અંધારી રાતના ઓછાયા ગાઢ થતા ગયા. પગરવ સંભળાય એટલે એ સચેત થાય. આદમી નજીક આવતો જણાય, તો ઊભી થઈ જાય પણ પારકા જણને જોઈ પાછી બેસી જાય. નંદાલયની ઘડીમાં બારના ડંકા બજ્યા. તે નિરાશ થઈ ગઈ. હવે શું આવે?

‘આવન કહ ગયે, અજ હુ ન આયે પિય,
બીતી સબ નિસ મોહે ગિનત હી તારે.’

તે મનોમન કહેવા લાગી : ‘હા કહી છે, એટલે આવશે.’

બુધ્ધિએ દલીલ કરી : ‘રસ્તામાંથી બીજી કોઈ ખેંચી ગઈ હશે. એના ઘેર. હવે તું ઉજાગરો વેઠ્યા કર.’

‘દીપક જ્યોતિ મલિન ભઈ હૈ,
કિન દૂતીયનકે બિરમાયે પ્યારે?’

ત્યાં નિઃસ્તબ્ધ રાત્રિમાં ફરી પદરવની આહટ સંભળાઈ. એની તંદ્રા તૂટી. ઊભી થઈ. અણસાર ઓળખ્યો. મનમયૂર નાચી ઊઠ્યો. ‘એ જ છે. હાશ! રાહ જોવડાવીને પણ આવ્યા ખરા.’ પ્રાણોમાં સ્ફૂર્તિ અને સુરતિનો સંચાર થયો. દ્વાર ખોલવા નીચે દોડી. એક સાથે સીડીનાં બબ્બે પગથિયાં ઉતરી. ચૂપકીથી દ્વાર ખોલી, આવકારવા ઊભી થઈ.

કન્હાઈએ તેને જોઈ. તેની આંખોમાં મિલનની ઉત્કંઠા વાંચી. વિચાર્યું - તડપન વિનાના મિલનમાં મીઠાશ ન આવે. કેરી કાચી છે, સાખ પડે, તેની રાહ જોવી પડે. સ્નેહની સાર્થકતા થોડાં રીસામણાં, થોડોક ઝઘડો, થોડાક વાક્પ્રહારો વિના અધૂરી. તેઓ ગલીના નાકેથી પાછા ફરવા લાગ્યા.

ચંદ્રાવલી અચંબામાં પડી, ‘રસ્તો ભૂલી ગયા કે શું? આટલે સુધી આવીને પાછા કેમ જાય છે?’ શાંત રાતમાં બૂમ પડાય તેમ તો હતી જ નહીં. પાડોશીઓ જાગી જાય. તે કન્હાઈની પાછળ દોડી. આગળ કન્હાઈ, પાછળ તે. ચોપટે આવી દબાયેલા અવાજે બૂમ પાડી - ‘કન્હાઈ,’ જવાબ ન મળ્યો. જાણે ઓળખતા જ નથી. અરમાનો ઊંઘાં વળતાં હતાં. અસહાયતા ક્ષોભમાં પરિણમી. ક્ષોભમાંથી સાક્ષાત્ ક્રોધ આવ્યો. કહેવા લાગી :

‘બનઠન કહાં ચલે?’

કન્હાઈ ઊભા રહ્યા, પીઠ ફેરવ્યા વિના જ. જવાબ ન આપ્યો.

તે વધુ ચીડાઈને બોલી : ‘ઐસી કો મન ભાઈ, સાંવરે કુંવર કન્હાઈ?’

વચનોમાં થોડો છૂપો ગર્વ હતો – આખા ગોકુળમાં – અરે આખા વ્રજમાં મારાં રૂપ, ગુણ, લાવણ્ય, સ્નેહ અને ચતુરાઈના પેંગડામાં પગ નાંખી શકે એવી બીજી કોઈ છે? મારાથી અદકેરી બીજી કઈ તમારા મનમાં ઉભરી આવી તે, પાછા ફરી ગયા?

એ વચનોમાં વ્યંગ્ય ભરપૂર હતો. ‘સાંવરે’ તમારું રૂપ દર્પણમાં જોયું છે? કાળા છો, કાળા. કાળા પર કોણ મોહે? હું જ તમારી પાછળ ફના થવા બેઠી છું! એટલે જ આટલું ગુમાન છે!

‘કુંવર કન્હાઈ! બાપ રાજા છે. દીકરો યુવરાજ છે. રાજા તો સંસ્કારી હોય. પ્રજાની વાત સાંભળે. પ્રજાની પીડા–દુઃખ હરે. રાજાના ગુણ યુવરાજમાં આવે! પણ તમારામાં તો એવો ગુણ જ નથી! નંદબાવાના કુંવર છો, પણ કયાં નંદબાવા અને કયાં તમે! તમારા ઉધમાત આખું વ્રજ જાણે છે. હું જ મુઈ, તમારી પાછળ–

કન્હાઈ મનોમન હસ્યા. મનમાં બોલ્યા : ‘ચંદ્રા, ગુસ્સામાં તુ અતિ સુંદર લાગે છે!’ તેમણે ખભા પરની કાળી કામર માથે ઓઢી લઈ, તેમાં મુખ છૂપાવી દીધું. બે આંખ ખૂલ્લી રાખી.

ચંદ્રાવલી ઓર ચીડાઈ. ‘જોયું? મારાથી મોં સંતાડે છે. કાલ ઠાવકા થઈને યમુના ઘાટે કહેશે – ગોપી, તારી ભૂલ થાય છે. એ હું ન હતો હું તો –’ ચંદ્રાવલીએ ચેતવ્યા, ખોટું બોલશો મા.

‘મુખ તો સોહે દુજ કો ચંદા, છીપ છીપ દેત દિખાઈ.’ તમારું મુખ તો બીજની ચંદ્રિકા! અણિયારી બે આંખો બીજની ચંદ્રિકા જેવી લાગે છે! બીજનો ચંદ્ર માંડ માંડ દેખાય! દેખાય એવો ઓઝલ થાય તમે કામળથી મોં ઢાંકવાના લાખ પ્રયત્નો કરો, પણ વૃથા. જેમ છૂપાવશો, તેમ સ્પષ્ટ દેખાય છે. તમારી આ ચાલ કામ નહીં આવે.’

કન્હાઈએ વિચાર કર્યો – વાઘણ છંછેડાઈ છે. હજી થોડી વધારે છેડછાડ કરું. તો ઓર મજા આવશે. જમણા હાથનો અંગૂઠો બતાવી, પીઠ ફેરવી, ચાલવા માંડ્યું. ચાલવાની ગતિ તેજ કરી.

‘ચલે હી જાઓ? નેક ઠાડે રહો.’ ચંદ્રાવલીએ સૂર બદલ્યો મનાવવાની કોશિશ કરી. તે પાછળ ગઈ. પણ ઊભા ન રહ્યા. હવે બરોબર ફૂંગળાઈ. ધારદાર અવાજે બોલી : ‘કૌન ઐસી સીખ સિખાઈ?’ આવી અવિવેકી, તોછડી રીતભાત કોણે તમને શીખવી? બાવા નંદ અને મૈયા યશોદા આવા નથી. રોહિણીમા સીધાં છે. દાઉ ભૈયા તો સાવ સીધા છે. ‘ગિરિધર સબ હી અંગકો બાંકો.’ ‘કૃષ્ણ’ નામનો ય એકે અક્ષર સીધો નથી!

કન્હાઈએ ચાલવાની ગતિ વધુ તેજ કરી. આખા શરીરે ગુસ્સાથી કાંપતાં, ચંદ્રાવલીએ કહી દીધું : ‘અબ ન બનેગી’ હવે આજથી આપણે નહીં બને. તમારી કિટ્ટા.

કન્હાઈને મજા આવી. ઊભા રહી ગયા. પીઠ ફેરવી હસવા લાગ્યા. બાંકી નેત્ર છટા કરી પૂછ્યું :

‘નહીં બનેગી તો કહા કરેગી?’

ચંદ્રાવલી વિચારમાં પડી ગઈ. કહેતાં તો કહી દીધું, પણ કરવાનું શું? એનું ચાલવાનું કેટલું? વ્રતચર્યા ચીરહરણમાંય એને થાકીહારીને આખરે કહેવું પડ્યું હતું – ‘હૌ હારી, તુમ જીતે, અબ દેહો બસન હમારે. પનઘટ પર વારવાર વિનતી કરવી પડે છે – બલિ જાઉં લાલ તિહારી, મત ફોરો મટુકી મેરી –’ હિંડોળાના દિવસોમાં ય પગે લાગવું પડે છે કે’’ તો ઝૂલૌ તૂમ સંગ, જો ઝૂલવો હોલે હોલે.’’ દાનના દિવસોમાં તો રોજ નાકલીટી તાણવી પડે છે. ‘આન ધરી મટુકી,’ એમની સાથે ઝઘડીએ, ગારી દઈએ, પણ એ સુજાન સુંદર ઢીઢ બની હસ્યા જ કરે! સામે ગુસ્સે જ ન થાય! ગુસ્સાનો એક શબ્દ ન ઉચરે! એને બતાવી કેવી રીતે દેવું?

કન્હાઈએ કટાક્ષમાં કહ્યું : ‘મૈં બતાય દઉ? તૂ રડેગી, ઔર કયા કર સકતી હૈ?’

ચંદ્રાવલી ધૂંધવાઈ. જોરથી નકારમાં માથું ધુણાવ્યું. શ્વાસભેર બોલી ગઈ – ‘બતાય દૂંગી, અવશ્ય બતાય દૂંગી. નિકસ જાય ઠકુરાઈ.’ તમારી બધી ઠકરાશ ગામ વચ્ચે ન કાઢું તો હું ય રિઠોરાની ચંદ્રાવલી નહીં.

ચંદ્રાવલી પગ પછાડતી ઘર તરફ પાછી ફરી.

કન્હાઈ હસ્યા : ‘પગલી કહીંકી! કામાવેશથી કન્હાઈ દૂર રહે છે. એનું હજી એને ભાન નથી!’

* * *

૧૫. ગોકુલ કે ચોહટે રંગ રાચિ ગ્વાલિ

મહા વદ સાતમનો દિવસ હતો. નંદરાયજીએ ગોકુળમાં હોળીખેલનું મોટું આયોજન કર્યું હતું. રમણરેતીના માર્ગે ગોપ-કૂવા પાસે ચાર રસ્તા ભેગા થતા હતા, વિશાળ મેદાન હતું. ફરતાં કેસુડાનાં વૃક્ષો હતાં. પાન કરતાં ફૂલો વધારે હતાં. વાસંતી વાયરાની આલ્હાદકતા હતી.

ચાર રસ્તે ચાર યૂથો ઊભાં હતાં. વયસ્ક ગોપોની આગેવાની નંદરાયજીની હતી. વયસ્ક ગોપાંગનાઓનાં મુખિયા નંદરાણી હતાં. ગોપકુમારોના સરદાર ગોપાલજી હતા. ગોપીઓની નેતાગીરી ચંદ્રાવલીએ સ્વતઃ સંભાળી લીધી હતી. રાધા સહચરીજીનો સાથ હતો. સૌ રેશમી લાલ મગજીની કિનારીવાળાં સફેદ વસ્ત્રોમાં સજ્જ હતાં. ગોપાલજીએ લાલ રેશમી સૂથન પર લાલ મગજીની કિનારીનો ચાકદાર વાગો ધર્યો હતો. લાલ કમરપટકો કસીને બાંધ્યો હતો. સોનાનાં આભૂષણોથી સાંવલ દેહ ચમકતો હતો. સફેદ કુલ્હે પર પાંચ મોરચંદ્રિકાનો જોડ વાયરે લહેરાતો હતો. કમરપટકામાં ચિરસંગિની મુરલી ખોસી હતી. તેઓ ગોપીઓને બતાવી આપવાના મુડમાં હતા.

ચંદ્રાવલી કરતાં રાધા સહચરી વયમાં નાનાં હતાં. નંદરાયજીને ત્યાં સેવિકાઓનાં મુખિયા હતાં. ચતુર હતાં. નમણાં, સોહામણા હતાં. ગુલાબી ઝાંયવાળાં ગૌરવર્ણનાં હતાં. તેમણે અને ચંદ્રાવલીએ લાલરેશમી લહેંગા-કંચુકી પર લાલ મગજીની બોર્ડરવાળી શ્વેત રેશમી સાડી અસલ વ્રજશૈલીમાં ધારણ કરી હતી. બંનેના અંગ સુવર્ણાભરણોથી શોભતાં હતાં. ચંદ્રાવલી થોડા દિવસો પહેલાંના સંકલ્પને ભૂલ્યાં ન હતાં – 'નિકસ જાય ઠકુરાઈ' આજે ગુરુજનોની હાજરીમાં એ પૂરો કરવા ઉત્કંઠ હતાં. કન્હાઈનાં વચનો વાગોળતાં હતાં – 'ખેલનમેં કો' કા'કો ગુસૈયા?'

ચારે જૂથો ચાર રસ્તા રોકી આમને સામને ખડાં હતાં. દરેક જૂથ પાસે સુગંધી કેસર-કેસૂડાના પ્રવાહી રંગનાં મોટાં કૂંડાઓ હતાં. અબીલ, ગુલાલ ભરપૂર હતો. લીલા, ગુલાબી, કેસરી, પીળા રંગ હતા. ચોવા ને ચંદનના ડબરા હતા. દરેકના હાથમાં મોટી મોટી પિચકારીઓ હતી. સૌ ખેલના પ્રારંભની રાહ જોતાં હતાં. શરૂ કોણ કરે?

કન્હાઈ વિચારતા હતા – 'વડીલોની હાજરી છે. આમેય હું બદનામ છું, પણ વડીલોની નજરમાં નિર્દોષ રહ્યો છું. છેડછાડની શરૂઆત કરી, મારે મારી નટખટતાનો પુરાવો શા માટે આપવો?'

ચંદ્રાવલી વિચારતી હતી – 'હું કુલવધૂ છું, ગોકુળની. ગુરુજનોની હાજરીમાં મારાથી શરારતનો પ્રારંભ ન થાય.'

નંદબાવાની આજુબાજુ ઊભેલા મિત્રોએ પૂછ્યું : 'બાવા શાનું મુરત જોવાય છે?'

'ભૈયા, આ ઉંમરે આપણાથી શરારત થાય?'

જશોદારાણી તો ઘૂમટો તાણીને ઊભાં હતાં.

રાધા સહચરી અધીરાં બન્યાં. એમણે ચંદ્રાવલીનો પિચકારીનો દાંડો પકડેલો હાથ ચપળતાથી દબાવ્યો. કન્હાઈના મુખ પર પિચકારી બરોબર તકાયેલી તો હતી જ સરરરર... રંગની ધારા છૂટી. કન્હાઈનું મુખ લેપાઈ ગયું. ખેલનો પ્રારંભ થઈ ગયો.

કપડાંની ઝોળી બનાવી, તેમાં અબીર-ગુલાલ ભરી સૌ હવામાં ઉડાડવા લાગ્યાં. આકાશ રંગબેરંગી વાદળોથી છવાઈ ગયું. વાતાવરણમાં પાસેની વ્યક્તિ પણ ન દેખાય એવું રંગોનું ગાઢ ધુમ્મસ છવાઈ ગયું. એને ભેદતી પિચકારીઓની રંગ ધારાઓ સૌને તરબોળ કરતી રહી. કેસૂડાનાં નાનાં-નાનાં ઝરણાં વહ્યાં. 'હોરી હૈ,' 'હોરી હૈ' ના હોંકારા-પડકારા ડફ, નિશાન, ઝાંઝ, મૃદંગના તાલના સથવારે ગાજવા લાગ્યા. સૌને શૂર ચડ્યું.

'ઉન્મદ ગ્વાલ કરત કુલાહલ,
બ્રજબનિતા સબ ઘેરી.
બાજત તાલ મૃદંગ બાંસૂરી,
ઢોલ દમામા ભેરી.'

સૌ આનંદમગન થઈ ગયા હતા. ભાન ભૂલી ખેલતા હતા. કુળકાન મર્યાદા છૂટી ગયાં હતાં. મોટાઈના વાગા ઉતરી ગયા હતા. નંદબાવા ય બાળક જેવા બની ગયા હતા. નંદરાણી ભારે શરીરેય નાચતાં હતાં 'સુધિ ન પરે કો કાકી નારી, હસિ હસિ દેત પરસ્પર તારી,

યુવાન ગ્વાલિનીએ વરસ દિવસની મીઠી ખીજ ઉતારવા ગારી દેતાં હતાં. વ્રજની નારી અને ગારી મીઠાં મધ જેવાં. જગતમાં એનો જોટો નહીં.

'તુમ આવો રી તુમ આવો, મોહન જુ કો ગારી સુનાવો,
હરિ કારો રી હરિ કારો, યહ દો બાપન બીચવારો.'

ચંદ્રાવલીએ રાધાસહચરીના કાનમાં કહ્યું : 'બેન, આજે કન્હાઈને યાદ રહી જાય એવો પાઠ ભણાવી દઈએ.'

'શું કરીશું?'

'કન્હાઈ તમારું માન રાખે છે. એને પટાવી ફોસલાવી મારી પાસે લઈ આવો. પછીનું હું સંભાળી લઈશ. જો જો ગ્વાલો તમારું અપહરણ ન કરી જાય.'

રાધા સહચરીએ રંગના ગાઢ ધુમ્મસમાં સાડી કાઢી, ધોતી બનાવી, પહેરી લીધી. બીજી ગોપીની ઓઢણી ખેંચી, માથા પર પાગ વીંટી દીધી. ત્રીજીની ઓઢણી લઈ, કંધા પર પટકો બનાવ્યો. ગોપવેશ લઈ, ગોપસખાઓના સમૂહમાં ઘૂસી ગયાં. કન્હાઈની નજીક પહોંચી ગયાં. પુરુષ અવાજમાં કાનાના કાનમાં કહ્યું : 'લાલા, પેલી ચંદ્રાવલી કાલની આવેલી મરડાઈ મરડાઈને ગામમાં ચાલે છે. તીખી છે. એને આજે તું બધાની વચ્ચે એવી ફજેત કર કે ખો' ભૂલી જાય. બહુ ગરવીલી છે.'

'એના સુધી જવું પડેને?'

'હું સાથ આપું. ચાલ.'

'સુબલ, મધુમંગલ, તોકને લઈ લઈએ સાથે!'

'ના, કાના, એ ચતુર અને ચપળ છે. ટોળાને જોઈ છટકી જશે. શત્રુ પર ચૂપકીદીથી હુમલો કરવો. બળિયા શત્રુને ઊંઘતો ઝડપવો એમ રણનીતિ કહે છે.'

'ભલે દોસ્ત, ચાલ કરીએ કંકુનાં.'

સખાઓને ભરપૂર પોટલીઓના રંગ ઉછાળવા અને હોંકારા-પડકારા વધારવા, નગારાં જોરજોરથી બજાવવા સૂચના અપાઈ. રણસુભટ શત્રુદળમાં ઘૂસવા નીકળ્યા.

રાધા સહચરી કન્હાઈને સખીદળમાં લઈ આવ્યાં. એક ઈશારે સખીદળે કન્હાઈની ચોગમ અભેદ્ય કિલ્લો રચી દીધો. ચંદ્રાવલીએ કન્હાઈના બે હાથ પકડી લીધા. રાધા સહચરીએ કન્હાઈની ફેંટમાંથી મોરલી ખેંચી લીધી. પોતે મસ્તકેથી પાગ ફગાવી દીધી. કન્હાઈ બોલ્યા – 'દગો કર્યો!'

'કુંવર, ખેલમાં અને યુદ્ધમાં થતો દગો પાપ નથી. તે દગો ન કહેવાય. ચતુરાઈ કહેવાય.' રાધાચહચરી બોલ્યાં.

ચંદ્રાવલીએ કન્હાઈનો કમરપટકો છોડ્યો. ઝટપટ ચાકદાર વાગો ઉતાર્યો. સૂથનની ગ્રંથિ ખોલવા માંડી. કન્હાઈએ કહ્યું : 'મારી આબરૂ લેવી છે?'

'હા, તમારી ઠકરાશ કાઢી નાખવી છે. યાદ છે મારા શબ્દો?' કુંવરે મસ્તક હલાવ્યું.

એક સખી પીળો ઘાઘરો લાવી, કન્હાઈને સૂથન પર જ ઘાઘરો પહેરાવી દીધો. બીજી સખી કેસરમાં બોળેલી ચોળી લાવી. કન્હાઈને માપની આવી રહી. એક ચુંદડી લાવી. ચુંદડી ઓઢાડી. લલાટનું તિલક લૂછાયું. બિંદી થઈ. કન્હાઈ કન્યા બની ગયા! કન્હાઈએ કહ્યું : 'સંતોષ થયો? ઈચ્છા પૂરી થઈ ?'

'ના રે ના, આ તો શરૂઆત છે. નંદરાણીને દીકરી નથીને? દીકરીનાં દર્શન તો કરે! આવો સૌની વચ્ચે.'

'પણ મારી મુરલી તો આપો.'

'એમ ન મળે. સૌની હાજરીમાં નવેલી નાર બની નાચવું પડશે, કુંવર. પછી મુરલી મળશે.' એટલામાં ખેલમાં ઓટ આવી. વાતાવરણમાંથી રંગ ગયા. સૂર્યકિરણો દેખાયાં. સખાઓ શ્યામને શોધતા હતા.

ત્યાં ચંદ્રાવલી હાથ પકડી કન્હાઈને બધાની વચ્ચે લઈ આવી, નવેલી નારીના રૂપમાં. એણે સાદ પાડ્યો : 'સાંભળો સૌ, નંદબાવાના ત્યાં દીકરી પધારી છે. કૃષ્ણા નામ છે. દર્શન કરી ધન્ય થાવ.'

સૌ વિસ્ફારિત નેત્રે જોઈ રહ્યાં. ચંદ્રાવલીએ કન્હાઈને ચારે બાજુ ફેરવ્યા. સખાઓ સંકોચાયા. સખીઓ તાનમાં આવી. ગુરુજનો સાત્ત્વિક આનંદ માણવા લાગ્યા.

'ગોકુળવાસીઓ, કૃષ્ણા બહુ સુંદર નાચે છે. નાચો, કૃષ્ણા' કાનમાં કહ્યું, 'મુરલી લેવી હોય તો નાચો.'

સખીઓ ડફ બજાવવા લાગી. ગારી ગાવા લાગી. કન્હાઈ પણ લટકાળી લલના બની લાસ્ય કરવા લાગ્યા. 'જય હો,' 'જય હો' ના ધ્વનિ ગાજી ઊઠ્યા.

તે સાથે જ ફરી રંગગુલાબની આંધી ઊઠી. રંગીન અંધકાર ઉતરી આવ્યો. ચંદ્રાવલી કન્હાઈનો હાથ પકડી, લઈ ગઈ સઘન નિકુંજની દિશામાં.

'મનોરથ પૂરો થયો?' કન્હાઈએ પૂછ્યું.

'સંકલ્પ પૂરો થયો. રાતનો મનોરથ બાકી.'

'એ પૂરો થશે શરદપૂનમની રાતે, ચંદ્રસરોવરના ચોકમાં, રાસમંડળમાં.'

'વચન?'

'હા, વચન. પૂર્વજન્મનું વચન પૂરું કરવા હું અને તું આવ્યાં છીએ.'

◆

૧૬. હૌં તો ભઈ રી કૃષ્ણમયી રી

શરદની રાત આવી ને ગઈ. ચંદ્રાવલી ભક્તિના ઉચ્ચતમ શિખરની નજીક પહોંચી ગઈ. એક રાતે એને સંયોગ વિયોગનો વિલક્ષણ અનુભવ કરાવ્યો. શાંડિલ્ય ગુરુજીએ શીખવેલાં 'ભક્તિસૂત્રો' સાકાર થયાં. તે ત્રણ વાત શીખી. (૧) પ્રભુમિલનની ઉત્કટતા માટે સ્થળ અને સમયનાં બંધનો ફગાવી દેવાં. લૌકિક આસક્તિની ગાંઠો કાપી નાંખવી. તે વિના પ્રભુપદે ન પહોંચાય. (૨) સૌભાગ્ય નો ય મદ ન કરવો. ભગવદ્સુખ મને મળ્યું એવો મદ જાગતાં ભગવાન અંતર્ધાન થઈ જાય. (૩) પ્રભુ સાધનોથી રીઝતા નથી. રીઝે છે માત્ર નિઃસાધનતા પૂર્વકના દૈન્યથી.

એને એક બીજી પ્રતીતિ પણ થઈ. સંયોગરસ પર્યાપ્ત નથી. એમાં અધૂરપ રહે છે. કંઈક ખૂટતું લાગ્યું. પણ સમજાતું ન હતું. ભક્તિની પરિપૂર્ણતાનું શિખર હજી એક પડાવ દૂર હતું. એને એટલું તો સમજાઈ ગયું કે એ પડાવ પરથી એની શક્તિથી ઉઠાશે નહીં, શિખરે પહોંચાશે નહીં. એને કન્હાઈની કૃપાની પ્રતીક્ષા કરવાની હતી. તે પ્રતીક્ષા કરતી રહી. વરસદિવસ વીત્યો. બીજી શરદપૂનમ આવી.

આખું ગોકુળ ગામ, ગોકુળ ખાલી કરી, બરસાનાથી થોડે દૂર વસ્યું હતું. ઊંચા પર્વત પર નંદાલય અને ચોમેર ગોકુલવાસીઓનાં ઘર. ગામનું નામ પડ્યું નંદગાંવ. ચંદ્રાવલીના પરિવારને નંદગાવમાં તો નંદાલયની બાજુમાં જ જગ્યા મળી. કન્હાઈની મુરલી અને ઝાંખી સહજ તથા સુલભ બની ગયાં હતાં.

ચંદ્રાવલી હજી તો સૂતી હતી. ઘસઘસાટ નિંદ્રા માણી રહી હતી, ત્યાં સાસુના અવાજે તેને જગાડી દીધી.

'ગોરધન દીકરા, આપણી ગંગા ખીલે નથી. ખીલો ઉખડી ગયો છે.'

ગોરધનના શરીરમાં તાવ ભર્યો હતો. છતાં ઊઠ્યો. દંપતી બહાર આવ્યાં. સાચે જ ઘરમાં સૌની લાડકી ગંગા ગાય વાડામાં ન હતી. વાડાનો દરવાજો ખુલ્લો પડ્યો હતો. સાસુમાની સૂરત રડવા જેવી હતી. ગાયો તો એમનું ધન હતીને!

'મા, એમનું શરીર તાવે ધગે છે. પણ ચિંતા ન કરો. હું છું ને! અબઘડી ગોતી લાવીશ. રાતે વાડો ખૂલ્લો રહી ગયો લાગે છે.'

તે સંમતિની રાહ જોયા વિના નીકળી પડી. આછો ઉજાસ થવા માંડ્યો હતો. નંદગાંવનું ગોદરું ખુંદી વળી. ગાયનો પત્તો ન લાગ્યો. શોધમાં ને શોધમાં આગળ વધી. સૂર્ય ક્ષિતિજેથી ઊંચે ચડતો હતો. તે પ્રેમસરોવર પહોંચી ગઈ.

ષષ્ઠકોણાકૃતિ પ્રેમસરોવર બેનમૂન હતું. કાંઠા પર આરસનું ત્રણ પગથિયાંની સીડીવાળું સિંહાસન એક ચોતરા પર હતું. પાછળ બે ઘટાદાર વૃક્ષો છત્રી બનીને ઊભાં હતાં.

ચંદ્રાવલી ગાયની ફિકરમાં થાકી ગઈ હતી. ચોતરા પર બેસી પડી. સ્થળના સુંદર વાતાવરણે તેને પ્રફુલ્લિત ન કરી. હા, તે ગાયને વિસરી ગઈ. ગોપાલ યાદ આવી ગયા – કદાચ આ સ્થાનના કારણે જ. થોડા–પૂરા બે મહિના પહેલાં રાખી પૂનમ હતી. ગોપાલ અહીં 'પધાર્યા હતા. ગોપીઓ ભેગી થઈ હતી. ગોપાલ આ સિંહાસને બિરાજ્યા હતા. પહેલાં ચંદ્રાવલીએ અને પછી સૌ ગોપીઓએ ગોપાલના ભાલ પર કુકુંમનો ટીકો કરી, અક્ષત લગાવી, ગોપાલને પ્રેમબંધનનાં પ્રતીક રૂપે રાખી બાંધી હતી, અને આરતી ઉતારી એમનું શુભ–મંગલ વાંછ્યું હતું. ગોપાલે ત્યારે કહેલું : 'સખીઓ, આટલી આસક્તિ સારી નહીં. દૈવની ગતિ કોઈ જાણતું નથી. પ્રેમ આપણને પ્રસન્ન કરે છે, તો પીડા પણ કરે છે. કાલની કોને ખબર છે? આપણે વિછૂટી જઈશું તો જીવનભર રડવાનો જ વારો આવશે.'

'કન્હાઈ, આજના શુભ દિવસે આવું અશુભ કાં બોલો? આજે તો પાછી શરદપૂનમ છે. વિછૂટાં પડેલાંના મિલનનો મંગલ દિન.'

તમને દુઃખી કરવાનો મારો કોઈ ઈરાદો નથી. દિલમાં ઊગ્યું તે કહ્યું. દિલ એવી ભૂમિ છે. જેમાં કાંટા પર ગુલાબ ઊગે છે.'

ગોપીઓ વિખરાવા લાગી. રહી ગયાં ચંદ્રાવલી અને કન્હાઈ. વાયરો મોરના એક સુંદર પીછાંને લઈ આવ્યો. ઊડતું પીછું લેવા ચંદ્રાવલી અને કન્હાઈએ હાથ લંબાવ્યો. પીછું ચંદ્રાવલીનાં હાથમાં ઝીલાયું.

'લાવ, મને આપ.'

'મને મળ્યું છે.'

'મારા પાગમાં ખોસ. મને મોરપીંછથી મહોબ્બત છે.'

'અમારાથી યે વધારે?'

'કદાચ. નિષ્કામ પ્રેમનું સ્વરૂપ છે ને! તમે આખરે તો માટીનાં માનવી, સ્નેહમાં ક્યાંક સકામતા આવી જાય.'

'નહીં આપું. મોરચંદ્રિકાને અમારાથી વધુ મહોબ્બત કરો તો એ ય મુરલીની જેમ અમારી બીજી શોક્ય. મારા હાથે મારી શોક્યને તમારા માથે બેસાડું? એ ન બને.'

કન્હાઈ હસ્યા : 'હું હમણાં જ કહેતો હતો. સકામતા ન જાય. એ જ ઈર્ષા કરાવે. ઈર્ષા હીન બનાવે છે. મુરલી અને મોરચંદ્રિકા તમારી ઈર્ષા નથી કરતાં તમે શીદ તેમની ઈર્ષા કરો છો? એટલે જ તે બે મારા મસ્તકે અને હૃદયે રહે છે. ભલે રાખ તારી પાસે. આમે ય, એ બેનું મમત્વ છોડવાનું છે...'

'શું કહ્યું?'

'કંઈ નહીં. જઉં.'

ચંદ્રાવલી વીતેલી વાતને યાદ કરતી હતી, ત્યાં લલિતા શ્વાસભરી દોડતી આવી. મોં આંસુઓથી ખરડાયેલું હતું. વસ્ત્રો અસ્ત વ્યસ્ત હતા. વાળની લટો ગુંચવાયેલી હતી.

'લલિ... લલિતા.. શી વાત છે?'

'તું અહીં શું કરે છે?'

'ગાય ગુમ થઈ છે. શોધવા આવી હતી.'

'આપણું બધું ગુમ થવા જ આજે બેઠું છે. વ્રજ જ ગુમ થઈ જશે.'

'શું બોલે છે?'

'નંદભવનની બાજુમાં રહે છે ને ખબર નથી? મથુરાથી રથ લઈ અક્રૂર કૃષ્ણ-બલરામને મથુરા લઈ જવા આવ્યા છે. કંસે બોલાવ્યા છે. નીકળવાની તૈયારીમાં હશે.'

'ખરેખર? ચાલ, હું આવું.'

બેઉ મૂઠીઓ વાળી નંદગાંવ તરફ દોડ્યાં.

રસ્તામાં જ સામેથી આવતી, નંખાઈ ગયેલી હાલતમાં ચાર સખીઓ મળી.

'ચંદ્રા, કાનો તો ગયો મથુરા, સરસ મજાના સોનાના રથમાં બેસીને.'

'એણે કોઈનું ય ન માન્યું.'

'નંદરાણી તો ચોધાર આંસુડે રડતાં બેભાન થયાં છે.'

'વ્રજનું ચેતન ચાલ્યું ગયું.'

ક્ષણભર ચંદ્રાવલી અવાક્ થઈ ગઈ. મૂર્છા ખાઈ ભૂમિ પર પડી. બહારથી અચેતન બનેલી ચંદ્રાવલી અંદરથી ચેતનશીલ હતી. મર્મચક્ષુ મીચાયાં હતાં, પણ ચિત્તચક્ષુ ખૂલી ગયાં હતાં.

કન્હાઈ સામે જ ઊભા હતા. મંદમંદ મુસ્કારાતા હતા. પૂછતા હતા : 'હૈયામાં આવું?'

'પધારોને. તમે મથુરા ચાલ્યા ગયા હતાને?'

'મથુરાવાસીઓ માટે. બાકી તો મારી પ્રતિજ્ઞા છે. વ્રજ તજિ અનત ન જાઉં.'

'બે સ્થળે એક સાથે કેવી રીતે રહેશો?'

'ભૂલી ગઈ, પરમાત્મા સર્વવ્યાપક છે? હવે વ્રજમાં હું પ્રતિ ક્ષણ તારી સાથે રહીશ. તારા આત્માની સાથે રહીશ. તારા અસ્તિત્વનો એકભાગ બનીને રહીશ. તને મારું છેટું ક્યારે ય નહીં. પડે આત્મા અને પરમાત્માનું આંતરરમણ ચાલ્યા જ કરશે.'

કન્હાઈએ ચંદ્રાવલીના આત્માને આલિંગન આપ્યું. ચંદ્રાવલીના આંતરબાહ્ય દેહના રોમ રોમમાં સ્વરૂપાનંદ પ્રસર્યો. અધરામૃતનો દિવ્ય આનંદ ઝળક્યો. મૂર્છાવસ્થામાં મોઢું મલક્યું.

તે ભાનમાં આવી. સખીઓને હાશ થઈ.

લલિતાએ કહ્યું : 'ચંદ્રા, કાના વિના જીવતાં શીખવું પડશે.'

'કાના વિના? ભ્રમ થયો છે તને, લલિ? કન્હાઈ તો આ રહ્યો. આપણા સૌની આગળપાછળ, અગલ-બગલમાં, અંદર-બહાર. વૃક્ષે વૃક્ષે, પાંદડે પાંદડે, રજના કણકણમાં. તને નથી દેખાતો?'

સખીઓ વિસ્મિત થઈ. શંકા પડી. ચંદ્રાવલી પાગલ તો નથી બની ગઈ?

'ચંદ્રા, સ્વસ્થ છે ને?'

'બિલકુલ સ્વસ્થ છું. કેમ?'

'તું બોલે છે તેથી પૂછ્યું.'

'મારું બોલવું ન સમજાયું?'

'ના.'

'હું શું કરું? આજે મને સમજાયું. ગઈ શરદે સંયોગનું શિખર મળ્યા પછી ય શૃંગારરસનું સર્વોચ્ચ શિખર સર નહોતું થયું. એક પડાવ બાકી રહી ગયો હતો. વિપ્રયોગના અનુભવનો. આજે કન્હાઈ એ સર્વોચ્ચ શિખરે હાથ પકડીને લઈ ગયા છે.'

સૌ ચંદ્રાવલીને તાકી રહ્યાં.

એ પરમ પ્રસન્નતાના સ્વરૂપે નિખરી હતી. મસ્તીથી ગાતી હતી :

'આગે કૃષ્ણ, પાછે કૃષ્ણ, ઈત કૃષ્ણ, ઉત્ત કૃષ્ણ,
હૌં તો ભઈ રી કૃષ્ણ મયી રી.'

• • •

ચલ સખિ ચલ અહો બ્રજ
પૈંઠ લગિ હૈ તહાં બિકત હરિપ્રેમ ।
મુઠ સોંધો પ્રાનન કે પલટેં, ઉલટ ધરો યહ નેમ ।।૧।।
આનિ ભાંતિ પાયવો દુર્લભ, કોટિક ખર્ચો હેમ ।
'રામદાસ' પ્રભુ રત્ન અમોલક, સખિ પાઈયત હૈ એમ ।।૨।।

• • •

કૌન રસ ગોપિન લીનો ઘૂંટ ।
મદન ગોપાલ નિકટ કરિ પાયે, પ્રેમ કામકી લૂંટ ।।૧।।
નિરખ સ્વરૂપ નંદનંદન કો, લોક લાજ ગઈ છૂટ ।
'પરમાનંદ' વેદ સાગર કી મર્યાદા ગઈ ટૂટ ।।૨।।

•